પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૭૩મું • મે ૨૦૦૦

કુમાર

સળંગ અંક ૮૬૯

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી
ધીરુ પરીખ

“ડૅપનિંગ્ઝ” નામક તસવીર - શ્રેણીમાંની આ એક તસવીરમાં વૃક્ષની નીચે એક પશુ કે કોઈ પદાર્થને મૂકી જાણે કે કોઈ માનવ - આંખ ગીતાના ઊર્ધ્વમૂલમધઃશાખ”નો રહસ્યમય અનુભવ ન કરતી હોય તેવો અર્થ તારવવા તરફ પ્રેરે તો નવાઈ નહિ
તસવીર • અખિલ મહેતા





ચિત્રકાર] વાંસળી વાદક [જી.એ. દાંડેકર

ઓછાં વસ્ત્રોમાં સજ્જ ગ્રામીણ પાત્રોને કલાકારે અહીં જલરંગોમાં જીવંત ઉઠાવ આપ્યો છે.

કલાકારના પરિચય માટે જુઓ આ અંકની "કલાવાર્તા"

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૩મું — અંક ૫

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૮૯૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦. અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

ફેબ્રુઆરી ૨૦૦૦ ના 'કુમાર'માં 'માધુકરી' વિભાગમાં શ્રી પ્રવીણચન્દ્ર પ્રીતમલાલ મહેતા લિખિત વૃત્તાંત 'વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી (પૃ. ૧૨૨-૧૨૩) કેટલાક સુધારા માગે છે.

'ઠાકર જયશ્રીકૃષ્ણ ઇન્દ્રજી (માજી ક્યૂરેટર ઑવ્ ફૉરેસ્ટ્સ એન્ડ ગાર્ડન્સ, પોરબંદર સ્ટેટ)કૃત 'શ્રી વનસ્પતિશાસ્ત્ર' : 'કાઠિયાવાડના બરડા ડુંગરની જડીબુટી, તેની પરીક્ષા અને ઉપયોગ' દળદાર ગ્રંથ 'પુસ્તિકા' નથી. પ્રસ્તુત ગ્રંથ જ 'બરડાની વનસ્પતિ'વિષયક છે. અન્ય સ્વતંત્ર ગ્રંથ 'બરડાની વનસ્પતિ'ની હસ્તી જાણી નથી. શ્રી પ્રવીણચન્દ્રભાઈનાં આ બંને વિધાનો સુધારા માગે છે.

'ભાવનગર મહારાજા'નો નિર્દેશ પણ સરતચૂક છે. ઈ.૧૮૮૬, ૧ ઑક્ટોબર. જયશ્રીકૃષ્ણ ઇન્દ્રજીની પોરબંદર રાજ્યના ક્યૂરેકર ઑવ્ ફૉરેસ્ટ્સ એન્ડ ગાર્ડન્સ તરીકે મહારાણા શ્રી વિકમાતજી દ્વારા નિમણૂક. ઈ.૧૯૦૪, ૧ ડિસેમ્બર, '૧૫ વર્ષ જંગલખાતાની અને ૪ વર્ષ ટ્રેઝરીની નોકરી બાદ' નોકરીમાંથી મુક્ત. ત્યાર બાદ વનસ્પતિશાસ્ત્ર ગ્રંથનું લેખન શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજીએ હાથ ધર્યું. સંવત ૧૯૫૬, ચૈત્ર વદિ ૫, મહારાણા શ્રી વિકમાતજીનો સ્વર્ગવાસ.

ઈ.૧૯૦૦, ૧૫ સપ્ટેમ્બર, મહારાણા શ્રી ૭ ભાવસિંહજીનો રાજ્યાભિષેક. એમણે 'વનસ્પતિશાસ્ત્ર' ગ્રંથના પ્રકાશનમાં સહાયનું વચન આપેલું, અપ્રસિદ્ધ વનસ્પતિઓનાં ચિત્રોનું વચન આપેલું.

ઈ.૧૯૦૮ ડિસેમ્બર ૧૦, મહારાણી શ્રી ૭ ભાવસિંહજીનું ગ્રંથની છપાઈ દરમિયાન અવસાન. પરિણામે દળદાર ગ્રંથના પ્રકાશનમાં સહાય સાકાર થઈ નહિ. ગ્રંથમાં 'અપ્રસિદ્ધ વનસ્પતિઓનાં ચિત્રો' આમેજ કરવાની યોજના પણ પડી ભાંગી અને પરિણામે ચિત્રો વિણ ગ્રંથનું પ્રકાશન ઈ.૧૯૧૦ માં કરવું પડ્યું.

પત્નીના દાગીના વેચી શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજીએ મામૂલી કિંમતે (રૂા.૧૦) ગ્રંથનું પ્રકાશન કર્યું. માંડ અઢીસો પ્રત ખપી, બાકીની પ્રતો અર્ધી કિંમતે યાને રૂપિયા પાંચમાં વેચવા લાચાર થયા. અનેક પ્રતો ભેટ આપી.

ગુજરાતી માતૃભાષા પ્રત્યેના પ્રેમને ખાતર શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજીએ ગ્રંથ; અંગ્રેજીમાં લખવાને બદલે, ગુજરાતી ભાષામાં લખ્યો, પરંતુ પ્રશિષ્ટ-પ્રમાણભૂત ગ્રંથ ખપ્યો નહિ.

ગ્રંથ અંગ્રેજીમાં લખાયો હોત, વનસ્પતિનાં ચિત્રો આમેજ થયાં હોત તો ૯૦ વર્ષોમાં ગ્રંથનાં અનેક પુનર્મુદ્રણો થાત. આજે ગ્રંથ અપ્રાપ્ય છે. અનેકગણી કિંમતે, પ્રાપ્ય હોય તો વેચાય છે. શ્રી જયકૃષ્ણજીના શિષ્ય સુખ્યાત વૈદ્ય બાપાલાલે એમનું લઘુ ચરિત્ર પ્રકાશિત કરેલ છે. શ્રી જયકૃષ્ણજીના અન્ય શિષ્ય શ્રી ગોકુલદાસ બાંબડાઈ પણ વનસ્પતિ-વિષયક સ્વતંત્ર દળદાર ગ્રંથના લેખક છે. શ્રી જયકૃષ્ણજીના 'વનસ્પતિશાસ્ત્ર'નાં ચિત્રો સમેત અદ્યતન સંશોધનોને આવરી લઈને બૃહદ્ સંવર્ધિત આવૃત્તિનું પ્રકાશન થવું ઘટે. - વી.બી. ગણાત્રા (મુંબઈ)

સૌપ્રથમ તો વહાલા જગનકાકાને હૃદયભરીને અભિનંદન. ફૂલથી પણ હળવાં જગનકાકા ફોટોગ્રાફીના ફિરસ્તા છે, એનો પરિચય ઈ.સ. ૧૯૭૮માં, અલિયાબાડા જ્ઞાનસત્રમાંથી એમની સાથે હું અને ભોળાભાઈ પટેલ દ્વારકા પ્રવાસે ગયા ત્યારે થયેલો. અમે લગભગ ગાંડા બનીને ગોમતી સાગરસંગમમાં નાયેલા! ભીનાં કપડે, ક્યારે કાકાના કેમેરાએ કામણ કર્યું - એનું આશ્ચર્ય આજે પણ અનુભવીએ છીએ! આવી સૂઝબૂઝ, આવી ચપળતા અને પલવારમાં પરિસ્થિતિના કલાત્મક ઍંગલની પસંદગી નિઃશંક વિરલ છે. આપણા દેશમાં બનેલી 'ગાંધીજી' નામની મહાન ઘટના સાથે, જગન મહેતારૂપી છબી- કલાની મહાન ઘટનાના સંગમથી ભારતનો ઇતિહાસ ધન્ય છે, તે ભવિષ્ય પ્રમાણશે.

શ્રી પુષ્કરભાઈ ગોકાણીની 'અજાણી વાતો' રસ પડે તેવી છે, ખાસ તો લેખકનું મન! આ વખતે (એપ્રિલ અંકમાં) એક વાત ન ગમી. શ્રી દ્વારકાધીશના મંદિરમાં ઉપલે માળે કઈ લિપિનો લેખ છે તે અદ્યાપિ સ્પષ્ટ નથી. પુષ્કરભાઈ પોતે પણ આ અગાઉ આ લેખને 'બ્રાહ્મીલિપિ'- નો કહી ચૂકયા છે. (જુઓ, 'દ્વારકા સર્વસંગ્રહ' પૃ.૧૬) હવે અહીં 'ખરોષ્ટી લિપિ' કહે છે! વળી, મહાનુભાવ સંપ્રદાયના પ્રણેતાને હજાર વર્ષ પહેલાં મૂકે છે! વાસ્તવમાં ઈ.સ.ની તેરમી સદીમાં તો આ સંપ્રદાયનો ઉદય છે! શ્રીકૃષ્ણ અને કુશેશ્વરની અનિશ્ચિત બાબતો વિશે આપણે કશું કહી ન શકીએ. એ પ્રાચીન હોઈ શકે છે, પણ 'મહાનુભાવ'ની તારીખ ઈ.સ. ૧૨૬૩ નિશ્ચિત હોવા છતાંય આવાં વિધાનો, સમગ્ર પ્રસંગને હાનિકર્તા જણાય છે.

ચાલુ વર્ષે સ્વામી રામાનંદની સાતસોમી અને કબીરની છસ્સોમી જયંતી ઉજવાઈ રહી છે ત્યારે 'દ્વારકા' ગુજરાતી મરાઠી, હિન્દી વગેરે પ્રાદેશિક ભાષાનાં શોધકાર્યોમાં એક મહત્ત્વનું શોધસ્થળ બની રહેલ છે! રામાનંદ-કબીરાદિના તંતુ દ્વારકા સાથે નીકળે છે. પુષ્કરભાઈ વગેરે દ્વારકાના અનુભવી મિત્રો પાસે આપણે ઘણી અપેક્ષા રાખીએ.

- નરોત્તમ પલાણ (પોરબંદર)

શ્રી જગન મહેતાએ કહેલ કે લખેલ પોતાની કેફિયત પરથી શ્રી રમેશ દવેએ કરેલ અંગ્રેજી અનુવાદ વાંચવા મળ્યો છે. એમાંની ઘણીખરી માહિતી એપ્રિલ-૨૦૦૦ના 'કુમાર'માં પ્રકાશિત ચરિત્ર-

(અનુસંધાન પૃ.૩૦૦)

ચાલો હવે તો... / શંભુપ્રસાદ જોશી

(ખંડ હરિગીત)

શબ્દ કેરા કાંકરા
ઠાલા જ ખખડાવ્યા કીધા
કૈં તુંબડીમાં
ને સદા રાચ્યા કર્યું બસ
ફટકિયાંમાં !...
ચાલો હવે તો
મૌન કેરા મરજીવા થૈ
સાચનાં બેપાંચ મોતી પામીએ !

શબ્દ બુઠ્ઠા - સાવ બોદા -
સ્પર્શ કેરી રગરગે
વ્યાપી જતી શી બધિરતા !..
ચાલો હવે તો
મૌન કેરી દિવ્ય ઝંકૃતિમાં
નિરંતર જાતને ઝબકોળીએ!

શબ્દના એરા ઉપર શા ઓઘરા -
દંભ આત્મરતિ અને
મિથ્યાત્વના !
ચાલો નિમજ્જન મૌન કેરું માણીએ -
માલિન્યના અધ્યાસ
સર્વ નિવારીએ !

સ્વાર્થ ને સંકીર્ણતાની
ઘોર બદબો
શબ્દ કેરા શ્વાસશ્વાસે !...
ચાલો હવે તો
મૌનના શતપદ્મ કેરી મ્હેકથી
શ્વાસને શણગારીએ !

ઝાલરટાણું / કરસનદાસ લુહાર

(ગઝલ)

તું પછી તું-થી વધુ આગળ જજે,
પણ પ્રથમ તારો તું પથદર્શક થજે.

ઓશિયાળાં ક્યાંક આંસુઓ વહે;
હે હથેળી! ત્યાં સદા હાજર હજે.

આંખમાં ઊગી જશે કૈં આમ્રવન;
કાન કલરવથી કદાપિ તું સજે!

બારણું ખોલી અને ઊભો રહે;
કાગડો બોલી રહ્યો છે જો છજે.

કાનથી નહિ, ધ્યાનથી સાંભળ હવે;
આજ ઝાલરટાણું લોહીમાં બજે.

સુવર્ણપંખી / જગદીશ ત્રિવેદી

(મિશ્રોપજાતિ • સોનેટ)

સ્વર્ગાભમાં સંતત સ્હેલનારું
સુવર્ણપંખી અહીં આમ કયાંથી !
રે સ્હેલવાની મન-એષણામાં
શું પૃથ્વીલોકે ઊતરી પડાયું !

થાકેલપાકેલ વિહંગ ભોળું
કોઈ અજાણ્યા તરુની ઘટામાં
રે રાતવાસો કરવા લપાયું !

એવું ઘટાળું હતું વૃક્ષ એ તો -
પ્રવેશ જ્યાં સૂર્ય તણો નિષિદ્ધ,
ને પંખી ઝંખે દિનનો પ્રકાશ !

વીંઝી વીંઝી પાંખ તણાં હલેસાં
જ્યાં ઊડી જાવા કરતું પ્રયત્નો -
અંધાર-ઘેર્યા તરુની ઘટાની
દીવાલ સાથે ભટકાય પંખી !

આજ અસીમ તું રમવા આવ્યો ! / યશવંત ત્રિવેદી

(ગાન)

આજ અસીમ તું રમવા આવ્યો જલની જેવું જલમાં મારી સાથ
જેમ આ રમે નદીએ દરિયો જલમાં ભીડી જલમોજાંને બાથ.

તેં જલની ઉપર જલના બાંધ્યા મ્હેલ ને ઉપર ઘૂઘરિયાળાં જલના
ઘુંમટ ઉપર જલની ધજા,
જલના સ્તંભો જલની ઝાલર જલનાં તોરણ જલનાં પંખી બારેમાસ
ને હેઠળ જલનાં છજાં;

કમલ ભીતર ગોઠવી મને સરતો જતો સરર અને પાડતો નવા પાથ
જેમ આ રમે નદીએ દરિયો જલમાં ભીડી જલમોજાંને બાથ.

જલનાં તૃણો જલની ડાંગર જલની ઝીણી ડાળી ઉપર જલનાં
લીલાં પાન ને ઉપર જલરંગી આ ફૂલ,
સોનલ રૂપલ જલની ઝીણી માછલી તરે, તું ય તે તરે જલપંખી
શો ખેંચતો મારી જલની ઝીણી ઘૂઘરિયાળી ઝૂલ,

જલને ભીને સપને મને ચહુદિશે આલિંગતો તારો જલચંપા-શો હાથ
આજ અસીમ તું રમવા આવ્યો જલની જેવું જલમાં મારી સાથ.

મનભેદ / ઈશ્વર સુથાર 'શિલ્પી'

(ગઝલ)

શક્ય છે મતભેદથી મનભેદ પણ !
થાય છે મનભેદથી મનછેદ પણ!

પેટ દરિયો હોય ઋચા ફૂટતી,
ના ભણે વાંચે ભલે ના વેદ પણ!

શબ્દની મીઠાશનું આ મૂલ્ય છે,
બોલશો એવું મળે કો' ભેદ પણ!

કાન ભંભેરી નહીં ભડકો કરે,
આટલું સમજાય તો ના ખેદ પણ!

ઘર તમારું છે જ માનીને રહો,
તો જ છૂટે માંડ મનની કેદ પણ!

હાજરી કો' ટાળવા જાતાં કદી,
એકલાં મળતાં વળે પ્રસ્વેદ પણ!

દેહ-મનની કાળજી 'શિલ્પી' કરે,
ના વધે મદ મોહના મનભેદ પણ!

વૃક્ષનું તપ / ભરત પાલ

(મુક્તક)

ખૂબ ફાલ્યાં છે અમારાં મૂળિયાં આ જગ મહીં,
ભીંતમાંથી પણ અમે ફૂટી રહ્યાં આ જગ મહીં,
છો તમે કાપ્યાં કરો પણ ના નિકંદન નીકળે,
ધ્રુવ જેવું તપ કરી જીવી રહ્યાં આ જગ મહીં.

સૂત્રસાર

જાતે હર્ષાગાર, બીજો નર્કાગાર?

રાધેશ્યામ શર્મા

અમેરિકન લેખિકાઓમાં હન્ના આરેનનું ચિન્તક તરીકે મોટું નામ છે. ઉપરનું વિધાન ૧૯૭૭માં તેણે કર્યું હતું.

માણસો, જે કેવળ પોતાની જાતને જ નારસિસસની જેમ જોઈ જોઈને જીવતા હોય એમનાં દર્પણોમાં તમને એકાન્તનું સ્મશાન જ નિહાળવા મળે! અથવા તો વૈયક્તિક જીવનની આત્યંતિક એકલતામાં સૂમસામ સ્મશાનનું એકાન્ત ડંખી રહે ત્યાં.

મનુજ પોતાને એકલોઅટૂલો પાડી, પોતાને જરૂર મનાવી શકે કે પોતે એકલો જ છે અને મારા વાતાવરણમાં શ્વાસ લેતા મને આ આલમના મોટા તખ્તા ઉપર મને, મારા સિવાય, પેખનારું કોઈ જ નથી.

જાતના, અહંના સંકુચિત સાંકડા કારાગારના સળિયા એટલા નજીક નજીક હોય છે કે પોતાના વિના વ્યક્તિને બીજું કોઈ દેખાતું નથી.

હકીકતે માણસ પોતાને જોવામાંથી નવરો પડતો નથી, જેથી બીજો કોઈ પણ મને મારી પ્રત્યેક સ્થિતિમાં જોઈ રહ્યો છે એનો વિચાર પણ તેને આવે!

આ કાંઈ આત્મનિમજ્જન નથી, પણ જાત પ્રત્યેની સ્વાર્થ-અભિમુખ મુગ્ધતા છે. જાતકેન્દ્રિત મૂઢતા છે.

આવી જાતપ્રીતિમાં જવાબદારીનો યા મિશનનો સ્વીકાર સંભવતો નથી. આદર્શના મૂલ્યનું અહીં અવમૂલ્યન થયું હોય છે.

અહીં છે અન્ય પ્રત્યે સૂગભર્યો કોક વિકૃતિ સમો અલગાવ. અનાસક્તિ નહિ, પણ બીજાં તરફ એક પ્રકારની તરછોડભરી બેતમાઈ.

જૂના જમાનાના નીતિવાદીઓને વહાલી સૂક્તિ ગુજરાતી ગિરામાં આવી ભાષામાં ઊતર્યાની મને ઝાંખીપાંખી યાદ છે : 'ભોંયમાં પેસી ભોંયરે કરીએ કાળાં કામ, પણ જગપતિ વિના ઠાલું ના મળે કો ઠામ!'

પ્રસ્તુત જોડકણાનું મારું તાત્પર્યઘટન તદ્દન અંગત છે. ભગવાનનો ખ્યાલ ઈન્સાનને, પોતાનાથી પર અને પોતાની મર્યાદાની કોઈ પારગામી પરમ તત્ત્વ છે અને મારી હર હાલતમાં, મારી સર્વ દિશા તેમજ દશામાં મને પેખી જ રહ્યો છે એવા ગાઢ એહસાસમાંથી ઊતર્યો લાગે છે.

જાં પોલ સાર્ત્રના ચિન્તનમાં પણ 'ધી અધર'નો અન્યનો વિચાર ભગવાનને બદલે શેતાનની કશીક પ્રતીતિમાંથી ઝમ્યો જણાશે. માટે તો એનું પ્રસિદ્ધ સૂત્ર છે - 'ધી અધર ઈઝ હેલ : બીજો નરક છે.'

જાતે હરખાગાર! બીજો નરકાગાર!

ત્યારે હન્નાના સૂત્રમાં તો અન્ય - ધી અધર - નો સ્વીકાર જ નહિ, સત્કાર છે.

> **આ ગ્રહમાં એવી વસતુ કે એવી કોઈ વ્યક્તિ જ નથી જેની પોતાની હયાતી બીજા પ્રેક્ષક વગર સંભવિત હોય. બીજા શબ્દોમાં, કાંઈ કહેતાં કાંઈ જે નજરે પડે છે તે તમામનું અસ્તિત્વ એકલું નથી જ; જે કાંઈ છે એ બીજા વડે અનુભવાતું હોય છે જ.**
>
> **માત્ર મનુષ્ય જ નહિ પણ પૃથ્વી પર માણસો જ વસે છે. બહુજન સમાજ - એનો જ ધરતી પર કાનૂનનિયમ પ્રવર્તે છે.**
>
> **હન્ના આરેન**

જાણે જગતના રંગમંચ ઉપર તમને મળેલો પાઠ ભજવી રહ્યા છો. જે પાત્ર મળ્યું એનો રોલ ઓઢી કામ આપી રહ્યા છો. પણ તમે આનંદો કે તમે એકલા નથી. તમારી સાથે ભલે બીજું કોઈ ના હોય પણ તમારી સાથે તમારી સર્વ સ્થિતિઓના સાક્ષી સમો બીજો છે અને તે તમને નીરખનારો પ્રેક્ષક છે.

તમે એકલા હો ત્યારે પણ તમારાં કાર્યો પર પરોક્ષ પ્રભાવ પાડી શકે એવો પ્રેક્ષક પેલો બીજો છે. આ અન્યથી ઓધાવાનું યા ડરવાનું નથી.

સાર્ત્રને ડર છે એવો હન્નાને નથી. સાર્ત્રનો 'અધર' સ્વાતંત્ર્ય છીનવી લેનારો ટીકાખોર વિવેચક છે, જ્યારે હન્નાનો 'અન્ય'જન માત્ર દર્શક છે, પ્રેક્ષક છે. પરન્તુ ઉભય ચિંતકો આ કે તે રીતે - 'બીજા'ની હસ્તીનો નકારાત્મક કે હકારાત્મક-ભાવે સ્વીકાર તો કરે જ છે.


હન્ના કહે છે તેમ પૃથ્વીનો પાટલો એવો નથી જેના પર કોઈ એક જ બિરાજેલો છે. પૃથ્વીપટે અત્ર-અન્યત્ર અને સર્વત્ર મનુજો બહુવચનમાં વિસ્તરી પડ્યાં છે. માટે જ જે એકનું પ્રારબ્ધ એવું જ અન્યનું પ્રારબ્ધ. એકલા હોવાની ઘટના કલ્પના, માન્યતા કે પ્રતીતિ વધુ તો આત્મલક્ષી છે. બાકી જે કોઈ પણ હર્ષવિષાદ અનુભવે છે એવા રાગપ્રેમ તમે પણ અનુભવો છો અને માટે જ તમે સૌ એકીસાથે અવારનવાર એક જ વિશાળ આસન ઉપર બિરાજમાન છો. આપણે પણ એકમાંથી જ અનેકમાં નહિ, પરન્તુ અનેકમાંથી એક તરફ સામસામી પ્રતિગતિ કરીને પણ પ્રગતિ કરી શકીશું. આ એક સંભાવના છે.

મને પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીએ ટાંકેલો એક શ્લોક ગમી ગયો. શ્લોકમાંથી શાસ્ત્રીએ કથા કરી આપી. એક માણસના શરીર પર કરચલીઓ પડી ગઈ, માથે ધોળાં ઊગ્યાં (દર્પણમાં ય દેખતો જ હશે રોજ), પણ એને ઈલેક્ટ્રિકલ ધક્કો લાગ્યો લોકલ ટ્રેનમાં! એક સુંદર કોલેજકન્યકાએ આ ભાઈને ભીડમાંથી તારવી, બેસાડવા માટે બહેનપણીને સંબોધીને કહ્યું : 'ઊઠ, ઊભી થા અલી. આ બિચારા કાકાને સીટે બેસવા દે...' અન્યના અભિપ્રાયોથી કોણ પોતાને મુક્ત રાખી શકે? આ પ્રૌઢ ભાઈ પોતાના એકાન્તમાં આજે પણ કાકાપણું ભૂલી શકતા નથી! □

વિશ્વભરના નૃત્યચાહકોને ઘેલાં કરનાર, ધગધગતી પ્રેમાગ્નિજ્વાળાથી સદાય ઉદ્દીપ્ત રહેનાર, ગઈ સદીની વિદ્રોહી મહાન જન્મજાત નૃત્યમૂર્તિ

ઇસાડોરા ડંકન

યજ્ઞેશ દવે



ઇસાડોરા ડંકન અને ઝાઇકૉસ્કી બાલે (બૅલે) નૃત્ય કરતાં

ઢોલ ધડૂકતો હોય, તેનો ઘોષ વાતાવરણમાં એક જુસ્સો, તાલ પ્રકટાવી રહ્યો હોય ત્યારે મન અંદરથી સળવળે છે ને કહે છે 'નાચ.' હું માત્ર સાંભળી રહું છું ઢોલના ઘેરા ઘોષને. ફરી અંદરથી કોઈ કહે છે 'નાચ.' પણ નચાતું નથી. ફરી અવાજ આવે છે ને કહે છે, 'જો આકાશમાં ગ્રહો, નક્ષત્રો તારાઓ નાચી રહ્યાં છે. આ પૃથ્વી નાચતી નાચતી ઘૂમતી ફરી રહી છે. જો આ સ્થિર વૃક્ષો પણ વહેતા પવનમાં નાચી રહ્યાં છે તો એક તું જ કેમ નથી નાચતો?' પણ નચાતું નથી - બહુ મોડું થઈ ગયું છે. નાચવામાં શરીરને મોકળું મૂકી વહેવા દેવાની મજા હવે લઈ શકાતી નથી. એક તરફથી ઉંમર અને સામાજિક સંસ્કાર નડે છે તો બીજી તરફ બે મિનિટ પગ થરકાવતાંય પગ ભરાઈ જાય છે. પણ કેટલાંક એવાં બડભાગી છે કે બહારનાં કોઈ ઢોલ, નગારાં, તબલાં, તાલ વગર અંદરના તાલે જ નાચે છે - નાચી શકે છે. તેમને તો એ અનાહત નાદ પહેલેથી જ સંભળાઈ ગયો હોય છે અને એ તો નાચવા નીકળી પડે છે - રુક્મિણિ એરૂંડેલ, સિતારાદેવી, કેલુચરણ મહાપાત્ર, બિરજુ મહારાજ, ઉદયશંકર, રૂથ સેંટડેનીસ કે ઇસાડોરા ડંકનની જેમ.

નાચ પોતે જ પ્રાકૃત-પ્રાકૃતિક એટલે જ આદિમ અને નિયમ સહિત હોવા છતાં નિયમ રહિત - સ્વયંસ્ફુર્ત. જગતની કોઈ પણ આદિવાસી પ્રજા જુઓ, નાચવાની જ . નાચવાની જ એટલું જ નહીં, જિંદગીભર નાચ્યા કરવાની. આપણા ગુજરાતના ડાંગ, સાબરકાંઠા બાજુના વિસ્તારોમાં થોડા દિવસો રોકાવ ત્યારે ખબર પડે કે નાચવા માટે નિમિત્તની - પ્રસંગની જરૂર નથી. વાતમાંથી નીકળતી વાત જેમ નાચ એમ જ ફૂટી નીકળે છે. આવા આદિમ પ્રાકૃતિક નાચ પર સંસ્કૃતિનાં વિધિવિધાન ચડે, વધારે વ્યવસ્થિત રૂપ લે એટલે શૈલી શાસ્ત્રનું રૂપ લે. એમાંથી પ્રશિષ્ટ પરંપરાનો પાયો નંખાય ત્યાં વળી વખતોવખત એવો માથા ફરેલ સ્વચ્છંદી કલાકાર આવી ચડે ને તે તો બસ નાચે, શૈલીશાસ્ત્રની પરવા કર્યા વગર. રંગભૂમિના નાના ફલક પરથી નીકળી વિશાળ ફલક પર નાચે, બસ નાચે જ નાચે.

આવાં ઉફરાં ચાલનારાં કલાકારો ઓછાં એટલે જ સમકાલીન સમાજની રુચિ - અપેક્ષાનો ભોગ બની ઇતિહાસના ચોપડે ચડી જાય. જો કે તેમને ઇતિહાસના પાને નામ નથી ચડાવવું હોતું કે ગિનેસ બુકમાં રેકોર્ડ તોડી નામ નથી લખાવવું હોતું તેમને તો બસ નાચવું હોય છે. ઇતિહાસ તો તેમને પગલે પગલે લખાતો આવે છે. આવી જ એક પ્રાણની શક્તિથી છલકાતી મેદમાંસ-મજ્જાના આ શરીર થકી સ્વપ્નની સ્વર્ગની ભાષાનિપજાવતી દેહના આધારે જ દેહને તિરોહિત કરતી વિદ્રોહી નર્તકી ઇસાડોરા ડંકન. આ સદીના આરંભે તેણે ઢોળેલું કામણ આજની કઈ નર્તકીના નસીબમાં હશે? અમેરિકાની એ નર્તકી માનવીય મુક્તિના ઉદ્‌ગાતા વોલ્ટ વિટમનની જાણે વંશજ હતી. માનવીય સ્વાતંત્ર્ય, કલાના સ્વાતંત્ર્ય અને નારી-સ્વાતંત્ર્યની તે પ્રતીક બની ગઈ.

ઇસાડોરાની વાત સાથે જ પ્રતિમા બેદી યાદ આવી ગઈ ને આંખ ઝલમલી ઊઠી. તે પણ રૂંવે રૂંવે કલાકાર જીવ. તે જે કરે તે ઊફરું અને અણધાર્યું જ. ફિલ્મોનાં પોસ્ટરોમાં કામ્ય માંસલ દેહ પ્રદર્શિત કર્યો, કામદેવના અવતાર સમા કબીર બેદી સાથે પ્રેમમાં પડી. રસ્તા જુદા પડતા લાગતાં સહજ રીતે જ છૂટી પડી ફિલ્મોમાં એક વિદ્યુત્લતા શી રેખા આંકતી ગઈ. બધું એક બાજુ મૂકી ઓડિસી ગુરુ કેલુચરણ મહાપાત્રના પગમાં પડી વિનિતભાવે ઓડિસી શીખી. આ જ પવિત્ર ઓડિસીને જાઝના તાલે રજૂ કરી ચકચાર જગાવી. રામકૃષ્ણ હેગડે, રજની પટેલ જેવા અનેક ક્ષેત્રના નરપુંગવો તેના ઘાયલ હતા. બધી કારકિર્દી એક તરફ મૂકી બૅંગલોર પાસે શાસ્ત્રીય નૃત્ય પરંપરાને ટકાવવા નૃત્યગ્રામ સ્થાપ્યું. સીઝોફેનિયાક પુત્ર, પ્રેમભગ્ન પુત્રી અને નૃત્યના આધારે જીવતી રહી. બધું એક તરફ મૂકી મુંડન કરાવી એક ભિખ્ખુણી બની માનસસરોવરની યાત્રાએ નીકળી ગઈ. કુમાઉંના પહાડોમાં વરસાદ-વાવાઝોડાથી



ભેખડ ધસી પડતાં હિમાલયની ગોદમાં જ ધરબાઈ ગઈ. તેણે જે કાંઈ કર્યું તે પ્રાણની શક્તિથી આભિજાત્યથી કર્યું. એ અજંપ આત્માનું બધું અસામાન્ય. એ અજંપ આત્માને જાણે દેવતાત્મા હિમાલયે શાતા આપી પોતાના ખોળામાં લીધી.

આવી આ પ્રતિમા બેદીની પૂર્વજ એટલે અમેરિકાની ઇસાડોરા ડંકન. ૧૮૭૮માં મેની ૨૭મીએ તેનો જન્મ. સમુદ્રકિનારાનું નગર સાન ફ્રાન્સિસ્કો તેની જન્મભૂમિ. જો કે તેના પગ તો નાચી આવ્યા આખું યુરોપ, રશિયા અને વિશ્વ-રંગભૂમિ પર. સાન ફ્રાન્સિસ્કોના સમુદ્રના લયહિલ્લોળ જાણે ગળથૂથીમાં મળ્યા. તેનો જન્મ પણ કળાની દેવી સમુદ્રજા એફ્રોડાઈટિ નક્ષત્રમાં થયો હતો. અજ્ઞેયવાદી સ્કોટિશ પિતા અને ધર્મચુસ્ત કૅથલિક આયરિશ માતાના વિરોધાભાસ વચ્ચે તેનો ઉછેર. પત્ની-પતિને સાથે ન ફાવે તે સ્વાભાવિક જ હતું. માતા ચાર સંતાનોને લઈ ત્યકતા થઈ. ઇસાડોરનાં બે ભાઈ અને બહેન ચારેય વિદ્રોહી. ગરીબી એવી કે ખાવા-પીવાનાય સાંસા.રખડુ યાયાવર જિંદગી. આવા પ્રતિકૂળ સંજોગોમાંય નૃત્યનો છંદ લાગ્યો. છ વર્ષની ઉંમરે પાડોશના છોકરાઓને ભેગા કરી નૃત્યની તાલીમ આપતી. શાળાકીય શિક્ષણ પ્રત્યે ઝાઝી રુચિ ન રહી. પણ દસ વર્ષની ઉંમરે તો નૃત્યનાં વિધિવત્ ટ્યુશન કરતી થઈ ગયેલી. પુત્રીના નૃત્યના આવા ગાંડા શોખને જોઈ માતાએ તેને બેલેનૃત્યશાળામાં દાખલ કરી. પગના પંજા પર ઢીંગલીની જેમ નાચવું તેને કઢંગુ અને કૃત્રિમ લાગ્યું. બેલેનૃત્ય પ્રત્યેની તેની ઘૃણા જિંદગીભર રહી. બેલે તેને અક્કડ અને અંગકસરતના ખેલ જેવું લાગતું. સત્તર વરસે માતા તેને શિકાગો લઈ આવી. અહીં તેણે મેન્ડેલ સોનનું 'સ્પ્રિંગ ડાન્સ' તૈયાર કર્યું. ભજવવા કોઈ તૈયાર નહોતું. માતાને ધગશ હતી પુત્રીને આગળ લાવવાની. જે કંઈ મૂડી હતી તે ખરચીને શો ગોઠવ્યો. વ્યાવસાયિક સફળતા તો ન મળી પણ તેની નોંધ જરૂર લેવાઈ. યૌવનમાં પગ માંડતાં જ એક પરિણિત પૉલિશ ચિત્રકાર મિરોસ્કીના પ્રેમમાં પડી. માતાના લગ્નજીવનનું ઉદાહરણ તેની સામે હતું. પિતા સાથે ન રહેતાં હોવા છતાં તેનો કાળો પડછાયો ઇસાડોરા પર ઝળૂંબતો રહ્યો. પ્રેમી સાથે લગ્ન ન કર્યાં. ન્યૂ યૉર્ક આવી. અહીં પ્રોડ્યૂસર ઓગસ્ટિન ડાલીને મળી. ઉત્તેજના સાથે કહ્યું, 'મેં નૃત્ય શોધ્યું છે. પૅસિફિક સમુદ્રની લહેરોમાં, નેવૅડાના પાઇનવૃક્ષની મર્મરમાં હું વોલ્ટ વિટમૅનની વારસદાર છું. મારું નૃત્ય અમેરિકાના આત્માને ઉજાગર કરશે.'

ઇસાડોરાનો દાવો ખોટો નહોતો. ખરેખર તે વોલ્ટ વિટમનની વારસ હતી. ડાલીએ શેક્સ્પીઅરના 'મિડ સમર નાઇટ્સ ડ્રીમ'માં એક પરીનો રોલ આપ્યો. પરીની ધાતુની પાંખો ઇસાડોરાને ગમી નહીં. કંપની છોડી. પુત્રીની કમાણીની નાની-શી બચતમાંથી માતાએ કાર્નેગી હૉલ પાસે એક રૂમનો સ્ટૂડિઓ ભાડે રાખ્યો બાકીના કુટુંબને પણ ત્યાં બોલાવ્યું. અહીં આખું કુટુંબ કામે લાગ્યું. ઇસાડોરા નૃત્યનાં ટ્યુશન કરતી, માતાને પિઆનોનાં ટ્યુશન મળી ગયાં. ભાઈ ઑગસ્ટિન ટુરિંગ કંપનીમાં ઍક્ટર બનવા જોડાયો. ભાઈ રેમંડને છાપામાં પાર્ટટાઈમ નોકરી મળી. બહેન ઇલિઝાબેથ ઇસાડોરાને નૃત્યશિક્ષણમાં મદદ કરતી. એક ઘર ભાડે રાખ્યું. તેનો મોટો ઓરડો સ્ટૂડિઓ કમ રહેઠાણની ગરજ સારતો. અહીંયાં જ વધુ આવક મેળવવા એ સ્ટૂડિઓને સંગીતશિક્ષણ, વક્તૃત્વસ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ માટે કલાક લેખે ભાડે આપવાનું શરૂ કર્યું. સ્ટૂડિઓ ભાડે

←
અથેન્સના પાર્થેનન થીએટરમાં નૃત્ય કરતી ઇસાડોરા ડંકન (ઈ.૧૯૨૧)

આપ્યો તેટલો વખત ઘરનાં સદસ્યો ગરમી મેળવવા સેંટ્રલ પાર્કમાં જૉગિંગ કરવા નીકળી પડતાં. નૃત્ય માટેની પગશ ધખતી રહી. હોટેલમાં રૂમ રાખી ભાડે રહ્યાં ને અહીંથી જ પશુઓને લઈ જવા માટેની સ્ટીમરમાં માત્ર દોઢસો ડૉલરની સંપત્તિ સાથે ઇંગ્લંડ ગયાં. ઇસાડોરાની વય તે સમયે માત્ર વીસ વર્ષની.

ચહેરો આકર્ષક તાજગીભર્યો, પણ સામાન્ય અપ્રતિમ કહી શકાય તેવું સૌંદર્ય નહોતું. નાક થોડું અણીદાર, ગાલ થોડા લચેલા ભરેલા. જુવાનીમાં ય હડપચી નીચે થોડી ચરબીનો ભરાવો, પણ હોઠ સુકુમાર વળાંકભર્યા ગંભીર અને માદક. આંખો પડકાર ફેંકતી, સમગ્ર દેહયષ્ટિ ઝંકૃત કરી દે તેવી. અમસ્તી ઊભી હોય ત્યારે સામાન્ય અમેરિકન છોકરીથી જુદી ન પડતી, પણ નાચતી ત્યારે જુદી જ દેખાતી - જાણે નૃત્યના ગ્રહ-નક્ષત્રમાં જન્મી હતી.

લંડનમાં ઇસાડોરા નવરાશનો સમય બ્રિટિશ મ્યૂઝીઅમમાં ગાળતી. ગ્રીક ગૅલરીથી અભિભૂત થઈ ગઈ. વિંકેલમેનની 'જર્નિ ટુ એથેન્સ'માંથી ગ્રીકસંસ્કૃતિમાં ઊંડો રસ જાગ્યો. લંડનમાં ડંકન પરિવારનું નામ તો થયું, પણ પૈસા ન મળ્યા. એવા દિવસો ય આવ્યા કે જ્યારે ડબલ રોટી અને પાણી પર નભવું પડ્યું હોય. લંડનમાં પ્રિન્સ ઑવ્ વેલ્સ, એલન ટેરી જેવા દિગ્ગજોને મળી. ફ્રાંક બેનસનની શેક્સ્પીઅરની કંપનીમાં જોડાઈ અને થોડા સમયમાં જ છૂટી પણ થઈ.

ઇસાડોરાનો બીજો પડાવ પૅરિસ હતો. બાવીસ વરસની થનગનતી વય. લુવ્ર સંગ્રહસ્થાને ઘેલું લગાડ્યું. અહીં પણ તેના પગ ગ્રીક ગૅલરી તરફ જ ખેંચાતા. ગ્રીક વાઝ, શિલ્પ અને ભાસ્કર્યનો અભ્યાસ કર્યો. આ બધું આત્મસાત્ કરી નૃત્ય સંગીતમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો. ભાઈ રેમન્ડે ગ્રીકસ્તંભો પડદા પર દોર્યા. પગને જકડી રાખતા ટ્યૂનિક પોશાક પહેરી ક્યારેક ગ્રીક સ્લિપર તો ક્યારેક ખુલ્લા પગે ડાઇનિઝિઅન તાલે સ્ટેજ પર નાચતી ત્યારે દર્શકોમાં રોમાંચનો જુવાળ ઉછાળતી. આજે ન્યૂડ સીન કે ન્યુડ પોઝથી જે હલચલ મચી જાય છે તે હલચલ માત્ર ખુલ્લા પગથી મચાવી. ગ્રીક શિલ્પો, ચિત્રો ઉપરાંત વિખ્યાત શિલ્પી રોંદા અને જપાનીઝ સાદા-યાકોની પ્રશિષ્ટ ગંભીર શૈલીની અસર ઝીલી. ઇસાડોરાને તો ગતિ અને ભંગિમા દ્વારા શરીરના માધ્યમથી આત્માના સ્પંદનની ઓળખ આપવી હતી. બેલે નૃત્યશૈલીમાં શીખવવામાં આવતું કે પીઠની મધ્યે કરોડના મૂળમાં સર્વ ગતિનો સ્રોત રહેલો છે. આ ધરીની ફરતે હાથ, પગ અને ધડ મુક્તપણે ફરી શકે છે. પણ ઇસાડોરાને આ નૃત્ય કૌશલપૂર્ણ કઠપૂતળી જેવું નિષ્પ્રાણ લાગતું. ઇસાડોરાના માનવા પ્રમાણે સર્વશક્તિ અને ગતિનો સ્રોત સૂર્યચક્રમાં છે. ઇસાડોરાને નવું કશું શોધવું નહોતું. તેને તો જે પરંપરામાં છે, શાશ્વત છે, તેને જ ઉદ્ઘાટિત કરવું હતું. નૃત્ય એ શૉખ, વ્યવસાય અને કારકિર્દી કે કલા નહીં પણ એક જૈવિક કાર્ય છે. તેને મતે સ્વયંસ્ફુર્ત ગતિ એ ઇંદ્રિય કે ભાવનાગત ઉત્તેજનાનો જ પ્રતિભાવ છે. તેની માન્યતા વિશે બે મત હોઈ શકે, પણ કાયાના માધ્યમથી નૃત્ય રજૂ કરતી એ આત્મસ્ફુર્ત શૈલીના ચાહકો મળતા ગયા અને પ્રાચીન ગ્રીકની ડાઇનિઝિઅન - પાગન પરંપરાને પુનર્જીવિત કરી તેની ઉદ્ગાતા બની. કોઈ માનસશાસ્ત્રીઓ પહેલાં માત્ર આંતરસૂઝ અને પ્રતીતિએ ઇસાડારોએ કહેલું કે ઇન્દ્રિયો કે લાગણીજન્ય ઉત્તેજના એ પહેલો પ્રતિભાવ શરીરની સ્વંયસ્ફુર્ત ગતિ છે. શિલ્પી રોંદાએ તો લખ્યું 'ઇસાડોરાએ શિલ્પ અને ભાવ સહજ- સાધ્ય કર્યાં છે જીવન અને નૃત્યને એકાકાર કર્યાં છે.'

"રશિયામાં બાલે સંગીતનો અજોડ લખવૈયો ઝાઇકોસ્કી જન્મે છે. એ અને ફ્રાન્સનો મરાયસ પતિયા બે-ત્રણ અમરત્વને પામેલાં બાલેનાં આયોજન કરે છે. એટલામાં સેંટ પીટ્સબર્ગનો જ્ઞાની સુકાની રસિયો રાજા પીટર બાલેના ઘાટને પોતાના દરબારમાં ઘુમાવી એવો તો ઘૂંટે છે, કે રશિયામાં બાલે સર્વાંગ સ્વરૂપે પાંગરે છે - અજોડ, અનન્ય, અદ્ભુત કહેવું પડે એવો ઘાટ ધારણ કરે છે. ઝાઇકોસ્કીના સંગીતે બાલેને અમરત્વ આપ્યું, એને અઢી-ત્રણ કલાકની કૃતિમાં ઉતારી, નૃત્ય ભાવ અને સંગીતનો ત્રિવેણીસંગમ સાધી આપ્યો, તો પણ પ્રિન્સ વૉલ્કૉન્સ્કીના સાથીદાર ચિતારા ડિમા ગિલેવે તો પારી(સ)માં જ આવી બાલેનાં આયોજન કર્યાં. એવામાં એને અમેરિકન નર્તકી અને કુદરતને ખોળે રહી નાચનારી ઇસાડોરા ડંકન મળી. એટલે એ બંનેએ વળી એ ચોકઠામાં નવા રંગો પૂર્યા. અને ફ્રાન્સમાં ફણગાએલું બાલે આજે જૂની તેમજ નવી ઢબે ક્લાસિકલ, રોમેન્ટિક, નવતરશૈલી, અખતરાદશા, એમ વિવિધ શાખાઓમાં અમેરિકા-ઈંગ્લંડ-હૉલંડ-જર્મની, ને અલબત્ત ફ્રાન્સ-ઇટાલી-રશિયામાં તે પોતાની અનોખી ઢબથી લાખ્ખો પ્રેક્ષકોનાં હૃદયને રસમાં તરબોળ કર્યા જ કરે છે. એમાં નથી નડતાં ભાષાનાં બંધન કે નથી નડતી સંગીતની મૂંઝવણ. આજે યુરોપભરમાં પ્રકીર્તિત થએલા એ ઘાટમાં જૂની તેમજ નવી કથાઓ નાચતી રહે છે."

[ચંદ્રવદન ચી. મહેતાની લેખમાળા 'રંગગઠરિયાં'નો હપ્તો-૩૬માં પ્રકટ થએલી વિગત - 'કુમાર' અંક ૪૮૦, ડિસેમ્બર ૧૯૬૩]

જેવું નૃત્યમાં તેવું જ જીવનમાં. જે સરળતાથી પોતાના સ્લિપર તજી દે તેવી જ સહજતાથી કૌમાર્ય તજી દેવા તૈયાર થઈ ગઈ. એ માટે ખાસ યોજના બનાવી. હોટેલમાં શેમ્પેઇનની બોટલ, ગુલાબનાં ફૂલો મંગાવી નગરવધૂની જેમ યુવાનપ્રેમી

આન્દ્રેની રાહ જોતી બેઠી. આંદ્રે આવ્યો. એ તો હેબતાઈ જ ગયો ને નાઠો. ઈસાડોરા બીજા યુવાનને ફસાવી હોટેલમાં લઈ ગઈ, પણ એ શય્યાસંગી બનવાને બદલે ઈસાડોરાના ઘૂંટણિયે પડી ગયો. ઈસાડોરાના કામજીવનની આ જ જાણે પ્રણાલિકા રહી. સતત કામને ઝંખતી રહી. વ્યવહારમાં અતિઆક્રમક અને લાગણીશીલ રહી. ઘણા પ્રેમીઓ હોવા છતાંય તેણે જેટલાને વશીભૂત કર્યા તેથી વધારે તો તેણે બિવડાવ્યા.

પૅરિસથી ડંકન પરિવાર પૂર્વ તરફ બર્લીન, વિયેના, બુડાપેસ્ટ ગયો. નૃત્યરચના માટે ગ્લુકની પ્રશિષ્ટ રચનાઓ પસંદ કરી. સ્ટેજ પરના બધા છદ્મ શણગાર તજી સ્ટેજને ખાલી અને ખુલ્લું કર્યું. આછા ભૂરા ભૂખરા લીલા ઢળતા પડદાઓ ઉપરના અંધકારમાં ભળી જતા કે બાજુ પર ઢળી જતા. સ્ટેજ પર મુક્તતા અને કલ્પનાને પૂરતો અવકાશ હતો. સ્પૉટલાઈટના અજવાળામાં વચ્ચેથી બાંધેલા વાળમાં ઈસાડોરા નિર્દોશ વિનિત લાગતી અને વાળ છૂટા મૂકતાં જ પ્રેમપાગલ કે પાગલ કોપદેવી લાગતી. દર્શકોને લાગતું કે નૃત્ય જાણે હમણાં જ શરૂ થયું અને ત્યાં તો પૂરું થઈ ગયું! દર્શકો માટે આ વિલક્ષણ અનુભવ રહસ્યોદ્‌ઘાટન જેવો બની રહેતો.

બુડાપેસ્ટમાં ઈસાડોરાએ જાણે નવા નૃત્યનો આવિષ્કાર કર્યો - જાણે ઉત્સાહનો સન્નેપાત સર્જી દીધો. અહીં તે સ્ટ્રૉસની 'બ્લ્યૂડેન્યુલ' રચના પર નાચી અને બુડાપેસ્ટને ઘેલું કર્યું. અહીં જ તેનો પ્રથમ કહેવાય તેવો પ્રેમી મળ્યો. ઊંચો, સપ્રમાણ, વાંકડિયા વાળમાં કાળી જાંબલી ઝાંય, સાક્ષાત્ કામદેવ જેવો સોહામણો હંગેરિયન યુવક, રંગમંચનો કલાકાર હતો. ઈસાડોરા ચુંબન ઈચ્છતી ત્યારે તે નાટકની એકોક્તિઓ બોલતો. તે માનતો કે કારકિર્દી પહેલાં, પ્રેમ પછી. ભગ્ન ઈસાડોરાને પોતાની કલા યાદ આવી અને જર્મની પાછી ફરી. રક્તરંગી વસ્ત્રોમાં ક્રાંતિનૃત્ય કર્યું. ત્યાંથી મ્યુનિક ગઈ. લોકપ્રિયતા એવી કે ચાહક શિષ્યોએ બગીના ઘોડા છોડી મૂક્યા અને જાતે જોતરાયા અને તેને મ્યુનિકની શેરીઓમાં ફેરવી. બર્લિનના ઑપેરા હાઉસમાં નાચી અને તે ન થાકી ત્યાં સુધી પ્રેક્ષકોએ દુબારા, દુબારા જ કર્યા કર્યું.

છેલ્લાં ઘણાં વરસોથી જાણે ગ્રીસ તેને બોલાવતું હતું. છવ્વીસ વર્ષની ઉંમરે ગ્રીસની પહેલી મુલાકાત લીધી. યુરોપની એ સંસ્કારનાભિ હતી. રેમન્ડની ઈચ્છા હતી કે તેમની ગ્રીકયાત્રા ઑડિસ્યુસના પગલે પગલે તે રસ્તે થવી જોઈએ. ગ્રીક સંસ્કૃતિ તેને એટલી બધી પોતાની લાગતી હતી કે પહેલી વાર જ ગ્રીસ આવવા છતાંય તેમના માટે જાણે પોતાના ઘરે પાછા આવવા જેવું લાગ્યું. પાર્થેનોનના સ્તંભો વચ્ચે નાચી. પાર્થેનોન જોયા પછી તેણે પણ એક મંદિર નિર્માણ કરવાનો નિર્ણય કર્યો. શિલાન્યાસ થયો. પુરોહિતે પૂજા કરી, વિધિના ભાગ રૂપે કાળો કૂકડો વધેર્યો. ડંકન પરિવારે અહીં સ્થાયી થવાનો વિચાર કર્યો હતો. મનમાં આખી યોજના બનાવી હતી. ગીત અને નૃત્ય સાથે ઊગતા સૂર્યનું અભિવાદન કરવાનું, એ પછી બકરીના દૂધનો કટોરો. સવાર નૃત્યસંગીતના શિક્ષણ માટે, બપોર ધ્યાન માટે અને સાંજ ગ્રીક દેવોની આરાધના ઉન્મુક્ત વિધિવિધાન માટે. જાણે ફરી એ ગ્રીક સુવર્ણકાળ પુનર્જીવિત કરવો હતો. જો કે એ સ્વપ્ન અધૂરું રહ્યું. આસપાસ ક્યાંય પાણી નહોતું. બાંધકામ અધૂરું રહ્યું. જો કે આ સફરમાંથી ઈસાડોરાએ કશુંક તો મેળવ્યું. ગ્રીક કોરસ ગાતું એક તાલીમબદ્ધ જૂથ તૈયાર કર્યું અને સાથે વિયેના લઈ ગઈ.

વિયેનામાં કોઈ કદર ન થઈ. વિયેનાવાસીઓને તો તેમના સ્ટ્રૉસમાં જ રસ હતો; ગ્રીક અસરવાળા નૃત્યમાં નહીં. જ્યારે સ્ટેજ પર સ્ટ્રૉસની બ્લ્યૂડેન્યુબ રજૂ કરતી ત્યારે જ પ્રેક્ષકો તેના નૃત્યને વધાવતા. પ્રવાસ જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ નવી સમસ્યાઓ સર્જાતી ગઈ. બર્લિન પહોંચે તે પહેલાં તો ગ્રીક છોકરાઓના અવાજ બદલાઈ ગયા હતા. આ છોકારઓની આદતો હરકતો બદલાઈ હતી અને છોકરાઓએ તેમની ભોળી નિર્દોષતા ગુમાવી હતી. અંતે ગ્રીક કલાકારોને એથેન્સ ભેગા કરવાં પડ્યા.

અહીં તેના સ્વભાવ મુજબ ઈસાડોરા ફરી પ્રેમમાં પડી. આ વખતે તેનો પ્રેમી હતો જર્મન લેખક હેન્રીખ થોડે. હેન્રીખનો આ મૈત્રી માટેનો પ્રતિભાવ આનંદદાયક પણ આધ્યાત્મિક હતો. ઈસાડોરા ઘણી વાર કહેતી કે તેનું હૃદય એ જાણે યુદ્ધભૂમિ છે, જેમાં એપોલો, ડાઈનિસીઅસ જીસઝ, નિત્સે અને વાગીર જેવાં પરસ્પર વિરોધી તત્ત્વો કબજો મેળવવા સતત સંઘર્ષશીલ છે. અહીંથી તે પિટ્‌ર્સબર્ગ રશિયા ગઈ. શોપાંની રચના પર આધારિત નૃત્ય કર્યું. અહીં પણ વધુ એક પાત્ર સ્ટ્રાવીન્સ્કિના પ્રેમમાં પડી અને પ્રેમભંગ થઈ. ફરી બર્લિન આવી, તેની બહેન સાથે પ્રતિભાશાળી બાળકો માટે નૃત્યશાળા સ્થાપવાની વરસોની ઈચ્છા પૂરી કરી. દાનની અપીલ કરવા માટે સ્ટોકિંગ્ઝ વગર ખુલ્લા પગે સ્ટેજ પર આવી. એ સમયની યુરોપની રૂઢિચુસ્ત પ્રજા માટે એ એક આઘાત હતો.

ઈસાડોરા સત્તાવીસની થઈ. પ્રેમમાં પડવું તેના માટે સ્વાભાવિક થઈ ગયું હતું. વિખ્યાત અભિનેત્રી એલેન ટેરીના પુત્ર ગૉર્ડોન ક્રેગના પ્રેમમાં પડી. પરસ્પર આકર્ષિત થયાં. ઈસાડોરા પર ગૉર્ડોનના ચળકતા ગૌર શરીરનું કામણ ઢોળાયું. ઈસાડોરાને લાગ્યું કે દેવી ડાયેનાને આવો જ લાગ્યો હશે તેનો પ્રેમી એન્ડિમિઓન. આવો જ સોહામણો કામુક હશે હાઈસિંથસ, પર્સીઅસ અને નાર્સિસસ. ઈસાડોરાની વરસોની કામના જાણે પૂરી થઈ. તેઓ જાણે બે શરીરમાં વસતા એક આત્મા હોય તેવું અનુભવતાં. બે અઠવાડિયા સુધી તો ક્રેગના સ્ટૂડિઓમાં

જ બંને બંધ રહ્યાં. સ્ટૂડિઓમાં પલંગ ન હતો તો બંને ફર્શ પર સૂતાં. ક્રેગ પણ સામાન્ય માણસ નહોતો. શેરીમાંથી પસાર થતો ત્યારે જાણે દટાયેલી થીબ્ઝ નગરીનો રાજપુરોહિત અત્યારના સમયમાં આવી ચડ્યો હોય તેવો લાગતો. પણ ઈસાડોરા સાથે હંમેશાં બનતું તેમ આ સંબંધ પણ લાંબો ન ટક્યો. બંને પોતપોતાની કારકિર્દીના મહત્ત્વ માટે સામસામે આક્ષેપો કરી ઝગડ્યાં. બારણું પછાડી ક્રેગ ચાલ્યો ગયો. ઈસાડોરા શાંતિ અને પ્રસૂતિ માટે હોલેન્ડ ગઈ.

પ્રેમ વગર જીવી ન શકતી ને પ્રેમીને જીરવી ન શકતી ઈસાડોરા ફરી પ્રેમમાં પડી. આ વખતે પ્રેમી હતો મોહક ડચ છોકરો. તે માનતી કે શાશ્વત દુઃખ કરતાં ક્ષણિક આનંદ સારો. ફરી રશિયા ગઈ. અહીં 'મૉમેન્ટ મ્યૂઝિક' રજૂ કર્યું ને ત્યાંથી ફરી વતન અમેરિકા. અહીં મિશ્ર આવકાર મળ્યો. બોસ્ટનમાં તો તેના નૃત્ય પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો. થાકી-હારી ફરી ફ્રાંસમાં આવી. હવે તે ૩૨ની થઈ હતી. અહીં પૅરિસના એક ધનાઢ્ય ગાયકના પરિચયમાં આવી. જાણે મુશ્કેલીમાં ફસાયેલી કોઈ કુંવરીને ઉમરાવ બચાવવા આવ્યો! વૈભવવિલાસના દિવસો શરૂ થયા. એના વૈભવી જહાજમાં સહેલગાહે નીકળતાં ભૂમધ્યસાગરમાં ઇટાલિયન રિવેરાથી માંડીને દક્ષિણે નાઈલ સુધી અને ઉત્તરે બ્રિટનના કિનારા ફરી વળ્યા. શાહી જહાજ પર જ ભવ્ય ભોજનસમારંભો, ઉત્સવો અને સંગીતના જલસાઓ યોજાતા. ૧૯૧૧માં સ્ટીમરના વૈભવી સ્યુટમાં ન્યૂ યૉર્ક આવ્યાં. નૃત્યના વિજયી પ્રારંભ પછી યાત્રા અધૂરી મૂકવી પડી. ઈસાડોરા ફ્રાંસ પાછી આવી. ભૂમધ્ય સમુદ્રના કાંઠે પુત્ર પૅટ્રિકને જન્મ આપ્યો. પ્રેમી લોહેનગ્રીને લગ્નની માગણી કરી. ઈસાડોરાએ તે ન સ્વીકારી. તે ક્યાંય બંધાવા માગતી નહોતી. છતાં વિચિત્ર વાત તો એ હતી કે પુરુષના આધાર વગર તેને ચાલતું નહીં અને પરિચયમાત્રથી પ્રેમમાં પડી જતી.

પાંત્રીસમા વરસે ફરી લોહેનગ્રીન સાથે જોડાઈ. જીવનને વળાંક આપનારી દુર્ઘટના બની. બાળકોને આયા સાથે સહેલ સવારીએ મોકલ્યાં. ગાડીએ કંટ્રોલ ગુમાવ્યો. ગાડી સીન નદીમાં પડી ને બાળકો ન બચ્યાં. એ આઘાતમાં શરીર પ્રત્યે અને જીવન પ્રત્યે લાપરવાહ બની આત્મઘાતી બની. શરીરે સ્થૂળ અને પ્રતિભાવિહીન મૂઢ બનતી ગઈ. ક્યારેક લાગણીના આવેગમાં ઊછળી પડતી અને ગમે તેવા પ્રેમીઓ શોધતી રહેતી. તેના પ્રેમીઓનું લિસ્ટ લાંબું છે. એક વાદક, જેની સાથે લગભગ પરણી જવાની અણી પર હતી તેવો એક ઇટાલિયન શિલ્પી, એક ડૉક્ટર, દક્ષિણ અમેરિકન ટૅંગો ડાન્સર, પિઆનો કલાકાર.... આવા આવા તો અનેક ચિત્રકારો, શિલ્પીઓ, સંગીતકારો તેના જીવનમાં આવ્યા ને હવાના સપાટાની જેમ ચાલ્યા ગયા. છતાં તે પૂરા આવેગથી પ્રેમમાં પડતી. તે કહેતી 'મેં શોધ્યું છે કે પ્રેમ એ સમય વ્યય કરવાની રમત છે, કરુણાંતિકા છે, અને એક પાગલ નિર્દોષતાથી હું તેમાં પડી છું.'

ત્યાં તો પ્રથમ વિશ્વયુદ્ધ આવ્યું. તેની સ્વપ્નસમી નૃત્યશાળા હૉસ્પિટલ બની ગઈ, થીરકતા પગને બદલે લોહીનીંગળતા ઘાવ, પીડા અને મૃત્યુનું સ્થાન. અંતે ઝેરી વાયુની ફૅક્ટરી. છતાં ઈસાડોરાની આંખમાં નૃત્યશાળાનું સપનું હતું. ૧૯૨૧માં રશિયન સરકારે મૉસ્કોમાં નૃત્યશાળા સ્થાપવા આમંત્રણ આપ્યું. એક વર્ષ પછી બધા સિદ્ધાંતો નેવે મૂકી સેર્ગેઈ એસેનીનને પરણી. ત્યારે ઈસાડોરા હતી ૪૪ની ને સેર્ગેઈ માત્ર ૨૭ વર્ષનો. દેખાવડો, અર્ધો ધૂની ક્રૂર રશિયન કવિ. સેર્ગેઈ અંગ્રેજી જાણતો નહોતો અને શીખવી પણ નહોતી. તે ચકનાચૂર થાય ત્યાં સુધી પીતો. ઈસાડોરાના નૃત્યની મશ્કરી કરતો. ઈસાડોરા સમજાવવાની કોશિશ કરતી તો મારી નાખવાની ધમકી આપતો. ઈસાડોરા આ પાગલ પ્રેમી પતિને ઇંગ્લંડ લઈ ગઈ. અહીં દમામભેર માનપાન મળ્યું. તે વખતના એ ફોટામાં ઈસાડોરા પુત્રને પકડી રાખવા માગતી માતા જેવી લાગતી અને સેર્ગેઈ એક યુવાન પુત્ર જેવો. ફરી યુરોપ. ઉન્માદી પાગલ સેર્ગેઈ ગુસ્સામાં ફર્નિચર અને બારીઓ તોડતો. કેટલીય વાર તેની આવી પાગલ હરકતોને લીધે સત્તાવાળાઓએ તેને પકડ્યો. ઈસાડોરાએ સેર્ગેઈ આંચકીનો રોગી છે તેવાં બહાનાં કાઢી છોડાવ્યો. એક વાર આલીશાન હોટેલના વૈભવી સ્યુટને ખેદાનમેદાન કર્યો ત્યારે સત્તાવાળાએ તેને પાગલખાનામાં ધકેલ્યો. ઈસાડોરાએ આજીજી, કાકલૂદી કરી તેને કાબૂમાં રાખવાની બાંહેધરી આપી છોડાવ્યો. એક વાર તો તેણે પોતે જ પોતાનું કાંડું ભાંગ્યું. અંતે ઉન્માદી પાગલ અવસ્થામાં સેર્ગેઈએ પોતાના લોહીથી કવિતા લખી દોરડે લટકી આત્મહત્યા કરી. ઈસાડોરા આ આઘાત જીરવી ન શકી.

૧૯૨૭ના જુલાઈમાં પૅરિસમાં તેના ઓગણપચાસમા વર્ષે નૃત્યનો કાર્યક્રમ આપ્યો. તેના પ્રશંસકો કહે છે એ એક અદ્‌ભુત કાર્યક્રમ હતો. જીવનના ઉત્સાહને છલકાવતી તે અભિવાદન ઝીલવા રસ્તા પર સ્કાર્ફ ફરકાવતી હતી. નારીમુક્તિના ધ્વજ જેવો આ સ્કાર્ફ જ તેના મૃત્યુનું નિમિત્ત બન્યો. બે મહિના પછી ફ્રાન્સમાં નીસમાં ૧૪ સપ્ટેમ્બરે ઑટોમોબાઈલ પર સવારીએ નીકળી. વાહનના આરામાં સ્કાર્ફ ફસાયો. ગળુ ટૂંપાયું અને તત્કાલ મૃત્યુ પામી. જન્મથી નાચતા થીરકતા પગ કબરમાં શાંત થઈ પોઢી ગયા. જે જમાનામાં પશ્ચિમમાં પણ સ્ત્રીઓ બહાર ન નીકળતી તેવા સમયે તેણે યુરોપ-અમેરિકાને ઘેલું કર્યું. એક નૃત્યાંગના હોવાથી ય વિશેષ તે નારીમુક્તિ અને વિટમનની જેમ મુક્ત આત્માનું પ્રતીક બની ગઈ. ◻

મિલન

મૂળ લેખક : આર્થર કૉનન ડોઈલ
અનુવાદક : મૂળશંકર પ્રા. ભટ્ટ

ઈસુના છઠ્ઠા સૈકાના બીજા દસકાની એટલે ઈ.પ૨૮ની આ વાત છે. એશિયાને સાગરકિનારે આવેલા શેલ્સેડૉનથી કોન્સ્ટેન્ટિનોપલ સુધી એક નાનું ઉતારુ વહાણ, એ જમાનામાં આવ-જા કરતું. જે સવારની આ વાત છે તે દિવસે તહેવાર હાવાથી વહાણ પ્રવાસીઓથી ચિક્કાર હતું. સૌ તહેવાર માણવા જઈ રહ્યા હતા. આકાશમાં સૂર્ય પ્રકાશી રહ્યો હતો. મંદ મંદ પવન વાઈ રહ્યો હતો. એ કાળે વિશ્વનું સૌથી મોટું અને સૌથી સુંદર ગણાતું એ રાજનગર નિકટ આવવા લાગ્યું. મોજમજા માણવા નીકળેલા ઉતારુઓ આસપાસનાં સ્થળો રસપૂર્વક નિહાળવા લાગ્યા.

સાંકડી ખાડીમાં થઈને જહાજ સરસરાટ આગળ સરકતું હતું. જમણી તરફ એશિયાનો સમુદ્રતટ ફેલાયો હતો. કિનારે નાનાં ગામડાં, ગામડાંનાં સફેદ મકાનો અને તે સૌને ઘેરી વળેલી હરિયાળી નજરે પડતી હતી. સામે જ નીલમણિ જેવો હારિત પ્રિન્સ ટાપુ માર્મોરા સમુદ્રનાં આસમાની જળમાંથી ડોકું કાઢી રહ્યો હતો. આ કારણે રાજનગરનું સંપૂર્ણ દર્શન કરવામાં બાધા ઊભી થતી હતી. ટાપુ પાસે થઈને જેવું વહાણ આગળ સર્યું કે સામે વિશાળ નગરી ખડી થઈ. તૂતક પર ઊભેલા પ્રવાસીઓનાં મોંમાંથી પ્રશંસા અને આશ્ચર્યના ઉદ્‌ગાર નીકળવા લાગ્યા. શુભ્ર અને ચળકાટ કરતા આવાસો, ચમકતી અગાશીઓ અને સૂર્યપ્રકાશમાં ઝળહળતાં પૂતળાંઓ, એક પછી એક દેખાવા લાગ્યાં. બધાથી ઊંચે સેંટ સોફિયાના ચર્ચના અણીદાર મિનારા દેખાતા હતા. નિરભ્ર આકાશની પાર્શ્વભૂમિકા સાથે દેખાતું એ શહેર પૃથ્વીની સ્વપ્નનગરી સમાન અતિ સુકુમાર-અતિ મોહક લાગતું હતું.

વહાણના મોરા પર સૌથી જુદા તરી આવતા બે પ્રવાસીઓ ઊભા હતા. એક પ્રવાસી હતો અતિ સુંદર છોકરો. દસબાર વર્ષની વયનો, ભીને વાને, સુરેખ આકારનો, કાળા વાંકડિયા વાળ અને પ્રફુલ્લ, શ્યામ નયનો ધરાવતો એ બુદ્ધિશાળી અને જીવન માણી લેવા આતુર જણાતો હતો. બીજો પ્રવાસી ઉમરવાળો હતો. તેનો ચહેરો દુબળો હતો, દાઢીના વાળ સફેદ હતા. દૂર દેખાતા શહેરને તથા આસપાસ પડેલાં અસંખ્ય વહાણોને જોઈ કિશોર હમસફર ઉત્તેજના અને આનંદ મહેસૂસ કરતો હતો તે જોઈ વયસ્ક પ્રવાસીની કરડી મુખાકૃતિ મંદ હાસ્યથી ચમકી ઊઠતી હતી.

'જુઓ! જુઓ!' બાળક બોલ્યો, 'બારામાંથી મોટાં લાલ વહાણો હંકારાય છે તે જુઓ, બાપજી! ચોક્કસ દુનિયાનાં સૌથી મોટાં એ વહાણ લાગે છે.'

ઍન્ટિયોકમાં આવેલા સેંટ નિસેફોરસના મઠનો તે વૃદ્ધ પાદરી હતો. કિશોરના ખભા પર તેણે હાથ મૂક્યો.

'સાવધાન રહે, લિઓં, ધીમેથી બોલ. તારી માતાને જ્યાં સુધી આપણે ન મળીએ ત્યાં સુધી આપણે ગુપ્તતા જાળવવી પડશે. જે લાલ જહાજો તું જુએ છે તે સાચે જ ખૂબ મોટાં છે કારણ કે તે શાહી યુદ્ધ-જહાજો છે. થિઓડોસિઅસ નામના બંદરેથી તે આવી રહ્યાં છે. પણે આવેલી હરિયાળી પાછળ ગોલ્ડન હૉર્ન આવ્યું. વેપારી વહાણો ત્યાં લાંગરે છે. પણ જો લિઓં, પેલા ઉત્તુંગ ચર્ચની પાછળ મકાનોની હારમાળા છે ને, ત્યાં નજર નાખ. સાગર સામે ઊભેલા થાંભલાઓ તને દેખાશે. એ સિઝર્સના મહેલના થાંભલા છે.'

કિશોર ધ્યાનપૂર્વક જોવા લાગ્યો. 'મારી મા ત્યાં રહે છે?' અતિ ધીમા અવાજે તેણે પૂછ્યું.

'હા, લિઓં તારી મા - મહારાણી થિઓડોરા અને તેના પતિ મહાન જસ્ટિનિઅન એ પ્રાસાદમાં રહે છે.'

છોકરાએ વૃદ્ધ પ્રતિ વ્યગ્ર દૃષ્ટિ ફેંકી.

'ફાધર લ્યૂક, તમને ખાતરી છે કે મને જોઈને મારી મા સાચે જ રાજી થશે?'

લિઓંની પ્રશ્નાર્થક આંખોથી બચવા પાદરીએ મોં ફેરવી નાખ્યું.

'એ તો કેમ ખબર પડે, લિઓં? આપણે પ્રયત્ન કરવાનો. જો એમ જણાશે કે ત્યાં તને આશરો મળે તેમ નથી તો સેંટ નિસેફોરસના સંતો તારી સંભાળ લેશે જ.'

'આપણે આવી રહ્યા છીએ એવા સમાચાર માને શામાટે ન મોકલ્યા, બાપુજી? તેની હા આવે ત્યાં સુધી શા માટે આપણે રાહ ન જોઈ?'

'તારો અસ્વીકાર કરવો, આમ તો એકંદરે સહેલું છે. શહેનશાહના ચોકીદાર આપણને રોકે પણ ખરા. પરન્તુ લિઓં, જો તારી મા તને જુએ - પોતાના જેવી જ તારી આંખો અને એક દિવસ જેના પર તે વારી ગઈ હતી તે માણસ જેવો તારો ચહેરો જુએ, નારીનું હૃદય હોય, તો તને અપનાવી પણ લે. બધા કહે છે કે ખૂદ શહેનશાહ તેની એક પણ માગણી નકારી શકતા નથી. તેઓને કશું સંતાન નથી, લિઓં, એમ જોતાં તારી સામે શક્યતા ઊભી છે. તને અહીં રહી જવાનું થાય તો સેંટ નિસેફોરસના બાપડા સાધુઓને ભૂલી ન જજે. જયારે તારું કોઈ નહોતું ત્યારે એ લોકોએ તને નિભાવ્યો છે!'

વૃદ્ધ પાદરીના અવાજમાં ખુશી રણકતી હતી તેમ છતાં પાટનગરની સમીપ તેઓ આવતા ગયા તેમ તેમ હાથ પર લીધેલું કામ અનિશ્ચિત લાગવા માંડ્યું. તેનો બેચેન ચહેરો આ બાબતની ચાડી ખાતો હતો. ઍન્ટિયોકના મઠના શાંત વાતાવરણમાં જે સહેલું અને સ્વાભાવિક લાગતું હતું તે કોન્સ્ટેન્ટિનોપલના ઝગમગતા અને સોનેરી ગુંબજોના સામીપ્યમાં

અગમ્ય અને શંકાસ્પદ લાગવા માંડ્યું. એક હતભાગી મહિલા, દસ વર્ષ પહેલાં મઠને દરવાજે આવી ઊભી હતી. પૂર્વની સમગ્ર દુનિયામાં તેનું નામ પાપ સમાન લેખાતું હતું. સૌન્દર્ય માટે તે જેવી વિખ્યાત હતી તેટલી જ તે કલંકિત જીવનને લીધે તિરસ્કારપાત્ર બની હતી. પોતાની બેઈજ્જતીના પરિણામરૂપ આ નાના બાળકને સંભાળી લેવા મઠના પાદરીઓને સમજાવ્યા. પછીથી આ બાળક ત્યાં જ રહ્યો. દુરાચારી થિઓડોરા રાજધાનીમાં આવી. ભાગ્યચક્રની અતિ અદ્‌ભુત ગતિને પરિણામે સિંહાસનના વારસ જસ્ટિનિઅનની નજરે ચઢી અને અંતે તેનું પ્રેમભાજન થઈ પડી. કાકા જસ્ટિનના મૃત્યુ પછી આ યુવાન વિશ્વનો અતિ મહાન રાજ્યાધિપતિ બની ગયો અને થિઓડોરાને કેવળ પોતાની પત્ની ન બનાવતાં મહારાણીના પદ પર સ્થાપી દીધી. થિઓડોરાને સમ્રાટ જેટલી જ અને ક્યારેક સમ્રાટથી પણ અધિક નિરંકુશ સત્તા પ્રાપ્ત થઈ. એક દિવસની પતિતા ગૌરવાન્વિત બની. ભૂતકાળમાં જેની સાથે સંકળાયેલી હતી તે તમામનો કઠોરતાપૂર્વક તેણે ત્યાગ કર્યો અને મહાન સમ્રાજ્ઞી બનવાની ક્ષમતાનું પ્રદર્શન કર્યું. પતિ કરતાં પણ તે અતિ શક્તિશાળી, અતિ વિદગ્ધ છતાં ક્રૂર અને કિન્નાખોર તરીકે ખ્યાત બની - મિત્રો માટે અચલ આધારરૂપે પરંતુ હિતશત્રુઓ માટે સાક્ષાત ભય સમાન. એન્ટિયૉકનો પાદરી લ્યૂક આ સ્ત્રી પાસે તેના વીસરાએલા પુત્ર લિઓંને લઈ જતો હતો. જો તે નારી ભૂતકાળ તાજો કરશે તો તેને યાદ આવશે કે આફ્રિકાના એન્ટેપોલિસ રાજ્યના ગવર્નર અને પોતાના પ્રેમી એસિબૉલસ દ્વારા તરછોડાયેલી તે પગપાળા એશિયા માઈનોર પહોંચી હતી, અને મઠના પાદરીઓને પોતાનું બાળક સોંપ્યું હતું. તેને ભરોસો હતો કે સંસારથી વિમુખ બની એકાંતમાં વસતા મઠવાસીઓ મહારાણી થિઓડોરા અને લંપટ, રખડુ મહિલા થિઓડોરા વચ્ચેનો ભેદ ક્યારેય સમજી નહિ શકે. તેને ખાતરી હતી કે પોતાના દુષ્ચારિત્ર્યનું આ પરિણામ શાહી પતિથી સદા માટે અણજાણ્યું રહેશે.

જહાજે એક્રોપોલિસનો ગોળાકાર પ્રદેશ પસાર કર્યો. સામે ગોલ્ડન હોર્નનો સુદીર્ઘ, નીલો વિસ્તાર ખુલ્લો થયો. સમગ્ર બંદર વિસ્તારને ઊંચી દીવાલો ઘેરી વળી હતી. વચ્ચે થોડી જગ્યા રાખવામાં આવી હતી. આ ખાંચો ડક્કાની ગરજ સારતો હતો. ન્યૂરિઓન ગેટ પાસે વહાણ થોભ્યું, હેલ્મેટ પહેરેલા રક્ષકો ત્યાં બેઠા હતા. થોડી ચકાસણી કરી ઉતારુઓને મહાનગરીમાં પ્રવેશવા દેવામાં આવ્યા.

અગાઉ ઘણી વખત પાદરી મઠના કામે અહીં કોન્સ્ટેન્ટિનોપલ આવ્યો હતો. નગરમાર્ગોથી તે પરિચિત હતો. એથી વિશ્વાસપૂર્વક આગળ વધી રહ્યો હતો. રાહદારીઓના ધસારાથી, વાહનોના કોલાહલથી તથા ભવ્ય મકાનો જોઈ ભયભીત થયેલા છતાં ખુશ દેખાતા કિશોરે પોતાના માર્ગદર્શકના ઢીલા ઝબ્બાની ચાળ પકડી હતી અને પ્રત્યેક દિશામાં ઉત્સુકતાપૂર્વક અને અનિમેષ દૃષ્ટિથી નિહાળી રહ્યો હતો. સમુદ્રથી ઊંચી સપાટીએ આવેલી સાંકડી શેરીઓ પસાર કરી તેઓ સેંટ સોફિયાના વિશાળ ચર્ચસમૂહને ઘેરી વળેલા ચોકમાં આવી પહોંચ્યા. સેંટ ક્રિસોસ્તમે જેને પવિત્ર ગણાવ્યું હતું તે આ મહાન ચર્ચ કોન્સ્ટાઈને બંધાવ્યું હતું. તે કાળે પૌર્વાત્ય ચર્ચોના કેન્દ્રસ્થાને રહેલું આ દેવળ પેટ્રિઆર્કના મુખ્ય મઠસ્થાને હતું. પવિત્ર પાદરીએ કેટલીયે વખત ક્રુસની નિશાની કરી અને અનેક વાર ઘૂંટણિયે પડી નમન કર્યું. ત્યાર પછી જ હાથ પર લીધેલા કઠણ કામને પાર પાડવા પ્રસ્થાન કર્યું.

સેંટ સોફિયા ચર્ચથી આગળ ચાલી બંને મુસાફરો આરસથી જડેલ ઑગસ્ટિઅમ પાસે આવ્યા. જમણી બાજુ આવેલા એક વિશાળ ખંડના સોનેરી પ્રવેશદ્વાર પર તેઓની નજર ઠરી. ખંડમાં અસંખ્ય લોકો એકત્ર થયા હતા. સવારનો સમય ધર્મવિધિ પાછળ ગાળવામાં આવતો ત્યારે બપોરના સમયે સૌ સાંસારિક આનંદ-પ્રમોદ માણવામાં પ્રવૃત્ત થતા. લોકોની એટલી ગિરદી અહીં હતી કે એ જનપ્રવાહમાંથી માર્ગ કાઢી આગળ ધપવામાં બંને યાત્રિકોને ખૂબ મુશ્કેલી પડી. છેવટે તેઓ કાળા આરસના બનાવેલા દરવાજા પાસે પહોંચ્યા. મહેલમાં જવા માટેનું એ પ્રથમ પ્રવેશદ્વાર હતું. જેવા તેઓ અંદર પેઠા કે છાતી પર સોનેરી, જરિયન ચાંદ ધારણ કરેલ એક પ્રતિભાશાળી સંત્રીએ તેઓને રોક્યા. વડો અધિકારી જ્યાં સુધી આગળ વધવાની આજ્ઞા ન કરે ત્યાં સુધી ચકચકિત ભાલો મુલાકાતીઓની છાતી સામે ધરી રાખવાનો કાયદો હતો. જો કે પાદરીને અગાઉથી કહેવામાં આવ્યું હતું કે જેવું તે વ્યંઢળ બાસીલનું નામ આપશે એટલે બધી હરકતો દૂર થઈ જશે. બાસીલ રાજભવનનો અંતઃપુર-રક્ષક હતો. વધુમાં તેને 'પારાકિમોમેન'નો હોદ્દો પણ મળ્યો હતો. એ હોદ્દાની રૂએ શાહી શયનાગારના દરવાજા પાસે રાત્રે સૂવાનો અધિકાર તેને સાંપડ્યો હતો. આ નામનો ઉપયોગ કરવાની યુક્તિ બરોબર કામિયાબ નીવડી. ભોગજોગે મહેલ-રક્ષકોનો વડો આ સમયે ત્યાં હાજર હતો. જેવો તેણે વ્યંઢળના પ્રભાવશાળી નામનો ઉચ્ચાર સાંભળ્યો કે તરત જ બંનેને જનાનખાનામાં લઈ જવાનો આદેશ આપવામાં આવ્યો.

પ્રથમ મધ્યસ્થાનની અને ત્યાર બાદ અંતરસ્થ પરિચરની ચોકી વટાવ્યા પછી મુસાફરો મહેલમાં આવ્યા અને ભોમિયાને અનુસરતા એક પછી એક આવાસો પસાર કરવા લાગ્યા. આવાસો એકબીજાથી ચઢિયાતા હતા. આરસપહાણ અને સોનું, મખમલ અને રૂપું, ચળકાટ કરતી ફરસ, અદ્‌ભુત કોતરકામ, હાથીદાંતનાં આચ્છાદન, બારીક કાપડના પડદા, ભારતનું રેશમ, અરબસ્તાનનું સુતરાઉ કાપડ અને બાલ્ટિકથી મંગાવેલ તૃણમણિ - સાદાસીધા બંને પ્રવાસીઓના મનમાં આ બધું દશ્ય જોઈને આંખો દુઃખવા લાગી. ચળકાટ તથા વિશાળતાને

કારણે ચક્કર આવવા લાગ્યાં. અંતે સોનેરી જરીથી ખીચોખીચ ભરતકામવાળા બે પડદા હટાવવામાં આવ્યા. સામે એક હબસી વ્યંઢળ ઊભો હતો. બંને મુલાકાતીઓની સૈનિકે તેને સોંપણી કરી. સ્થૂળકાય, મેદસ્વી, શ્યામવર્ણ તથા વિશાળ, શિથિલ, સફાચટ ચહેરાવાળો એ આદમી થોડી થોડી વારે ખંડમાં ચક્કર મારી રહ્યો હતો. બંને પ્રવાસીઓ અંદર પ્રવેશ્યા. મોં પર ઘૃણાજનક અને ડરામણું સ્મિત ફરકાવતો વ્યંઢળ તેમના તરફ ફર્યો. લબડેલા હોઠ અને ઢીલા ગાલને કારણે તે નિર્લજ્જ ડોસી જેવો લાગતો હતો. તેનાં ચકચકતાં, ખારીલાં નયનો ઝનૂની ક્રૂરતાપૂર્વક બંનેને મૂલવી રહ્યાં હતાં.

'મારા નામનો ઉપયોગ કરી તમે મહેલમાં દાખલ થયા છો. જનસાધારણ આ પ્રમાણે મને મળી શકે છે તે બાબતે હું મગરૂર છું. પરંતુ ઉચિત કારણ વગર જો કોઈ મને મળવા આવે તો તેને આપત્તિ ભોગવવી પડે છે.' તેણે ફરીથી સ્મિત કર્યું. છોકરો ગભરાઈને પાદરીના પડખામાં ભરાયો.

પાદરી હિંમતવાન હતો. રણવાસના પડછંદ રખોપિયાની દુષ્ટ છબી નિહાળી, અગર તો, તેણે ઉચ્ચારેલી ધમકીથી ડર્યો નહિ. બાળસોબતીને ખભે હાથ મૂકી આત્મવિશ્વાસભર્યું હાસ્ય ફરકાવતાં તેણે વ્યંઢળ પ્રતિ નજર ફેંકી.

તેણે કહ્યું, 'મને ખાતરી છે, નામદાર, કે મારું કામ મહત્ત્વનું છે અને એથી જ અમે મહેલમાં પ્રવેશ્યા છીએ. તકલીફ એટલી જ છે કે તે કામ સમ્રાજ્ઞી થિઓડોરા માટે જ છે અને તેથી આપની સાથે તે સંબંધી હું વાત કરી શકીશ નહિ.'

વ્યંઢળની સેતાની આંખોનાં ભરાવદાર ભવાં આ સાંભળી સંકોચાયાં.

'આ વાત તમારે બરોબર સમજાવવી પડશે.' તેણે કહ્યું, 'મારા દયાળુ માલિક - સદાગૌરવશાળી રાજાધિરાજ જસ્ટિનિઅનને મારામાંથી વિશ્વાસ ઊઠી ન ગયો હોય તો તમે કહો છો તેવી કોઈ બાબત મારાથી અજાણ રહે એ નવાઈભર્યું કહેવાય. તમારો પહેરવેશ અને તમારું વર્તન જોતાં લાગે છે કે તમે કોઈક મઠમાંથી આવો છે.'

'આપ સાચું કહો છે, નામવર, એન્ટિયોકમાં આવેલ સેંટ નિસેફોરસ મઠનો હું પાદરી છું. તો પણ ફરીથી કહીશ કે મારે જે કશું નિવેદન કરવાનું છે તે કેવળ મહારાણી થિઓડોરા સમક્ષ જ કરવાનું છે.'

વ્યંઢળ સ્પષ્ટ રીતે સંશયગ્રસ્ત લાગ્યો. વૃદ્ધ પાદરીના હઠાગ્રહને કારણે કુતૂહલ જાગ્રત થયું. તે થોડો નજદીક સર્યો, ભારેખમ ચહેરો આગળ નમાવ્યો અને પાસે પડેલા મૂલ્યવાન પીળા બાજોઠ પર પોતાના ભરાવદાર હાથ તેણે ટેકવ્યા.

તે બોલ્યો, 'વડીલ, મને કહી ન શકાય તેવી મહારાણીને લગતી કોઈ વાત હોય જ નહિ. એ વાત મને નહિ જણાવો તો સમજી લેજો કે તમે રાણીબાને મળી શકવાના નથી. તમારી કામગીરી વિષે મને ખબર ન પડે તો તમને હું પ્રવેશવા જ શા માટે દઉં? બગલમાં છરી સંતાડી સર્વ મઠોની માતા સમાન સમ્રાજ્ઞીનું ખૂન કરવા આવેલ તમે કોઈ પાખંડી નથી તે હું શી રીતે જાણું?'

પાદરીનો ખચકાટ હવે દૂર થયો. 'તમને વાત કહેવામાં કોઈ ભૂલ થતી હશે તો તેના જવાબદાર તમે રહેશો.' તેણે કહ્યું, 'તો સાંભળો, આ બાળક લિઓં મહારાણી થિઓડોરાનો પુત્ર છે. આજથી દસ વર્ષ પહેલાં તેના જન્મને એક મહિનો થયો ત્યારે અમારા મઠમાં તેને સોંપવામાં આવ્યો હતો. આ તાડપત્રો આપના હાથમાં મૂકું છું. તે વાંચવાથી હું જે કહી રહ્યો છું તે હકીકત વહેમ કે શંકાથી પર છે તેની આપને ખાતરી થશે.'

વ્યંઢળ બેસીલે તાડપત્રો હાથમાં લીધાં પરંતુ તેની નજર કિશોર પર મંડાયેલી હતી. ચહેરા પર આશ્ચર્યના ભાવ ઊઠ્યા. આ હકીકતનો પોતાના લાભ માટે કેમ ઉપયોગ કરવો તે વિષે લુચ્ચાઈપૂર્વક તર્ક લડાવવા લાગ્યો.

'અવશ્ય આ છોકરો રાણીની પ્રતિકૃતિ જ છે.' ધીમે અવાજે તે બોલ્યો. વળી, મનમાં શંકા જાગતાં તેણે કહ્યું, 'આ છોકરો મહારાણી જેવો ચહેરો ધરાવે છે એ સમાનતાનો ઉપયોગ કરી કોઈ યુક્તિ તો અજમાવતા નથી ને, વડીલ?'

'એનો જવાબ મેળવવાનો એક જ રસ્તો છે.' પાદરીએ કહ્યું, 'ખુદ મહારાણીને જ પૂછો કે હું જે કાંઈ કહું છું તે સાચું છે કે કેમ? તેમને ખુશ-ખબર આપો કે તમારો દીકરો સાજોનરવો તમારી પાસે આવ્યો છે.'

પાદરીના અવાજમાં શ્રદ્ધાનો રણકો હતો. તદુપરાંત તાડપત્રમાં બધી માહિતી આપી હતી. વ્યંઢળના મનમાં જાગેલી થોડીઘણી શંકાને છોકરાની સુંદર મુખાકૃતિએ નિર્મૂળ કરી. એક મહાન સત્ય ખુલ્લું થયું. એ સત્યનો પોતાને લાભ થાય તેમ શી રીતે ઉપયોગ કરવો? પોતે કઈ રીતે ફાયદો ઊઠાવી શકે? બંને હાથ હડપચી નીચે રાખી વ્યંઢળ પોતાના ખંધા મનમાં આ વિષે વિચારવા લાગ્યો.

'દાદા' તેણે સવાલ કર્યો, 'આ હકીકત તમે કેટલા જણાને કહી છે?'

'કોઈને નહિ.' જવાબ સાંપડ્યો. 'અમારા મઠના ડિકોન બારડાસ અને હું - એમ બે જણા જ આ સત્યથી વાકેફ છીએ. બીજા કોઈને આ વિષે કશી ખબર નથી.'

'ચોક્કસ ખાતરી છે?'

'પૂરેપૂરી.'

વ્યંઢળે નિશ્ચય કરી લીધો. આ મહેલમાં તે એકલો જ આ વાત જાણતો હોય તો આ સત્તાત્મક અધિષ્ઠાત્રી ઉપર પોતાનો જબરો કાબૂ રહેશે. તેને ખાતરી હતી કે સમ્રાટ જસ્ટિનિઅન આ બાબતથી અજાણ હતા. જાણશે તો તેમને જરૂર આઘાત

લાગશે. રાણી પ્રત્યેની લાગણીમાં પણ કદાચ ઓટ આવે. મહારાજ આ વાત ન જાણે તેની પૂરી કાળજી રાણીએ રાખવી પડશે. આ સાવચેતી જાળવવામાં વ્યંઢળ બેસિલ રાણીનો સહાયક હોય તો રાણી પર કેવો પ્રભાવ જમાવી શકે? હાથમાં તાડપત્ર રાખી, વૃદ્ધ તથા બાળકને નીરખતા વ્યંઢળના મનમાં આવા વિચારો ઊઠતા હતા.

'અહીં થોભો. હું થોડી વારમાં આવું છું.'

અલ્પ ક્ષણો બાદ ખંડને છેડે આવેલો એક પડદો ખસેડવામા આવ્યો. વ્યંઢળે પોતાના સ્થૂળ દેહને કમરેથી પૂરેપૂરો વાળી પરમ આદરસહ પ્રણામ કરતાં પડદો પકડી લીધો. પડદા પાછળથી નિમ્ન કદની, કાંચનવર્ણાં વસ્ત્રો પરિધાન કરેલી, મુખ પર આછું આવરણ રાખી તથા પ્રભાવક, ધૂમલરંગી પાદુકા ધારણ કરી એક સાવધ નારી પ્રકટ થઈ. પાદુકાના રંગમાત્રથી દેખાઈ આવતું હતું કે આ જ મહિલા સમ્રાજ્ઞી હોવી જોઈએ. તેની ગૌરવભરી ચાલ, તેનાં પ્રતાપી ઘેરાં ચક્ષુ અને ભવ્ય ચહેરાનું સંપૂર્ણ લાલિત્ય નિર્દેશ કરતું હતું કે તે થિઓડોરા જ હોવી જોઈએ. હલકા કુળમાં જન્મી હોવા છતાં તે સમગ્ર રાજયની સર્વશ્રેષ્ઠ, પ્રભાવશાળી અને પૂર્ણતયા પરિપક્વ તેમજ કમનીય મહિલા હતી. વૃદ્ધ અકેસિઅસની જે પુત્રીએ રંગભૂમિ પર નાસમજ અભિનય શીખ્યો હતો તે પુત્રી તો ક્યારનીયે અદશ્ય થઈ હતી. શેષ રહી હતી મહારાજાધિરાજની આદરપાત્ર સહચારિણી. તસુએ તસુ તે મહારાજ્ઞી બની ચૂકી હતી. તેનાં સુસ્થિર માનમર્યાદા સર્વકાળ, સર્વત્ર દશ્યમાન થતાં હતાં.

ત્યાં ઊભેલા બે પુરુષોની અવગણના કરી થિઓડોરા લિઓં પાસે ગઈ. પોતાના ગૌર બાહુ તેના ખભા પર મૂક્યા અને દીર્ઘ કાળ સુધી પ્રશ્નાર્થક નજરે તેને નિહાળતી રહી. પ્રારંભમાં આ નજરમાં સંદેહ હતો પરંતુ વિશાળ અને તેજસ્વી નયનો ધરાવતા, પોતાની જ પ્રતિકૃતિ સમાન આ બાળક પ્રત્યેનો સંશય થોડી જ વારમાં હેતાળ પરિચયમાં પલટાઈ ગયો. માતાની આંખોમાં તરવરતી લાગણીશૂન્ય, ધ્રુવ શંકા નીરખી કિશોર એક વખત તો ટાઢોબોળ થઈ ગયો. પણ આંખોનો ભાવ જેવો કોમળ થતો લાગ્યો કે છોકરાનો પ્રેમ જાગ્રત થયો અને સહસા 'મા! મા!' બોલતો તેના બાહુપાશમાં જકડાઈ ગયો. બંને હાથ માતાની ગરદન આસપાસ ભીડાયા, મોં છાતીમાં ખોવાઈ ગયું. ઊર્મિના એકાએક અને સહજ ભાવોદ્રેકથી ઉલ્લસિત થયેલી માતાના હાથ પણ બાળકના દેહને વીંટળાઈ વળ્યા. બાળકને પળભેર છાતી સાથે ચાંપ્યો. તેટલામાં રાજરાણી તરીકેની સંવેદનાએ માતા તરીકેની ક્ષણિક નબળાઈ પર તરત જ કાબૂ જમાવ્યો, લિઓંને અળગો કર્યો અને બંનેને ત્યાંથી ચાલ્યા જવાનો ઇશારો કર્યો. ત્યાં ઊભેલા પરિચારકો બંને મુલાકાતીઓને ખંડમાંથી સત્વરે બહાર ઘસડી ગયા. માલકણ પ્રત્યે કંઈક તિરસ્કારભરી નજરે જોતો વ્યંઢળ બાસિલ થોડું થોભ્યો. પાસેના બાજોઠ પર મહારાણી ફસડાઈ. તેના હોઠ ફિક્કા થયા, લાગણીના આવેગથી તે હાંફવા લાગી. તેણે ઊંચે જોયું. જનાનખાના-રક્ષકની આંખોમાં છુપાઈ રહેલી ખંધાઈને સ્ત્રીની સહજબુદ્ધિથી તે પારખી ગઈ.

'હું તારે આશરે છું. શહેનશાહને આ વિષે જરા પણ ખબર ન પડવી જોઈએ.' તે બોલી.

સંદિગ્ધ સ્મિત ફરકાવતા વ્યંઢળે કહ્યું, 'હું આપનો સેવક છું. આપનું રમકડું છું. આપ આજ્ઞા કરશો કે મહારાજાને આની જાણ થવી ન જોઈએ તો તેમને એ વાત કોણ કહેવાનું હતું?'

'પણ પેલો પાદરી અને આ છોકરો? તેઓનું શું કરશું?'

'સલામતી જાળવવા માટે એક જ ઇલાજ છે.' વ્યંઢળે જવાબ આપ્યો. રાણીએ ભયભીત નજરે તેના પ્રત્યે જોયું. વ્યંઢળના હાથ ભોંય તરફ સંકેત કરી રહ્યા હતા. આ સુંદર મહેલ નીચે આવેલા અતિ ઊંડાણમાં એક ગુપ્ત જગ્યા હતી - પ્રકાશને અનુસરતી છાયા, ઝાંખાં અજવાળાંવાળા માર્ગો, અંધારકૂપ સમાન વળાંકો, વાચાહીન સેવકો અને અંધકારમાં સંભળાતી તીણી, આકસ્મિક ચીસો. નિશાની કરી વ્યંઢળ એ જગ્યા સૂચવતો હતો. સમ્રાજ્ઞીના ઉરમાં ભારે ઘમસાણ ઊઠ્યું. આ નમણો છોકરો તેનો પોતાનો હતો. એ બાબતે કોઈ શંકા નહોતી. એ પોતાનું જ સંતાન હતો. મહારાણીની સમગ્ર ચેતના બાળક પ્રત્યે જાગ્રત થઈ. પરંતુ જસ્ટિનિઅન? શહેનશાહની ચિત્રવિચિત્ર મર્યાદાઓની તેને જાણ હતી. ભૂતકાળનું તેનું ચારિત્ર્ય આજે વીસરાઈ ગયું હતું. પૂરા સામ્રાજ્યમાં ઘોષિત કરાયેલ વિશિષ્ટ શાહી ફરમાન દ્વારા મહારાજાએ ભૂતકાળને ઊંડે ધરબી દીધો હતો. પોતે શહેનશાહના સંકલ્પ દ્વારા નવી જ જન્મી હોય એવી પરિસ્થિતિ વર્તમાનમાં સર્જાઈ હતી. પરંતુ બંને નિઃસંતાન હતાં, પોતાનું નથી એવા આ બાળકને જોતાં સાથે જ સમ્રાટ સળગી ઊઠશે. મહારાજ્ઞીનો નિંદ્ય ભૂતકાળ આજે ભૂંસાઈ ગયો છે પણ આ સુંદર કિશોરરૂપે તે જો મૂર્ત આકાર ધારણ કરે તો જાણે કશું બન્યું જ નથી એમ માની ભૂતકાળને શી રીતે ધરબી શકે? પોતાનું અનુપમ સૌન્દર્ય કે વશીકરણ આ વિધ્વંસકારી સંજોગોમાંથી કોઈ હિસાબે બચાવી નહિ શકે એમ થિઓડોરાની સહજ સ્ફુરણા અને સમ્રાટનો ગાઢ પરિચય કહી રહ્યાં હતાં. જે ગતિએ તેનો ઉત્કર્ષ થયો હતો તે જ ગતિએ તેનું પતન થઈ શકે. એક અસ્થિર બિંદુ પર તેનું ભવિષ્ય તોળાયું હતું. વિશ્વના સર્વોચ્ચ સ્થાન પર બિન્દુ હતું અને તેથી જ જો તેનો વિનિપાત થાય તો તે પણ એટલી જ ઊંડી ગર્તામાં ગબડી પડે. સંસારનું જે કશું સ્પૃહણીય હતું તે આજે તેનાં ચરણોમાં આળોટતું હતું. આ બધું ગુમાવવાનું જોખમ ખેડવું ખરું? કોને ખાતર? મહારાણીને ન છાજે એવી

એક નબળાઈ ખાતર? પ્રેમના નવજાત, નિરર્થક ઊભરા ખાતર? આજના ઊઘડતા પ્રભાતે તેના ઉરમાં આવા ઊભરાનું ચિહ્નમાત્ર નહોતું. તો આવા એકાદ પ્રતિબિંબ ખાતર આટલો લાભ ગુમાવવાની મૂર્ખામી એ શી રીતે આચરી શકે?

'આપ મારા પર છોડી દો.' પિંગલ અને ચબરાક મુખાકૃતિ ધરાવતા વ્યંઢળે કહ્યું. 'મોત?'

'છૂટા મૂકીએ તો સલામતી નથી. પરંતુ જો દિલમાં દયા ઊભરાતી હોય તો આંખો અને જીભનો ફેંસલો....'

રૂપાળી આંખો તરફ ધસી રહેલા લાલચોળ, ધગધગતા સળિયા અધીશ્વરીને દેખાયા. વિચારમાત્રથી તે ખળભળી ઊઠી.

'ના, ના, એના કરતાં તો મોત સારું!'

'તો ભલે, મોત થઈ જાય. મહારાણીબા! આપ ખરેખર બુદ્ધિશાળી છો. વાત બહાર ન જાય અને બધું હેમખેમ રહે તે માટે આ એક જ ઉપાય છે.'

'અને પેલો પાદરી?' 'તે પણ એ જ માર્ગે.'

'પણ એ તો પાદરી છે. ચર્ચવાળા શું કહેશે?'

'લવારો કરતી તેઓની જીભ જ મૂંગી કરી દેશું. પછી ચર્ચવાળાઓને જે કરવું હોય તે કરે. બગલમાં ખંજર છુપાવી અહીં ઘૂસી આવેલો આ કાવતરાબાજ સાચું બોલે છે કે કેમ તે આપણને મહેલવાસીઓને કેમ ખબર પડે?'

થિઓડોરાની સમગ્ર કાયા ફરીથી ધ્રૂજી ઊઠી. પાસે પડેલી ગાદી પર તે ફસડાઈ પડી.

'એ વિષે હવે વાત જ ન ઉચ્ચારો. મનમાંથી બધા વિચારો હાંકી કાઢો.' વ્યંઢળે સલાહ આપી. 'આપે આ કામ મને સોંપ્યું છે - બસ, એટલું કહો. આટલું પણ બોલી ન શકો તો કેવળ માથું ધુણાવો અને આપના સંકેત પ્રમાણે બધું હું પાર પાડી દઈશ.'

એ ક્ષણે, થિઓડોરાનાં મનઃચક્ષુ સમક્ષ તમામ દુશ્મનોનું, તેના ઉદયની ઈર્ષા કરનારાઓનું એક દશ્ય ખડું થયું. એક ઊંડી ખાઈમાંથી બુક્ષાની જે દીકરીને ઉપર ઉઠાવવામાં આવી હતી તેને ફરીથી ખાઈમાં ધકેલાતી જોઈ, તિરસ્કાર અને અવગણના ધરાવતા તે સૌ હર્ષાવેશમાં આવી જઈ ચીસો પાડવા લાગશે.

રાણીનો ચહેરો સખત બન્યો. હોઠ નિશ્ચયપૂર્વક ભિડાયા. વિચારણાની વ્યથામાં નાજુક હાથની મૂઠીઓ વળી ગઈ.

'પતાવો!' તે બોલી.

મૃત્યુદૂત સમો વ્યંઢળ ભયંકર સ્મિત ફરકાવતો તરત ખંડમાંથી બહાર નીકળ્યો. મહારાણી નિસાસા નાખવા લાગી. ચહેરાને રેશમી તકિયામાં છુપાવી દીધો. ધ્રૂજતી અને ખેંચાતી આંગળીઓ પાગલ માફક તકિયાને વળગી પડી.

વ્યંઢળે એક પળ પણ ગુમાવી નહિ. તેને ખબર હતી કે આ કામ પાર પાડ્યું એટલે થિઓડોરાના આ રહસ્યનો તે એકમાત્ર જાણકાર બાકી રહેશે. અતિશય તોરી સ્વભાવની મહારાણી પર તે હવે કાબૂ જમાવી શકશે. બાકી રહેશે ચર્ચમાં વસતો પેલો પાદરી. તેનું ભાવિ તો ચપટી વગાડતાં ઘડાઈ જશે. પેલા બંને પ્રવાસીઓ જ્યાં ગયા હતા ત્યાં જઈને તેણે સેવકોને એક દુષ્ટ સંકેત કર્યો. ગુલામ સેવકો આ સંકેતનો અર્થ બરોબર સમજતા હતા. તત્ક્ષણ ગૂંગા, હબસી ગુલામોએ વૃદ્ધ પાદરી અને છોકરાને પકડ્યા અને એક સાંકડી ગલીમાં થઈને ધકેલવા લાગ્યા. મહેલના તળિયે આવેલા કોઈક પ્રદેશમાં તેઓને લઈ જવામાં આવતા હતા. માર્ગ પર સ્વાદિષ્ટ રસોઈની સુગંધ આવી રહી હતી. લાગતું હતું કે ક્યાંક નજીકમાં જ પાકઘર હોવું જોઈએ. બાજુના એક માર્ગે થઈ જાડા સળિયાવાળા એક દ્વાર પાસે તેઓ આવ્યા. બારણું ખોલ્યું તો નીચે જતી પથ્થરની એક સીડી દેખાઈ. દીવાલમાં ક્યાંક ક્યાંક મૂકેલા દીવા ઝાંખો પ્રકાશ રેલાવતા હતા. પહેલે પગથિયે કાળા પાષાણની મૂર્તિ સમો એક વાચાહીન રક્ષક ઊભો હતો. નીચેની ગુફામાં ગોખલાઓની હારમાળા હતી. પ્રત્યેક ગોખલામાં એવા જ પ્રકારના અન્ય રક્ષકો ચોકી કરી રહ્યા હતા. બંને અભાગી મુલાકાતીઓને પથ્થર જડેલી ભોંય પર થઈ ગલીઓમાંથી નિષ્ઠુરતાપૂર્વક ઘસડીને લઈ જવામાં આવ્યા. આગળ જતાં બીજી નિસરણી આવી. નિસરણી જમીનમાં ઊંડે સુધી જતી હતી. ગુફાની હવા ભેજવાળી હતી. ચોતરફ પાણી ટપકી રહ્યું હતું. લાગતું હતું કે તેઓ સમુદ્રની સપાટીથી પણ નીચે આવ્યા છે. સળિયાવાળી ઓરડીઓ પાસે થઈને તેઓ જેમ જેમ આગળ જવા લાગ્યા તેમ તેમ તેઓને બીમાર જનાવરો જેવા ઊંહકારા અને રુદનના અવાજ સંભળાવા લાગ્યા. અસંખ્ય દુર્ભાગી જનો આ ભેજવાળા અને ઝેરી હવામાનમાં જીવન ગાળી રહ્યા હશે તેનો ખ્યાલ આવ્યો.

છેક નીચે આવેલી નાળીને નાકે એક બારણું હતું. એક અંધારિયા ખંડમાં તે ખૂલતું હતું. ખંડમાં કોઈ કરતાં કોઈ ચીજવસ્તુ દેખાતી નહોતી. ખંડના મધ્યમાં મિજાગરાં જડેલું લાકડાનું વિશાળ ઢાંકણ હતું. ઢાંકણ નીચે પથ્થરની નાની પાળી હતી. ઊકેલી ન શકાય એવી લિપિમાં પાળી પર કશુંક લખ્યું હતું. લાગતું હતું કે આ બાંધકામ, જે એક કૂવો હતો, તે અતિશય પ્રાચીન હશે. કૂવાનું ઢાકણું બંધ હતું. મોતના તે કૂવાની સાંકળ ખોલી ઢાંકણ ઊંચકવા વ્યંઢળે ઇશારો કર્યો. ગભરાયેલો છોકરો ચીસ પાડી ઊઠ્યો અને પાદરીને વળગી પડ્યો. પાદરીનો ચહેરો પણ ધોળો પૂણી જેવો થઈ ગયો. ક્રૂર વ્યંઢળના હૃદયને પીગળાવવા તે કોશિશ કરવા લાગ્યો.

'આ નિર્દોષ બાળકને તમે રહેંસી નહિ જ નાખો!' તેણે ધ્રુજતા અવાજે કહ્યું, 'એણે શું કર્યું છે? તે અહીં આવ્યો એ શું તેનો ગુનો છે? હું એક જ - હું અને અમારા મઠના ડિકોન બારદાસ - અમે બે જણા જ દોષિત છીએ. તમારે સજા કરવી જ હોય તો અમને બેને કરો. અમે ઘરડા છીએ. આજે કે કાલે મરવું જ છે. આ બાળક નાની ઉંમરનો છે, કેવો રૂપાળો છે!

તના જીવનસફર તો લાંબી છે. ઓ નામવર! ઓ દયાળુ! એને ઈજા કરવા જેટલા ક્રૂર આપ નહિ જ બનો!'

ઘૂંટણભર પડી તેણે વ્યંઢળના પગ પકડી લીધા. કૂવાનું બારણું ખોલતા ગુલામોને છોકરો ફાટી આંખે તથા દયાજનક ધ્રુસકાં ભરતો જોઈ રહ્યો. પાદરીના કરુણ અનુનયનો એક માત્ર જવાબ વ્યંઢળ પાસે પડેલા પથ્થરને કૂવામાં ફેંકીને આપ્યો. પુરાણી, ભેજયુક્ત અને ફૂગવાળી દીવાલો સાથે અથડાતો પથ્થર બોદા અવાજ સાથે ખૂબ ઊંડે આવેલ પેટાળનાં પાણીમાં પડ્યો. વ્યંઢળે ફરીથી નિશાની કરી. કાળા ગુલામો છોકરા પર ત્રાટક્યા અને તેને પાદરીથી છૂટો કર્યો. છોકરાએ એવી તો તીણી ચીસ પાડી કે તે અવાજને કારણે શહેનશાહબાનુ ત્યાં આવી પહોંચી તે તરફ કોઈનું લક્ષ ગયું નહિ. મહારાણી એકદમ ધસી આવી અને છોકરાને વળગી પડી.

'એમ નહિ બને! નહિ જ બને!' તેણે ઊંચે અવાજે કહ્યું, 'નહિ, નહિ, મારા વહાલા! મારા લાડકા! તને કોઈ ઈજા નહિ કરે. મને આવો વિચાર આવ્યો એ મારું પાગલપણું છે - પાગલપણું અને અધમતા. મારા મીઠડા બેટા! તારી જ માતા તારો બલિ ચઢાવે એ કેવો દુષ્ટ વિચાર!'

વ્યંઢળે પોતાની યોજના નિષ્ફળ જતી જોઈ. નારીના તરંગોમાંથી નિપજતા પરિણામનો તેને અનુભવ થયો. તેનાં ભવાં સંકોચાયાં. 'મહારાણી, આપના દયાળું દિલને પીડા થતી હોય તો શા માટે આ બંનેને મારી નાખવા? છરી અને ધગધગતો સળિયો તેમને હંમેશને માટે પાંગળા બનાવી દેશે.'

થિઓડોરાએ વ્યંઢળના શબ્દો અણસાંભળ્યા કર્યા. 'મને ચુંબન કર, લિઓં!' તે બોલી, 'મારા અધર પર મારા પોતાના સંતાનના કોમળ હોઠ ભલે મુકાય. હજુ એક વાર! બસ, હવે નહિ, નહીંતર હજુ મારે જે કહેવું છે અને કરવું છે તે હું નહિ કરી શકું. દાદા, તમે મૃત્યુ સમીપ ઊભા છો. તમારી આદરણીય મુખમુદ્રા નિહાળી તમારા મુખમાંથી ક્યારેય જૂઠાણું બહાર પડતું હશે એમ હું કલ્પી શકતી નથી. આટલાં વર્ષો સુધી મારી આ હકીકત તમે ગુપ્ત રાખી જ છે, બરોબર ને?'

'મહાસમ્રાજ્ઞી, એમ જ છે. અમારા મઠના સર્વોચ્ચ દેવતા નિસેફોરસના કસમ ખાઈને હું કહું છું કે ડિકોન બારડાસ સિવાય બીજા કોઈને આ વાતની જાણ નથી.'

'તો હવે પછી પણ તમારા હોઠ ભલે સીવેલા રહે. ભૂતકાળમાં તમે વફાદાર રહ્યા છો તો ભવિષ્યમાં બકબક કરી રહસ્ય છતું કરશો તેમ ને લાગતું નથી. અને તું લિઓં', પોતાની સુંદર આંખો છોકરા પર માંડતાં કઠોરતા તથા કોમળતાના આશ્ચર્યભૂત મિશ્રણ સાથે તે બોલી, 'તારા પર ભરોસો રાખું ને? જાહેર કરવાથી તને ક્યારેય લાભ નહિ થાય. આ રહસ્ય તું ગુપ્ત રાખીશ? જો ગુપ્ત નહિ રાખી શકે તો તારી માતાનું પતન થશે. તેનો તમામ વૈભવ નષ્ટ થશે.'

'મારી માડી! હું તને જરા પણ નાહ દૂભવુ. ક્યારેય આ હકીકત હું જાહેર નહિ કરું એમ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.'

'તમારા બંને પર હું ભરોસો રાખું છું. તમારા મઠ માટે અને તમારી વ્યક્તિગત સુખસગવડ માટે એવી વ્યવસ્થા થશે કે મારે મહેલે તમે આવ્યા તે માટે જાતને નસીબદાર ગણશો. તમે હવે છૂટા છો. ફરીથી ક્યારેય પણ મારી નજરે ચઢશો નહિ. ચઢશો તો ત્યારે મારો મિજાજ ઠંડો હશે કે ગરમ, પણ મારી તેમજ તમારી પાયમાલી ત્યારે નિશ્ચિત હશે. અમસ્તુ પણ, જો મને લાગશે કે તમે વચન પાળ્યું નથી તો તમારા મઠના અને તમારા પાદરીઓના એવા તો બેહાલ થશે કે રાણીનો વિશ્વાસભંગ કરવાથી કેવા હાલ થાય છે તેનો પાઠ તમે ભણશો.'

'હું ક્યારેય વિશ્વાસભંગ નહિ કરું.' વૃદ્ધ પાદરીએ કહ્યું, 'ડિકોન બારડાસ પણ નહિ કરે, લિઓં પણ નહિ કરે. ત્રણેયની જવાબદારી મારી. પણ બીજા ઘણા છે - આ ગુલામો, આ રણવાસ-રક્ષક. એમ થાય તો બીજાઓના વાંકે અમારે સજા ભોગવવાનો સમય આવે.'

'એમ નહિ બને.' મહારાણી બોલી. તેની આંખોમાંથી તણખા ઝરતા હતા. 'આ ગુલામો બોલી શકતા નથી - ગૂંગા છે. જે રહસ્યની તેઓને જાણ છે તે બીજી કોઈ રીતે કોઈને કહી શકે તેમ નથી. હવે વાત રહી તારી, બાસિલ-' થોડા વખત પહેલાં લિઓં અને પાદરીના નિકાલ માટે વ્યંઢળે હાથ વડે જે સંકેત કર્યો હતો તે જ રીતે રાણીએ પોતાના ગૌરવર્ણા હાથથી સંકેત કર્યો. શિકાર પર શિયાળવાં તૂટી પડે તેમ ગુલામો વ્યંઢળ પર તૂટી પડ્યા.

'ઓ નામદાર રાણીબા, ઓ મહામૂલાં મહારાણી, આ શું? આ શું થઈ રહ્યું છે? મને પતીજ છે કે આપ એમ નહિ કરો!' કર્કશ, તરડાયેલા અવાજે વ્યંઢળ ઓચર્યો, 'મેં શો ગુનો કર્યો છે? શા માટે મારે મરવું પડે?'

'મારા જ પુત્રને શત્રુ તરીકે મારી સામે તેં રજૂ કર્યો. મારા દીકરાની હત્યા કરવા માટે મને પાનો ચઢાવ્યો. મારી અંગત ગુપ્ત વાતને મારી વિરુદ્ધ તારે વાપરવી હતી. પહેલેથી જ તારી આંખોમાં આ ઉદ્દેશ મને દેખાયો હતો. નિર્દય, ઘાતકી, ચંડાળ, અનેકોને તેં જે સજા કરી છે તેનો સ્વાદ હવે તું પણ ચાખી લે. તારો વિનાશ નક્કી છે. મેં આજ્ઞા કરી દીધી છે.'

વૃદ્ધ પાદરી અને કિશોર લિઓં ત્યાંથી એકદમ નાઠા. પાછળ નજર કરતાં મહારાણીની ટટ્ટાર, અણનમ અને કાંચનવર્ણાં વસ્ત્રો ધારણ કરેલી આકૃતિ દેખાઈ. પછવાડે કૂવાની નીલરંગી પાળી દેખાતી હતી. વ્યંઢળનું મુખ ખુલ્લું થઈ ગયું હતું. ગુલામો જેમ જેમ તેને કૂવા નજીક લઈ જતા હતા તેમ તેમ તે કરુણ સ્વરે રાણીને પ્રાર્થી રહ્યો હતો. કાન પર હથેળી દાબી લિઓં તથા પાદરી ત્યાંથી ભાગ્યા. એક તીવ્ર ચીસ તેઓએ સાંભળી, અને પછી અતિશય ઊંડા કૂવાને તળિયે એક ધબાકો સંભળાયો. □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૯

પ્રા. પ્રવીણ ન. શેઠ

ક્લીન્ટનની ભારતયાત્રા અને ભારતીય અમેરિકનો

આગાઉના લેખના તારણને સમર્થન આપતી ઘટના માર્ચ, ૨૦૦૦માં બની છે. ભારતીય અમેરિકનોને અમેરિકાનાં ટોચનાં સત્તાવર્તુળોમાં જે મહત્ત્વ અને માન્યતા મળ્યાં છે, તેનો સ્પષ્ટ ખ્યાલ પ્રમુખ ક્લીન્ટનની ભારતયાત્રા આપે છે.

ક્લીન્ટનની ભારતયાત્રાના ચાર દિવસ પહેલાં વ્હાઈટ હાઉસમાં અહીંના ૩૩ ભારતીયોને નિમંત્રણ અપાયું, તેમાં રમેશ કપુર, નરપત ભંડારી, બાબુભાઈ પટેલ, રાજેન આનંદ, ડૉ.સુધીર પરીખ, અયમ્મા ચંદ્રશેખર, સ્વદેશ ચેટરજી, સુભાષ રઝદાન વગેરે હતા. ભારતીય અમેરિકનોની કુટુંબદીઠ આવક અમેરિકાની ગોરા, યહૂદી, જપાનીઝ સહિત સૌ જાતિના અમેરિકનોમાં સૌથી વધુ (૬૦,૦૦૦ ડૉલરથી વિશેષ) છે. એકલી સિલીકોન વેલીમાં તેમની આવક ગયે વર્ષે ૬૦ બિલ્યન ડૉલર જેટલી થઈ હતી. ત્યાંના સફળ ઉદ્યોગપતિ અને નવી કંપનીઓમાં ધિરાણ કરનાર (વેન્ચર કેપિટાલિસ્ટ) એ.જે. પટેલે ભારતમાં ક્લીન્ટનની યાત્રા દરમિયાન કહ્યું તેમ ખુદ અમેરિકાના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)માં (૦.૫) અડધા ટકા જેટલી સંપત્તિ તો લગભગ દોઢ મિલ્યન ભારતીયોની છે! 'ટાઈમ', 'રેડીફ' ઈન્ટરનેટની યુ.એસ.પોર્ટલ (આવૃત્તિ) વગેરેએ એમના ખાસ હેવાલો-લેખોમાં આ સમયે એમની સિદ્ધિઓને અને અહીંના વિકાસમાં તેમની ઉપકારક ભૂમિકા વિશે મોકળા મનથી પ્રસિદ્ધિ આપી.

છેલ્લા થોડા સમયથી ભારતીયો આવી સંપન્ન સ્થિતિનો ઉપયોગ પોતાના સમાજ માટે રાજકીય સામર્થ્ય મેળવવામાં કરી રહ્યા છે. ડેમોક્રેટ અને રીપબ્લિકન પક્ષના પ્રમુખપદ, ગવર્નરપદ તેમજ કૉન્ગ્રેસના ઉમેદવારો માટે નોંધપાત્ર ફંડ ઊભું કરવામાં તેમજ ચૂંટણીઝુંબેશ માટેના અન્ય કાર્યક્રમો યોજવામાં તેઓ અગ્રસ્થાને રહ્યા છે.

વ્હાઈટ હાઉસમાં ઉદ્યોગપતિ નરપત ભંડારીએ ભારતને સલામતી સમિતિમાં કાયમી સભ્યપદ મળે, તેને ટેકો આપવા માટે અમેરિકન સત્તાધીશોને અનુરોધ કર્યો. એમણે, કપુરે અને ચેટરજીએ ભારતના અણુવિસ્ફોટને પગલે પ્રમુખે લાદેલાં નિયંત્રણોને દૂર કરવાનું સૂચન કર્યું. ઘણાએ ઉભય દેશો વચ્ચે ઉચ્ચ ટેક્નોલૉજિની હેરફેર વધે તેમજ ભારતને વિશ્વબેન્ક સહિતની સંસ્થાઓ દ્વારા અટકી ગયેલ લોન વગેરે પાછી મળતી થાય, તે માટે જણાવ્યું. આમ, પરોક્ષ રીતે તેમણે પ્રમુખની દિલ્હીયાત્રાના એજન્ડાને આકારવામાં ફાળો આપ્યો. આ દરમિયાન પ્રમુખીય નિવાસસ્થાન નજીક વિદેશનીતિવિષયક સલાહસૂચનો આપનાર એક 'થિન્ક ટેન્ક' ભારત-અમેરિકી સંબંધો બાબત ચર્ચા કરી રહી હતી, એ સૂચક છે. વ્હાઈટ હાઉસમાં પ્રમુખના રિક ઈન્દરફર્થ વગેરે સચિવ-સહાયકો સાથે પ્રમુખના નિમંત્રણથી આવેલા ભારતીયોએ જે ચર્ચા કરી, તે આપણા સમાજે જે અહીં રાજકીય વિકાસ સાધ્યો છે, તેનો દસ્તાવેજી પુરાવો બની રહ્યો. અમેરિકામાં રાજનૈતિક પ્રભાવ વધારવાનો સ્પષ્ટ સંકેત આપતાં ભારતીયો પણ આવા ભારતીયોને પ્રમુખ પોતાના દિલ્હી જનાર કાફલામાં લઈ જશે કે કેમ, એ અંગે અહીંના પત્રકારોમાં શંકા પ્રવર્તતી હતી. આની પાછળ એવા તર્કવિતર્ક આગળ કરાયા કે પ્રમુખ પાકિસ્તાન પણ જવાના હોવાથી તેમની સાથે ભારતીયો પણ હોય તો ખતરો ઊભો થાય. વળી, ભારતીય અમેરિકન અગ્રણીઓમાંથી અમુકને લઈ જાય તો બીજા નારાજ થાય!

પણ આખરે પ્રમુખ સાથેના કાફલામાં તેમને સામેલ કરવાનુ નક્કી થયું જ. આવી રીતે પોતપોતાના દેશના વડા કે રાજ્યકર્તા સાથે આમ સત્તાવાર રીતે સામેલ થઈને વિશ્વમાંથી ભારત આવનાર આવો પહેલો એનઆરઆઈ-સમૂહ હતો. તેમાં બીજા કેટલાક મોટાને યુ.એસ.ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલે નિમંત્રણ આપ્યું હતું. બીજો ભાગના પ્રમુખના સત્તાવાર કાફલામાં સામેલ થયેલા હતા. કેટલાક પોતાની રીતે પ્રમુખયાત્રાની સાથે રહેવા પોતાને ખર્ચે ગયા હતા. ભારત ગયેલ કુલ સોએક ભારતીયોમાં ત્રણ પ્રકારના ભારતીયો હતા. એક, ડેમોક્રેટ કે રીપબ્લિકન પક્ષના વગદાર નેતાઓને ચૂંટણીફંડ અને બીજી સહાય કરનાર ડેમોક્રેટ કપુર અને રીપબ્લિકન ચેટરજી જેવા ગતિશીલ અગ્રણીઓ. બીજા, 'ફ્રેન્ડઝ ઑવ્ બીજેપી' ભારતીય જનતા પક્ષના અહીંના ક્રિયાશીલ ટેકેદારો જેવા કે ડૉ.મુકુન્દ મોદી. ત્રીજા અહીંના ઈન્ફો-ટેક ક્ષેત્રના માન્ય અગ્રણીઓ; દા.ત. સુહાસ પાટિલ, કંવલ રેખી જેવા ઉદ્યોગસાહસિકો અને વેન્ચર કેપિટાલિસ્ટ. ડૉ.સુધીર પરીખ જેવા અગ્રિમ અને પ્રતિષ્ઠિત ડૉક્ટરો પણ આવા વ્યવસાયી-જૂથમાં હતા. તો નરપત ભંડારી જેવા યુવાન ટેકી (techie) ઉદ્યોગપતિ ઉપરાંત કેલિફોર્નિઆમાં રાજકીય રીતે પણ પ્રવૃત્ત છે. પહેલું જૂથ એ અમેરિકાના રાજકારણમાં સક્રિય છે, તો બીજા જૂથને ભારતના રાજકારણમાં અને ભાજપને મજબૂત કરવામાં વિશેષ રસ છે. જ્યારે પાટિલ-રેખી-એ.જે. પટેલ જેવા સિલીકોન વેલીમાં 'ધી ઈન્ડસ એન્ટરપ્રાઈઝ' કે 'ટાઈ' નામની બિનરાજકીય ટેકનો-વ્યવસાયી સંસ્થાના અગ્રણી છે.

પ્રમુખ ક્લીન્ટન અને વડાપ્રધાન વાજપેયી ઉભય રાજકર્તાઓએ એક કરતાં વધારે વાર પોતાનાં જાહેર વિધાનોમાં ભારતીય અમેરિકનોની સિદ્ધિનો ઉલ્લેખ કર્યો. ક્લીન્ટને અમેરિકાના વિકાસમાં તેઓ વિધાયક ભૂમિકા ભજવે છે, તેનો સ્વીકાર કર્યો. આ ભારતીયો આ રીતે હાજર રહેવા માટે આનંદનો જે ઉદ્રેકભાવ અનુભવતા હતા, તે સ્વાભાવિક રીતે જ જોઈ શકાય, તેમ હતું. બેથિસ્ડાના ડૉ.શંભુ બનીકે આ ભાવને વાચા આપતાં કહ્યું : 'આ

એક ઐતિહાસિક અવસર છે. આ પ્રસંગ ભારતીય અમેરિકનોનો જે રાજકીય પ્રભાવ છે તે બતાવે છે. અમે તેથી ખૂબ ખુશ છીએ. 'વૉશિંગ્ટન-દિલ્હીના લાંબા પ્રવાસ પછી પ્રમુખ થોડા થાકેલા જણાતા હતા. પણ ત્યારે મૌર્ય શેરેટોન હોટેલમાં પોતાના આવકારમિલનમાં તેઓએ બધા ભારતીય અમેરિકનોને મળીને હસ્તધનૂન કર્યું. પ્રમુખે તેઓ સૌ આમ દિલ્હી આવ્યા, તેથી આભાર પણ વ્યક્ત કર્યો. અમેરિકન એલચી રિચર્ડ સેલેસ્ટેએ ભારતીય અમેરિકનોના માનમાં ખાસ સત્કારમિલન પણ યોજ્યું.

ન્યૂ યૉર્કની વેસ્ટર્નક્વીન્સ કૉમ્યૂનિટી હૉસ્પિટલના ડિપાર્ટમેન્ટ ઑવ્ મેડિસીનના નિયામક ડૉ.ભૂપેન્દ્ર પટેલે સુરેખ વિધાન કર્યું : 'આપણો સમાજ ભારતના એલચી જેવી ભૂમિકા ભજવે છે. ભારતીયોએ અમેરિકામાં જે પ્રદાન કર્યું છે, તેને કારણે તેઓ અમેરિકાના સૌથી વગદાર જાતિસમૂહોમાંના એક બની શક્યા છે.' ડૉ.પટેલ ન્યૂ યૉર્કમાંથી સેનેટની ચૂંટણીમાં ઊભા રહેલા હિલેરીક્લીન્ટન માટે ચૂંટણી ફંડ ભેગું કરી રહ્યા છે. લૉંગ આયરલેન્ડના એમના નિવાસમાં તેઓએ આવો એક કાર્યક્રમ પણ યોજ્યો છે. ડૉ.પટેલે સ્પષ્ટ કહ્યું : 'આખરે તો આપણે એ નક્કી કરવાનું છે કે આપણને શું જોઈએ છે? અને આપણા સમાજની જરૂરિયાતને પોષવા આપણને કોણ સૌથી વધુ ટેકો આપી શકે તેવા છે? તે પ્રમાણે ભારતીયોએ બધે બંને પક્ષોના ઉમેદવારોને ટેકો આપ્યો છે અને ચૂંટણીફંડ ભેગું કર્યું છે.' ડૉ.બનીકે અહીં પોતપોતાના કૉંગ્રેસમેન સાથે તેઓ ભારતીયોના હિત બાબત સંપર્કમાં રહે છે, તે બતાવ્યું.

બધામાંથી પટેલ, બનીક, મુકુન્દ મોદી વગેરે ૨૫ ભારતીય અમેરિકનોને ૨૦મી માર્ચે વડાપ્રધાન વાજપેયીએ હોળી રમવા પોતાના નિવાસસ્થાને નિમંત્ર્યા હતા. આ નિમિત્તે રાજસ્થાની મંડળીના સાંસ્કૃતિક કાર્યક્રમની સાથોસાથ તેઓ વાજપેયી, સોનિયા ગાંધી અને બીજા નેતાઓ સાથે મુખોમુખ વાતચીત પણ કરી શક્યા. ન્યૂ યૉર્કમાં ક્લીન્ટન દંપતી જેની વાનગીઓના ચાહક છે તે બૉમ્બે પૅલેસ રેસ્તુરાંના માલિક સત ચટવાલના નિરીક્ષણ અનુસાર આ બધાને કારણે આપણો દેશ સારા પ્રકાશમાં આવ્યો છે અને ભારતીયોને પ્રોત્સાહન મળ્યું છે. ડૉ.મુકુન્દ મોદીએ પણ પ્રમુખયાત્રાને ઘણી મહત્ત્વની ગણાવતાં ઉમેર્યું કે, 'અમે અહીં બંને દેશો એકમેકની નજીક આવે, તે પ્રક્રિયાને બળ આપવા આવ્યા છીએ.' ભારતીય ઉદ્યોગ- સાહસિકતાના 'સ્પિરિટ' ટિકલ્સ અને બાયોટેક્નોલૉજિ ક્ષેત્રમાં ભારત પાસે જે ક્ષમતા કે બૌદ્ધિક સંપદા છે, તેના પર ભાર મૂકીને ભારતના ઉદ્યોગસાહસિકોનું યોગ્ય રીતે જ ધ્યાન ખેંચ્યું. બધા ભારતીય મુલાકાતીઓએ ભારતમાં રાજ્યના આર્થિક સુધારાની નીતિની કદર કરી. સાથોસાથ એમાં જે વહીવટી ગતિરોધ હજુ રહ્યા છે, તે દૂર કરવા પર ભાર મૂક્યો અને ઊર્જા, બાંધકામ, ટેલિ-કૉમ્યૂનિકેશન્સ, રસ્તા, માર્ગવ્યવહાર, વગેરે નબળા આંતર-માળખાકીય સાધનતંત્રને સુલભ કરવા વ્યાપારઉદ્યોગ ક્ષેત્રમાંથી સરકાર પોતાનો હાથ ઉઠાવી લે, તેવી ટકોર કરી.

આવા મોટા સમૂહમાં વડાપ્રધાને એક સાંધ્યભોજનમાં માત્ર પચીસેક ભારતીયોને નિમંત્રણ આપ્યું. તેથી આ તો ભાજપ-તરફીઓને 'ફેવર' કરવામાં આવી છે, તેવું મનદુઃખ પણ બાકીનાને થયું. તેની કેટલાંક અખબારોએ નોંધ પણ લીધી. ભારતીય સમાજ માટે લાક્ષણિક એવા અહમ્-અહમિકા અને જૂથ કે વાડા પાછા દેખાવા માંડશે કે શું, તેવું પણ કોઈકને થાય. પણ નવી દિલ્હીના રાજકીય માહોલમાં, હૈદરાબાદના ઈન્ફો-ટેક મુદ્દા બાબત અને મુંબઈના નાણાકીય-વ્યાપાર બાબતના મુશ્વરા-મંત્રણા બાબત બધા ભારતીય અમેરિકનો એકસાથે રહ્યા ને વર્ત્યા. તેમણે ભારતના હિતમાં, તથા પોતાની માતૃભૂમિ તેમજ અપનાવેલ કર્મભૂમિ નજીક આવે તે માટે ઊર્જા અને ઊજણની પોષક ભૂમિકા ભજવી. અહીંના ભારતીયોએ આમ ગજબનું ગજું કાઢવા માંડ્યું છે. અમેરિકામાં પાછા આવતાં તેઓ ક્લીન્ટનયાત્રાની સમીક્ષા કરીને, આ ક્ષેત્રમાં આગળ ફૉલો-અપ કરશે તેવી અપેક્ષા.

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ સહકુટુંબ સોમનાથની પ્રતિષ્ઠા કરીને દ્વારકા પધાર્યા હતા. મંદિરદર્શન પછી તેમણે દ્વારકા મ્યુનિસિપાલિટી (ત્યારે 'બ' વર્ગ સુધરાઈ - વડોદરા રાજ્યનિર્મિત)ના સભાસદો પાસેથી માનપત્ર સ્વીકારવાનું હતું. સમયનું 'શેડ્યૂલ ટાઈટ' હતું. મંદિરને સ્વર્ગદ્વારે તેમણે છપ્પન સીડી ઉપરથી ગોમતી- દર્શન કર્યા - સમય સવારે અગિયાર વાગ્યાનો હતો. ત્યાં તેમનાં માતાએ ગોમતીસ્નાનની ઇચ્છા દર્શાવી. તેમના નિયત કાર્યક્રમમાં તે નહોતું. સાથે રહેલ દ્વારકાના મ્યુ. પ્રમુખ ડૉ. જયંતીલાલને કહે : તમે માનપત્ર લઈને સભ્યો સાથે ગોમતી- તીરે આવી શકો તો હું મારી માતાની ઇચ્છા પૂરી કરી શકું. ત્યાં આપનું માનપત્ર સ્વીકારું એવી વિનંતી કરું છું. મારી માતાની આજ્ઞા હું ઉવેખી શકું તેમ નથી.' સાથે આવેલ ડૉ. જીવરાજ મહેતા મૂંઝાયા. મ્યુ. પ્રમુખે તેમની વાત સ્વીકારી - છપ્પન સીડી તેઓ માતાને લઈને ઊતર્યા. માતા થોડાં ઠીંગણાં અને ઉંમરમાં લગભગ સો વર્ષ નજીક હતાં. તેમણે માતાને બે હાથે તેડી જ લીધાં. ગોમતીમાં તો તેમને લગભગ ઝબોળી દીધાં, અને પોતાનો કોટ ઉતારી તેમને ઢબૂરી દીધાં. માતાની ઇચ્છા મુજબ સંકલ્પ કરી દાન કર્યાં. ત્યાં જ માનપત્ર સ્વીકાર્યું. દરમિયાન મોટરોનો કાફલો ત્યાં આવી ગયો. લોકોની માફી માગી તેઓએ વિદાય લીધી. કાળજીપૂર્વક માતાને 'કાર'માં બેસાડ્યાં. તેમની માતૃભક્તિને અમે વંદી રહ્યા. જતાં જતાં કહે, ઈશ્વરે માનવસર્જન માટે માતાને યશ આપ્યો છે. પણ સંતાનોને તે પોતાનું નામ આપતી નથી. તેમના પિતાનું નામ તેની સાથે જોડી પોતે તો નમ્ર જ. એટલે જ શાસ્ત્રોએ માતાને પ્રથમ વંદન કર્યાં છે.

એક અદ્ભુત લેસર ટેક્નોલૉજિ

પ્રા. સુરેશ ર. શાહ

જુલાઈ, ૧૯૬૦માં પ્રથમ લેસરયંત્ર મેઈમેને કાર્યરત કર્યું તેના થોડાક જ માસમાં બેલ લૅબોરેટરીનાં વિજ્ઞાની અલીજવાન અને તેના કાર્યકરોએ He-Ne ગૅસ લેસરયંત્રને કાર્યરત કર્યું. આ જ લેબોરેટરીના વિજ્ઞાની આર્થર શૉલ (Schawlow)ને ૧૯૮૧માં લેસર સ્પેટ્રોસ્કોપીના ઉત્તમ સંશોધનકાર્ય માટે નોબેલ પારિતોષિકમાં ભાગીદાર બનાવાયા હતા. આ પહેલાં તેમના જ એક સાથી ચાર્લ્સ ટાઉનને એમોનિયા મેસર માટે ૧૯૬૪માં નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું. આ જ જૂથે ૧૯૮૭માં AT&Tના નામ હેઠળ તેમનું સંશોધનકાર્ય આગળ ધપાવ્યું હતું. તેમણે ધ્વનિ વીડિઓ અને સંદેશાવ્યવહારના ડેટા (જાણકારી)નું પ્રકાશીય તરંગો ઉપર પ્રસારણ કરાવવા માટેનું વિશ્વનું સૌપ્રથમ મથક શિકાગો - અમેરિકા ખાતે ઊભું કર્યું હતું. ઈ.સ. ૧૯૮૮માં આ જ કંપનીએ ૬૦ કરોડ ડૉલરના ખર્ચે લગભગ પાંચ હજાર માઈલ એટલે કે આઠ હજાર કિલોમીટર લાંબો પ્રકાશીય તંતુનો કેબલ પ્રશાંત મહાસાગરના તળિયે સંદેશાવ્યવહાર માટે ગોઠવ્યો હતો. પરિણામ સ્વરૂપે સંદેશાવ્યવહાર અને બીજી જાણકારીઓની આપલે અત્યંત ઝડપી બની હતી.

સંચારવ્યવસ્થામાં લેસર

આ પછી તો આવા કેબલો હવાઈ ટાપુઓ અને કેલિફોર્નિઆ વચ્ચે પણ નંખાયા. જપાનની એક મોટી સંચારવ્યવસ્થા કંપનીએ પણ જપાનની આસપાસના વિસ્તારોને આવી રીતે સમદ્વીય ફાઈબર કેબલો મારફતે જોડીને ત્યાંની સંચારવ્યવસ્થા પણ ઝડપી બનાવી. આવી રચનામાં બે ફાઈબર કેબલો ગોઠવાય છે. અને તેમાંથી ૧થી ૩ માઈક્રોમીટર તરંગલંબાઈનાં લેસરકિરણો મારફતે પ્રતિ સેકન્ડે ૨૯.૬ કરોડ સંકેતો મોકલાવાય છે. હવે તો વિશ્વની પાંચ મહાકાય સંદેશાવ્યવહાર કંપનીઓએ સાથે મળીને સમગ્ર વિશ્વને આવી રીતે જોડી દીધું છે. અને એ રીતે વિશ્વને ઝડપી સંદેશાવ્યવહાર સેવાઓ પૂરી પડાય છે.

કેબલની આવી પ્રત્યેક જોડી મારફતે ૨૪૦૦૦ ટેલિફોનો એકસાથે વાતચીત કરી શકે છે. આવી વ્યવસ્થામાં બીજાં પણ કેટલાંક ફાયદા-સુવિધાઓ રહેલાં છે. જૂની વ્યવસ્થામાં સમુદ્ર-તળિયે તાંબાના તારનાં દોરડાંઓ ગોઠવાયાં હતાં. તે દ્વારા મોકલાતા ઈલેક્ટ્રોનિક સંદેશાઓને થોડા થોડા અંતરે તેમના સંકેતોનું વિવર્ધન કરવું અત્યંત જરૂરી હતું. હવે આ નવી વ્યવસ્થામાં આવું વિવર્ધન કરવાનું અંતર ખૂબ લાંબું થઈ ગયું છે. વળી, તાંબાના કેબલ અધિક વજનદાર અને અધિક ખર્ચાળ હતા. હવે તો આવા ફાઈબર કેબલોમાં સંકેતોનું ૧૭૬૦ કિલોમીટર અંતરે વિવર્ધન કરવું પડે છે; અને બે અબજ જેટલા સંકેતો પ્રતિ સેકન્ડે મોકલાય છે.

સી.ડી. - કૉમ્પેક્ટ ડિસ્ક - તરીકે જાણીતી ટેક્નોલૉજિમાં લેસર અગત્યનો ભાગ ભજવે છે. ૧૯૮૩માં તેની શરૂઆત થઈ ત્યારથી ઑડિઓ કૉમ્પેક્ટ ડિસ્ક પ્લેયર અને સી.ડી.નો ઉપયોગ દુનિયાભરમાં વધતો ગયો છે. તેનું વેચાણ વર્ષે એક અબજ ડૉલરનું થાય છે. ભારતમાં પણ હવે ઝડપથી સી.ડી.નું વેચાણ વધતું જાય છે.

પહેલાંની ગ્રામોફોન રેકૉર્ડની માફક સી.ડી.માં ત· એલ્યુમિનિઅમની સપાટી ઉપર લેસરકિરણોની સહાયથી વર્તુળાકાર અતિસૂક્ષ્મ ખાડાઓ કરોડોની સંખ્યામાં પાડવામાં આવે છે. આ અતિસૂક્ષ્મ ખાડાઓમાં સંગીતને ડિજિટલ સ્વરૂપે રેકૉર્ડ કરવામાં આવે છે. જ્યારે તેને વગાડવામાં આવે છે ત્યારે ગોળ ગોળ પરિભ્રમણ કરતી આ સી.ડી. ઉપર લેસરકિરણોની મદદથી સંગીત પુનઃ સંભળાય છે. આવી વેળાએ સી.ડી. ઉપરના ખાડાઓમાં સંગ્રહાયેલી સંગીતની જાણકારી કમ્પ્યૂટર ચિપ્સ મારફતે ધ્વનિમાં રૂપાંતર પામે છે. આવી ડિસ્ક કેવળ મધુર સંગીત પીરસે છે એટલું જ નહીં, પણ તેમાં અનેકગણી જાણકારી સંગ્રહી શકાય છે. તેની સંગ્રહ-શક્તિ ઘણી છે. હવે તો અધિક તીવ્રતાવાળા લેસરને વિકસાવાયાં છે કે જેની મદદથી આવી 'સીડી' ઉપરની જાણકારીને વાંચવા લાયક બનાવી શકાય છે.

લેસર પ્રિન્ટર્સ

બિલ હ્યુલેટ અને ડેવ પેકાર્ડ દ્વારા ઈ.સ. ૧૯૩૯માં માત્ર ૫૮૩ ડૉલરની અલ્પ મૂડીથી કેલિફોર્નિઆમાં એક નાની જગ્યામાં હ્યુલેટ-પેકાર્ડ કંપની સ્થાપવામાં આવી હતી. ત્યાર પછી આ કંપનીએ એટલો તો ઝડપી વિકાસ સાધ્યો છે કે તે આજે અમેરિકાના પ્રથમ સો મોટા ઉદ્યોગોમાં પોતાનું સ્થાન ધરાવે છે. હાલમાં તે દસ હજારથી અધિક વિવિધ વસ્તુઓ બનાવે છે. તેની વાર્ષિક આવક આઠ અબજ ડૉલરથી પણ વધુ છે. પણ લેસર જેટ પ્રિન્ટર્સમાં તેનું સ્થાન વિશ્વભરમાં મોખરાનું ગણાય છે. આજથી પંદર વર્ષ પહેલાં લેસર પ્રિન્ટર્સ લગભગ એક લાખ ડૉલરમાં બજારમાં વેચાતું હતું. આજે આ કંપનીએ ડેસ્કટૉપ લેસર જેટ પ્રિન્ટર્સ બનાવીને બજારમાં મૂક્યાં છે. અને તેની કિંમત પાંચ હજાર ડૉલર જેટલી રાખી છે. બજારમાં અત્યારે તે ધૂમ ખપતું ઉત્પાદન ગણાય છે. 'પીસી' તરીકે ઓળખાતા પર્સનલ કમ્પ્યૂટર સાથે પણ આવું લેસર પ્રિન્ટર જોડી શકાય છે. અને એ રીતે મેળવેલી જાણકારી છાપીને યોગ્ય સ્થાને મોકલી શકાય છે.

આવા લેસર પ્રિન્ટરમાં અંદર એક ફોટોસંવેદી નળાકાર હોય છે. તેના ઉપર જે માહિતી કે જાણકારી તમે કમ્પ્યૂટર

મારફતે આપો તે તમો ઇચ્છો ત્યારે છપાઈ જાય છે. આવા નળાકાર ઉપર પ્રત્યેક લાઈનમાં ૩૦૦ ટપકાં સમાય છે. આવી ત્રીસ લાઈનો આ નળાકારમાં સમાઈ જાય છે. નળાકાર ભ્રમણ કરે તેમ તેની ઉપર લખાણ અને આકૃતિઓ છપાતી જાય છે. આની ખૂબી એ છે કે તે અત્યંત ઝડપી છે. પ્રતિ મિનિટે તે આપણને આઠ પાનાં છાપી આપે છે. બજારમાં આજે આવાં લેસર પ્રિન્ટર્સનો ઉપાડ અધિક છે. તે પ્રમાણમાં સસ્તાં, વાપરવામાં સરળ અને ઝડપી છે. આ ઉપરાંત લેસરનો ઉપયોગ ફોટો કૉપિઅરમાં પણ થાય છે. લેસરને પરિણામે જ આવું ફોટો કૉપિઅર આટલું સરળ અને ઝડપી બન્યું છે.

ઉત્પાદનક્ષેત્રે લેસર

લેસર પ્રકાશના કેટલાક અનન્ય વિશિષ્ટ ગુણધર્મો જેવા કે એકરંગીપણું, સસંબદ્ધતા, અત્યંત તીવ્ર પ્રકાશકિરણ ઇત્યાદિને લીધે લેસર ઉત્પાદનક્ષેત્રે તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે અતિ ઉપયોગી થઈ પડ્યું છે. ઉત્પાદનક્ષેત્રે તેનો ઉપયોગ સ્વયંસંચાલન, ઉત્પાદનમાં એકસૂત્રતા જળવાઈ રહે તેવું સતત મોનિટરિંગ-દેખભાળ - અને ઝડપ આવી ગયાં છે. આના પરિણામે ઉત્પાદનમાં સમૃદ્ધિ આવી છે. ઉત્પાદનખર્ચ ઘટ્યો છે. અને ઉત્પાદનની ગુણવત્તા સુધરી છે. ઉત્પાદનમાં વપરાતા માલસામાન અને યંત્રનાં પૂર્જાઓના ખર્ચમાં કાપ આવ્યો છે. આને લીધે જ કેટલાંયે ઉત્પાદનગૃહોમાં અને કારખાનાંઓમાં લેસર એક અતિ ઉપયોગી ઉપકરણ બની ચૂક્યું છે.

લેસરથી ડ્રિલિંગ એટલે કે છિદ્ર પાડવાનું, કટિંગ એટલે કે કાપવાનું ઉપરાંત માર્કિંગ - નિશાનીઓ પાડવાનું, વેલ્ડિંગ જોડવાનું તેમજ મિશ્ર ધાતુઓને પિગળાવીને અમુક પૂર્જાઓ ઉપર ખાસ મિશ્ર ધાતુઓનું પાતળું સ્તર લગાડવાનું એટલે કે ક્લેડિંગ - cladding - કરવાનું સરળ અને ચોકસાઈપૂર્વકનું બન્યું છે. છેલ્લા બે દાયકાથી કારખાનાંઓમાં લેસરનો ઉપયોગ વધતો ચાલ્યો છે. હવે તો નાનાં અને ઓછાં ખર્ચાળ લેસરયંત્રો બનવા લાગ્યાં છે. આમ, આવાં લેસરયંત્રો હવે આર્થિક રીતે પોષણક્ષમ, વધુ ચોકસાઈપૂર્વક અને વધુ ઝડપી કાર્ય કરતાં તેમજ ખર્ચ ઘટાડતાં જણાય છે.

મોટરગાડીઓમાં સ્ટીલનાં બારણાંઓથી માંડીને એરોપ્લેનના ટિટેનિઅમનાં બનેલાં વિવિધ સખત ઘટકો ઉપર કટિંગ તેમજ ડ્રિલિંગ પ્રક્રિયાઓ કરી શકાય છે. એક ઈંચ એટલે કે ૨૫ મિલિમીટર જાડાઈના પતરાને આવાં લેસરથી ચોકસાઈપૂર્વક સરળતાથી અને ઝડપથી કાપી શકાય છે. આ ઉપરાંત પ્લાસ્ટિક તેમજ બીજા કાર્બનિક પદાર્થો જેવાં કે ચામડું, લાકડું અને કાગળ જેવી વસ્તુઓમાં છિદ્ર પાડી શકાય છે, કાપી શકાય છે અને જોડી પણ શકાય છે.

હવે તો લેસરયંત્રો બનાવતી કેટલીક કંપનીઓ ગ્રાહકને જરૂર પ્રમાણેનાં લેસરયંત્રો બનાવી આપે છે તથા બહુઉદેશીય લેસરયંત્રો પણ બનાવે છે. એક બાબત નિશ્ચિત છે કે લેસરનો ઉપયોગ હજુ અનેકગણો વધતો જશે અને તેથી તેનું ઉત્પાદન પણ વધશે. આની સાથે સાથે લેસર અંગેની જાણકારી ધરાવતા નિષ્ણાતોની જરૂરિયાત પણ વધતી જશે અને તેમના માટે નવી નવી નોકરીઓનાં દ્વાર પણ ખૂલતાં જશે

સંરક્ષણ સેવાઓમાં અને અંતરીક્ષ-ક્ષેત્રે લેસર

સંરક્ષણ સેવાઓ અને અંતરીક્ષ-ક્ષેત્રે ઉપયોગી ઉપકરણોમાં પણ લેસરનો ઉપયોગ હવે મોટા પાયે કરવામાં આવે છે. લેસરની શોધ થઈ લગભગ ત્યારથી જ - ૧૯૬૫થી - અમેરિકાની સંરક્ષણ સેવાઓમાં લાંબા અંતરોને ચોકસાઈપૂર્વક માપવા માટે લેસરના ઉપયોગથી રેન્જ ફાઈન્ડર વિકસાવાયાં. હતાં. નવાં તૈયાર થતાં લશ્કરી વિમાનો, બૉમ્બરો અને રણગાડીઓ-ટૅંકો ઉપર લેસર રેન્જ ફાઈન્ડર બેસાડવામાં આવે છે. આવાં લેસરયંત્રોમાંથી માનવીની દૃષ્ટિ માટે અદૃશ્ય એવા લેસર-ઝબકારા મોકલાય છે, જે નિશાન એટલે કે લક્ષ્ય-ટાર્ગેટ - સાથે અફળાઈને પાછા આવે છે. તથા લક્ષ્ય ક્યાં છે, કેટલે દૂર છે ઇત્યાદિની વિસ્તૃત માહિતી પૂરી પાડે છે.

વિએટનામ યુદ્ધ વેળાએ હવાઈદળના પાઇલોટોએ લેસર દ્વારા માર્ગદર્શક બૉમ્બને લક્ષ્ય ઉપર છોડ્યા હતા અને એ રીતે તેની મારફતે દુશ્મનનાં મથકો અને યુદ્ધસામગ્રીઓનો સફળતાપૂર્વક નાશ કર્યો હતો. ૧૯૭૩ની મધ્યપૂર્વની સશસ્ત્ર અથડામણવેળાએ ઇઝરાયેલી વિમાનોએ પણ લગભગ આવું જ કર્યું હતું. 'સ્માર્ટ' બૉમ્બ તરીકે ઓળખાયેલા આ લેસર માર્ગદર્શક બૉમ્બ અને પ્રક્ષેપાસ્ત્રોએ લક્ષ્ય ઉપર સચોટ મારો કર્યો હતો. આવી વેળાએ ઇન્ફ્રારેડ લેસરના અદૃશ્ય પ્રકાશથી નિશાનને અજવાળીને બનાવાયાં હતાં.આવા 'સ્માર્ટ' બૉમ્બના સફળ ઉપયોગથી લેસરની યુદ્ધક્ષેત્રે ઉપયોગિતા સાબિત થઈ ચૂકી છે. યુદ્ધમાં દુશ્મનોની વિમાનવિરોધી અને ટૅંક પ્રતિરોધક મિસાઈલોનાં મોં બંધ કરી દેવા રાસાયણિક લેસરોના ઉપયોગની સફળ કસોટીઓ થઈ ચૂકી છે.

ઈ.સ. ૧૯૮૩માં અમેરિકન લશ્કરે 'સ્ટાર વૉર' નામનો લેસર આધારિત કાર્યક્રમ તૈયાર કર્યો હતો. આનો મહત્ત્વનો હેતુ દુશ્મન લશ્કરના બેલાસ્ટિક મિસાઈલના શક્ય હુમલા સામે સંરક્ષણાત્મક વ્યવસ્થા ઊભી કરવાનો હતો. આ ઉપરાંત અણુબૉમ્બવાહક મિસાઈલને લેસરકિરણો વડે માર્ગમાં જ રોકીને તેનો વિનાશ કરી શકાય. જો કે લોકોને લેસરકિરણોનો આવો વિનાશક ઉપયોગ પસંદ નહોતો. પણ તે વખતના અમેરિકન પ્રમુખ રેગન આવા કાર્યક્રમના પ્રખર હિમાયતી હતા. ૧૯૮૭માં અમેરિકા માટે આવો કાર્યક્રમ જરૂરી છે કે કેમ તે અંગે એક જબરો વિવાદ જાગ્યો. અમેરિકાના ખ્યાતનામ વિજ્ઞાનલેખક, જાણીતા ખગોળશાસ્ત્રી અને કાર્નોલ યુનિવર્સિટીની વેધશાળાના નિયામક ડૉ.કાર્લ સાગને લોકોના આ અણગમાને વાચા

લઘુકથા

નીલકંઠ

પી.જી. કડીવાર

અજંપાભરી અવસ્થામાં રાત પસાર થઈ હોવા છતાંય, ટેવંવશ નીલકંઠરાયની આંખો પરોઢના પાંચ વાગ્યે ખૂલી ગઈ. ભગવદ્સ્મરણ કરતા એમણે પથારીનો ત્યાગ કર્યો. અને પુત્ર-પુત્રવધૂની ઊંઘમાં ખલેલ ના પહોંચે એમ, સાવધાનીપૂર્વક નહાવાનું પાણી ગરમ કરવા મૂક્યું, અને દાંત સાફ કરવા એ બાથરૂમ તરફ વળ્યા.

પણ પ્લાસ્ટિકના ખોખામાં ખાલી હાથ ફરતાં એ હતાશ થઈ ગયા. આ ખોખામાં દંતમંજનની ડબી અને બે ઊલિયાં - એક એમનાં પત્ની ગીતાબહેનનું - કાયમ માટે રહેતાં. એમણે બાજુના પુત્ર-પુત્રવધૂના ખોખામાં જોયું તો એમાં પણ એમનું કંઈ જ નહોતું.

હતાશા અનુભવતા એમણે ખાલી કોગળા કરી, એ સ્નાન કરવા બેસી ગયા. સ્નાન કરતાં કરતાં ગંગા...જમના.... ગોદાવરીના ઉષ્માભર્યા ઉચ્ચારણોમાં આજે વિષાદ ભળ્યો.

સ્નાન કરી બહાર આવતાં જ એમના પગ ખચકાઈ ગયા. પંદરેક દિવસ પહેલાંનો કોઈ દિવસ હોત તો, એમનાં પત્ની ગીતાબહેન છાબમાં ગુલાબનાં ફૂલો લઈને ઊભાં હોત. સ્મિતભર્યા વદને જયશ્રીકૃષ્ણ બોલી, એ ફૂલછાબ લઈ પૂજામાં બેસતાં.

આજે એ ગુલાબનાં ફૂલો વગર જ ભગવાન સામે પૂજા કરવાના બદલે જાણે ફરિયાદ કરવા બેઠા - 'અરે, નઠારા! આમ ફટાક કરતાં બારણાં બંધ કરી દેતાં હોઈએ એમ કોઈનાં હૃદય થોડાં બંધ કરી દેવાતાં હશે? અગાઉથી થોડીક ચેતવણી આપી હોત તો પણ તને માફ કરત, પણ આ તો સાવ...'

ફરિયાદભર્યા ચહેરે પૂજા પતાવી એ ફળિયામાં ગુલાબના છોડ પાસે રાખેલા બાંકડા પર બેસી ગયા. પૂજા પૂરી કર્યા બાદ એ આ બાંકડા પર જ આસન જમાવતા. ગીતાબહેન બે કપ ચા લઈને આવતાં, અને સજોડે ચાના ઘૂંટમાં અમૃત પિવાતું... એ પત્નીની યાદમાં ખોવાઈ ગયા.

'બાપુજી, ચા.'

પુત્રવધૂના અવાજે એ તંદ્રામાંથી જાગ્યા, અને પાછા ફરતાં પુત્રવધૂને એમણે હળવાશથી પૂછ્યું, 'જલ્પા, બેટા, બાથરૂમમાં મારું દંતમંજન ને ઊલિયું નહોતાં. બીજે ક્યાંય મુકાઈ ગયાં હશે?'

'મને શી ખબર? તમારે જ ઠેકાણે રાખવાં જોઈએ ને!'

નીલકંઠરાય સમસમી ગયા. ઠંડી આવેલી ને ઠંડી પડી ગયેલી ચાએ એમના કાળજાને દઝાડી મૂક્યું. બળતરાની સાથે છાતીમાં ડાબી બાજુ ઊપડેલા સણકાને એમણે હાથથી દબાવ્યો.

અને, એકાએક એમના ચિદાકાશમાં અતીતનો એક પ્રસંગ ઝળકી ઊઠ્યો : એક સામાજિક પ્રસંગે નાનો ભાઈ અન્યાયપૂર્વક વર્તીને જેમતેમ બોલી ગયા પછી એ ખિન્ન વદને બેઠા હતા ત્યારે એમનાં પત્ની ગીતાબહેને એમની પીઠ પંપાળતાં કહ્યું હતું, 'ભલા આદમી, તમારું નામ શું છે?'

- ને એમના હોઠ પર સહજ એવું હાસ્ય વિલસી રહ્યું.... □

આપી અને આવા કાર્યક્રમના પ્રયોજકોને મૂંઝવણમાં મૂકી દેતા પ્રશ્નો પૂછ્યા. અંતે આ કાર્યક્રમ બંધ રાખવો પડ્યો. તે વેળાની જાણકારી પ્રમાણે રશિયાએ એવાં લેસરો વિકસાવ્યાં હતાં જેને ભૂમિ ઉપરથી છોડતાં તે નિમ્નકક્ષામાં ઘૂમતા કૃત્રિમ ઉપગ્રહોને નાકામયાબ કરી શકે. વળી, રશિયાએ તેનાં કેટલાંક લેસરભૂમિ કેન્દ્ર ઉપર એવાં લેસરો ગોઠવ્યાં હતાં જે ૧૨૦૦ કિલોમીટરની ઊંચાઈ સુધી ઘૂમતા કૃત્રિક ઉપગ્રહો ઉપર તેમજ ૩૬ હજાર કિલોમીટરની ઊંચાઈ ઉપરના ભૂસ્થિત ઉપગ્રહ તરફ સ્વિચ દાબતાં જ તેને નષ્ટ કરી શકે. આમ, લેસરો સંરક્ષણ સેવાઓમાં તેમજ અંતરીક્ષ કાર્યક્રમોમાં ઘણો મોટો ફાળો આપી શકે તેમજ પ્રચંડ વિનાશ પણ વેરી શકે, તે તેની ખૂબી છે.

આમ, લેસર અનેકવિધ ક્ષેત્રે ઉપયોગી થઈ પડે તેમ છે. વળી ઊર્જાની તંગીના આ સમયમાં આપણે જાણીએ છીએ કે પરમાણુ-ન્યૂક્લિઅર ઊર્જાથી વિદ્યુત ઉત્પન્ન કરી શકાય છે. હાલમાં વિશ્વમાં જે ન્યૂક્લિઅર ઊર્જા મેળવાય છે તે પરમાણુ વિખંડનમાંથી મેળવાય છે. પરમાણુ સંલયન (fussion)થી જો ઊર્જા મેળવાય તો એક જ્વલંત સફળતા ગણાય. સૂર્યમાં આવી જ રીતે સતત ઊર્જા ઉત્પન્ન થતી રહે છે. લેસરની સહાયથી પૃથ્વી ઉપર આવી સંલયન પ્રક્રિયા કરાવવા માટેના પ્રયાસો ચાલી રહ્યા છે. કેમ્બ્રિજ, ઇંગ્લંડ ખાતેની રુથરફોર્ડ પ્રયોગશાળામાં લેસર વડે સંલયન પ્રક્રિયા માટેના પ્રયાસો ચાલી રહ્યા છે.

ન્યૂ યૉર્કની રોચેસ્ટર યુનિવર્સિટીમાં આ માટે એક પ્રચંડ લેસરની રચના થઈ ચૂકી છે. આ માટે બનાવાયેલા ૧૨ ટ્રિલિયન ($૧૦^{૧૨}$ = ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦) વૉટ ઓમેગા લેસરથી આવું નિયંત્રિત તાપ ન્યૂક્લિઅર સંલયન કરાવવા માટેના પ્રયાસો ચાલુ છે.

ફૂટબૉલના મેદાનની સાઈઝનું એક મોટું લેસરયંત્ર અમેરિકામાં કાર્યરત કરાયું છે. એક સેકન્ડમાં દસ લાખના દસ લાખ ભાગમાં એટલે કે ($૧૦^{૧૨}$) સેકન્ડ જેટલા અતિઅલ્પ સમયમાં આ યંત્રમાંથી ઉત્સર્જાયેલું લેસરકિરણ નિશાન ઉપર આવી જાય છે.

આમ, ટૂંકમાં કહી શકાય કે લેસરનો બહોળો ઉપયોગ અત્યારે વિવિધ ઉત્પાદન પ્રક્રિયાઓ અને કેન્દ્રોમાં, સંચાર વ્યવસ્થામાં, સર્જરીમાં, સંરક્ષણ જરૂરિયાતો, અંતરીક્ષ અભ્યાસો તથા હવામાનનાં અવલોકનો મેળવવા તથા કમ્પ્યૂટર ઉદ્યોગમાં થઈ રહ્યો છે. તેના ઉપયોગનાં ક્ષેત્રો વિસ્તરતાં જાય છે. (સંપૂર્ણ)

સંગીતશાસ્ત્ર - ૩૭

ડૉ. હસુ યાજ્ઞિક

ઠુમરી અને તેનું ફળ

'અનૂપસંગીતરત્નાકર'માં ધ્રુપદનાં લક્ષણોની ચર્ચા કરતાં લખ્યું છે :

ગીર્વાણ મધ્યદેશીય ભાષાસાહિત્યરાજિતમ્,
દ્વિચતુર્વાક્યસંપન્ન નરનારીકથાશ્રયમ્.
શૃંગારરસભાવાદ્યં રાગાલાપપદાત્મકમ્,
પાદાંતાનુપ્રાસયુક્તં પાદાનયુગકં ચ વા.
પ્રતિપાદં યત્ર બદ્ધમેવં પાદચતુષ્ટયમ્,
ઉદ્ગ્રાહધ્રુવકાભોગાંતરં ધ્રુવપદં સ્મૃત્મ.

અર્થાત્ ધ્રુપદની કૃતિ મધ્યદેશની ભાષાના સાહિત્યની હોય છે. બે પંક્તિના એવા ચાર પદમાં એમાં નર અને નારીની કથા આલેખવામાં આવી હોય છે. શૃંગારરસ એમાં મુખ્ય સ્થાને રહે છે. રાગાલાપ અને પદાત્મક હોય છે. એના પ્રત્યેક ચરણને અંતે અનુપ્રાસયુક્ત હોય છે અને જે મુખ્ય કે પ્રતિપાદ્ય છે, તે ચાર પદમાં (એટલે કે આઠ પંક્તિમાં) બાંધેલું હોય છે, આવું ઉદ્ગ્રાહ ધ્રુવક ભોગાંતર પદ તે ધ્રુવપદ કહેવાય છે.

અહીં ધ્રુપદરૂપે ગવાતી કૃતિનાં આંતરબાહ્ય લક્ષણોનો પૂર્ણ પરિચય મળે છે. લક્ષણકારે અહીં મધ્યદેશીય એટલે કે જેને આજ આપણે ઉત્તરભારતીય સંગીત પરંપરા કહીએ છીએ, તેને-લક્ષમાં રાખી છે. આ લક્ષણોને આધારે તો ધ્રુપદ અષ્ટક પ્રકારની પદ્યરચના જણાય છે અને આજે પણ ધ્રુપદની જે રચનાઓ પરંપરામાં છે તેમાં બે ચરણ ધરાવતી કડીઓનાં ચાર યુગ્મ હોય છે અને તેમાં કોઈ નાયક અને નાયિકાના શૃંગારમૂલક અનુરાગનું વર્ણન હોય છે તથા પદાંતે અનુપ્રાસ હોય છે. આ ચાર યુગ્મો તેના સ્થાયી, અંતરા, સંચારી અને આભોગી એવા ચાર પેટાખંડ બનાવે છે અને તેમાં રાગાલાપ સંકળાય છે. ધ્રુપદની ગોબરહાર, ખંડહાર, ડાગુર અને નોહાર એ ચાર મુખ્ય વાણીઓ છે. તેની ધ્રુપદની કૃતિઓમાં પણ આ લક્ષણો જોઈ શકાય છે. આ ચાર વાણીઓને પણ રૂપકના આશ્રયે સમજાવતાં ગોબરહાર અર્થાત્ ગૌડીય વાણીને રાજા તરીકે, ડાગુરવાણીને મંત્રી તરીકે, ખંડહારને સેનાપતિ તરીકે અને નોહારને સેવક તરીકે ઓળખાવી છે. આવું રૂપક કઈ વાણી મુજબ છે, તેના પર પ્રકાશ પાડે છે. ડાગુરવાણીમાં એક સ્વર મુખ્ય છે, તેના પર પ્રકાશ પાડે છે. ડાગુરવાણીમાં એક સ્વર જ્યારે બીજા સ્વર સાથે સંકળાય છે ત્યારે વૈચિત્ર્ય પ્રકટે છે. અહીં સ્વરને એના સ્પષ્ટ પ્રકટ રૂપમાં લેવાને બદલે એની શ્રુતિનો આધાર લેવામાં આવે છે. જેથી ભાવકની કલ્પનાને અવકાશ રહે છે અને ધારેલો સ્વર ભાવકના ચિત્તમાં આકાર લે છે, જે અદ્ભુત લાગે છે. ગોબરહાર અને ખંડહાર બન્ને વાણીમાં લાલિત્ય અને ગાંભીર્યનો વિનિયોગ થાય છે. ખંડહારનું અપર નામ સંસ્કૃતમાં ભિન્નાગીતિ દર્શાવવામાં આવ્યું છે. 'સંગીતરત્નાકર'માં ગીતના ભિન્ના, ગૌડી, વેસરા, સાધારણ અને શુદ્ધા એવા પાંચ પ્રકાર દર્શાવ્યા છે. આમાં ભિન્નામાં સ્વરો સૂક્ષ્મ, વક્ર અને ગમકના માધુર્યથી યુક્ત દર્શાવ્યા છે. આ પાંચ પ્રકારનાં ગીતમાં સ્વરની જે લાક્ષણિક ભિન્નતા છે, તે સૂક્ષ્મ રીતે દર્શાવી છે. ભિન્નાગીતિમાં સ્વરના જુદા જુદા ટુકડાઓ લેવાય છે. આથી એને 'ભિન્ના' એવું નામ અપાયું જણાય છે. દરેક ટુકડો, સ્વરયુગ્મો કે એકમો એમાં ભિન્ન હોય છે, રહે છે, એવો અર્થ સમજાય છે. સ્વરોચ્ચારે ખડ-ખડ એવો ધ્વનિ નિષ્પન્ન થવાને કારણે બીજી વાણીને ખંડહાર કહેવામાં આવી છે. આમ, 'ભિન્ના'એ સંસ્કૃત અને 'ખંડહાર' એ હિંદી, આ બન્ને શબ્દોનો અર્થ સમાન છે. સ્વરયુગ્મો કે એકમોને ટુકડાઓમાં લેવા, એવો એનો અર્થ છે. સ્વરને સીધી ગતિથી, સીધા જ ક્રમમાં લેવાને બદલે, ટુકડા પાડીને, વક્ર રીતે લેવામાં આવે છે. આથી આવો દરેક ખંડ ભાવવાહક બને છે. આ ખંડહારના સ્વરલગાવની વિશિષ્ટતા છે. એમાં સ્વરનું માધુર્ય વધારવા માટે ગમકથી લેવામાં આવે છે. આમ, ગમકયુક્ત સ્વરલગાવ ખંડહારની વિશિષ્ટતા છે. વાદ્યસંગીતમાં વીણા દ્વારા જુદી જુદી રીતે મધ્યલયમાં જોડ સાથે ગમકનો પ્રયોગ થાય છે. રબાબ સ્વરને તેની શુદ્ધ અને સરલ ગતિમાં લે છે. તેથી તેમાં શુદ્ધ વાણીનો ઉપયોગ કરવામાં આવે છે. એમાં સ્વરની ગતિ સીધી અને સરળ હોવાને કારણે વિલંબિત, મધ્ય અને દ્રુત એ ત્રણે લયમાં આલાપ થઈ શકે છે. વાદ્યઅંગની ધ્રુપદશૈલી આજે રેકૉર્ડ દ્વારા જળવાયેલી છે. અસદઅલીખાનનું રુદ્રવીણા પરનું ધ્રુપદગાન LP 2533માં છે, જેમાં તોડી અને દેશ છે. અન્ય રેકૉર્ડમાં લલિત, દરબારી, આશાવરી, માલકૌંસ, ગુણકલી જેવા રાગો સાંભળી શકાય છે. બહાઉદ્દીન ડાગરે રુદ્રવીણા પર જોગ, માલકૌંસ, યમન, શુદ્ધ તોડી વગાડ્યો છે. પાશ્ચાત્ય સંગીતકારોએ સેલો જેવા વાદ્ય પર ધ્રુપદશૈલીનું વાદન કર્યું છે. નાન્શી લેશ દ્વારા સેલો પર પૂરિયા-ધનાશ્રી, ભૂપાલી જેવા ધ્રુપદશૈલીના રાગો વગાડવામાં આવ્યા છે. સ્વરલગાવનું માધુર્ય, ગમક અને લયનું જે વૈવિધ્ય આપણે ખયાલ પદ્ધતિમાં માણીએ છીએ, તેનું મૂળ ધ્રુપદગાનમાં છે, એ આપણે ભૂલી જ ગયા છીએ.

ધ્રુપદ અને ખયાલ પછીનું મહત્ત્વપૂર્ણ સ્થાન ઠુમરીનું છે. ઉપશાસ્ત્રીય મનાયેલો આ પ્રકાર ભારતીય રાગસંગીતની જ સીધી નીપજ છે. ધ્રુપદ અને ખયાલમાંથી પ્રલંબિત આલાપચારી અને તાનબાજીને ગાળી નાખીને ઠુમરી જેવો મધુર પ્રકાર સિદ્ધ થયો છે. હકીકતે તો ઠુમરી, માધુર્યની દૃષ્ટિએ તો ધ્રુપદ અને ખયાલથી સંસિદ્ધ થયેલું નવનીત છે. આ બે મહાન ગાનશૈલી દ્વારા જે કંઈ મધુર સિદ્ધ થયું, એનો જ સીધો ઉપયોગ ઠુમરીમાં થયો છે. ખયાલની જેમ એમાં વિલંબિત પ્રસ્તાર હોતો નથી, પહોળા પટની આલાપચારી હોતી નથી કે સ્વર અને લયના યાંત્રિક ઉપયોગ જેવી કૂટ તાનબાજી હોતી નથી. આમ છતાં આલાપ અને તાનથી જ જે કંઈ માધુર્ય સિદ્ધ થયું, એનો જ ઉપયોગ ઠુમરીમાં થાય છે. ખયાલનો ગાયક તો સ્વરના અને લયના વિવિધ પ્રયોગ કરતા-કરતા રાગના જે મધુર સ્થાનો હોય તે શોધતો જાય છે. આમાં તાનબાજીનાં બધાં અંગો મધુર હોતાં નથી. ખૂબ લાંબો અને થકવી દે એવો પ્રવાસ કરનાર અંતે કોઈ સુંદર પ્રાકૃતિક દૃશ્ય જોવા સદ્ભાગી બને છે, તેમ અનેક પ્રકારની સ્વરની અને લયની અજમાયેશ કર્યા પછી જ ગાયક કે વાદક એ રાગના સ્વરોનાં મધુરતમ સંયોજનો પામે છે. એ કૃતિના ભાવનો આધાર લઈને વિવિધ ભાવસ્થાનો ખીલવતો જાય છે. અને એ પ્રવાસ અને પ્રયાસને અંતે તે ભાવસઘન મધુર એવા સ્વરયુગ્મો કે એકમો સિદ્ધ કરે છે. ઠુમરી આવા જ સિદ્ધ થયેલા મધુર ટુકડાઓની માળા છે. લાંબી કૂટતાનમાંથી વાદક એના મધુર અંશો જુદા તારવી લે છે અને તાનને બદલે તાનના જ ટુકડાના બનેલા તોડાથી પોતાના ગાનને મધુર બનાવે છે તેમ ઠુમરી ગાયક પણ જે જે આલાપ અને તાનને અંતે લયાત્મક સુંદર ખંડો તૈયાર થયેલા હોય છે તેનો જ પોતાના ગાનમાં ઉપયોગ કરે છે. આથી એમાં સર્વાંગ સુંદર અને મધુર એવાં સ્થાનોનું જ સીધું આકલન હોય છે. ઢાળ ચડો, ટેકરી પર આવો અને એટલો શ્રમ ઉઠાવ્યા પછી જ કુદરતના ભવ્ય રૂપને માણો - એવો જે ક્રમ ખયાલમાં છે, તે અહીં ઠુમરીમાં નથી. અહીં તો એક પછી એક, ત્વરિત ગતિએ જે સિદ્ધ થયેલા ટુકડાઓ છે, તે જ આવે છે. અહીં આલાપનો લાંબો પહોળો પટ નથી. તાનની ગલીકૂંચી નથી. અહીં હરકત, મુરકી, ઝટકા અને ખટકા છે. પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે આ બધું સિદ્ધ થયું છે, તેના મૂળમાં આધાર તો તાનનો જ છે. તાન એ રીતે મિશ્ર દ્રાવણ જેવી છે, જ્યારે અહીં ગાળેલું શુદ્ધ દ્રવ્ય છે. પદગાન કે લોકગીતની સુદીર્ઘ પરંપરાથી માનવીએ મધુર એવા લયબદ્ધ ટુકડાઓ સિદ્ધ કર્યા અને ક્યાંય પણ આડાઅવળી ફંટાયા વગર જ સાંભળવી ગમે એવી રચનાઓ સિદ્ધ કરી. આ બધાનો લાભ ઠુમરીએ લીધો. એમાં એક બાજુ ધ્રુપદ અને ખયાલ છે તો બીજી બાજુ પદગાન અને લોકસંગીત છે. અહીં શાસ્ત્ર નહીં પરંતુ માધુર્ય જ કેન્દ્રમાં છે. એથી રાગનાં કે શાસ્ત્રનાં બંધનોની કડાકૂટમાં ન ઊતરતા મનની મોજથી ગાવામાં આવે છે. જે કોઈ કથાસંદર્ભ હોય, નાયક-નાયિકાની ક્રિયા હોય, ક્રીડા હોય, અને એમાં જે જે ભાવસઘન પરિસ્થિતિ હોય એને હલાવી-મલાવીને ગાવામાં આવે છે. પંક્તિ એક જ હોય, એનો ભાવ એક જ હોય પરંતુ જેમ કાચમાંથી પસાર થયેલું પ્રકાશનું કિરણ ધૂપછાંવવાળા જુદા જુદા રંગોનું સંયોજન કરે છે તેમ ગાયક એક જ પંક્તિના એક જ ભાવને વિવિધ રીતે રજૂ કરે છે. એમાં ક્યાંક તડપન હોય, આરત હોય, આરઝૂ હોય ને બીજી ક્ષણે એમાં દાદ-ફરિયાદ પણ પ્રવેશે. એ ભાવમાં વિરહની વ્યથા હોય, મિલન માટેનો તલસાટ હોય, વ્યાકુળતા હોય પરંતુ બીજી ક્ષણે સ્વરો એવા બદલાય કે ભાવનું આમૂલાગ્ર પરિવર્તન થઈ જાય .વિપ્રલંભ શૃંગાર હોય એ સંયોગમાં પરિણમે. મિલનની વ્યાકુળતાનું સ્થાન સંયોગનું માધુર્ય લઈ લે. અને આ બધું થાય તે એકાદ બે સ્વરના પરિવર્તનથી. કોમળ સ્વરસ્વરૂપ હોય .ને તે દ્વારા વિયોગને વાચા મળતી હોય એમાં એ જ સ્વર શુદ્ધ સ્થાને આવે એ સાથે જ વિયોગનું સંયોગમાં રૂપાન્તર થાય. ઠુમરીનો કોઈ પણ રાગ સાંભળો, ગારા હોય, જોગ હોય, ખમાજ હોય, કાફી હોય, તિલંગ હોય - બહુધા એમાં એક જ સ્વરના શુદ્ધ અને કોમળનો ઉપયોગ જોવા મળે છે. સ્વર ઉપર ગતિ કરે ત્યારે શુદ્ધ અને નીચે ઊતરે ત્યારે કોમળ બને છે. બે ગાંધાર, બે નિષાદ, બે મધ્યમ, બે રિષભ સર્વત્ર આ નિયમ જોવા મળશે. ભારતીય સંગીતની જ આ લાક્ષણિકતા છે, જે ભારતીય કુળના ભૈરવી, જોગ, ખમાજ, તિલંગ, દેશ, મિયાંમલ્હાર, બિહાગ વગેરેમાં બધે મળે છે અને પાશ્ચાત્ય સંગીતની કોઈ પણ મેલડિ હોય તો તેમાં પણ એ જ ક્રમ, એ જ પદ્ધતિ જોવા મળે છે - ઉપર જતાં શુદ્ધ સ્વર ને નીચે ઊતરતાં જ એનું કોમળરૂપ!

ઠુમરીની બીજી વિશેષતા છે તે તેના લયયુક્ત ટુકડાઓ. એક જ માત્રામાં હરકત, મુરકી, ઝટકા, ખટકા, ઊલટી મુરકી વગેરે દ્વારા ભાવાભિવ્યક્તિ થાય છે. વર્ષોની સુદીર્ઘ પરંપરાએ જ સ્વર અને લયમાં ઢાળેલા આવા સોનાની લગડી જેવા કે હીરાની કણી જેવા ટુકડાઓ સિદ્ધ થયા છે. મનહૃદયના કોઈ પણ સૂક્ષ્મ અને તરલ એવા ભાવસંવેદનને ઠુમરીના આવા લયમાં ઢાળેલા ટુકડાઓ મર્મસ્પર્શી માધુર્યયુક્ત અભિવ્યક્તિ આપે છે.

આમ, ઠુમરી પણ ભારતીય પદગાન, લોકગીત, ધ્રુપદ અને ખયાલની સુદીર્ઘ એવી પરંપરાએ સિદ્ધ થયેલો પ્રકાર છે. ઋતુગીત અને ભાવગીતનાં અનેક અંગોનો એમાં વિનિયોગ છે. આથી આ પ્રકાર ઉપશાસ્ત્રીય કહેવાયો છે, જેની એક બાજુ શાસ્ત્રની સુદૃઢ એવી પરંપરા છે તો બીજી બાજુ સુદીર્ઘ

ઝેનકથા

ચોરી

બહાદુરભાઈ જ. વાંક

એક રાત્રિના આશ્રમમાં ગુરુ બજુવા એકલા હતા, ને એક ચોર આશ્રમમાં દાખલ થયો. બધા રૂમનાં બૅગ-બિસ્તરા અને કબાટને તેણે વીંખી નાખ્યા. દોઢ-બે કલાકની મહેનત પછી પણ કંઈ જ ન મળી આવતાં તે એકદમ નિરાશ થઈ ગયો. ફળિયામાં પલંગ ઉપર સૂતેલા બજુવા ચૂપચાપ ચોરની ચેષ્ટાને જોતા હતા – ચાદરમાંથી થોડું મોં બહાર કાઢીને.

આખરે થાકીને ચોર બહાર નીકળવા જતો હતો ત્યાં બજુવા પથારીમાંથી બેઠા થઈ તેની પાસે આવતાં બોલ્યા : 'મિત્ર, તને આશ્રમમાંથી કંઈ જ ન મળી શક્યું એનું મને પણ દુઃખ થાય છે. તું બહુ થાકી ગયો લાગે છે. તારો થાક અને ભય દૂર કરવા માટે હું તને ચા પાવા ઇચ્છું છું. તું થોડી વાર આરામ કર. હું હમણાં જ ચા બનાવી લાવું છું.'

બજુવાને અટકાવતાં ચોર બોલ્યો : 'મારે નથી પીવી ચા. ચાને બહાને મને પકડાવીને શું તમે મને જેલ ભેગો કરવા માગો છો?'

'જેલમાં તો તું છે જ. માત્ર તને એની ખબર નથી એટલું જ.' બહુ જ શાંત સ્વરે બજુવાએ કહ્યું.

'જેલમાં છું એટલે તમે શું કહેવા માગો છો?' ડરતાં ડરતાં ચોરે પૂછ્યું.

'તું સતત તારી સાથે જેલ ફેરવે છે, પછી તું જેલમાં રહે કે જેલની બહાર રહે એથી શું ફેર પડવાનો હતો? આમ છતાંય હું તો હજુ પણ તને ચોર માનતો નથી. તું ઇચ્છે તો મારો આ આખેઆખો આશ્રમ પણ હું તને ભેટ આપી શકું તેમ છું.' કરુણાસભર સ્વરે બજુવાએ કહ્યું.

'ના, નથી જોઈતો મારે તમારો આશ્રમ. તમે મને છેતરીને પકડાવી દેવા જ માગો છો, પણ એમ હું તમારી જાળમાં ફસાઈ જાઉં તેવો કાચો ચોર નથી.' ને તે નાસી જવા દરવાજા તરફ વળ્યો.

બજુવા તેને અટકાવતાં બોલ્યા : 'આશ્રમનો એક ઠાલો દીધેલો રૂમ તો તેં ખોલ્યો જ લાગતો નથી.'

બારીમાંથી લાઈટ કરીને મેં એમાં નજર કરેલી. પણ એ તો સાવ ખાલી છે, પછી એને ખોલવાની હું શા માટે તકલીફ લઉં?'

'મારા અંતરનો ખજાનો તો એ મારા ધ્યાનખંડમાં જ છુપાયેલો છે. ચાલ તને બતાવું.' ને બજુવા એ રૂમ તરફ વળ્યા. ચોર કશું જ સમજી શક્યો નહીં. છતાં ધીમે ધીમે બજુવા પાછળ ઢસડાયો.

ઓરડામાં ઊભા રહી, ચોરને ખાલી ઓરડો બતાવતાં બજુવા બોલ્યા : 'બસ, આ ખાલી જગ્યા છે તે મારો અંતરનો ખજાનો.'

ઓરડાની હવાએ જાણે જાદુ કર્યો હોય તેમ ચોર બજુવાનાં ચરણો પકડી લેતાં બોલ્યો : 'ક્ષમા કરો. હું આપને ઓળખી ન શક્યો.'

તેના માથા ઉપર હાથ ફેરવતા બજુવા બોલ્યા : 'મિત્ર, આ જગતમાં એવી એકેય ચીજ નથી, જે ચોરી કરીને મેળવી શકાય.'

ને ધન્યતા અનુભવતાં ગળગળા સ્વરે ચોર બોલી ઊઠ્યો : 'આજે તો આપે મારા હૃદયની ચોરી કરી લીધી એનું શું?' □

એવી લોકગીતની પરંપરા છે. આ પ્રકાર નૃત્ય સાથે પણ સંકળાયેલો છે અને 'ઠુમક' સાથે એનો પ્રકટ સંબંધ છે. મોગલ દરબાર-મુસ્લિમ કાળમાં આ નામ મળ્યું અને સંદર્ભ મળ્યો, પરન્તુ એનાં મૂળ તો અનેક લોકપરંપરાનાં ગાન અને નૃત્યમાં પડેલાં છે. ભારતીય કલાઓનો પ્રાણ કૃષ્ણકથા છે. એને કારણે જ ભારતની શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય, સંગીત અને સાહિત્ય જેવી કલાઓને રમણીયતા મળી, સૌન્દર્ય અને માર્દવ મળ્યાં. કૃષ્ણ ચરિતના વિવિધ પ્રસંગો અનેક નૃત્ય- પ્રકાર સાથે અને ગાનશૈલીએ રજૂ થતા હતા. એમાં લોકજીવનનાં સંસ્કારગીતોનો અને ઉત્સવગીતો તથા ઋતુગીતોનો સંદર્ભ ઉમેરાતો ગયો. નૃત્યમાં કુચીપુડી, કથક અને એવા અનેક પ્રકારોનો વિકાસ થયો. આ બધા જ પ્રકારો અને સ્વરૂપો એકબીજા સાથે સંકળાયેલા છે ને એમાં જ 'ઠુમરી'નો પણપ્રાદુર્ભાવ થયો છે.

સ્વભાવે ચંચળ એવા આ પ્રકારનો સીધો સંબંધ શૃંગાર અને ભક્તિ સાથે છે. આથી ચંચળ પ્રકૃતિની રાગિણીઓમાં જ ઠુમરી વિશેષ ગવાય છે. એનો વિશેષ અનુકૂળ અને બહુપ્રચલિત તાલ છે. પરંતુ કેરવા, દાદરા, દીપચંદી વગેરે તાલોમાં પણ ઠુમરી જામે છે, પૂરી ખીલે છે. 'ઠુમરી' એવાં નામાભિધાનો વિકાસ લખનઊના નવાબના દરબારમાં થયો અને શોરીમિયાંની પંજાબી ગાયકીએ એને આગવું રૂપ આપ્યું. ગાવું અને નૃત્ય કરવું જેમના જીવન વ્યવસાય બન્યા હોય એવી કલાકાર સ્ત્રીઓએ આ પ્રકારને લોકપ્રિય બનાવ્યો. બનારસ એનું કેન્દ્ર બની રહ્યું. અનેક પુરુષકંઠે પણ આ પ્રકારને શોભાવ્યો અને ખાસ ઘરાનાઓમાં એનો વિકાસ થયો.

દાદરા ઠુમરીને મળતો પ્રકાર છે, જે મુખ્યત્વે મધ્યલયના દાદરાતાલમાં ગવાય છે. ક્રમશઃ લય વધારીને દ્રુત લયમાં ગવાય છે. અહીં પણ સંયોગવિયોગ શૃંગાર મુખ્ય છે અને હરકત, મુરકી વગેરેનો પ્રયોગ થાય છે. બીજો મળતો પ્રકાર છે તે સાદરા. મોટા ભાગે કથક ગાયકો તથા તવાયફો દ્વારા ગવાતો આ પ્રકાર છે. કકરવા, રૂપક, દાદરા જેવા તાલમાં તે ગવાય છે. ઠુમરીના જ કુળનો આ પ્રકાર છે. આવો એક પ્રકાર તે ખમસા. એની ચીજ ઉર્દુમાં હોય છે. કવાલીને મળતો આ પ્રકાર છે. (ક્રમશઃ)

પ્રસંગપરાગ

સ્વર્ગાશ્રમનો સંન્યાસી

વિનોદ અધ્વર્યુ

વર્ષો પહેલાંની વાત. હૃષીકેશનો ગંગાપ્રવાહ. લક્ષ્મણઝૂલાની નીચે થઈ ગંગાનો ધસમસતો સ્વચ્છ શીતલ પ્રવાહ સ્વર્ગાશ્રમને કાંઠે થઈ આગળ ધપે છે. પ્રવાહ જોરદાર છે પણ સ્વર્ગાશ્રમ આગળથી ઉતારુઓને લઈ સામે કાંઠે જતી નૌકાઓ ત્રાંસમાં વહેતી નિશ્ચિત સ્થળે ઉતારુઓને ઉતારે છે.

અમારો, વડીલો સહિતનો પરિવાર તથા બીજો એક ગુજરાતી યાત્રાળુ-પરિવાર નૌકામાં ગંગાપ્રવાહ પર ઊછળતાં-વહેતાં તરીએ છીએ. કાંઠા પરથી જોવા કરતાં પ્રવાહ વચ્ચેથી લક્ષ્મણઝૂલા, કાંઠા, ડુંગરો અને ગંગાનું વેગવાન જળ - આ બધાંને જોવામાણવાની મઝા જ જુદી છે. કદાચ આ આનંદને અનુભવવા માટે જ હશે તેમ તે કાળે એવો રિવાજ થઈ ગયેલો કે ટાંગાઓમાં હરદ્વારથી હૃષીકેશ અને હૃષીકેશથી લક્ષ્મણઝૂલા આવતા યાત્રીઓ ટાંગામાંથી લક્ષ્મણઝૂલા આગળ ઊતરી જતાં, અને લક્ષ્મણઝૂલા પર થઈ સામે કાંઠે જતાં. ત્યારે સ્હેજ દૂરના કેદારેશ્વર સિવાય ભાગ્યે જ બીજાં મંદિરો. બન્ને કાંઠે પહાડો-વૃક્ષોનું રમણીય પ્રકૃતિનું દર્શન. સામે કાંઠે, નદીને કાંઠે કાંઠે થઈ ઠીક ઠીક ચાલી છૂટાં છૂટાં સાદાં મકાનોનાં ઝૂંડ જેવા સ્વર્ગાશ્રમે જવાનું. ત્યાં સન્યાસીઓ-સાધકોની જ વસ્તી. આશ્રમ જોઈ, કાંઠે આવવાનું, ત્યાં નૌકાઓ પડી હોય - સઢ વગરની હોડીઓ. તે ઉતારુઓને સામે કાંઠે લઈ જાય. તેમાં પાછા જઈ કાંઠે ઊતરીએ ત્યાં પેલો ટાંગો ઊભો હોય! સ્થળ નિશ્ચિત એટલે ઉતારુઓને ઝૂલા આગળ ઉતારી ટાંગાવાળા અહીં આવીને ઉતારુઓની રાહ જુએ. અલબત્ત, ટાંગા જ; કારણ કે તે જમાનામાં બીજાં વાહન હતાં નહીં. અને કાંઠાઓ પર પણ આટલાં બાંધકામોની ભીડ નહીં. પ્રકૃતિનો જ ખોળો પથરાયેલો!

અમારી નાવ ગંગાના જળતરંગો પર નાચતી નાચતી જતી હતી. ત્યાં કૈંક શ્લોકગુંજન જેવું સંભળાયું. જોયું તો અમારી નાવમાં યાત્રીકુટુંબો ઉપરાંત એક સંન્યાસી પણ હતો. યુવાન, દેખાવડો, તેજસ્વી, ભગવું વસ્ત્ર ધારણ કરેલું. માથે મુંડન. સૂર્યતેજમાં ટાલ તગતગે. પણ તેનું સુંદર ગૌર વદન શાંત પ્રસન્ન લાગે. કાંઠા પરના મંદિરમાંથી આવતા આરતીના ઘંટારવનો પ્રતિસાદ આપતો હોય તેમ તે જાણે નિજમસ્તીમાં ધીમું ધીમું કોઈ સ્તોત્ર ગુંજે. અમે સૌ શાંત. માત્ર ગંગાના પ્રવાહનો, સ્તોત્રના ગુંજનનો અને ક્યારેક હોડીને વળાંક આપતાં હલેસાંની છબછબનો અવાજ!

આરતીના ઘંટનાદ અને ગુંજન પૂરાં થયાં ત્યારે પ્રભાતસૂર્ય મધ્યાહ્નની નજીક પહોંચ્યો હતો. તેનાં કિરણ ગંગાજળની લહરીઓ પર ચમકતાં હતાં. નાવ લગભગ મઝધાર હતી. મારા કાનમાં પેલું સ્તોત્રગુંજન પૂરું થઈ જવા છતાં ગુંજતું હતું. અને એના સ્વરમાં જાણે નદી, ડુંગરો, મંદિરનાં શિખરો-વૃક્ષો.... દૂરનો પેલો લક્ષ્મણઝૂલા બધું એકાકાર થઈ જતું હતું. સૂર્યતેજ ગંગામાં ઓગળી રહ્યું હતું તે સાથે!

ત્યાં અચાનક, સુંદર સંગીતની સુરાવલિ ચાલતી હોય ત્યાં કોઈના હાથમાંથી વાસણ પડે ને સૂરસમાધિ તૂટે તેમ આ સૌન્દર્યધ્યેન તૂટ્યું. પેલા સાથી યાત્રીકુટુંબના મુખ્ય સભ્ય જે કોઈ ઑફિસર હોય એમ લાગતું હતું તે - હાથમાં સિગારેટ રાખી ફૂંકો મારતા પેલા સંન્યાસીને પ્રશ્ન કરતા હતા :

'હેં મિસ્ટર, તમે સંન્યાસી છો?' 'જી હા.'

'ત્યાં... સ્વર્ગાશ્રમમાં રહો છો?' 'જી.'

'ત્યાં તમે બધા શું કરો છો?' 'સાધના'

સન્યાસીએ થોડી વાર મૌન રહી ઉત્તર આપ્યો. લાગતું હતું કે તે વાર્તાલાપ ટાળવા માગતો હતો. પણ પેલા વ્યવહારુ મિત્રે છાલ ન છોડ્યો.

'સાધનામાં શું કરવાનું?' 'જપ-તપ-યોગ-ધ્યાન.'

'તે આ બધાથી સિદ્ધિઓ મળે ખરી?' 'મળે!'

'એવી સિદ્ધિ મળે કે જેનાથી આ નદી પરથી ચાલીને જઈ શકાય?'

'મળી શકે.' હવે લાગ્યું કે સંન્યાસીના ઉત્તરમાં ગાંભીર્ય કે નિર્વેદ નહીં, મજાકનો સૂર હતો. અમે સૌ સાંભળતા હતા. પેલા સાહેબે આગળ ચલાવ્યું :

'તમને પણ આવી સિદ્ધિ મળી છે કે?' પ્રશ્નમાં ઠેકડી હતી.

'હા, મળી છે ને!' ઉત્તરમાંય મજાક હતી.

'તો પછી તમે એવી સિદ્ધિ દ્વારા નદી પરથી ચાલીને કેમ નથી જતા?' પ્રશ્નમાં ભારે બુદ્ધિ અને ચતુરાઈથી સંન્યાસીને જાણે સકંજામાં લીધો હોય એવો છાક હતો!

પણ સંન્યાસીએ સસ્મિત શાંતિથી એટલું જ કહ્યું : 'આવા કામમાં વર્ષોની સાધનાથી મળેલી સિદ્ધિ વાપરવા કરતાં હોડીવાળાને બે પૈસા આપવા સસ્તા પડે છે!'

- અને હસીને, સૌને હાથ જોડીને કાંઠા પર પહોંચી ગયેલી હોડીમાંથી કૂદીને એ સંન્યાસી ચાલ્યો ગયો!

પેલા સાહેબ પણ વ્યવહારુ. વાગેલું મોં ન બતાવવું પડે તે માટે જાણે ઊતરવાની ને નાસવાની ઉતાવળમાં હતા!

હોડી કાંઠે ઊભી હતી. સામે સ્વર્ગાશ્રમ દેખાતો હતો. આમ દૂર લક્ષ્મણઝૂલા.... સુપ્રકાશિત સૂર્યનાં કિરણોમાં ઝળહળતાં ગંગાનીર પ્રચંડવેગે વહેતાં હતાં.

ને ટાંગાવાળાએ બોલાવી દીધા - 'ચલીયે સા'બ.'

... પાછો ટાંગો ગંગાને કાંઠે કાંઠે હૃષીકેશ તરફ દોડવા લાગ્યો. પણ આવતાં ને જતાંની વચ્ચે એક વિલક્ષણ ઘટના બની ગઈ!

તીર્થયાત્રાનું પુણ્ય મળી ગયું! ☐

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

સ્વરાજ માનવીનો જન્મસિદ્ધ હક

તા.૧૧-૧-૮૧. ગયે અઠવાડિયે પૂનાના મરાઠી દૈનિક 'કેશરી'ને સો વર્ષ પૂરાં થયાં. ભારતમાં સો વર્ષ પૂરાં કરનાર તો ઘણાં છાપાંઓ છે. ટાઇમ્સ ઓવ્ ઇન્ડિયા, સ્ટેટ્સમેન જેવાં અંગ્રેજી છાપાં તો ખરાં જ, પણ ભારતીય ભાષાઓમાં પ્રકટ થતાં છાપાંઓમાં સૌથી જૂનું 'મુંબઈ સમાચાર' પણ દોઢસો વર્ષથી પ્રકટ થતું રહ્યું છે. તો પછી 'કેશરી'ની શતાબ્દીની વિશેષતા શું? 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે અને તે હું મેળવીને જ જંપીશ.' એવો પડકાર કરતો લોકમાન્ય ટિળકનો લેખ 'કેશરી'માં છપાયો હતો. કેશરીમાં છપાતા બાળ ગંગાધર ટિળકના લેખોથી દેશમાં દેશદાઝની લહર પ્રસરી અને બ્રિટિશ હકૂમતને બળવાની ગંધ આવી. કેશરીમાં છપાયેલા લેખને આગળ કરી તિળકની ધરપકડ થઈ. મુંબઈની હાઈકૉર્ટમાં કેસ ચલાવ્યો. અદાલતમાં પોતાના બચાવ માટે વકીલ ન રોકતાં ટિળકે પોતે પોતાનું નિવેદન વાંચ્યું અને સ્વરાજ એ માનવીનો જન્મસિદ્ધ હક છે તે નૈસર્ગિક વાત જોરથી દોહરાવી. રાજદ્રોહના આરોપસર તેમને ૭ વર્ષની સજા થઈ. તે વખતે અંગ્રેજી હકૂમત હાલનાં પાકિસ્તાન, ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ અને બ્રહ્મદેશ ઉપર ચાલતી અને બધો વહીવટ દિલ્હીથી થતો. ટિળકને બ્રહ્મદેશની ઉત્તર સરહદે આવેલા માંડલે શહેરમાં એક માળના નાના મકાનમાં પહેલે માળે એક નાના રૂમમાં કેદ કર્યા. સાડા ત્રણ વર્ષ આવા એકાન્તવાસમાં ગાળ્યાં. ટિળકે તો તે દરમિયાન ગીતા ઉપર ભાષ્ય લખ્યું. સરકારે આપ-મેળે સાડા ત્રણ વર્ષ પછી તેમને છોડ્યા.



બાળ ગંગાધર તિલક

લોકમાન્ય ટિળકે સ્થાપેલા આ 'કેશરી'ને સો વર્ષ થયા અને તે સાથે આઝાદ દેશમાં અખબારોની નીડરતાનો દાખલો તેણે પૂરો પાડ્યો એ આ શતાબ્દીની વિશેષતા છે.

લોકમાન્ય ટિળકનું ૧૯-૧૯માં અવસાન થયું. જ્યારે મુંબઈમાં ચોપાટી ઉપર તેમને અગ્નિદાહ દીધો ત્યારે દેશે પહેલવહેલો માનવ મહેરામણ જોયો. લાખો લોકો તેમને અંજલિ આપવા ચોપાટી ઉપર એકઠાં થયાં. મોહનદાસ ગાંધીએ (તે વખતે મહાત્મા નહોતા થયા) અગ્નિદાહ દીધો અને સભાને સંબોધી. તે દિવસથી જાણે ટિળક પાસેથી સરદારી ગાંધી પાસે આવી. ટિળકના સ્મારક માટે એક કરોડ રૂપિયાનો ફાળો એકઠો કરવાનો ગાંધીએ નિર્ણય કર્યો અને તે માટે તેણે આખા દેશનો પ્રવાસ કર્યો. આવડા મોટા દેશમાં, રેડિયો, ટી.વી. કે લાઉડસ્પીકર પહેલાંના જમાનામાં લોકપ્રિય કેમ થવું તે અનાયાસે ગાંધીએ શીખી લીધું અને આમ દેશની આઝાદીની આખરી લડતના પાયા નંખાયા - આ બધી યાદ 'કેશરી' છાપાની શતાબ્દી આપી જાય છે માટે એ શતાબ્દીએ દેશ આખાનું ધ્યાન ખેંચ્યું છે.

આ બધું લખ્યા પછી એટલું ઉમેરવું જોઈએ કે લોકમાન્ય ટિળક મૂળ તો ફર્ગ્યુસન કોલેજના ગણિતના પ્રોફેસર! આજે પણ પૂના યુનિવર્સિટીમાં ટિળક પ્રોફેસર ઑવ્ મૅથેમૅટિક્સની જગ્યા છે. જો કે હમણાં તે જગ્યા ખાલી છે. છેલ્લે તે જગ્યા ઉપર પ્રોફેસર વી.વી. નારલીકર હતા!

દિલ્હીમાં કિસાનરેલી

તા.૧૯-૨-૮૧. આ પત્ર દિલ્હીથી લખાય છે. ૧૬મી તારીખે ઇન્દિરા કૉંગ્રેસે દિલ્હીમાં દેશભરના કિસાનોની રેલી યોજી! લગભગ ૧૫થી ૨૦ લાખ લોકો (કિસાનો) દેશના જુદા જુદા ભાગમાંથી એકઠા કર્યા હતા. શું કામ? બીજા પક્ષો કિસાનોમાં આંદોલનો ચલાવે છે તો ઇન્દિરા કૉંગ્રેસનું પણ કિસાનોમાં વર્ચસ્વ છે તે સાબિત કરવા!

બિહારથી ૧૬ સ્પેશ્યલ ટ્રેન ભરીને કિસાનો આવ્યા હતા. આવવા-જવાની સ્પેશ્યલ ટ્રેનના અઢી લાખ રૂપિયા થાય. આમ, ચાળીસ લાખ રૂપિયા એકલા બિહારે ફક્ત આવવા-જવામાં ખર્ચ્યા. અંદાજ છે કે કન્યાકુમારી, ગોહાતી કે બિકાનેર જેવા છેડાથી દિલ્હી પહોંચવા માટે વાહનખર્ચ જ પાંચથી છ કરોડ રૂપિયા થયું હશે!

હમણાં બિહારની એક ખાણમાં અકસ્માત થયો અને ૧૮ જણ જીવતા દટાઈ ગયા તેવા ખબર આવ્યા. બિહારના ખાણ ખાતાના પ્રધાનને જ્યારે છાપાંવાળાએ આ વાત પૂછી ત્યારે તેણે કહ્યું કે, હા આવો અકસ્માત થયો છે અને મરણ પણ થયાં છે. તો પછી પ્રધાન તે ખાણની મુલાકાત લઈને મરેલાંનાં સગાંવહાલાંને આશ્વાસન આપશે ને, તેમ પૂછતાં તેણે કહ્યું કે અત્યારે તો જવાય તેવું નથી કારણ કે દિલ્હી-કિસાનરેલીમાં જવાનું છે!!

રાજકારણીઓ માટે કિસાનો તેમના દાવપેચનું એક પ્યાદું છે. પણ કિસાન પોતે તો એવો ને એવો ભોળો છે. અહીં રસ્તા ઉપર કિસાનોનાં ટોળેટોળાં ફરતાં હતાં ત્યારે દિલ્હી માટે વિચિત્ર પણ કિસાનો માટે સામાન્ય એવી કેટલીક વાતો

જોવા મળી. ઇન્ડિયા ગેટના ચોકમાં વચ્ચે રાજા જ્યૉર્જનું બાવલું હતું પણ હવે બાવલું ઊઠાવી લીધું છે અને ફક્ત છત્રી જ ઊભી છે. ત્યાં કુદરતી સૌંદર્ય માટે એક છીછરો પાણીનો હોજ છે. સવારે કિસાનો એ હોજમાં લહેરથી નહાતા હતા અને કપડાં ધોતા હતા!

મોટા રસ્તા ઉપર ચાલતાં ચાલતાં ઝિબ્રા ક્રૉસિંગ આવે ત્યારે બે કિસાનો વાત કરતા હતા. એક કહે, આ આટાપાટા જેવા પટ્ટા શું કામ કર્યા છે? બીજો કહે, અરે આ પટ્ટામાં આપણે હોઈએ અને મોટર નીચે કચડાઈ જઈએ તો એમાં આપણો વાંક ન ગણાય! બીચારા કિસાનો તો એમ માને છે કે મોટા શહેરમાં અકસ્માત થાય તો તેમાં પગે ચાલનારનો જ વાંક છે, પણ જો પગે ચાલનારો પટ્ટામાં હોય તો તેનો ગુન્હો ન ગણાય!

હા, એક વાતમાં દિલ્હીગરા અને કિસાનોમાં બહુ ભેદ નહોતો. રસ્તે ચાલતાં જ્યારે પણ એકી કરવાની વૃત્તિ ઊભી થાય ત્યારે નજીકની દીવાલનો સહારો લેવાનું દિલ્હીગરા ચૂકતા નથી તો પછી ગામડેથી આવેલા કિસાનો તો શાના ચૂકે?

આ બધામાં, શા હેતુસર રેલી ગોઠવી છે એમ પૂછીએ તો કહેશે - ઇન્દિરામાના દર્શનાર્થે! અને આજના લક્ષ્મણના કાર્ટૂનમાં છે તેમ રેલીમાંથી ગામ પાછા આવેલા એક કિસાનને ગામનો ખેડૂત પૂછે કે, ભાઈ રેલી કેવી ગઈ! પેલો જવાબ આપે છે : 'રેલી તો બહુ સારી થઈ. તાજમહેલ ઘણો રળિયામણો છે.'

દિલ્હીની વાત તો ન્યારી છે!

તા.૨૬-૨-૮૧. દિલ્હીથી આ બીજો પત્ર છે. અમારા ઘરના ચોકમાં પહેલાં કબૂતર આવતાં હતાં. હજી ચકલાં અને ખિસકોલાં આવે છે. મારાં પત્ની તો ચોકને ચિડિયાઘર કહે છે. પણ દિલ્હીની હૉસ્પિટલોની વાત જાણી છે? અહીં એક જેપી હોસ્પિટલ છે. જયપ્રકાશ નારાયણના નામ ઉપરથી તેનું નામ પડ્યું છે. હૉસ્પિટલની લોબીમાં ગાય ફરતી કે પોદળા કરતી દેખાય તેમાં કોઈને નવું નથી લાગતું! ગાય અને કૂતરાં તો જેપી હૉસ્પિટલમાં દરદીઓની સાથોસાથ જોવા મળે. બીજાં દવાખાનાંમાં એટલી બધી સગવડ નથી તેથી ગાય-કૂતરાં તો ત્યાં જોવા મળતાં નથી. પણ ઉંદર, બિલાડાં અને વાંદરાં તો લગભગ બધી જ હૉસ્પિટલોમાં દોડાદોડી કરતાં જોવા મળે!!

આ બિલાડાં દરદીનો ખોરાક ખાઈ જાય કે દૂધ પી જાય પણ ગાઇનેકોલૉજિ વિભાગમાં અભ્યાસ માટે સાચવેલાં પ્લેસેન્ટા (પ્રસૂતિ વખતે નીકળતું પ્રવાહી) પણ ખાઈ જાય છે. હજુ સુધી તાજા જન્મેલા બાળકને બિલાડું લઈ ગયું હોય તેવું બન્યું નથી. પણ એક મરેલા જન્મેલા બાળકને બિલાડું તાણી જતું હતું ત્યારે ડૉક્ટરે માંડ તેને બચાવેલું!

બિલાડાં કરતાં વાંદરાંની વાત વળી જુદી છે. દવાખાનાનાં દરદી વાંદરાંને ખવરાવે છે, તેની પૂજા કરે છે (હનુમાનના વંશજ ખરાં ને!) એટલે વાંદરાં હળી જાય છે.અને વૉર્ડમાં લહેરથી આંટા મારે છે!

ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ મેડિકલ સાયન્સીઝ એ મેડિકલમાં સંશોધન માટે ભારતની ઉચ્ચતમ સંસ્થા છે. દેશના બધા નેતા માંદાસાજા થાય ત્યારે સારવાર માટે અહીં દાખલ થાય છે. ત્યાં ઉંદર, બિલાડાં તો નથી, પણ વાંદરાંનો ત્રાસ તો ત્યાં પણ છે. તેના કેમ્પસ પર ૬૦ જેટલાં વાંદરાંનું જૂથ વસે છે અને આવડા મોટા કેમ્પસનો ખૂણેખૂણો આ સાઠ વાનરો જાણે છે. હૉસ્પિટલના સત્તાવાળાઓએ ઘણા પ્રયત્નો કર્યા પણ આ જૂથને જે કરી શક્યા નથી. હવે તો આ વાનરો એવાં ટેવાઈ ગયાં છે કે જેવી તેમને દૂર કરવાની જેહાદ શરૂ થાય એટલે ધીમેધીમે બધાં જ ચાલ્યાં જાય અને જેવી જેહાદ પૂરી થાય એટલે બધાં સાઠે સાઠ હાજર! એક વાર વાંદરાં પકડવાવાળા નિષ્ણાતોને બોલાવી તેમને પકડાવી દૂર દૂરનાં જુદાં જુદાં ગામોમાં છોડી મૂક્યાં. પંદર દિવસે પૂરા સાઠે સાઠ હાજર!! હવે સત્તાવાળાઓએ ઑસ્ટ્રેલિયાના વાનર-નિષ્ણાતોને લખ્યું છે - ત્યાં નૉક આઉટ ગન મળે છે, જે ફોડવાથી વાનર બહેરા થઈ જાય છે. પછી તેને પકડી પાંજરાંમાં પૂરી રાવણની લંકામાં નહિ તો પણ દૂર દૂરના પહાડો કે જંગલોમાં મૂકી આવી શકાય! દિલ્હીની વાત તો ન્યારી છે. તમારાં ચકલાં-ખિસકોલાંનો અહીં શો હિસાબ!

૧૯૮૨માં અહીં એશિયાઈ ઑલિમ્પિક્સ થવાની છે તેના અનુસંધાનમાં રસ્તા પહોળા કરવા fly over (એક રસ્તા ઉપર બીજો રસ્તો) કરવા વગેરે પૂર બહારમાં ચાલે છે. ઠેર ઠેર પથ્થરના ઢગલા, રસ્તા ખોદેલા જોવા મળે અને ત્યાં પાટિયું લગાવ્યું હોય - DANGER, MEN AT WORK (ભય, માણસો કામે લાગેલા છે) મને નવાઈ લાગી. સિંહ કામ કરતા હોય તો ભય ખરો, વાઘ હોય તો ડેન્જર ખરું, પણ માણસ કામ કરતા હોય તો ભય શાનો? કે પછી દિલ્હીમાં કોઈ 'માણસ' કામ કરતા જ નથી? શું ઑફિસમાં કે શું દુકાનમાં, બધે આરામ કરતા હોય અને ગપ્પાં જ મારતાં હોય. પણ અહીં જો ખરેખર Men at Work હોય, માણસો કામ કરતા હોય તો દિલ્હીના બાબૂલોકો માટે ડેન્જર ખરું!

આપણે ત્યાં આવા પ્રસંગે Danger, Work in Progress (ભય, કામ ચાલુ છે) એમ લખે છે. Danger, Men at work - એમ નથી લખતા!

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

બુધવાર ૮ જુલાઈ, ૧૯૪૨ :

પ્રિય કિટી,

રવિવારથી તે આજ સુધીમાં તો જાણે અનેક વર્ષોનાં વહાણાં વહી ગયાં હોય એવું લાગે છે. દરમિયાનમાં એટલું બધું બની ગયું છે કે જાણે દુનિયા જ પલટાઈ ગઈ. પણ પપ્પા કહે છે તેમ હું આજે જીવતીજાગતી છું એ જ મોટી વાત છે.

ખરે જ હું જીવંત છું. પણ ક્યાં અને કેમ તે પૂછતી નહિ. એમ તને સમજણ નહીં પડે. માટે હું તને રવિવારની બપોરની વાત માંડીને લખું છું.

ત્રણ વાગે (ત્યારે હેરી થોડી વાર પહેલાં જ ઘેર ગયો હતો અને પછી પાછો આવવાનો હતો) કોઈએ ઘરની બેલ વગાડી. હું તો વરંડાના તડકામાં આરામથી ચોપડી વાંચતી હતી. એટલે મેં કાંઈ તે સાંભળી નહિ. થોડી વારમાં જ માર્ગટ આવીને બારણે ઊભી રહી, એ ઘણી જ ઉશ્કેરાયેલી હતી. 'એસ.એસ.એ પપ્પા માટે કહેણ મોકલ્યું છે' એ હળવે અવાજે બોલી, 'એટલે હમણાં જ મમ્મી શ્રી વૅન ડાનને મળવા ગઈ છે.' (વૅન ડાન પપ્પા સાથે નોકરી કરે છે ને અમારા મિત્ર છે.) મને તો ફ્રાસકો જ પડ્યો. બધાં જ જાણે છે કે કહેણ આવવાનો અર્થ શું? મારી સામે નાઝી છાવણી અને એની અંધારી કોટડી ખડાં થયાં. પપ્પાને એ નરકાગારમાં જવા દેવાય? 'અલબત્ત, પપ્પા નહીં જાય'. માર્ગટે કહ્યું. અને અમે મમ્મીની રાહ જોવા લાગ્યાં. 'આપણે કાલે જ ગુપ્ત જગ્યાએ જતા રહેવું કે કેમ એની ચર્ચા કરવા મમ્મી વૅન ડાનને ત્યાં ગઈ છે. વૅન ડાન પણ ત્યાં જ આવવાના છે. ત્યાં આપણે કુલ મળીને સાત જણ હોઈશું.' મૌન. અમારી તો જાણે વાચા જ હણાઈ ગઈ. મનમાં પપ્પાના વિચારો આવતા હતા. અત્યારે એ એક ધર્માદા આશ્રમમાં ગયા હતા. અહીંની ઘટનાની તેમને ખબર જ નહોતી. મમ્મીની રાહ જોતાં જોતાં હવાની ગરમીએ અને શંકા-કુશંકાએ અમને ચિંતાતુર અને અબોલ બનાવી દીધાં હતાં.

અચાનક ફરી બેલ વાગી. 'હેરી આવ્યો' હું બોલી. 'દરવાજો ખોલવાનો નથી', માર્ગટે મને રોકી, પણ એની જરૂર નહોતી. કારણ કે થોડી પળોમાં અને નીચેથી મમ્મી અને શ્રી વૅન ડાનને હેરી સાથે વાતો કરતા સાંભળ્યા. એ લોકો અંદર આવ્યાં અને દરવાજો બંધ કર્યો. એ પછી જ્યારે બેલ વાગી ત્યારે અમે પપ્પા છે કે નહિ એ ધીરેથી સરકીને જોતાં. પપ્પા સિવાય કોઈને માટે બારણું ખોલવાનું નહોતું.

શ્રી વૅન ડાનને મમ્મી સાથે એકાંતમાં ચર્ચા કરવી હતી એટલે મને અને માર્ગટને રૂમની બહાર મોકલ્યાં. જ્યારે અમારા રૂમમાં માર્ગટ ને હું એકલાં પડ્યાં ત્યારે માર્ગટે મને કહ્યું કે એ કહેણ પપ્પા માટે નહિ પણ માર્ગટ માટે હતું. આ સાંભળીને તો હું બહુ જ ડરી ગઈ અને હું રડવા જ માંડી. શું ખરેખર માર્ગટ જેવી સોળ જ વર્ષની છોકરીઓને એ લોકો એકલી લઈ જતા હશે? હે ભગવાન, સારી વાત છે કે એ નહિ જાય. મમ્મી જ એમ બોલી હતી. અમારા સંતાઈ જવા વિશે વાત કરવા પાછળ પપ્પાનો પણ આ જ હેતું હશે.

...પણ અમે ક્યાં સંતાશું, શહેરમાં, ગામમાં, ઘરમાં, ઝૂંપડાંમાં? ક્યારે? કેવી રીતે...?

આ બધા પ્રશ્નો મારે પૂછવાના નહોતા. પણ કેમે કર્યા મારા મનમાંથી જતા પણ નહોતા. મેં અને માર્ગટે મહત્ત્વની જરૂરી વસ્તુઓ સ્કૂલના થેલામાં ભરવાનું શરૂ કર્યું. મેં સહુથી પહેલાં આ ડાયરી લીધી, પછી હેરકર્લર્સ, દાંતિયો, રૂમાલ, શાળાનાં પુસ્તકો, જૂના પત્રો, એમ ગાંડાની જેમ મનમાં આવે તે ભર્યું; કારણ કે અમે સંતાવા જતાં હતાં અને આજે મને એનો પસ્તાવો પણ નથી કેમ કે મારે મન સંસ્મરણોની કિંમત કપડાં કરતાં ઘણી વધારે છે.

છેવટે સાંજે પાંચ વાગ્યે પપ્પા આવ્યા અને અમે શ્રી ક્લાઈમનને બને તો સાંજે ઘેર આવી જવાનું કહેવા માટે ફોન કર્યો. વૅન ડાન મીપને બોલાવી લાવ્યા. મીપ ૧૯૩૩થી પપ્પા સાથે ધંધામાં છે, અને મીપ અને એના નવા નવા વર હૅન્ક સાથે અમારે નજીકની મિત્રાચારી બંધાઈ છે. મીપ આવી અને એક બૅગ ભરીને થોડાં કપડાં, ચંપલ, જોડાં, મોજાં, અંડરવૅર લઈને ગઈ, ફરી રાતે આવશે એમ કહી ગઈ. પછી ઘરમાં એકદમ શાંતિ છવાઈ ગઈ. કોઈને ભૂખ નહોતી. ગરમી થતી હતી અને બધું જ જુદું જુદું ને અજાણ્યું લાગતું હતું. એક ત્રીસીના છૂટાછેડા લીધેલા ગાઉડસ્મિટ નામના ભાઈ ઘરના ઉપરના માળે એક મોટા ઓરડામાં ભાડે રહે છે એમને એ સાંજે ખાસ કાંઈ કામધંધો નહોતો. એ આવ્યા અને સ્પષ્ટ શબ્દોમાં જાકારો દીધા સિવાય જવા જ તૈયાર નહોતા. રાતના દસ વાગ્યા સુધી ગયા જ નહિ. રાત્રે અગિયાર વાગે મીપ અને હૅન્ક વૅન સાટેન આવ્યાં.

વળી પાછાં કપડાં, બુટ, મોજાં, ચોપડાં અને અંડરવેર મીપની બેગમાં અને હેન્કના મોટા ખિસ્સામાં અદશ્ય થઈ ગયાં અને સાડા અગિયારે તો એ લોકો પણ અદશ્ય થઈ ગયાં. હું તો સાવ જ થાકીને ઠૂસ થઈ ગઈ હતી. મારી આ પથારીમાં છેલ્લી રાત છે એ જાણવા છતાં પડતાંવેંત હું જે ઘસઘસાટ સૂઈ ગઈ તે બીજે દિવસે સવારે મમ્મીએ સાડા પાંચે ઉઠાડી ત્યારે ઊઠી. સારા નસીબે ત્યારે ગરમી રવિવાર જેટલી નહોતી. આખો દિવસ વરસાદ પડતો હતો. સાથે કપડાં લઈ જવાના એકમાત્ર હેતુથી અમે ઢગલોએક કપડાં ચડાવ્યાં, જાણે કે ઉત્તર ધ્રુવે જવાના હોઈએ. અમારી પરિસ્થિતિમાં કોઈ યહૂદી હાથમાં કપડાંની બેગ લઈ જવાનો તો સ્વપ્ને પણ વિચાર ન કરે. મેં બે પેટિકોટ, ત્રણ ચડ્ડીઓ, એક ડ્રેસ, એની ઉપર સ્કર્ટ, જૅકેટ, ઉનાળાનો કોટ, બે જોડી મોજાં, દોરી બાંધવાના બૂટ, ગરમ ટોપી, મફલર અને એવાં બીજાં ઘણાં કપડાં પહેર્યાં. અમે નીકળ્યાં ત્યાં સુધીમાં મને તો સખત ગભરામણ થવા માંડી હતી, પણ આ સમય અમને આ કેવું લાગે છે એ પૂછવાનો નહોતો.

માર્ગટ સાઈકલ લઈ આવી અને સ્કૂલનાં ચોપડાં ભરેલો થેલો લઈને મીપની પાછળ બેસીને મારા માટે તો કોઈ અજાણ્યા સ્થળે જવા રવાના થઈ ગઈ. કેમ કે મને તો અમારી સંતાવાની ગુપ્ત જગ્યા ક્યાં હતી એની ખબર જ નહોતી. સાડા સાતે અમે ઘર બંધ કરી નીકળ્યાં, અમારી પાછળ એક મારી બિલાડી મૂટી જ હતી, જેને મેં 'આવજો' કર્યું. એને પડોશમાં જ કોઈ પ્રેમાળ ઘર મળી રહેશે. મિ. ગાઉડસ્મિટ પર લખેલી ચિઠ્ઠીમાં પણ એટલું જ લખ્યું હતું.

રસોડામાં બિલાડી માટે લાવેલું એક પાઉન્ડ માંસ, ટેબલ પર પડેલી અસ્તવ્યસ્ત બ્રેકફાસ્ટની ચીજ-વસ્તુઓ, ઓછાડ કાઢેલી પથારીઓ બધું જ અમે ઉતાવળે ઘર છોડ્યું છે એની ચાડી ખાતાં હતાં, પણ અમને એની પરવા નહોતી. અમારે તો ત્યાંથી સુખરૂપ નીકળી જવું હતું, બીજું કશું જ જોઈતું નહોતું. હવે વધુ આવતી કાલે.

લિ. એન.

ગુરુવાર ૯મી જુલાઈ, ૧૯૪૨ :

પ્રિય કિટી,

એમ હું, મમ્મી અને પપ્પા વિવિધ વસ્તુથી ખીચોખીચ ભરેલી એક એક થેલી અને એક એક બગલથેલો લઈને વરસતા વરસાદે નીકળી પડ્યાં.

રસ્તે નોકરીએ જવા નીકળેલાં લોકો અમને સહાનુભૂતિપૂર્વક જોતાં. એમની નજરોમાં અમને લિફ્ટ ન આપી શકવાની દિલગીરી સ્પષ્ટપણે વર્તાતી હતી. અમારો ભડક પીળો તારો એનું કામ કરતો હતો.

અમે મુખ્ય રસ્તે પહોંચ્યાં ત્યારે મમ્મી-પપ્પાએ મને અમારી યોજના વિશે તૂટક તૂટક વાત કહેવાની શરૂઆત કરી. મહિનાઓથી જીવન જરૂરિયાતની શક્ય તેટલી વસ્તુઓ, ઘરવખરી, સામાન ત્યાં પહોંચતી કરી હતી. અને ૧૬મી જુલાઈ સુધીમાં તો એ જગ્યા રહેવા પૂરતી તૈયાર થઈ જવાની હતી. ત્યારે અમે પોતે યોજનાપૂર્વક સંતાઈ જવાનાં હતાં. કહેણ આવવાને કારણે ઉતાવળ કરવી પડી અને ત્યાં દસ દિવસ વહેલાં જ જવાનો વારો આવ્યો. એટલે જગ્યા એટલી વ્યવસ્થિત તૈયાર નહોતી થઈ પણ અમારે તો એમાં જ ગોઠવાવાનું હતું. અમારી ગુપ્ત જગ્યા પપ્પાના ઑફિસના મકાનમાં જ છે. કોઈ અજાણ વ્યક્તિને એ ઝટ દઈને મળી શકે એમ નથી. એની વિગતો આગળ કહીશ. પપ્પાને ત્યાં ઝાઝાં લોકો નોકરી કરતાં નહોતાં. શ્રી કુગ્લર, ક્લાઈમન મીપ, અને ત્રેવીસ વર્ષની ટાઈપિસ્ટ બેપ વોસ્કુયલ આ બધાંને અમારા આગમનની ખબર નહોતી. બેપના પિતા મિ. વોસ્ક્યુલ અને ગોદામમાં કામ કરતા બે છોકરાઓને આ વાતની જાણ નહોતી કરી.

મકાનની રચના કંઈક આવી છે. સૌથી નીચલા માળે એક વખાર છે, જેનો ઉપયોગ કોઠાર તરીકે થાય છે. મકાનનો મુખ્ય દરવાજો વખારની બાજુમાં છે, એમાંથી અંદર જાઓ એટલે બીજો દરવાજો પડે, જેમાં થઈને 'A' દાદર પાસે પહોંચાય. દાદર ચડી ઉપર જાઓ એટલે એક દરવાજો આવે, જેના દૂધિયા કાચના બારણા પર કાળા અક્ષરે 'ઑફિસ' લખેલું છે. આ છે મુખ્ય ઑફિસ, - ખૂબ મોટી, ઉજાસવાળી અને ખીચોખીચ ભરેલી. દિવસે બેપ, મીપ અને ક્લાઈમન અહીં બેસીને કામ કરે છે. તિજોરી, કપડાંનો કબાટ અને એક મોટા કબાટવાળા અંધારિયા ઓરડામાંથી પસાર થાઓ એટલે પ્રમાણમાં નાની અને અંધારી ઑફિસમાં જવાય. પહેલાં અહીં શ્રી વેન ડાન અને શ્રી કુગ્લર બેસતા. હવે ફક્ત શ્રી કુગ્લર જ એને વાપરે છે. શ્રી કુગ્લરની ઑફિસમાં જવાનો એક બીજો રસ્તો લૉબીમાંથી છે. એ માટે એક કાચનું બારણું છે જે ફક્ત અંદરથી ઊઘડે એવું છે. એને બહારથી ખોલવું સરળ નથી.

એક મોટી લૉબી કુગ્લરની ઑફિસમાંથી શરૂ થાય જે કોલસાના ભંડકિયા પર થઈને આગળ ચાર પગથિયાં ઉપર ચડીને આખા મકાનના સહુથી ભવ્ય રૂમને મળે છે. એ છે ખાનગી ઑફિસ. અહીંની દરેકે દરેક વસ્તુ અવ્વલ દરજ્જાની છે, ઘેરા રંગનું ઊંચી જાતનું ફર્નિચર, ફર્શ પર લિનોલિઅમ અને ગાલીચા, એક રેડિયો, સુંદર લૅમ્પ, બાજુમાં ગરમ પાણીના ગિઝર અને ગૅસ સાથે મોટું રસોડું છે. એની પાસે બાથરૂમ. આ થયો પહેલો માળ.

નીચેના માળને ઉપરના માળ સાથે જોડતો લૉબીમાં એક લાકડાનો દાદર 'B' છે. ઉપર જાઓ એટલે એક નાનકડી રમણા જેવી જગ્યા છે. રમણાની બંને બાજુએ સામસામાં બારણાં ખૂલે છે. ડાબા બારણેથી સ્ટોરરૂમમાં થઈને મકાનના આગલા ભાગના કોઠારમાં જવાય. ત્યાં એક એકદમ ઊભા ઢાળનો ડચ 'દાદરો' છે જે તમને સીધો નીચે રસ્તા પર ઉતારે. જમણે બારણેથી જવાય અમારા 'ગુપ્ત નિવાસ'માં. આ ભૂખરા સાદા દરવાજા પાછળ આટલા બધા ઓરડા હશે એની

(અનુસંધાન પૃ.૨૯૯)



સંમુખ સાગરમઠ-૧૩

નિર્દય અને નિર્દોષનો સંગ

—— પ્રીતિ સેનગુપ્તા ——

ગ્રીષ્મ-પ્રાસાદ જોઈને નીકળ્યાં પછી લ્હાસાના સૂના ધૂળિયા પાછલા રસ્તા પર થઈને અમારી બસ હૉટેલ તરફ જવા માંડી. મારે હજી આ ઘટનાપૂર્ણ દિવસની યાદોને રોજિંદાપણાનો બુરખો ઓઢાડી દેવો નહોતો, મારે હજી એમને જકડી રાખવી હતી હૃદયસરસી. બસને ઊભી રખાવી હું વચમાં ઊતરી ગઈ. બીજું કોઈ સાથે આવ્યું નહીં. તે ય સારું જ થયું, કારણ કે લ્હાસા સાથે એકલાં પડવાનો મને સમય મળ્યો.

આશરે જ હું ચાલવા લાગી - એ તરફ જ 'પીપલ્સ પાર્ક' તરીકે ઓળખાતું લોકાંગણ હશે, એ અનુમાન કરીને. સાંજ ખૂબ સરસ હતી, નમતો જતો તડકો વિશદ હતો, મારી તબિયત એકદમ સારી હતી, ને વાતાવરણમાં મારે માટે સુસ્પષ્ટ ઈજન જણાતું હતું.

ચીની પ્રથા અને પસંદગી પ્રમાણે આ લોકાંગણ પણ અત્યધિક વિસ્તારિત હતું. એટલું વિશાળ કે લગભગ ખાલી લાગે. થોડી જ અવરજવર હતી, ને એ સર્વે પોતપોતાનામાં તલ્લીન હતાં. છેક પાછળ આછેરાં વૃક્ષ અને શહેરનું તળાવ હતાં, ને સામેની તરફ હતી પોટાલા પ્રાસાદની ભવ્યોચ્ચ, નિતાંત સુંદર ઉપસ્થિતિ. એને ટગર ટગર જોતી હું એક નીચી સરખી પાળી પર બેઠી. ઊઠવાનું મન જ ના થાય. મારી મુશ્કેલી જ આ - જ્યાં જાઉં ત્યાં ગમી જાય, ને પગ ત્યાંથી ખસવા ઇચ્છે જ નહીં.

આખેઆખું પ્રાંગણ પથ્થરથી જડેલું હતું, ને એકદમ ચોખ્ખું. દૂર તરફ છત્રીઓ જેવું દેખાતું હતું. ત્યાં ખાવાની લારીઓ હશે, એવું લાગ્યું. ત્યાં લોકો ય હશે, પણ કોઈ ધમાલ કે ઘોંઘાટ જણાતો નહોતો. મેં જોયું કે નજીકમાં કેટલાક ધંધાદારી તસવીરકાર લાઈનસર ઊભા હતા. કૅમેરા એમના ગળામાં લટકાવેલા હતા, અને ત્રણ-પગી 'ઘોડી'ઓ પર પણ ગોઠવેલા હતા. કોઈકની પાસે તિબેટી વેશભૂષા પણ હતી. લોકાંગણમાં ફરવા આવેલાં ઘણાં યુવકયુવતીઓ શોખથી ફોટા પડાવતાં હતાં - પોટાલાને પશ્ચાદ્ભૂમાં રાખીને, કે મંડપના થાંભલાને અઢેલીને, કે તિબેટી વસ્ત્રો ધારણ કરીને. મને પણ યાદગીરીનો એક ફોટો પડાવવાની ઇચ્છા થઈ આવી. આમ, તો હું માનું કે મારા ફોટા સારા આવે જ નહીં, ને તેથી હું ખાસ પડાવું જ નહીં, પણ એ દિવસે દલાઈ લામાનાં વસ્ત્રોના રંગનાં ચંપાઈ ચુડીદાર-કુરતું પહેરીને હું ફરી હતી, ને એમના જાજ્વલ્યમાન રાજ્ય-પ્રાસાદના સાન્નિધ્યમાં હતી, તેથી લલચાઈ ગઈ!

તસવીરકારો ઊભા હતા ત્યાં જઈને એક યુવતીને મેં મારા કૅમેરા દ્વારા એક ફોટો ખેંચી આપવા વિનંતી કરી. એ બધાંએ મને જોઈ હતી ક્યારની, પણ કોઈએ કનડગત કરી નહોતી. એ લોકોએ મને ભારતીય તરીકે ઓળખી પણ હતી જ. એ યુવતી વળી ત્રણેક મહિના નેપાળમાં રહેલી, ને હિન્દીના થોડા શબ્દો શીખી હતી. એણે એ બધા વાપરીને થોડી વાત કરી, ને ખુશ થઈને ફોટો પાડી આપ્યો.



ખુશખુશાલ તિબેટી બાળકાં

હું ક્યારની જોતી હતી કે લોકાંગણમાં દેખાતાં બધાં જણ ખાસ્સાં હસતાં હતાં, ને સહજ આનંદમાં લાગતાં હતાં. મોટી ઉંમરનું કોઈ હતું જ નહીં - યુવક-યુવતીઓ જ હતાં. શું એથી જ જવાબદારી કે ચિંતાથી મુક્ત હતાં? કદાચ એ સર્વે 'હાન' જાતિનાં ચીની પ્રજાજનો હતાં - તળતિબેટી નહીં. આપણે કદાચ તરત મોઢાં પરથી ઓળખી ના શકીએ એટલે - બાકી એ હકીકત છે કે ધીરે ધીરે, વ્યવસ્થિત રીતે, ચીની સરકારે તિબેટને 'હાન' ચીનીઓથી ભરી દીધું છે. આ ચાલીસ વર્ષોમાં શત-સહસ્ર તિબેટીઓ ક્યાં તો પર્વતીય અને ગ્રામ વિસ્તારોમાં વિખેરાઈ ગયાં, ક્યાં તો ભારત તથા અન્ય દેશોમાં હિજરત કરી ગયાં. જે પાછળ રહ્યાં એ બધાંનું સત્ત્વ હણી લેવામાં આવ્યું. એમની મુક્તિ તો છિનવી જ લીધી, પણ તિબેટની આદ્ય, અંતર્નિહિત સંસ્કૃતિને સોદ્દેશ નિસ્તેજ કરવામાં આવી. ને આ પ્રક્રિયા હજી ચાલુ જ છે.

બેધારી તલવાર જેવી કૂટનીતિ અખત્યાર થઈ રહી છે. એક બાજુ ઉત્પીડન અને શિક્ષા, અને સાદાં કપડાં પહેરીને સર્વત્ર ફરતા ચીની પોલીસોની ચાંપતી નજર - એકલા લ્હાસા શહેરમાં જ સાઠ હજાર જેટલા પોલીસો ને સૈનિકો છે; તો

લ્હાસાની બહાર એક તળાવમાં યાકના ચામડામાંથી બનાવેલી હોડી



બીજી બાજુ દુન્યવી ભોગ-વિલાસ અને આનંદ-પ્રમોદની વિવિધ શક્યતાઓને સુલભ કરીને મૂકી છે. મહાધર્મસ્થાન પોટાલા પ્રાસાદની બરાબર નીચે જ ખૂબ મોટો 'ડિસ્કો' બંધાયો છે, ઠેર ઠેર દારૂના પીઠાં થયાં છે, અને આહારગૃહોના ઓઠા હેઠળ વેશ્યાગૃહો ચાલી રહ્યાં છે. એક તરફ, કેટલાક તિબેટીઓ, ચીનીઓનું જોઈને, પણ લાંચ-રૂશ્વતને આધારે, ધંધા કરતા ને પૈસા કમાતા થયા છે, તો બીજી તરફ, તિબેટીઓની ભવિષ્યની પેઢીઓ કદાચ માતૃભાષા વાંચતાં કે લખતાં શીખશે જ નહીં, કારણ કે સરકાર તિબેટની શાળાઓમાં તિબેટીને બદલે 'મૅન્ડેરિન' ચીની ભાષા દાખલ કરી રહી છે.



લ્હાસા શહેરમાં આવેલો ગૌરવાન્વિત પોટાલા પ્રાસાદ

લ્હાસાના લોકાંગણમાં દેખાતા હસતા ચહેરા જોવા ગમ્યા, પણ તિબેટની કરુણ વાસ્તવિકતા વિષે વિચારો ચાલતા રહ્યા. હોટેલ સુધી ચાલી હોત તો અડધોએક કલાક થાત. એ મુખ્ય રસ્તા પર ઘણી મિનિબસો જતીઆવતી હતી. એમાંની એકમાં હું ચડી ગઈ. કન્ડક્ટર તરીકે એક યુવતી હતી. એ બહાર ઝૂકી ઝૂકીને વધારે સવારી મેળવવા હાકલ માર્યા કરતી હતી. એના મોઢા પર સ્મિત નહોતું. એ હતી તો 'હાન' ચીની, પણ ધંધામાં પરોવાયેલી હતી ને! પછી બિન'હાન' વ્યક્તિ પાછળ શું કામ એક સ્મિત ખર્ચે?

પછીની સવારે ચા-નાસ્તો કરીને અમે લ્હાસાથી આગળ જવા નીકળ્યાં ત્યારે આકાશમાં ઘેરાં-ભૂખરાં વાદળ હતાં, પણ એ વરસી પડશે એવું લાગતું નહોતું. થોડી જ વારમાં શહેર પાછળ મૂકાઈ ગયું. ઊંચા પર્વતોની વચ્ચે બની રહેલી પહોળી ખીણનો આ વિસ્તાર હતો. ભૂમિ સાવ સપાટ છે અને કેટલી બધી લીલી! સળંગ આવતાં ખેતરોમાં ધાન લણી લેવાએલું હતું, અને કપાયેલા ઘાસના ઢગલા થયેલા હતા. ક્યાંક પત્તાંની ભાજી અને મકાઈનાં ડૂંડાં હજી ઊગી રહ્યાં હતાં, ને ક્યાંક કાદવિયાં ખાબોચિયાં હતાં. નાનકડી એક નદી નજીકમાંથી વહી ગઈ, ને ક્વચિત્ છીછરા વહેળા પસાર થયા.

રખેને કોઈ ભૂલે કે આ ફળદ્રુપ પ્રદેશ કોની સત્તામાં હતો - જાણે તેથી જ એક ચીની ફોજી થાણું બનાવવામાં આવ્યું હતું. તે પણ કેટલું મોટું - ચાર ચાર માળનાં પચીસેક મકાનો હશે. દરેક ખૂબ લાંબું પણ ખરું. એનો અર્થ એ કે એટલા બધા સૈનિકો ત્યાં વસવાટ કરી રહ્યા હતા. ત્યાં જ દેખાયાં શાળાએ જતાં બાળકો. નિર્દય અને નિર્દોષની કેવી કારમી સહોપસ્થિતિ હતી તિબેટમાં. પાકાં ચણેલાં ફોજી મકાનોની બાજુમાં હતાં ગારમાટીનાં ગ્રામજનોનાં ઘર, ને જોડાજોડ એમના નાના વાડા.

રસ્તાની જમણી તરફ સૂકા, રાખોડી પહાડો નજીક આવ્યા, ને ડાબી તરફ દૃષ્ટિગોચર થઈ બ્રહ્મપુત્ર. અહીં પણ જળથી છલછલ. એમાં ક્યારેય પાણી નહીં ખૂટવાનું. સૂરજ બહાર નીકળી આવ્યો હતો, ને લાંબા રેશમી પટકા જેવાં સફેદ વાદળ શૃંગોની આસપાસ ફરકતાં હતાં. આજે બસોસિત્તેરેક કિ.મી. બસમાં કાપવાના હતા અને ઊંચા ઘાટ ચડવાના હતા. દિવસ ચોખ્ખો રહે તે જ સારું હતું.

મહાનદ પરનાં ગામડાંમાં સવારે સવારે તો ઘણી પ્રવૃત્તિ રહેતી હતી - છોકરાં શાળા તરફ જાય, બીજાં ઘેટાં-બકરાં ચરાવવા નીકળે, મોટા બાંધેલા ઘાસના ભારા ટ્રકોમાં ચડાવવા માંડે. ઘણાં ગધેડા, ને ક્યાંક નાના ઘોડા પણ કામમાં લેવાતા. ક્યાંક વધારે પડતા કાંપથી રસ્તો ખવાઈ ગયો હતો. ધરતીના પાતળા પડવાળા ઉચ્ચ પરિસરમાં બરફ ઓગળીને પાણી ધસતું આવે, ને માટીને ઊતરડીને લેતું જાય. એ પણ ચિંતાજનક બાબત છે તિબેટમાં.

'ફ્રેન્ડશિપ બ્રિજ' વળોટ્યા પછી બ્રહ્મપુત્ર જમણા હાથે થઈ, ને રણમાં જોવા મળે એવી રેતીના ઢોળાવો ડાબે રહ્યા. એ પછી ઘણું મોટું કહેવાય એવું ગામ આવ્યું. ત્યાં તો ખૂબ ઘેટાં હતાં - ત્રણેક ટોળાં, એટલે બસોએક પ્રાણી હશે. નીચે મોઢે એ બધાં ચરવા જઈ રહ્યાં હતાં. ખેતરોમાં કપાયેલા ઘાસના પૂળા હતા - એ પણ અસંખ્ય. નાના કદની ઘણી ગાયો પણ હતી. આટલાં બધાં, ને આટલી જાતનાં, પશુ તિબેટમાં જોવા મળશે, એવો ખ્યાલ કર્યો નહોતો. વળી, કેટલાંયે ઝરણાં-ઋજુ, તેમજ ઋતુકાલિક, પરન્તુ એમને લીધે એ પ્રદેશ અત્યધિક

હરિત બનેલો હતો.

રસ્તો ઉપર ચડવા માંડ્યો, અને મહાસરિત થઈ ગઈ આંખોથી દૂર. વળી ગઈ એ પૂર્વે ભારતની દિશામાં. કાચા થયેલા માર્ગ પર અચાનક જ, અકારણ જ, ખીલી ગયેલાં 'જંગલી' સુંદર ગુલાબી ફૂલોના રુચિર વિસ્તારની પાસે એક માદીકરી બેઠેલાં. વારંવાર નકશામાં પરોવાતી મારી નજર એ ઘડીએ ત્યાં પડી તે સારું થયું, કારણ કે તરત હું એમને 'હાથ' કરી શકી. એ બંને હસી ઊઠ્યાં. એક ક્ષણિક સંધાન થયું.

નજીકના પહાડો પર ઝાંખરાંની ઝાંખી લીલી વનસ્પતિ હતી. કોઈ અજાણી નદીએ બરડ ભૂમિમાં કોતરો કોરી કાઢ્યાં હતાં. અત્યારે તો પ્રવાહ નામનો જ - કે નહીં જેવો જ હતો. બીજા કોઈ પહાડી ઝરણાએ ઘસી ઘસીને રસ્તો ખોરવી નાખેલો. આ સમયે એમાં પાણીનું ટીપું પણ નહોતું - કેવળ એનો પથરાળ લિસોટો, પણ એના ઘસારાને કારણે લાંબો, ચડતો એ વળાંક ઘણો અઘરો ને જોખમી બન્યો હતો. એક તો રસ્તો સાંકડો, ને બસ સાવ ખખડધજ, જાણે હાંફતી હાંફતી જાય. બે વાહન સામસામે પસાર પણ ના થઈ શકે, ને તેથી જ એ ભાગ એકમાર્ગી રાખવામાં આવ્યો હતો.

આકાશ વાદળથી ઘેરાઈ ગયેલું. ઊંચે ચડતાં ગયાં તેમ ધુમ્મસનાં વાદળ નજીક આવવા માંડ્યાં. ધીરે ધીરે ધુમ્મસના આવરણે દૃશ્યને ઢાંકી દીધું. સાવ નજીકના ઢોળાવો દેખાય, એમના પરની આછી લીલોતરી ચરતાં જંગલી યાક પ્રાણી પણ ક્યારેક દેખાય, પણ બાકી હવાની ભીનાશ, વાતાવરણ ધૂંધળું, પહાડી કોહરાનો પડદો, ને દુનિયા અદૃશ્ય! કદાચ આથી જ મારી આંખો સહેજ વાર મીંચાઈ ગઈ હશે, ને તેથી ખબર પણ ના પડી કે કઈ ઘડીએ ઝરમર શરૂ થઈ. અમે ૫,૦૦૦ મીટર પર હતાં. કમ્બાલા ઘાટ તરીકે ઓળખાતો એ ઉચ્ચ પથાંશ. ત્યાંથી આમ તો અત્યંત વિશાળ સરોવર - નામે યામડ્રોકત્સો - દેખાવું જોઈતું હતું. દૂર નીચે તરફ એ હતું તો ખરું, પણ ધુમ્મસ સાથે ભળી ગયેલું. નરી આંખે જરાતરા અણસાર મળે, પણ ફોટા માટે પ્રકાશ અને સ્પષ્ટતા ખૂબ ઓછાં હતાં. ઠંડી સખત થઈ ગઈ હતી, ને વરસાદ સતત પડતો હતો. તિબેટી પહાડી પ્રજાએ પથ્થરોના ઢગલા કરી ત્યાં રંગરંગીન પ્રાર્થનાધ્વજ બાંધેલા. એક પર એક પાષાણ ગોઠવી નાના સ્તૂપ બનાવેલા. વિશ્વની કેટલીક બીજી તળજાતિઓમાં પણ આ પ્રથા જોઈ છે. કઠિન સ્થાનની પ્રાણશક્તિ રક્ષા કરે એ માટે એક સ્થાનક બનાવવાનો ઇરાદો હોય છે.

આ ઊંચી, એકલવાયી, નિર્જન જગ્યાએ એક માતા નાની દીકરી અને દીકરા સાથે ઊભેલી. ધુમ્મસના ઓથારમાં એ ત્રિપુટી છાયાચિત્ર જેવી લાગતી હતી. સ્ત્રી અને બાળકીએ માથે રૂમાલ બાંધેલા, છોકરા માથે હેટ હતી. એ ઠંડી અને વરસાદની એમને પરવા નહોતી. ધારો કે હોય, તો પણ શું? આ જ હતી એમની રોજિંદી જિંદગી. અમે એમને ખાવાનું ને ચૉકલેટ આપ્યાં. દીકરાએ હથેળી ધરી - પૈસા માગતાં. ઓહ, ૫,૦૦૦ મી. પર પણ?

કમ્બાલા ઘાટની પેલી બાજુ ઊતરતાં ગયાં તેમ દૃશ્ય સ્પષ્ટ થતું ગયું. ઉપલા ઢોળાવો ઝરણાં દ્વારા કોતરાઈને ખવાઈ ગયેલા. રસ્તામાં કેટલાં તો ખાડાખાબોચિયાં ને કાદવનાં કળણ હતાં. નીચલા ઢોળાવો પર થોડી ખેતી થઈ હતી, ને એટલા ભાગ લીલચટ્ટા હતા. ત્યાં યામડ્રોક ગામ હતું. ઘેટાંનું એક મોટું ટોળું એક છોકરો સંભાળતો હતો. એણે એના બાપનો રેનકોટ પહેર્યો લાગતો હતો. હવે પણે દૂર તડકો પડતો દેખાયો.

યામડ્રોક સરોવર લાંબું લાંબું ક્યાંનું ક્યાં જાય છે! ચતુર્દિકે ગિરિવરોની અતૂટ શૃંખલા છે. અમીબા આકારના તળાવની એક પાતળી જળભૂજા પર અમે પહોંચ્યાં છીએ. સાવ નીચો ઘાટ, ખૂબ ચોખ્ખું પાણી, અને ઝીણી ઝીણી લહેરો. ઓહો, આટલા ઊંચા સ્થાને કેવું અકલ્પ્ય વિસ્તૃત, અપૂર્વ મનોહારી આ જળાશય! નીચા કાંઠે કાંઠે અમે થોડું ચાલીએ છીએ. હવા ખૂબ ઠંડી છે, પાણી એથીયે ઠંડું છે. કિનારે શેવાળ અટકેલી છે. હું આચમન નથી કરતી. એ માટે વહેતું પાણી સારું. આ સરોવર 'સ્વર્ગીય' હતું, ને સ્થગિત પણ હતું.

કમ્બાલા ગિરિમાર્ગ પર ધુમ્મસ ને વરસાદ હતાં. સરોવરની આ બાજુ હવે ઉઘાડ હતો અને રસ્તો ચીકણો, કાદવિયો નહીં, પણ સૂકો હતો - છેવટે હાશ! (ક્રમશઃ)

અનુ.] **ઍન ફ્રૅન્કની રોજનીશી** [પૃ. થી

તો કોઈ કલ્પના પણ ન કરી શકે. ત્યાં બારણા પાસે એક પગથિયું છે. એ ચડો એટલે તમે અંદર પ્રવેશો. આ પ્રવેશદ્વારથી સામે જ એક ઊભો દાદરો છે 'E'. જ્યારે ડાબી બાજુએ એક નાની પરસાળ અને પછી એક રૂમ છે, જે હવે ફ્રૅન્ક કુટુંબનાં ઊઠવા-બેસવાનો રૂમ છે. બાજુનો નાનો રૂમ તે કુટુંબની કન્યાઓ માટેનો સૂવા-ભણવાનો રૂમ. જમણી બાજુએ બારી વિનાનો વૉશબસિન સાથેનો સંડાસ-બાથરૂમ, જેનું બીજું બારણું મારા અને માર્ગટના રૂમમાં ખૂલે છે. હજી એક માળ ઉપર જઈને દરવાજો ખોલશો તો તમને આશ્ચર્ય થશે કે નહેરના કિનારા પરના આ જૂનાપુરાણા મકાનમાં આટલો મોટો અને હવાઉજાસવાળો ઓરડો પણ હોઈ શકે. અહીં ગૅસ પણ છે (એ આ ઓરડાનો એક જમાનામાં પ્રયોગશાળા તરીકે ઉપયોગ થતો હતો એને આભારી છે.) અને એક બસિન છે. હવેથી આ વૅન ડાન કુટુંબનું રસોડું, ડાઈનિંગ-રૂમ અને દીવાનખાનું છે. પાસેની નાનકડી લોબી એ પીટર વૅન ડાનનો રૂમ. નીચેના માળની જેમ અહીં પણ એક મોટું ભંડકિયું છે. આ થયો અમારા સુંદર મજાના 'ગુપ્ત નિવાસ'નો સંપૂર્ણ પરિચય.

લિ. ઍન. (ક્રમશઃ)

અનુ.। વાચકો લખે છે [પૃ.૨૭૦થી
કથા 'જગન મહેતા'માં આવી ગઈ છે; પરંતુ તેમાંથી લીધેલી નીચેની થોડી પંક્તિઓમાં, જીવનયાત્રાને છેલ્લે તબક્કે પહોંચ્યા પછીની 'જગનકાકા'ની મનોવ્યથા રજૂ થઈ છે :

'...વીતેલાં વર્ષોની કલાયાત્રાના મારગે નજર ઠેરવતા મને પશ્ચાત્તાપ કરવા જેવું કંઈ પણ જણાતું નથી. પરંતુ આજની વેરાન થતી જતી - નધણિયાતી સાંસ્કૃતિક પરિસ્થિતિમાં એક વિચાર સતાવ્યા કરે છે કે આપણા સમયની કથા કહેતી, ખાસ કરીને રાષ્ટ્રપિતા ગાંધીજીના જીવનની અગત્યની કેટલીક ક્ષણોના અમૂલ્ય દસ્તાવેજ સમી મારી અસંખ્ય છબીઓની નેગેટિવ્ઝનું ભાવિ શું? એ આપણો રાષ્ટ્રિય વારસો હોઈ કોઈ પણ સંજોગોમાં એને કોઈની વ્યક્તિગત સંપત્તિ તો કહી શકાય જ નહિ. પણ કોને છે આવી પરવા? કોણ સાચવશે એને મારા ગયા પછી?'

ગાંધીજીની અસરથી પૂરા રંગાયેલા અને આજપર્યંત ભક્તિભાવે એમના જીવનકાર્યને જ વિષયવસ્તુ બનાવી ચિત્રો બનાવતા રહેલા વયોવૃદ્ધ ચિત્રકાર જગુભાઈ શાહની અંતરવ્યથા પણ આવી જ છે. એમની અસંખ્ય કૃતિઓ ધૂળ ખાતી પડી છે. ગાંધીજીની સાથે સંકળાયેલી કોઈ પણ સંસ્થાને એ સાચવવામાં રસ નથી... સંસ્થા પાસે જગ્યા નથી. જોકે પોકળ વચનો ઘણાં મળ્યાં છે. જગુભાઈની તથા સ્વ. સોમાલાલ શાહ, છગનલાલ જાદવ, કનુ દેસાઈ, રસિકલાલ પરીખ ઈત્યાદિની કૃતિઓ એક સ્થળે સંગ્રહાય તે જરૂરી છે. - જ્યોતિ ભટ્ટ (વડોદરા)

વર્ષોથી 'કુમાર'નો ગ્રાહક, ચાહક ને વાચક છું. 'કુમાર' આવતાં જ અઠવાડિયામાં ગમતા લેખો વંચાઈ જાય. ગમતી બાબત માટે પત્ર લખવાનું મન થાય ને રહી જાય. મુનશી વિષેની લેખમાળાનું પણ એમ જ બન્યું. ખૂબ સરસ. એ પૂરી થતાં રાધેશ્યામ શર્માનું 'સૂત્રસાર' શરૂ થયું. લખાણ ટૂંકું પરંતુ બીજાં અનેક સૂત્રોથી ભરપૂર. જેમ વાંચીએ તેમ કાંઈક નવું જડે. ગહનતામાં ખેંચી જાય. 'કલ્પનાના સત્યની વાત શી' વાંચ્યું. ગમ્યું. આપેલ દાખલા પ્રમાણે રોંદાનાં શિલ્પો 'The gate of Hell' પુસ્તકમાંથી જોયાં. એ દરવાજો ક્યારેય પૂરો નહોતો થયો. તેનાં ફોર્મ્સ સ્કેચી હોઈ કલ્પનાને તક આપે છે. એમના લેખમાં કલ્પનાના સત્યની જેમ કલ્પનામાં ઊડીએ છીએ.

લેખના અંતભાગમાં લખ્યું છે 'ઉપર એક અજાણ્યા પંખીનો માળો છે, ઉપર જવાથી બચ્ચામાં ગભરાટ ફેલાશે.' એ પણ કેવી કલ્પના છે.' આવા ચિંતક-લેખકો 'કુમાર'નું ગૌરવ છે.

બેસી ગયેલા 'કુમાર'ને સક્ષમ બનાવ્યું અને 'કુમાર'નાં વાચકોને સતત ઉત્તમ કક્ષાનું વાચન પીરસો છો તે બદલ અભિનંદન. - નટુ પરીખ (ચિત્રકાર)

'કુમાર'ના માર્ચ-૨૦૦૦ ના અંકમાં પ્રાણસુખ એડિપોલો ઉપરનો શ્રી દિનકર ભોજકનો લેખ ઘણો જ સુંદર છે. આજના ટી.વી. તેમજ ફિલ્મી જમાનામાં ઘણાં ઓછાં લોકો રંગમંચના આવા મહાન કલાકારોથી પરિચિત હશે. એ જમાનામાં વિશાળ મેદની સમક્ષ માઇક વગર સંવાદો બોલવા, લાઈટિંગની આજના જેવી વિવિધતાભરી વ્યવસ્થાનો અભાવ છતાં પણ પ્રેક્ષકોને ફક્ત પોતાની નાટ્યકલાના કારણે જકડી રાખવા અને અનેક વન્સમોર મેળવવા તે આજના યુગના માનવી માટે આશ્ચર્ય સમાન રહે તો નવાઈ નહીં. નાટ્યમહર્ષિ કવિરાજ પ્રભુલાલ દ્વિવેદી મારા મામા હતા. એટલે તેમની સાથે રહેવાનો તથા જૂની રંગભૂમિનાં નાટકો જોવાનો અને કલાકારોને મળવાનો મને અવારનવાર મોકો મળતો. પ્રભુલાલ-ભાઈના પુત્ર શ્રી વિનયકાંત દ્વિવેદી અને પ્રા.બકુલ રાવલે 'એ તખ્તાનાં ગીત અનેરાં' પુસ્તકમાં રંગભૂમિનાં પ્રખ્યાત ગીતોને યોગ્ય વિવેચન સાથે સંપાદિત કરેલ છે. શ્રી દિનકર ભોજકને મારા ખાસ અભિનંદન પાઠવશો.

- જનકરાય એમ. જોશી (રાજકોટ)

'કુમાર'ના એપ્રિલ ૨૦૦૦ના અંકમાં 'વાચકો લખે છે' વિભાગમાં ભાઈ શ્રી ..નુભાઈ દવેએ શ્રી ટેનીસનની એક કવિતા ટાંકી છે. મારી દૃષ્ટિએ એમાં ભૂલો છે. તેમાં પહેલી બે લીટીઓ નીચે મુજબ હોવી જોઈએ :

There's not to question why ?
There's but to do and die.

- ચીનુભાઈ ગી. શાહ (અમદાવાદ)

'કુમાર' વાચકમિલન

'કુમાર'ના વાચકોનાં મિલન-મુલાકાત યોજાય અને પરસ્પર વિચારોની આપ-લે થાય તથા વાચક-ચળવળ ચલાવવાની દિશામાં સક્ષમ પદાર્પણ થાય એવો હેતુ બર આવે એટલે 'વાચક સંગમ' ના ઉપક્રમે **તા.૧૧ જૂન, ૨૦૦૦ ને રવિવારે** સવારે **૧૦થી ૧૨** દરમિયાન 'કુમાર વાચકમિલન'નો કાર્યક્રમ; **આ ઉપરાંત** તા.૨૮-૫-૨૦૦૦ રવિવાર સવારે ૧૦ થી ૧૨ પાક્ષિક 'નયા માર્ગ'ના તંત્રી ઈન્દ્રકુમાર જાનીના અધ્યક્ષપદે નયા માર્ગ વાચકમિલન; તા. ૪-૬-૨૦૦૦ રવિવાર સવારે ૧૦ થી ૧૨ પાક્ષિક 'ભૂમિપુત્ર'ના સંપાદક કાન્તિ શાહના અધ્યક્ષપદે ભૂમિપુત્ર વાચકમિલન; તા. ૧૮-૬-૨૦૦૦ રવિવાર સવારે ૧૦ થી ૧૨ પાક્ષિક 'નિરીક્ષક'ના તંત્રી પ્રકાશ શાહના અધ્યક્ષપદે નિરીક્ષક વાચકમિલન નીચેના સ્થળે યોજેલ છે : ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, નદી કિનારે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

- જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ (અમદાવાદ), સંયોજક : વાચક સંગમ, ટેલિફોન : ૫૪૬૧૭૬૪

આવો, શીખીએ અંગ્રેજી (33)

ધનુભાઈ મહેતા

અલંકાર : Figures of speech - ફિગર્સ ઑવ્ સ્પીચ

Paradox - પૅરડૉક્સ - વિરોધાભાસ - ઉપરછલ્લા વિરોધ દ્વારા વ્યક્ત થતું સત્ય.

A paradox is a statement which though outwardly contradictory, is perhaps really well founded. દા.ત.

There is no one so poor as a wealthy miser.

He that loseth his life shall save it.

Silence is sometimes more eloqnent than words.

Euphemism - યૂફિમિઝ્મ - અણગમતા આકરા કે કટુ શબ્દોને બદલે સૌમ્ય રોચક શબ્દોમાં માર્મિક રીતે કથન કરવામાં આવ્યું હોય તે. દા.ત.

He has fallen asleep (i.e. he is dead).

You are telling me a fairy tale. (i.e. you are telling a lie).

Pun - પન - શ્લેષ. સમાન અર્થવાળા અથવા એક શબ્દમાંથી એકાધિક અર્થો પ્રકટતા હોય એક જ પંક્તિમાં એક કરતાં વધારે અર્થની અભિવ્યક્તિ કરી રમૂજ, વિનોદ કે ગમ્મત આપે છે. આમ, શ્લેષ અલંકાર બને. દા.ત. 'વર્ષા ખરે! જીવનદાત્રી વિશ્વની.' અહીં 'જીવન'ના બે અર્થ : 'પાણી' અને 'જીવન'. સંસ્કૃત સાહિત્યમાં તો શ્લેષ અલંકારનાં વિપુલ પ્રમાણમાં ઉદાહરણો છે. ભાલણની કાદમ્બરીમાંનો 'વિમુક્તાહાર' આનો ઉત્તમ નમૂનો છે. 'વિમુક્તાહાર' બે રીતે છૂટો પાડતા જુદા જુદા અર્થ સ્ફુટ કરે. 'વિ + મુક્તાહાર' એટલે મોતીની માળાઓનો જેણે ત્યાગ કર્યો છે તે, અને 'વિમુક્ત + આહાર' એમ સંધિ છૂટી પાડીએ તો આહારનો જેણે ત્યાગ કર્યો છે તે. શ્લેષ અલંકારના સંદર્ભમાં સંસ્કૃતમાં શંકર-પાર્વતી વચ્ચેનો વિનોદી સંવાદ માણવા જેવો છે. એક વાર શંકર બહારથી આવી કુટિરદ્વાર ખટખટાવે છે એટલે અંદરથી પાર્વતી પૂછે છે, 'કસ્ત્વમ્' - તું કોણ છે? શંકર જવાબ આપે છે 'શૂલી.' શૂલી એટલે ત્રિશુળધારી અને તેનો બીજો અર્થ પેટમાં શૂળ આવતું હોય તેવો. એટલે પાર્વતી વિનોદમાં કહે છે, 'મૃગય ભિષજં' પેટમાં ચૂંક આવતી હોય તો વૈદને શોધ. એટલે શંકર કહે છે, 'નીલકંઠો, પ્રિયેહમ્' - હે પ્રિયા હું નીલકંઠ છું. આનો એક અર્થ નીલવર્ણની ડોકવાળો બીજો અર્થ મોર. બીજો અર્થ ઘટાવી પાર્વતી કહે છે, 'કેકામેકામ કુરુ' - એકાદ ટહુકો કર. એટલે શંકર કહે 'પશુપતિ' પશુઓનો સ્વામી. પાર્વતી પશુનો અર્થ 'ઢોર' ઘટાવી કહે છે, ' નૈવ દૃષ્ટ્વા વિશાણે' - તારાં શીંગડાં તો દેખાતાં નથી. એટલે શંકર કહે, 'સ્થાણુર્મુગ્ધે' 'હે મુગ્ધા', હું સ્થાણું છું. સ્થાણુ એટલે એક તો સ્થિર રહેનાર અને બીજો અર્થ 'વૃક્ષ'. બીજો અર્થ ઘટાવી પાર્વતી કહે, 'ગચ્છાટવ્યં'. તો જંગલમાં જા, કાંઈ વૃક્ષ તે બોલતું હશે! 'ન વદતિ તરુ:' એટલે છેવટે હારીને મહાદેવ પોતાની ઓળખાણ 'શંકર: સ: શિવાય' - કલ્યાણકારી તે હું શંકર છું એવી આપે છે. અને એમ વિનોદ કરતાં છેવટે પાર્વતી કુટિર-દ્વાર ઉઘાડે છે.

અંગ્રેજીમાં વ્યાખ્યા જોઈએ : A pun consists of a word in such a way that it is capable of more than one meaning, the object to produce a ludicrous - લ્યુડિક્રસ - રમૂજભરી effect.

Is life worth living? It depends upon a liver. Liver ના બે અર્થ - એક 'જીવનાર.' બીજો 'યકૃત'. અંગ્રેજીમાં G.B. Shawના વક્તવ્યના તો આવા અનેક ઉદાહરણો ટાંકવામાં આવે છે. તે જ્ઞાન સાથે ગમ્મત પણ આપે છે. સંસ્કૃત અને અંગ્રેજીમાંથી જાતે અભ્યાસ કરી શ્લેષ અલંકારની પંક્તિઓ મેળવી તમારી રોજનીશીમાં નોંધજો. આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય. માટે અહીં તો આટલું જ પર્યાપ્ત.

Alliteration - ઍલિટરેશન - વર્ણસગાઈ. એકનો એક વર્ણ વારંવાર આવતો હોય તેવું વાક્ય.

સુહાગી સૃષ્ટિની સમદ શિવ સૌન્દર્યલહરી.

નચાવી નેત્રોને મુજ નહિ શકી, વા નવ હરી. અહીં 'સ' અને 'ન' વર્ણ કેટલી વાર પુનરુક્ત થયો છે તે જુઓ. અંગ્રેજીમાં તેને આમ સ્પષ્ટ કરીએ - This consists in the repetition of the same sound or syllable at the beginning of two or more words. દા.ત. Glittering through the gloomy glades.

A load of learning lumbering in his head.

An Austrian army awfully arrayed.

Onomatopoeia આ શબ્દનો ઉચ્ચાર ત્રણ રીતે થાય છે. અનોમટપીઆ અથવા ઑનમૅટપીઆ - અર્થાનુકારી કે રવાનુકારી અલંકાર - શબ્દોનો ઉચ્ચાર જ અર્થનું સૂચન કરે તે અલંકાર. જેમ કે, 'ફરહર ફરહર વાયુ વાયા'. The sound of the word suggests the sense. જેમ કે doves are cooing, bees buzzing and cattle lowing. બીજી એક પંક્તિ જોઈએ : With gun, drum, trumpet blunderbuss and thunder.

(૪) શબ્દ ઉપર આધારિત અલંકાર - Figures based on association of words.

Matonymy - મેટોનમી - અજહલ્લાક્ષણા અલંકાર કોઈ વ્યક્તિ કે વસ્તુ માટે તેની સાથે સંકળાયેલ શબ્દ વપરાયો

હોય પણ તેનો અર્થ તે સંદર્ભમાં બીજી રીતે સમજવાનો હોય છે. અજહલ્લક્ષણા નો અર્થ સાર્થ ગુજરાતી શબ્દકોશ પ્રમાણે - અજહતી લક્ષણ જ્યાં મૂળ અર્થ અથવા વાચ્યાર્થનો ત્યાગ થતો નથી અને બીજા અર્થનો બોધ થાય છે તે. (કા.શા.) ઉદાહરણ - 'બંદૂક જોઈ બધા ભાગ્યા' દા.ત. કોઈ સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો હોય અને તે પુત્ર છે કે પુત્રી તે જાણવા માટે આપણે આમ પૂછીએ 'ચોટલી' કે 'ચોટલો' 'Razor' કે 'Lip-stick' In metonymy an object is designated by the name of something which is generally associated with it.

કેટલાક જાણીતા નમૂના -

The crown for the king; Bluejackets for sailors; Red-Coats, for British soldiers; The bench, for the judges. દા.ત. You must address the chair, (i.e. the chairaman.) From the cradle to the grave i.e. from infancy to death)

Synecdoche - સિનેકડોકિ - લક્ષણા અલંકાર. પૂર્ણ માટે અંશ કે અંશ માટે ભાગનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય ત્યારે લક્ષણા અલંકાર બને. 'સમગ્ર' માટે 'ભાગ' કે 'ભાગ' માટે 'સમગ્ર'નો ઉલ્લેખ. In synecdoche a part is used to designat the whole or the whole for the part. જેમ કે - ભારતે ક્રિકેટમાં પાકિસ્તાનને હરાવ્યું. અંગ્રેજીમાં દા.ત.

- Oh God, give my bread.

Un easy lies the head that wears the crown.

All the best brains in Europe could not solve the problem.

A fleet of fifty sal left the harbour.

(૫) શબ્દોની રચના પર આધારિત અલંકાર (based on construction of words)

Hyperbole - હાઈપરબલિ - અતિશયોક્તિ. આ અલંકારને exaggeration - ઇગ્ઝેજરેશન કે એગ્ઝેજરેશન પણ કહેવામાં આવે છે. આ અલંકારમાં ઉપમેયના ગુણ-અવગુણની અતિશયતા દર્શાવવામાં આવે છે. જેમ કે, દુનિયાની બધી પવિત્ર નદીઓનાં જળ તેના આ પાપને ધોઈ શકે નહિ.

Here a statement is made emphatic by over statement. જેમ કે - Why, man, if the river were dry, I am able to fill it with tears.

I loved Ophelia; forty thousand brothers could not with all their quantity of love make up the sum.

All the perfumes of Arabia will not seeten this little hand.

They were swifter than eagles and stronger than lions.

Climax - ક્લાઈમેક્સ - પરાકાષ્ઠા. તેને સારાલંકાર કે આરોહ પણ કહેવાય. મૂળ ગ્રીક શબ્દ છે - Klimax - એટલે કે a ladder - લેડર - નિસરણી. વાત ક્રમશઃ ઊંચી ચઢતી ચઢતી ટોચે પહોંચી જાય છે એટલે કે તેની પરાકાષ્ઠા આવી જાય છે. ઊંચે ચઢે છે એટલે આરોહ જેમ કે - તે આવ્યો, જોયું, સંઘર્ષ કર્યો અને સિદ્ધિના સિંહાસન પર ચઢી બેઠો. Climax is the arrangement of a series of ideas in the order of increasing importance. અંગ્રેજી નમૂના શેક્સપિયરના 'જૂલિઅટ સીઝર' નાટકમાં બ્રૂટસના શબ્દો જુઓ - Ceaser loved me I weep for him; as he was fortunale.

I rejoice at it, as he was valiant, I honour him, as he was ambitious. I slew him simple errect austere sublime.

What a piece of work is man. How noble in reason how infinite in faculties! In action how like an anged! In apprehsion how like a god. I laugh, I run I leap, I sing, I dance for joy.

Anticlimax - એન્ટિક્લાઈમેક્સ - અવરોહ અલંકાર. અંગ્રેજીમાં તેનો પર્યાય 'bathos' બેથોસ અથવા બાથોસ. ઉદાત્ત વિષય પરથી હલકી કોટિના વિષય પર નીચે ઊતરવું. ક્લાઈમેક્સ કરતાં અહીં ઊલટો ક્રમ છે. ક્લાઈમેક્સ એટલે તળિયેથી ટોચે જનાર, એન્ટિક્લાઈમેક્સ એટલે ટોચથી તળિયે. It is just the opposite of climax - a sudden decent from higher to lower. It is chiefly used for the purpose of satire to ridicule. દા.ત. ગંગા સ્વર્ગમાંથી શંકરની જટામાં, પછી હિમગિરિ પર, પછી તેનાં શૃંગો અને કંદરાઓમાંથી ધૂળભર્યા સપાટ મેદાનોમાંથી વહેતી છેવટે ખારા ઊસ જેવા સાગરમાં. કેવું અને કેટલું પતન! ખરેખર ભર્તૃહરિએ યથાર્થ જ કહ્યું છે :

'વિવેકભ્રષ્ટાનામ ભવતિ વિનિપાતઃ શતમુખઃ'

અંગ્રેજીમાં થોડાક નમૂના - He lost his wife, his daughter, his sons and his watch on the same day.

Here, thou great Anna! whom three realms obey.

Dost sometimes counse take and sometimes tea.


A man so various, that he seemed to be.

Not one but all mankind's epitome. Who in the course of one revolving moon.

Was lawyer, statesman, fiddler and buffon (dryden)

અહીં મોટા ભાગના અલંકારોને આવરી લેવામાં આવ્યા છે. ભાષામાં અલંકારો આછા, ઓછા અને ઔચિત્યપૂર્ણ હોય તો ભાવ અને અર્થને શણગારે છે, પણ ભાવ અને અર્થ પર તે પરાણે લાદવામાં આવ્યા હોય તો તે અલંકાર નહિ પણ કેવળ ઠઠારો જ બની રહે છે. (ક્રમશઃ)

'કુમાર'ના ત્રણ વર્ષના નવા ગ્રાહકો માટે 'ગુજરાતમાં કલાનાં પગરણ' ભેટ-પુસ્તક યોજના હાલ પૂરી થઈ ગઈ છે. ગ્રાહકોએ તેની નોંધ લેવા વિનતિ છે.



પ્રફુલ્લ એ. પરીખ

[ગતાંકથી ચાલુ]

અધિક અને ક્ષય માસ

અંગ્રેજી મહિના અને તારીખ ઉપરથી આપણે ચોક્કસ ઋતુ (સાયન સૂર્ય) કહી શકીએ છીએ પણ ચંદ્રની કળા કહી શકતા નથી. ઈસ્લામિક મહિના અને તારીખ ઉપરથી તિથિ પેઠે ચંદ્રની કળા કહી શકીએ છીએ પણ ઋતુ કહી શકતા નથી. અંગ્રેજી કેલેન્ડર સૌર કેલેન્ડર છે જ્યારે ઈસ્લામિક પંચાંગ ચાંદ્ર પંચાંગ છે. જેથી આ ઊણપ રહે છે. ભારતીય પંચાંગ આ બંનેનું સમન્વય સાધતું ચાંદ્ર-સૌર (Luni-Solar) પંચાંગ છે અને ઋતુઓ સાથે એનું સાહચર્ય જળવાઈ રહે તે માટે દર ૩૨/૩૩ મહિનાના સમયગાળામાં એક દિવસ માસ (Intercalary Month) ઉમેરી સૌરવર્ષ સાથે એનો મેળ મેળવી લેવાય છે.

ભારતીય પંચાંગના મહિના અને તિથિ પરથી આપણે ઉપરની ઊણપ ટાળવા ઉપરાંત બીજી કેટલીક બાબતો પણ જાણી શકીએ છીએ. જેમ કે શ્રાવણ માસ ઉપરથી આપણને જણાય કે શ્રવણ નામના તારાઓની પાસે ચંદ્ર આ માસની પૂનમે આવશે વગેરે.

અંગ્રેજી વર્ષ ૩૬૫.૨૪૨૨ દિવસનું સૌરવર્ષ છે પણ ગમતરીમાં ૩૬૫ દિવસ જ લેવાય છે. બાકી વધતા .૨૪૨૨ દિવસનો મેળ મેળવવા દર ચોથા વર્ષે અને સૈકાના ૪૦૦ વડે ભાગી શકાય તેવાં વર્ષોમાં ફેબ્રુઆરી મહિનામાં એક વધારાનો દિવસ ઉમેરી મેળ મેળવવામાં આવે છે. અને 'લીપયર' નામે ઓળખાતી આ વ્યવસ્થાથી સૌરવર્ષ સાથે તેનો ફરક માત્ર .૨૬ સેકન્ડ જેટલો વર્ષમાં રહેવા પામ્યો છે જે નગણ્ય ગણાય.

ઈસ્લામિક મહિનો એક નવા ચંદ્રદર્શનથી બીજા નવા ચંદ્રદર્શન સુધી ગણાતાં હોવાથી ચંદ્રદર્શનને બીજે દિવસે નવા મહિનાની પહેલી તારીખ ગણાય છે. તેથી ઈસ્લામિક મહિનાની લંબાઈ ભારતીય મહિના જેટલી જ છે. ઈસ્લામિક વર્ષમાં અધિક માસ ઉમેરવામાં આવતો નથી. આથી તેના મહિનાઓ વર્ષે લગભગ ૧૧ દિવસ જેટલા પાછા હટતા જાય છે અને આ તફાવતને લઈને ઋતુઓ દર ત્રણ વર્ષે એક મહિના જેટલી મોડી આવે છે. ઋતુઓ આથી લગભગ ૩૩ વર્ષના ગાળામાં દરેક મહિનામાં આવી જાય છે. તાજિયા-મહોરમ અને રમઝાન શિયાળા, ઉનાળા તેમજ ચોમાસામાં પણ આ કારણને લઈને આવે છે.

બીજા અન્ય દેશોમાં જ્યાં ફક્ત ચાંદ્ર પંચાંગ ઉપયોગમાં લેવાય છે ત્યાં ૧૯ વર્ષીય ચાંદ્ર-ચક્ર (19 year cycle) દરમિયાન દર ૩૨ યા ૩૩ મહિના ગાળે એક અધિક માસ, એવા સાત અધિક માસ નિશ્ચિત સમયે ઉમેરી લેવાય છે. જેથી એમના પંચાંગનો સમયગાળો ૧૯ સૌરવર્ષ જેટલો થઈ રહે.

ઉપરની પરિસ્થિતિ નિવારવા માટે ભારતીય ખગોળવેત્તાઓએ ૧૯ વર્ષીય ચક્ર જેવી યાંત્રિક પદ્ધતિને બદલે સૂર્યસંક્રાંતિ જેવી કુદરતી-ખગોળીય ઘટનાનો આધાર લઈ અધિક માસ ઉમેરવાની પોતાની આગવી અને સરળ પદ્ધતિ વિકસાવી છે.

ભારતીય પંચાંગમાં ૩૦ તિથિઓ પરથી ચંદ્રની કળા જાણી શકાય છે. પણ મહિનાઓ ઋતુઓને શી રીતે સાચવે છે તે સમજવું જરા અટપટું છે.

અગાઉ આપણે જોયું કે, ચાંદ્રવર્ષ સૌરવર્ષ કરતાં લગભગ ૧૦.૮૮ દિવસ જેટલું ટૂંકું છે. આ તફાવત ૨૯.૫૩ એટલે કે એક ચાંદ્રમાસ જેટલો ક્યારે થશે? બીજી રીતે કહીએ તો ૧૦.૮૮ દિવસનો ફરક ૧૨ ચાંદ્રમાસમાં આવે તો ૨૯.૫૩ દિવસનો ફરક કેટલા ચાંદ્રમાસમાં થશે? ૨૯.૫૩ x ૧૨
૧૦.૮૮ = ૩૨.૫૭ ચાંદ્રમાસ

આનો અર્થ એ થયો કે દર ૩૨ કે ૩૩ ચાંદ્રમાસ પછી એક ચાંદ્રમાસ ઉમેરવાથી ઋતુઓ સાથે ચાંદ્રમાસનો મેળ મળી રહે. આ ઉમેરેલા માસને 'અધિકમાસ' કહેવામાં આવે છે. અંગ્રેજી કેલેન્ડરની 'લીપયર' જેવી જ આ વ્યવસ્થા છે. આ બાબત વિશે વધુ વિચારીએ.

સૂર્ય એનું આકાશી ચક્કર એક વર્ષમાં પૂરું કરે છે. એ ચક્રની ૧૨ રાશિઓ ૩૦° અંશની છે. સૂર્ય ૩૦° અંશ ચાલે એટલે એક માસ પૂરો થઈ બીજો માસ શરૂ થાય છે. સૂર્યના આ એક રાશિમાંથી બીજી રાશિમાં થતા પ્રવેશને સૂર્યસંક્રાંતિ કહેવાય છે. આ માસ સૌરમાસ યા સંક્રાંતિમાસ પણ કહેવાય છે. આ માસનો સમયગાળો બધી રાશિઓ માટે એકસરખો નથી એ કારણે સૂર્યના બધા સૌરમાસ પણ એકસરખી લંબાઈના નથી. સૂર્યના માસની લંબાઈ ૨૯.૪૫ /૨૯દિ. ૧૦ક. ૩૮.૬ મિ.થી માંડી / ૩૧.૪૫ ૩૧ દિ. ૧૦ક. ૫૪.૬ મિ. સુધીની હોય છે.

ભારતીય ચાંદ્રમાસ માટેનો એક નિયમ એવો છે કે જે માસમાં સૂર્ય-સંક્રાંતિ-સૂર્યનો રાશિ પ્રવેશ થાય તે માસને જ ચાંદ્રમાસનું નામ મળે અગર કોઈ ચાંદ્રમાસમાં સૂર્ય સંક્રાંતિ ન થાય તો તે માસ નામ વગરનો યા અધિકમાસ ગણાય છે. અધિક માસને મલમાસ અગર પુરુષોત્તમ માસ પણ કહેવાય છે. અધિક માસમાં જન્મ-મરણ અંગેની અનિવાર્ય ધાર્મિક ક્રિયાઓ સિવાય અન્ય ધાર્મિક વિધિવિધાનો, શુભકાર્યો વગેરે

કરવાનો નિષેધ મનાયો છે. અધિક માસ લગભગ ૩૨ મહિના ૧૭ દિવસનો સમય વીતે એટલે કે ૩૨ ૧/૨ કે ૩૩ મહિના પછી આવે છે. જેથી ૩૨.૫૭ માસનું જ સરાસરી અંતર આવે. આમ છતાં સ્પષ્ટમાનથી એક અધિકમાસથી બીજા અધિકમાસની વચ્ચે ઓછામાં ઓછું અંતર ૨૭ મહિના અને વધારેમાં વધારે ૩૫ મહિના હોય છે.

ટૂંકમાં જ્યારે એક સૌરમાસ એક ચાંદ્રમાસને પૂરેપૂરો આવરી લે એટલે કે એક સૌરમાસમાં બે અમાવાસ્યાની ક્ષણ આવે - એક સૌર માસની શરૂઆતમાં અને બીજી તેના અંતમાં - તો આમાંની પ્રથમ અમાવાસ્યાથી શરૂ થતો ચાંદ્રમાસ અધિક માસ ગણાય છે. અને બીજી અમાવાસ્યાથી શરૂ થતો ચાંદ્રમાસ નિયમિત અથવા શુદ્ધ યા નિજી માસ ગણાય છે. આ રીતે બે ચાંદ્રમાસને એક જ સૌરમાસનું નામ મળે છે.

ક્ષયમાસ

ક્યારેક ઉપર જણાવ્યાથી ઊલટું બનવાનો પણ સંભવ છે. સૂર્ય વડે બનતો ટૂંકામાં ટૂંકો માસ (૨૯ દિ. ૧૦ક. ૩૮.૬ મિ.) સરેરાશ ચાંદ્રમાસ કરતાં પણ ટૂંકો છે. એ કારણે કોઈ ચાંદ્રમાસના પડવાને દિવસે સૂર્યસંક્રાંતિ થયા બાદ તે જ માસની અમાસે યા સહેજ વહેલી પણ સૂર્યસંક્રાંતિ થઈ જાય. આમ થતાં તે ચાંદ્રમાસમાં બે સંક્રાંતિ થાય જેથી તેને બે નામ આપવાં પડે પણ તે શક્ય નથી. એટલે એક માસ છોડી દેવો પડે. આ રીતે છોડી દેવાતા માસને 'ક્ષય' માસ કહેવામાં આવે છે. ટૂંકમાં એક ચાંદ્રમાસ એક સૌરમાસને પૂરેપૂરો આવરી લે અને તે સૌરમાસમાં એક પણ અમાવાસ્યા ન આવે તેવા ચાંદ્રમાસને 'ક્ષય' માસ કહેવામાં આવે છે.

જે ચાંદ્રમાસમાં ક્ષય માસ આવે તે સમયગાળામાં બે અધિક માસ આવે છે એક તેની પહેલાં અને બીજો તેના પછી. એકને અધિક માસ અને બીજાને નિયમિત માસ કહેવામાં આવે છે. આમ થવાથી ચાંદ્રવર્ષના ૧૨ માસ થઈ રહે છે.

ક્ષય માસ લાંબે ગાળે વહેલામાં વહેલો ૧૯ વર્ષે અને મોડામાં મોડો ૧૪૧ વર્ષે આવે છે. ક્વચિત્ ૪૬, ૬૪, ૭૬ તથા ૧૨૨ અથવા ૨૨૫ વર્ષના અંતરે પણ આવે છે.

કાર્તિક માસ ક્વચિત્ ક્ષયમાસ તરીકે આવે છે. જ્યારે માગશર, પોષ અને મહા મહિનાઓમાં ઘણું કરીને ક્ષય માસ આવે છે. એ સિવાયના અન્ય મહિનાઓમાં અધિક માસ આવે છે. જો કે તેમાં જેઠ, અષાઢ અને શ્રાવણ મહિના વધુ આવે છે.

ભારતીય સંવત્સરો

કોઈ પણ પ્રસંગની નક્કી તારીખ આપણે આપવી હોય ત્યારે સામાન્ય રીતે અઠવાડિક વાર, માસનો દિનાંક, માસનું નામ વગેરે આપવા ઉપરાંત સામાન્ય વપરાશના સંવત્સરનું ચાલુ વર્ષ પણ કહેવું જરૂરી બને છે. જેમ કે, રવિવાર તા. ૩૧મી ઑક્ટોબર, ૧૯૯૯. આમ કરવાથી સમયગણના વિધિનો નિષ્ણાત ખગોળવેત્તા તે પ્રસંગને સમયના અક્ષ ઉપર યોગ્ય સ્થાને ગોઠવી શકે.

સંવત્સરો પંચાંગની ગણતરીમાં લેવાતા દિવસો, મહિના કે વર્ષની સાથે સીધો સંબંધ ધરાવતા નથી. આમ છતાં એ પંચાંગનું એક મહત્ત્વનું અંગ છે, જેનાથી ઉપર જણાવ્યું તેમ ભૂત, વર્તમાન અને ભવિષ્યનો ક્રમબદ્ધ ઇતિહાસ જાળવી શકાય છે અને તે ખૂબ જ જરૂરી છે.

કેટલાક સંવત્સરો રાજ્યો-સામ્રાજ્યો કે પછી ધર્મસંસ્થાપકોના નામ ઉપરથી ચાલુ થયા હતા. રાજ્ય જોડે સંકળાયેલા સંવત્સરો રાજાના અવસાન બાદ કે સામ્રાજ્યના પતન પછી કાં તો તે ચલણમાંથી સમૂળગા નીકળી જવા પામ્યા હતા કે પછી એમનું ચલણ ખૂબ મર્યાદિત થઈ ગયું હતું. જેવાં કે ગુપ્ત સંવત, હર્ષ સંવત વગેરે.

ભારત એક વિશાળ પ્રાચીન દેશ છે, જેમાં સમયાંતરે વિદ્વાન ખગોળશાસ્ત્રીઓ થઈ ગયા, ઘણી રાજ્યસત્તાઓ, સામ્રાજ્યો સ્થપાયાં અને તેને લઈને કેટલાક સંવતો ચાલુ થયા જેમાંથી કાળાંતરે કેટલાક ચલણમાંથી નાબૂદ થઈ ગયા તો કેટલાક ભારતભરમાં ચાલુ રહ્યા કે અમુક પ્રદેશ પૂરતા મર્યાદિત રહ્યા.

ભારતમાં લગભગ ૩૦ જેટલા સંવત્સરો હાલ વપરાશમાં છે. આપણે અહીં કેટલાક મહત્ત્વના સંવત્સરો વિશે જોઈએ. કોષ્ટકમાં (પૃ.૩૦૫) તેમની વિગત, તેમનો ગ્રેગોરીઅન (અંગ્રેજી) કેલેન્ડર સાથે સંબંધ તથા કયા પ્રદેશમાં વપરાશમાં છે તે દર્શાવ્યું છે. આમાં બુદ્ધનિર્વાણ (ઈ.પૂ. ૫૪૪), મહાવીર-નિર્વાણ (ઈ.પૂ. ૫૨૭), ફસલી ૧ અને ફસલી ૨ (ઈ.સ. ૧૩૬૨ અને ઈ.સ. ૧૩૬૪) અને ઝોરાસ્ટ્રીઅન (ઈ.સ. ૬૩૦) સંવત્સરોનો ઉપયોગ ખૂબ મર્યાદિત નાના ધાર્મિક વર્ગને લગતો હોઈ બતાવવામાં આવ્યા નથી.

વિક્રમ સંવત ઘણું કરીને ઉત્તર ભારત જ્યાં પૂર્ણિમાંત ચાંદ્રસૌર પંચાંગ વપરાશમાં છે ત્યાં પ્રચલિત છે. સિવાય કે ગુજરાત જ્યાં અમાન્ત ચાંદ્રસૌર પંચાંગ વધુ પ્રચલિત છે. શક સંવત સારાયે દક્ષિણ ભારતમાં અને મહારાષ્ટ્રમાં જ્યાં અમાન્ત ચાંદ્રસૌર પંચાંગ વપરાય છે. ત્યાં તે પ્રાદેશિક સંવતોવાળા સૌર પંચાંગો જે ઘણું કરીને ભારતભરમાં વપરાય છે તેની સાથે વપરાય છે.

કળિયુગનો સંવત કોઈ રાજા કે ધર્મસંસ્થાપક સાથે જોડાયેલો ન હોવાથી તે તદ્દન અનોખો છે. કોઈ ચોક્કસ ખગોળીય ઘટના જે વેળા બધા જ ગ્રહોનાં મધ્યમાન સ્થાન હિન્દુ ખગોળકના આરંભ બિંદુએ યુતિમાં હતાં તે તથા બીજી અન્ય ઘટનાઓનો આધાર લઈ તેનો પ્રારંભ ઈ.પૂ.૩૧૦૧ યા ૩૧૦૨ મૂકવામાં આવે છે. આર્યભટ્ટની માન્યતા પ્રમાણે કળિયુગનો પ્રારંભ ઈ.પૂ. ૩૧૦૨ના ફેબ્રુઆરીની ૧૭મી તારીખે ઉજ્જૈનની મધ્યરાત્રિએ થયો હતો અગર લંકા (ઉજ્જૈનના રેખાંશ ઉપર વિષુવવૃત્ત ઉપર આવેલા સ્થાન)ના સૂર્યોદય સમયે એટલે કે ઈ.પૂ. ૩૧૦૨ના ફેબ્રુઆરીની ૧૮મીએ મધ્યમાન સૂર્યોદય સમયે થયો હતો.

પ્રાચીન ખગોળવેત્તાઓએ આ પ્રારંભકાળ માન્ય રાખ્યો હતો. અને હાલના પંચાંગોમાં પણ આજ કાળ દર્શાવવામાં આવે છે.

ઉપરની ગણતરીના આધારે કળિયુગનું ૫૧૦૦મું વર્ષ એપ્રિલ ૧૬, ૧૯૯૯ના રોજ શરૂ થયું હતું.

ભારતમાં વપરાતા સંવત્સરો

ક્રમ	સંવત્સરનું નામ	ગ્રેગોરીઅન (અંગ્રેજી) કેલેન્ડર સાથે સરખામણી	કયા પ્રદેશમાં વપરાય છે.
	સૌરસંવત્સરો		
૧	કળિ	ઈ.સ. વર્ષ + ૩૧૦૧ મધ્ય એપ્રિલથી ડિસેમ્બર ઈસ્વીસન વર્ષ + ૩૧૦૦ જાન્યુઆરીથી મધ્ય એપ્રિલ	બધાં જ સૌર અને ચાંદ્ર પંચાંગોમાં દર્શાવાય છે.
૨	શક (રાષ્ટ્રિય પંચાંગ)	ઈ.સ.૭૮, ૨૨ માર્ચથી ડિસેમ્બર ઈ.સ.૭૯, જાન્યુઆરીથી ૨૧મી માર્ચ	ભારત સરકારે ૧૯૫૭માં અમલમાં આણેલા રાષ્ટ્રિય કેલેન્ડરમાં
૩	શક (પ્રચલિત)	ઈ.સ.૭૮ મધ્ય એપ્રિલથી ડિસેમ્બર ઈ.સ.૭૯, જાન્યુઆરીથી મધ્ય એપ્રિલ	તામિલનાડુ, ઓરિસ્સા, પંજાબ પૂરક સંવત તરીકે બંગાળ, આસામ, ત્રિપુરા જ્યાં બંગાળી સંવત વપરાય છે.
૪	બંગાળી સન	ઈ.સ.૫૯૩ વર્ષ મધ્ય એપ્રિલથી ડિસેમ્બર ઈ.સ. ૫૯૪ વર્ષ જાન્યુઆરીથી મધ્ય એપ્રિલ	પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરા
૫	કોલ્લમ	ઈ.સ.૮૨૪ મધ્ય ઓગસ્ટથી ડિસેમ્બર ઈ.સ.૮૨૫ જાન્યુઆરીથી મધ્ય ઓગસ્ટ	કન્યાદિથી ઉત્તર મલબાહ. કેરાલા સિંહાદિ દક્ષિણ મલબાર, કેરાલા
	ચાંદ્રસૌર સંવત્સરો		
૬	શાલિવાહન શક	ઈ.સ.૬૮ માર્ચ એપ્રિલથી ડિસેમ્બર ઈ.સ.૭૯ જાન્યુઆરીથી માર્ચ/એપ્રિલ	મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને કર્ણાટક
૭	વિક્રમ સંવત (ચૈત્રાદિ)	ઈ.સ.– ૫૭ માર્ચ/એપ્રિલથી ઈ.સ. +૫૬ જાન્યુઆરીથી માર્ચ/એપ્રિલ	ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન ઉત્તર-પશ્ચિમ ભારત
૮	વિક્રમ સંવત (કાર્તિકાદિ)	ઈ.સ.+૫૭ ઓક્ટોબર/ નવેમ્બરથી ડિસેમ્બર ઈ.સ.+૫૬ જાન્યુઆરીથી ઓક્ટોબર/નવેમ્બર	ગુજરાત અને રાજસ્થાનના કેટલાક ભાગ
૯	વિક્રમ સંવત (અષાઢી)	ઈ.સ.+૫૭ જૂન/જુલાઈથી ડિસેમ્બર ઈ.સ.+૫૬ જાન્યુઆરીથી જૂન/જુલાઈ	કચ્છ અને સૌરાષ્ટ્રનો કેટલોક ભાગ

ભારતીય પદ્ધતિ પ્રમાણે દિવસના ભાગ

ભારતીય પંચાંગની જૂની પદ્ધતિ પ્રમાણે સામાન્ય ઉપયોગ તેમજ તહેવારોની ઉજવણી માટે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના દિવસનો સમય નીચે પ્રમાણે ગણાતો :

૧ દિવસ	= ૬૦ ઘડી	= આશરે ૨૪ કલાક
૧ ઘડી	= ૬૦ પળ	= આશરે ૨૪ મિનિટ
૧ પળ	= ૬૦ વિપળ	= આશરે ૨૪ સેકન્ડ
૧ વિપળ	=	= આશરે ૦.૪ સેકન્ડ
૧૫ મુહૂર્ત	=	= ૧ દિવસ (સૂર્યોદય-સૂર્યાસ્ત)
૧૫ મુહૂર્ત	=	= ૧ રાત્રિ (સૂર્યાસ્ત-સૂર્યોદય)
૧ મુહૂર્ત	= ૨ ઘડી	= ૪૮ મિનિટ
૧ પ્રહર	=	= ૩ કલાક
૮ પ્રહર	=	= ૨૪ કલાક

પૌરાણિક કાળગણના

દિવ્યવર્ષ, યુગ, કલ્પ અને મન્વંતર

આપણે જાણીએ છીએ કે સૂર્યનું છ માસ પર્યંત ઉત્તર દિશા તરફ અયન થાય છે એને આપણે ઉત્તરાયણનો સમય કહીએ છીએ. અને એ છ મહિના દેવોનો દિવસ મનાય છે. એ જ રીતે છ માસ સુધીનું સૂર્યનું દક્ષિણ દિશા તરફ અયન થાય છે જે દક્ષિણાયન કહેવાય છે. આ દક્ષિણાયનના છ માસ દેવોની રાત્રિ મનાય છે. એ ગણતરીથી આપણું એક માનવ વર્ષ દેવોનો એક દિવ્ય અહોરાત્ર મનાય છે. એવા ૩૬૦ દિવ્ય અહોરાત્ર મનાય છે. એવા ૩૬૦ દિવ્ય અહોરાત્રનું એક દિવ્ય વર્ષ ગણાય છે. તેથી આગળની સમય-ગણતરી યુગો અને કલ્પોમાં કરવામાં આવે છે, જે નીચે દર્શાવવામાં આવી છે :

૧ કલિયુગ	= ૧૨૦૦ દિવ્યવર્ષ	= ૪,૩૨,૦૦૦	માનવવર્ષ
૧ દ્વાપરયુગ	= ૨૪૦૦ દિવ્યવર્ષ	= ૮,૬૪,૦૦૦	માનવવર્ષ
૧ ત્રેતાયુગ	= ૩૬૦૦ દિવ્યવર્ષ	= ૧૨,૯૬,૦૦૦	માનવવર્ષ
૧ સત્યયુગ	= ૪૮૦૦ દિવ્યવર્ષ	= ૧૭,૨૮,૦૦૦	માનવવર્ષ
૧ મહાયુગ	=૧૨૦૦૦ દિવ્યવર્ષ	= ૪૩,૨૦,૦૦૦	માનવવર્ષ

૧૦૦૦ મહાયુગ = ૧,૨૦.૦૦.૦૦૦ દિવ્યવર્ષ -
૪૩૨,૦૦,૦૦,૦૦૦ માનવવર્ષ

એક કલ્પના સમયને 'પરાર્ધ' અને બે કલ્પના સમયને 'પર' કહેવામાં આવે છે.

ઉપરના કોષ્ટક પરથી જણાશે કે કલિયુગની સરખામણીએ દ્વાપર બમણો, ત્રેતાયુગ ત્રણ ગણો અને સતયુગ ચારગણો લાંબો હોય છે. આ યુગો સૃષ્ટિના કાળમાન પ્રમાણે ઊલટા ક્રમમાં પ્રવર્તે છે. પ્રથમ સતયુગ શરૂ થાય છે. અને ત્યાર પછી ક્રમશઃ ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ પ્રવર્તે છે. ચારેય યુગોનું એક ચક્ર પૂરું થાય ત્યારે એક મહાયુગ (ચતુર્યુગ) સમાપ્ત થયો મનાય છે. એવા એક હજાર મહાયુગ સમાપ્ત થાય ત્યારે એક કલ્પ (પરાર્ધ) અર્થાત્ બ્રહ્માજીનો એક દિવસ

પૂરો થયો ગણાય છે. તે પછી એક કલ્પ સુધી બ્રહ્માજીની એક રાત્રિ ચાલે છે. આમ બે કલ્પ (પર) અર્થાત્ ૮,૬૪,૦૦,૦૦,૦૦૦ માનવવર્ષ એટલે બ્રહ્માજીનો એક અહોરાત્ર થયો ગણાય. એવા ૩૬૦ અહોરાત્રનું બ્રહ્માજીનું એક વર્ષ થાય છે, અને એકસો વર્ષનું બ્રહ્માજીનું આયુષ્ય મનાય છે.

બ્રહ્માજીના આયુષ્યના પ્રથમ કલ્પનો પ્રથમ દિવસ શરૂ થાય છે ત્યારે સૃષ્ટિનું સર્જન શરૂ થાય છે અને તેમના આયુષ્યનો છેલ્લો દિવસ પૂરો થતાં સમગ્ર સૃષ્ટિનું વિસર્જન થાય છે. વિસર્જનના સમયે મહાપ્રલય અથવા પ્રાકૃત પ્રલય થાય છે. જેમાં તમામ વ્યક્ત પ્રાકૃતિક તત્ત્વો પોતાના કારણરૂપ અવ્યક્ત પ્રકૃતિમાં વિલીન થઈ જાય છે. સમગ્ર બ્રહ્માંડ પોતાનું સ્થૂળ રૂપ ત્યજીને કારણરૂપ પ્રકૃતિમાં અદૃષ્ટ બની સમાઈ જાય છે. તે પછી ભગવાન વિષ્ણુ અપ્રલયી શેષશય્યામાં પોઢી જાય છે. આ ઉપરાંત બ્રહ્માજીની પ્રત્યેક રાત્રિની શરૂઆતમાં પણ આંશિક પ્રલય થાય છે, જેમાં માત્ર ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોકને જ બ્રહ્માજી પોતાનામાં સમેટી લઈને શયન કરે છે. પરંતુ બ્રહ્માજીની રાત્રિ દરમિયાન ઉપરના ચાર લોક એટલે કે મહર્લોક, જનલોક, તપલોક અને સતલોક જેમની તેમ જ સ્થિતિ ધરાવે છે; અસ્તિત્વમાં રહે છે. આ આંશિક પ્રલય બ્રહ્માજીના શયન નિમિત્તે થતો હોવાથી તેને નૈમિત્તિક પ્રલય કહેવામાં આવે છે.

બ્રહ્માજીથી માંડી દેવો, માનવો, બધાં પ્રાણીઓ જીવો અને ઘાસનું તણખલું પણ પેદા થાય છે અને નષ્ટ પણ થાય છે. આમ, જીવોનું આવાગમન અને પદાર્થોનું રૂપાંતર હરહંમેશ આ સૃષ્ટિમાં ચાલુ જ રહે છે. આ જન્મ-મરણ અને પરિવર્તનનું કારણ ભગવાનનું કાળ સ્વરૂપ મનાય છે. કાળ દ્વારા પ્રતિક્ષણ ચાલતા રહેલા વિનાશને નિત્ય પ્રલય કહેવામાં આવે છે.

કલ્પમાં મન્વંતરની ગણતરી

હવે કલ્પ અથવા બ્રાહ્મદિન (બ્રહ્માજીના દિવસ)નું કાલગણના મુજબ વિભાજન તપાસીએ. એક કલ્પ (૪,૩૨,૦૦,૦૦,૦૦૦ માનવવર્ષ) દરમિયાન ૧૪ મન્વંતર બદલાય છે. એક મનુ (માનવજાતિનો પ્રથમ પૂર્વજ)ના સમયગાળાને મન્વંતર કહેવામાં આવે છે. એટલે કે એક બ્રાહ્મદિન દરમિયાન ૧૪ મનુઓ બદલાય છે. એક મન્વંતરનું કાળમાન ૭૧ મહાયુગનું મનાય છે. જો કે એક કલ્પ દરમિયાન બરાબર એક હજાર મહાયુગ વીતે છે એ રીતે ગણીએ તો એક મન્વંતરનું સ્પષ્ટ કાળમાન ૭૧.૪૨૮ મહાયુગ થાય. આમાંને ૦.૪૨૮ મહાયુગ સમય ૧૮૪૮,૯૬૦ માનવવર્ષ દરેક મન્વંતરને અંતે થતાં સંધિકાળ માનવામાં આવે છે. એ ગણતરી પ્રમાણે એક મન્વંતર ૩૦.૮૫.૬૮.૬૯૦ માનવવર્ષનો થાય છે. નવો મન્વંતર શરૂ થતાં મનુ, ઇન્દ્ર, સપ્તર્ષિઓ, વ્યાસ વગેરે પણ બદલાય છે.

આ કાળગણના પદ્ધતિ ખગોળના ગ્રંથો ઉપરાંત પુરાણ ગ્રંથોમાં તથા સ્મૃતિગ્રંથોમાં પણ આપવામાં આવેલી છે. તેમજ શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ તેનો ઉલ્લેખ મળે છે. અર્વાચીન વિજ્ઞાનથી પણ પ્રાપ્ત થતાં પૃથ્વીની ઉંમરના વર્ષોના જુદા જુદા આંકડાઓમાંથી આ કાળગણનાને સમર્થન મળે છે.

સમાપના

ભારત એક ખૂબ જ વિશાળ દેશ છે. તેમાં ભિન્ન-ભિન્ન ભાષા બોલતાં અનેક જાતિ-સંપ્રદાયનાં લોકો વસે છે. ઘણાં બધાંનાં આચાર-વિચાર, રહેણી-કરણી, રીતરિવાજો, રૂઢિઓ-પ્રણાલિકાઓ, માન્યતાઓમાં પણ ઘણો બધો ફરક જોવમાં આવે છે. સૌ પોતપોતાના ઉત્સવો, પર્વો, તહેવારો પણ એમનાં વિશિષ્ટ પ્રાદેશિક પંચાંગોના આધારે ઊજવે છે. આટઆટલી વિવિધતા હોવા છતાં બધાંનો સ્રોત એક જ હોવાથી એમાં ભારતીય સંસ્કૃતિની એકતાનું દર્શન થાય છે.

આપણે પંચાંગનાં મુખ્ય અંગો તેમજ તેમાં આવતી કેટલીય મહત્ત્વની બાબતો ઉપર સારી એવી છણાવટ કરી પણ તેમાં આવતી કેટલીક બાબતો એવી છે કે જે ફક્ત જ્યોતિષવર્ગને જ ઉપયોગી થઈ પડે. એવી જ રીતે તહેવારોમાં પણ પ્રાદેશિક, સાંપ્રદાયિક ભિન્નતા જોવામાં આવે છે. પંચાંગમાં આ અંગે વિસ્તૃત માહિતી મળતી હોવાથી એનું પુનરાવર્તન કર્યું નથી. એમ છતાં જે બીજા અનેક વિષયોની માહિતી મોટાં પંચાંગોમાં આપવામાં આવે છે તેની યાદી નીચે આપી છે :

૧. દૈનિક ચંદ્રોદય અને ચંદ્રાસ્ત ૨. ગ્રહોનાં દર્શન અને લોપના સમયો ૩. વક્રી અને માર્ગી ગ્રહોની માહિતી ૪. સૂર્ય-ચંદ્રની ક્રાન્તિ ૫. ચંદ્રના શર ૬. તારા અને ગ્રહોની યુતિઓ ૭. ઈનાંતર (સૂર્યથી અંતર) ૮. અધિક્રમણ (ગ્રહનું સૂર્યબિંબ, પરસરકતા દેખાવું) ૯. વિધાન (તારા યા ગ્રહનું ચંદ્રબિંબ હેઠળ ઢંકાવું) ૧૦. સંપાતિકાળ ૧૧. સૂર્ય, ચંદ્ર અને ગ્રહોનાં દૈનિક રાશિસ્થાન ૧૨. ગ્રહોના વિષુવાંશ ૧૩. વિશિષ્ટ તારાઓનાં આકાશી સ્થાન ૧૪. ગ્રહોના રાશ્યાંતર દ્રષ્ટિ યોગો ૧૫. દૈનિક લગ્નો (Ascendants) ૧૬. ભરતી ઓટના દૈનિક સમયો ૧૭. આકાશદર્શન.

પંચાંગ માટેનો અંગ્રેજી શબ્દ છે અલ્મેનેક (Almanac). સાગર ખેડનારા વહાણવટીઓને ખગોળીય બાબતોનું જ્ઞાન હોવું આવશ્યક છે. એમના ઉપયોગ માટે તૈયાર કરવામાં આવતાં પંચાંગોને નોટિકલ અલ્મેનેક યા નાવિક પંચાંગ કહેવામાં આવે છે. આ પંચાંગો હવાઈ જહાજના ચાલકોને તેમજ રણ-જંગલો યા પર્વતો ખૂંદનારા સાહસવીરોને પણ ખૂબ કામમાં આવે છે.

આમ, ભારતીય પંચાંગ ચંદ્રની કળા તથા સૂર્યને બંનેને ગણતરીમાં લઈ બનાવ્યું છે. પરંતુ ઋતુચક્રને તથા તહેવારો યોગ્ય સમયે ઊજવાય તે માટે અધિક માસનું બુદ્ધિપૂર્વક આયોજન કરાયું હોવાથી તે જગતનું શ્રેષ્ઠ પંચાંગ બનવા પામ્યું છે.

છેલ્લે સમાપના કરતાં કહી શકાય કે કાળની એરણ ઉપર એનાં પાંચે અંગોને ટિપાઈ ટિપાઈને, પંચાગ્નિમાં તવાઈને છેવટે 'ટીપણા'ની આજની સ્થિતિએ પહોંચતાં ખૂબ જ આકરી કસોટી અને લાંબી મજલ કાપવી પડી છે. (સંપૂર્ણ)

સાહિત્યસંપર્ક

સમર્થ કોશકારનો શતાબ્દપ્રવેશ

સમર્થ કોશકાર અને પ્રખર ગાંધીવાદી પાંડુરંગ ગણેશ દેશપાંડેએ ૧૯૯૯ની ૧૯મી ડિસેમ્બરે એકસોમા વર્ષમાં પ્રવેશ



કર્યો. કોશકાર તરીકે પાંડુરંગદાદાનો ગુજરાત પર અનંત ઉપકાર છે. એમની પાસેથી ગુજરાતને અંગ્રેજી ભાષાની યોગ્ય ઓળખ મળી. એમણે ૧૯૬૭થી અંગ્રેજી-ગુજરાતી તેમજ ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય કર્યું અને તેને પરિણામે ગુજરાત એમની પાસેથી ત્રણ અંગ્રેજી-ગુજરાતી કોશ અને ગુજરાતી-અંગ્રેજી કોશ પામીને ધન્ય બન્યું. ગુજરાતી ભાષાની કાકાસાહેબ કાલેલકરે જે સેવા કરી એવી જ સેવા એક સમયે કાકાસાહેબના અંગત સચિવ તરીકે કામગીરી બજાવનારા પાંડુરંગદાદાએ કરી છે. એને કારણે ગુજરાતની કેટલીય પેઢીઓનું અંગ્રેજી જળવાઈ રહ્યું. ૧૯૫૬માં બાળકો માટે ખાસ ચિત્રમય અંગ્રેજી-ગુજરાતી કોશ તૈયાર કર્યો. તેમનો ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ કે જેમાં એક લાખ કરતાં પણ વધુ શબ્દો, શબ્દસમૂહો, કહેવતો સમાયેલાં છે તે હાલ ઓક્સફર્ડ પ્રેસમાં છે. આશા રાખીએ કે આ વર્ષે તે પ્રકાશિત થાય.

મહારાષ્ટ્રના પુણે જિલ્લાના નારાયણ ગામમાં જન્મેલા પાંડુરંગદાદાનો ઉછેર રૂઢિચુસ્ત વાતાવરણમાં થયો. એમના વડદાદા રામચંદ્ર મહાદેવ દેશપાંડે પાસેથી પરંપરાગત પદ્ધતિએ સંસ્કૃત ભાષા શીખ્યા. ચિંચોડીમાં પ્રાથમિક શિક્ષણ લીધા બાદ વડગામમાં આવ્યા અને પછી ૧૯૧૨માં તેઓ બાર વર્ષની ઉંમરે વધુ અભ્યાસાર્થે અમદાવાદમાં રેલવેમાં નોકરી કરતા એક એમના કાકાને ત્યાં આવ્યા. ૧૯૧૨-૧૯૧૭ દરમિયાન અમદાવાદની પ્રોપ્રાયટરી હાઇ સ્કૂલમાં ભણ્યા. ૧૯૧૯માં મુંબઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા આપી. સમગ્ર મુંબઈ એરિયામાં ત્રીજા સ્થાને ઉત્તીર્ણ થયા. થોડોક સમય મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કર્યા પછી ફરી અમદાવાદની ગુજરાત કૉલેજમાં જોડાયા. એ સમયે તેઓ મહાત્મા ગાંધીજીના પ્રભાવ હેઠળ આવ્યા. એને પરિણામે સરકારી કૉલેજ છોડીને ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠમાં ૧૯૨૦માં જોડાયા. વિદ્યાપીઠનો સ્નાતક અભ્યાસક્રમ પૂરો કર્યો. એ પછી એક વર્ષ સુધી તેમણે ભારત-ભ્રમણ કર્યું. તેઓએ આબુ, દિલ્હી, સિમલા, પ્રયાગ, કાશી, ડાલ્ટનગંજ, ઝરિયા, ચંદ્રનગર, દક્ષિણેશ્વર અને જબલપુર જેવાં સ્થળોની મુલાકાત લીધી. તેમનો મુખ્ય હેતુ સ્વદેશની જાણકારી મેળવી સ્વાતંત્ર્યઆંદોલનમાં ઝંપલાવવાનો હતો. ત્યાર બાદ પોતાના વતન ચિંચોડી અને વડગામને મથક બનાવી પુણે જિલ્લામાં સ્વાતંત્ર્યઆંદોલન અંગે જાગૃતિ લાવવાનું તથા ખાદી અને રચનાત્મક પ્રવૃત્તિઓ વિકસાવવાનું કામ પાંચેક વર્ષ કર્યું. આ સમય દરમિયાન તેમણે પારિવારિક જવાબદારીઓ પણ નિભાવી. અહીં ખેતીવાડી, શાહુકારી અને અદાલતી કામકાજને થાળે પડ્યા પછી ૧૯૩૦માં કાકાસાહેબ કાલેલકરના કહેણને માન આપીને તેમના અંગત સચિવ તરીકે દેશપાંડેદાદા ફરી અમદાવાદ આવ્યા. ૧૯૩૦-'૩૫ દરમિયાન તેઓ કાકાસાહેબના અંગત સચિવ રહ્યા. ૧૯૩૫-'૪૯ દરમિયાન તેમણે ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથપાલ તરીકેની જવાબદારી અદા કરી ઉદાહરણીય નિષ્ઠાથી વિદ્યાપીઠના ગ્રંથાલયમાં કામ કર્યું અને તેને લીધે એક અત્યંત વ્યવસ્થિત ગ્રંથાલય તરીકે વિદ્યાપીઠ જાણીતી બની. આ સમયે ગૂજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયમાં તેમણે અંગ્રેજી અને ઇતિહાસનું અધ્યાપન પણ કર્યું હતું. આઝાદીની લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિ દ્વારા ભાગ લેવા માટે તેમને ત્રણ માસનો કારાવાસ ભોગવવો પડ્યો. આઝાદી આંદોલનમાં ૧૯૨૦થી સ્વતંત્રતા મળી ત્યાં સુધી તેઓ સક્રિય રહ્યા. ત્રણ વખત નાની-મોટી સજા સાથે જેલવાસ ભોગવ્યો હતો. ૧૯૪૯-'૫૧ દરમિયાન તેમણે નવજીવન પ્રેસમાં લેખક, અનુવાદક, પ્રૂફરીડર જેવાં વિવિધ કાર્યો નિષ્ઠાપૂર્વક કર્યાં. ૧૯૫૧માં નવી દિલ્હી ખાતેના ગાંધી સ્મારક સંગ્રહાલયમાં નિયામક તરીકે તેમની નિમણૂક થઈ, જ્યાં લગભગ પાંચ વર્ષ સુધી કામ કર્યા પછી ૧૯૫૫માં તેઓ ભારત સરકારના 'સંપૂર્ણ ગાંધી સાહિત્ય' પ્રકલ્પમાં ભાષાંતરકાર, પત્રસંગ્રાહક અને સંપાદક તરીકે જોડાયા. આ પ્રકલ્પમાં લગભગ બાર વર્ષ (૧૯૫૫-'૬૭) કામ કર્યા પછી ત્યાંથી રાજીનામું આપી તેઓ અમદાવાદ પાછા ફર્યા.

અમદાવાદ એ જ તેમના જાહેર જીવનની કર્મભૂમિ રહી છે. લગભગ આઠ દાયકા સુધી (૧૯૨૦-૧૯૯૬) અમદાવાદ રહીને વિદ્યાકીય અને રચનાત્મક કામ કર્યું. ૧૯૬૭ પછી આશરે ત્રણ દાયકા સુધી અંગ્રેજી-ગુજરાતી અને ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશના રચનાકાર તરીકે પાંડુરંગ દેશપાંડેએ કરેલું ભગીરથ કાર્ય એમની નિષ્ઠા અને ખંતનું જ્વલંત ઉદાહરણ છે. એમનું આ કોશકાર્ય અવિસ્મરણીય પ્રદાન ગણાશે. શબ્દકોશના રચનાકારનું કાર્ય માત્ર કોઈ એક ભાષાના દરેક શબ્દ માટે બીજી કોઈ ભાષાનો પ્રતિશબ્દ કે વિકલ્પાર્થી શબ્દ શોધી તેની સામે મૂકવા પૂરતું જ મર્યાદિત નથી. આવું હોય તો તેમાં બુદ્ધિ, જ્ઞાન અને વિદ્યાકીય કૌશલ્યની કશી જરૂર ન રહે. પરંતુ કોઈ એક ભાષાના દરેક શબ્દના અર્થમાં રહેલી ખૂબીઓ છતી કરી શકે. અભિવ્યક્તિના માધ્યમ તરીકે તે દરેક શબ્દનું સામર્થ્ય પ્રકટ કરી શકે એવા બીજી ભાષાના વિકલ્પાર્થી શબ્દોની ખોજ કરી તેની સામસામી ગોઠવણી કરવાનું સંશોધન-લક્ષી કાર્ય શબ્દકોશના રચનાકારે કરવાનું હોય છે અને તે કરવા માટે રચનાકાર પોતે

કોશશાસ્ત્રના જ્ઞાતા હોવા જરૂરી છે. પાંડુરંગ દેશપાંડે આ અર્થમાં કોશશાસ્ત્રમાં પારંગત ગણાય.

૧૯૬૭માં કોશ તૈયાર કરવાની મહેચ્છા સાથે અમદાવાદ આવ્યા. તેમણે અંગ્રેજી-ગુજરાતી કોશ (૧૯૭૦) અને ગુજરાતી-અંગ્રેજી કોશ (૧૯૭૪)ની રચના કરી. 'લોકમાન્ય ટિળક' (૧૯૫૬)ના ચરિત્ર માટે ઉત્તમ ગુણવત્તાવાળાં ગુજરાતી પુસ્તકોની સ્પર્ધામાં તેમને તે વર્ષનો રાજ્ય-સ્તરનો પ્રથમક્રમનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે 'ગાંધી સાહિત્ય સૂચિ' (૧૯૪૫)માં ગાંધી સાહિત્યને એકત્ર કરીને મૂકવાનો સૌપ્રથમ વિસ્તૃત પ્રયાસ કર્યો. આચાર્ય જાવડેકરના 'આધુનિક ભારત' અને 'લોકશાહી' એ બે પુસ્તકોનો મરાઠીમાંથી ગુજરાતીમાં અનુવાદ કર્યો અને હટનના 'કાસ્ટ ઈન ઈન્ડિયા' અંગ્રેજી પુસ્તકનો અનુવાદ 'હિંદુસ્તાનની જ્ઞાતિસંસ્થા' (૧૯૬૦) નામે પ્રકટ કર્યો.

પાંડુરંગદાદા ૮૪ વર્ષ સુધી સાઈકલ ચલાવતા રહ્યા. સ્વાતંત્ર્યસંગ્રામમાં સખત કેદની સજા ભોગવી હોવા છતાં સ્વાતંત્ર્યસૈનિક તરીકેનું તામ્રપત્ર કે પેન્શન સૈદ્ધાંતિક કારણોસર લીધું નહીં. ૧૯૭૫માં ઇંદિરા ગાંધીએ કટોકટી જાહેર કરી ત્યારે ૭૫ વર્ષની ઉંમરના પાંડુરંગદાદાએ લોકશાહી માટેની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો અને એક દિવસની જેલ પણ ભોગવી હતી. મરાઠી માતૃભાષા ધરાવનાર પાંડુરંગદાદાએ અંગ્રેજી ભાષાની ગુજરાતને સાચી ઓળખ આપી. આવા કોશકારને એકસોમા વર્ષના પ્રવેશ પ્રસંગે 'સાર્ધશતં જીવ શરદઃ !'ની શુભકામના દર્શાવીએ.

('વિશ્વવિહાર'માંથી)

પ્રાપ્ત પ્રકાશનો

કમળમાં કેદ લોહપુરુષ : સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયા, સામાજિક ચિંતક, સુધારક, સ્વાતંત્ર્ય-સાહિત્યના લેખક શ્રી નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલનો જન્મ ચરોતરમાં નાર ગામમાં તા.૧૩-૧૦-૧૮૭૪ના રોજ થયેલો. તેમના જીવનની શરૂઆતથી સ્ત્રી-સન્માનની ભાવના તેમનામાં દૃઢ થઈ ચૂકી હતી. ગાંધીજીએ તેમને 'મહિલાઓના વકીલ' કહીને સન્માન્યા હતા. મુંબઈ સી.આઈ.ડી.ના રિપોર્ટમાં શ્રી નરસિંહભાઈને 'મહાભયાનક લોહ-પુરુષ' તરીકે ઓળખાવાયા હતા. નરસિંહ-ભાઈ નખશીખ ક્રાંતિકારી હતા. તેમનું આખું જીવન પરંપરાગત મૂલ્યો સામે બંડ પોકારવામાં વીતેલું. તેમના વતન સોજિત્રામાં તા.૨૭-૧૦-૧૯૪૫ના રોજ ૭૧ વર્ષની વયે તેમનું અવસાન થયેલું. મુખ્ય આલેખ : જમનાદાસ કોટેચા, સંપાદન-સંકલન : રજનીકુમાર પંડ્યા, પ્રકાશક : જમનાદાસ કોટેચા, માનસ પ્રદૂષણ નિવારણ કેન્દ્ર, જોરાવરનગર - ૩૬૩૦૨૦ ક્રાઉન સાઇઝ, પૃ.૧૨૮, રૂ.૫૦.

વિકાસકર્મી વિમળભાઈ (જીવન પરિચય) સં.સરલા વિમળભાઈ શાહ, પ્ર. ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ડેવલપમેન્ટ રિસર્ચ, સરખેજ, ગોતા ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૬૦ પાકું પૂંઠું, ડિમાઇ સાઇઝ, પૃ.૨૪૪, રૂ.- **કોરો કૅનવાસ** (વાર્તાસંગ્રહ) : લે.નટવર આહલપરા, પ્ર. હેતલ પ્રકાશન, 'શ્રી પ્રવનતનય', ૩, સુનિત ફ્લેટ્સ, ટાગોર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨, ક્રાઉન સાઇઝ, પૃ.૧૨૦, રૂ.૫૦. **સમવેદના** (પત્રો) : લે. માણેક-લાલ પટેલ પ્ર. પારિજાત પ્રકાશન, જૂની રામકૃષ્ણ હાઈ સ્કૂલની બાજુમાં, શ્યામજી કૃષ્ણ વર્મા રોડ, માંડવી-કચ્છ-૩૭૦૪૬૫, ક્રાઉન સાઇઝ, પૃ.૬૪, રૂ.૨૫. **નમસ્તસ્યૈ નમો નમઃ** (દેવીસુક્તનો સરળ ભાવાનુભાદ) અનુવાદ : મન્નીબા. પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઇઝ, પૃ.૬૪, રૂ.૨૫. **સંશોધનની કેડીએ કચ્છ** (સંશોધન) લે.નરેશ અંતાણી, પ્ર. ઈલા નરેશ અંતાણી, વલો કચ્છડો કાર્યાલય, ૩, નાગરવંડી, છઠ્ઠી બાંટી, ભુજ-કચ્છ - ૩૭૦૦૦૧, ડિમાઇ સાઇઝ, પૃ.૬૪, રૂ.૨૦. **સ્નેહાંજલિ** (ચિંતન-ભાવનાત્મક લેખમાળા) લે. જગદીશ ઉ. ઠાકર, પ્ર. પોતે, ધોરીફળિયું, નાનું અડધ, આણંદ-૩૮૮૦૦૧, ડિમાઇ સાઇઝ,પૃ.૬૪, રૂ.- **ઝાકળની ખેતી** (કાવ્યસંગ્રહ) લે.થોભણ પરમાર પ્ર. મંજુલા પરમાર, ૭૭, પટેલનગર, ડીંડોલી જકાતનાકા પાસે, ઉધના, સુરત-૩૯૯ ૨૧૦, ડિમાઇ સાઇઝ, પૃ.૬૪, રૂ.૨૫. **જાજમ પાથરજો** (કાવ્ય- સંગ્રહ) લે.જયંતી પટેલ, પ્રકાશક : મુદ્રા પ્રકાશન, C/o. મોતીવાલા ક્લિનિકલ લેબોરેટરી, ઇન્દિરા માર્કેટ પાસે, અમરેલી-૩૬૫૬૦૧, ડિમાઇ સાઇઝ, પૃ.૭૨, રૂ.૬૦. **નિયતિનાં આશ્ચર્યોથી** (કાવ્ય- સંગ્રહ) લે. જ્યોત્સના ત્રિવેદી, પ્ર. એન.એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨, ડિમાઇ સાઇઝ, પૃ.૬૪, રૂ.૪૫. **શબ્દ-કોશોમાં નથી હું એટલે** (કાવ્યસંગ્રહ) લે. નિર્મિશ ઠાકર, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, દેરાસર પાસે, અમદાવાદ - ૩૮૦૦૦૧, ડિમાઇ સાઇઝ, પૃ.૮૮, રૂ.૪૦. **પોયણાં** (કવિતાનો આસ્વાદ) લે. રતિલાલ સથવારા, પ્ર.પોતે, સેક્ટર ૨૮, પંચરત્ન એપાર્ટમેન્ટ્સ, ૧૬૧/૬, ઘ-૬ પાસે, ગાંધીનગર, ક્રાઉન સાઇઝ, પૃ.૮૮, રૂ.૩૬. **યાદનું એક લીલું પાન** (કાવ્યસંગ્રહ) લે. કિરીટ ગોસ્વામી, પ્ર. લેખિની પ્રકાશન, ચેલા, જિ. જામનગર-૩૬૧૯૧૨, ક્રાઉન સાઇઝ, પૃ.૫૦, રૂ.૧૫. **ભક્તામર સ્તોત્ર** (અંગ્રેજી પદ્યાનુવાદ) અનુ. ડૉ.રસિક દવે, પ્ર. ડૉ.પ્રાગજીભાઈ પાનાચંદ મહેતા અને શ્રીમતી હરકોરબહેન પ્રાગજીભાઈ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ, ૩૬, અરૂણોદય પાર્ક, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ કૉર્નર પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ડિમાઈ સાઈઝ, પાકું પૂંઠું, પૃ.૬૮, રૂ.૩૦. **આયખાના આયનામાં** રુસ્વા મઝલુમી-મિત્રોની નજરે (પત્રો-લેખો) સં.ડૉ.એસ.એસ. રાહી, પ્ર. અયાઝખાન બાબી, રાજકુમાર કોલેજ, રાજકોટ-૩૬૦ ૦૦૧, ડિમાઇ સાઇઝ, પૃ.૧૨૦, રૂ.૫૦. **હાથે લોઢું, હૈયે મીણ** (શ્રી માનભાઈ ભટ્ટનું જીવનચરિત્ર) લેખિકા : મીટા ભટ્ટ, પ્ર.શિશુવિહાર હીરક મહોત્સવ પ્રકાશન સમિતિ, શિશુવિહાર, ભાવનગર - ૩૬૪ ૦૦૧, ડિમાઇ સાઇઝ, પૃ.૨૪૮, રૂ.૧૦૦. **ઉદ્‌ગીથ** (કાવ્યસંગ્રહ)

સર્જકસૃષ્ટિ : વ્યંગદષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



'બેફામ' તોયે કેટલું થાકી જવું પડ્યું?
નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.
- બરકત વીરાણી 'બેફામ'



બધે સૌંદર્ય નીરખું છું, સરસતા હો કુરૂપતા હો;
કવિ છું હું જગે દષ્ટિ કળાની લઈને આવ્યો છું.
- રતિલાલ 'અનિલ'

લે.કનૈયાલાલ મ. પંડ્યા, પ્ર.પોતે, 'ઉદ્‌ગીથ', ૨૦૩, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર - ૩૮૨૦૨૭, ડિમાઇ સાઇઝ, પૃ.૯૬, રૂ.૫૦. **સંબંધ નામનું એક ફૂલ** (કાવ્ય-સંગ્રહ) લે. વિભાવરી જાની, પ્ર. પ્રવીણ પ્રકાશન પ્રા.લિ., મ્યુનિસિપલ કોર્પોરેશન સામે, ઢેબર રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧, ડિમાઇ સાઇઝ, પૃ.૮૦. રૂ.૫૦. **ગ્રામ-સૌરભ** (લેખો) લે. માણેકલાલ પટેલ, પ્ર. 'વિવેકગ્રામ પ્રકાશન', નાગલપુર રોડ, માંડવી-કચ્છ-૩૭૦૪૬૫, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૩૩૨, રૂ.૧૫૦. **Beauty of Death** : સં. મહેન્દ્ર મેઘાણી, પ્ર. લોક-મિલાપ ટ્રસ્ટ, પો.બો. ૨૩, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧, ડિમાઇ સાઇઝ, પૃ.૪૮, રૂ.૧૦. **ત્યારે કરીશું શું?** (સંક્ષેપ) લિયો તૉલ્સ્તોય, સં.મહેન્દ્ર મેઘાણી, પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, પૃ.૧૧૨, રૂ.૧૫. **પાશુપત સંપ્રદાય** (ઉદ્‌ભવ અને વિકાસ) લે. ડૉ. રામજી ઠા. સાવલિયા, પ્ર. આસુતોષ સાવલિયા, એ-૪, યજ્ઞ પુરુષનગર, કર્મચારીનગર શૉપિંગ સેન્ટરની પાછળ, રત્નાપાર્ક ઘાટલોડિયા, અમદાવાદ - ૩૮૦ ૦૬૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૨૮, રૂ.૧૦૦. **વિપાશા** (સૂક્ત) લે. ગોવિન્દભાઈ, પ્ર. મિહિર મહેતા, બી/૩૩, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ્સ-૨, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦૦૧૫, ક્રાઉન સાઈઝ, પૃ.૧૩૬, રૂ.૫૦. **સંપ્રસાદ** (સૂક્ત) લે. ગોવિન્દભાઈ પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, પૃ.૧૫૨, રૂ.૫૬. **શબ્દે કોર્યાં શિલ્પ** (સૉનેટસંગ્રહ) લે.ભાનુપ્રસાદ પંડ્યા, પ્ર. હીરાગૌરી પંડ્યા, 'રુચિર' પંચવટીનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૧, ક્રાઉન સાઈઝ, પૃ.૧૧૬, રૂ.૬૦. **શેફાલી** લે. રજનીકાન્ત જોશી, પ્ર. અમૃતા પ્રકાશન, 'ઓજસ', નેહરુનગર ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦૦૧૫, ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૪૮, કિં.રૂ. ૭૫. **પ્રજાવાણી** લે.પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઇઝ, પૃ.૪૦, રૂ.૧૫. **લોકકથાઓ** (બાલકથા) લે. રતિલાલ સથવારા, પ્ર. પોતે, સેકટર-૨૮, પંચરત્ન એપાર્ટમેન્ટ્સ, પ્લૉટ નં. ૧૬૧/૬, ઘ-૬ પાસે, ગાંધીનગર, ક્રાઉન સાઇઝ, પૃ.૬૦, રૂ.૨૫. **સેવાનું રહસ્ય** (પ.પૂ. સ્વામી શિવાનંદજીનાં લખાણો- માંથી સંકલિત) સં. વી.એલ. નાગરાજ, અનુ. રમણલાલ સી. શાહ, પ્ર. દિવ્યજીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪૦૦૧, ક્રાઉન સાઇઝ, પૃ.૫૬, રૂ.૧૦-૫૦.

કલાવાર્તા

દાંડેકરનું ચિત્રજગત



વિવિધ મનઃસ્થિતિઓ (૩૦" x ૬૦") કેનવાસ પર તૈલરંગી ચિત્ર



મેળો (૩૦" x ૬૦") કેનવાસ પર તૈલરંગી ચિત્ર

મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના બિલાશી ગામમાં જન્મેલા કલાકાર અને કલાશિક્ષક શ્રી જી.એ. દાંડેકરનું નામ



સમકાલીન મહારાષ્ટ્રની ચિત્રકલામાં આગળ પડતું છે. ૧૯૬૯-માં આર્ટ-ટીચર ડિપ્લોમા, ૧૯૭૨માં ચિત્રકલામાં જી.ડી. આર્ટ અને ૧૯૭૩માં આર્ટ માસ્ટર ડિપ્લોમામાં મેરિટ લિસ્ટમાં પ્રથમ સ્થાન તેમણે પ્રાપ્ત કર્યાં. ૧૯૭૫થી ૧૯૯૩ સુધીમાં તેમણે મુંબઈમાં ચાર અને ચેન્નાઈમાં એક એમ વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં. કુલ સાત ગ્રૂપ (સંયુક્ત) પ્રદર્શનોમાં તેમણે સક્રિય ભાગ લીધો. વળી, તેમણે અત્યાર સુધીમાં બાર આમંત્રિત પ્રદર્શનોમાં પણ ભાગ લીધો. ત્રણ જાણીતી સંસ્થાઓએ તેમનાં ત્રણ પ્રદર્શનો સ્પોન્સર કર્યાં છે. 'ક્રાય' નામની જાણીતી પરોપકારી કાર્યો કરતી સંસ્થાએ પણ તેમનાં ચિત્રો પ્રસિદ્ધ કર્યાં છે. વળી, ૧૯૯૫માં લંડનની વિશ્વવિખ્યાત સોથબી ઑક્શન સંસ્થાએ વેચાણ માટે તેમનું ચિત્ર પસંદ કર્યું. જાકાર્તા (ઇન્ડોનેશિયા)-માં ભારતીય કલાકારોનાં ચિત્રપ્રદર્શનમાં ૧૯૯૫-માં ભાગ લીધો. ટાટાની ડાયરીમાં અને કેમલિન કંપનીના ગ્રીટિંગ કાર્ડમાં તેમનાં ચિત્રો પ્રસિદ્ધ થયાં છે. તેમને મહારાષ્ટ્ર સેવા સંઘ તરફથી સન્માન મળ્યું. બે મહત્ત્વનાં સ્થળોએ તેમણે તૈયાર કરેલાં ભીત્તિચિત્રો શોભે છે. તેમનાં ચિત્રો દેશ-પરદેશમાં અનેક ખાનગી તથા જાહેર



રાજ (૩૦" x ૨૪") કેનવાસ પર તૈલરંગી ચિત્ર



ટોળટપ્પાં (૪૮" x ૨૪") કેનવાસ પર તૈલરંગી ચિત્ર



જળરંગી ચિત્ર (ચિત્રકાર : જી.એ. દાંડેકર)


સ્થળોમાં સંગૃહીત થયાં છે. અત્રે તેનું લાબું લિસ્ટ આપવું ઉચિત નથી. ગુજરાતમાં દરિયાકિનારે સ્થિત નારગોલની ફાઇન આર્ટ કોલેજમાં તેમણે પ્રવચનો અને નિદર્શનો આપ્યાં છે. જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટના ગ્રાફિક વિભાગના તેઓ અધીક્ષક છે. મુંબઈના જાણીતા પરા મુલુંડ (પૂર્વ)માં મલ્હાર સોસાયટીમાં તેમનું નિવાસસ્થાન તથા નજીકની સોસાયટીમાં તેમનો સ્ટૂડિઓ પણ છે. હાલમાં તેઓ જાણીતી બૉમ્બે આર્ટ સોસાયટીના સેક્રેટરી છે. તેઓ નિખાલસ પ્રસન્ન વ્યક્તિત્વ ધરાવે છે. સમૃદ્ધ ભારતીય લાલ, ભૂરો, જાંબલી, ભારતીય નારંગી, પીળા અને લીલા રંગના ઝડપી બ્રશ સ્ટ્રોક્સથી તૈયાર થયેલી તેમની ઊંચી (લાંબી) માનવાકૃતિઓ (ભારતીય - દક્ષિણી સ્ત્રીઓ અને પુરુષો - સંગીતકારોની મુખ્યત્વે) ઊંચી અને આડી, ચિત્રસંરચનામાં સમગ્ર ચિત્રાવકાશને ભરી છે, અનુપ્રાણિત કરી દે છે. ગતિ અને લય વડે, સંગીતના સૂરો વડે સક્રિય, સંગીતમય કરી દે છે. નૃત્ય અને સંગીત તેમનાં ચિત્રોના મુખ્ય વિષયો છે અને પ્રોગ્રેસિવ ગ્રૂપ ઑવ્ મુમ્બાઈ (શરૂઆતના) જાણીતા કલાકારો બાકરે, અને ખાસ તો ગાડેનાં, સમૃદ્ધ રંગપૂર્ણ માનવરૂપોવાળાં ચિત્રોની તથા ક્વચિત્ આલેખાયેલાં પ્રાણીઓની તથા હેબ્બરનાં શરૂઆતનાં ચિત્રોની યાદ આપતાં આ ચિત્રોની સમગ્ર સંરચના, પાર્શ્વભૂની માવજત તથા રંગવિન્યાસ, આકૃતિ નિર્માણ અને અવકાશવિભાજન આગળ તરી આવે છે, અને આપણને દૃશ્યાત્મક સૌંદર્યશાસ્ત્રીય અનુભવ પણ કરાવે છે. આ ચિત્રોમાં નિતાંત ભારતીયત્તા તો ધબકે જ છે, તો સાથે સાથે તે ચિત્રશૈલીમાં આધુનિકતાનાં તત્ત્વો આત્મસાત્ થયેલાં છે. અમૃતા શેરગિલનાં ચિત્રોની અસર આત્મસાત્ થઈ છે. તેમાં ચહેરાઓ ભાવપૂર્ણ છે. પણ તે વાસ્તવદર્શી ચિત્રોમાં જોવા મળે છે તેવાં વિગતપૂર્ણ નથી. અહીં દ્વિપરિમાણીય ચિત્ર સપાટ ભૂમિ પર સપાટ છતાં ત્રિપરિમાણીય લાગતી માનવાકૃતિઓ રંગરૂપોમાં વિવિધ સપાટીઓમાં આલેખાઈ છે. બ્રશથી રેખાઓનો સંયમિત, સંવેદનશીલ ઉપયોગ આકારોને વર્ણિત કરે છે. - બંસીલાલ દલાલ


—— કલાવૃત્ત ——

મહેરબહેન કરકરિયાનાં ગ્રાફિક ચિત્રો

જાણીતી 'અમદાવાદની ગુફા' નિકટ આવેલી હરવિટ્ઝ ગૅલરીમાં તાજેતરમાં મહેરબહેનનું ગ્રાફિક પ્રિન્ટ્સનું એક નોંધપાત્ર પ્રદર્શન યોજાઈ ગયું. અગાઉ મિક્સ મીડિયામાં સર્જાયેલાં તેમનાં ચિત્રો પ્રદર્શિત થયાં પછી આ તેમનું ગ્રાફિક કલાના કોલોગ્રાફી માધ્યમનું રસપ્રદ પ્રદર્શન હતું.

પ્રસ્તુત પ્રદર્શનમાં સુંદર ફ્રેમમાં મઢેલાં નાની સાઈઝનાં ગ્રાફિક ચિત્રો, સુંદર પ્રકાશ-આયોજનને કારણે પણ, ખાસ ઉઠાવ પામ્યાં. કોલોગ્રાફીના માધ્યમની ઊંડી સૂઝ- સમજ તથા તેની ખાસિયતો દર્શાવતું આ પ્રદર્શન મહદંશે અમૂર્ત શૈલીની કૃતિઓનું જ હતું. છતાં તેમાંની કેટલીક કૃતિઓમાં મોઝેકમાં વપરાતા ટુકડાઓનાં ચોસલાં જેવા આકારો, શણની થેલી યા કંતાનના અનિયમિત આકારના ટુકડા, દોરીઓ જેવાં આડા વળેલા રૈખિક આકારો, લયયુક્ત રીતે ગોઠવાયેલાં પીપળનાં પર્ણોના આકારો, સાંકળના ટુકડા જેવા આકારો, દિવાસળી જેવા આકારો વગેરેની પોતયુક્ત, કલાત્મક, અવકાશ-વિભાજન-વાળી સંરચનાઓ છે. વળી, બે કૃતિઓમાં તેમણે અમૂર્ત શૈલીમાં જ તાંત્રિક મોટિફનો કલાત્મક વિનિયોગ કર્યો છે. આ પ્રદર્શન મહેરબહેનને આશાસ્પદ ગ્રાફિક કલાકાર તરીકે સ્થાપે છે. આશા છે કે તેઓ હવે ઈચિંગ-લિથોગ્રાફી-વૂડકટ-લિનોકટ જેવાં માધ્યમોમાં સર્જન કરશે. - બં. દલાલ





પીપળપાનની લયયુક્ત ગોઠવણી | મહેરબહેન કરકરિયા | કંતાન અને સાંકળ જેવી ચીજોની રચનાવાળું ચિત્ર

કેરાલાના સ્વશિક્ષિત કલાકાર

કેરાલાના કોલમ જિલ્લામાં આવેલું ચતન્નૂર નામે નાનકડું ગામ છે. એમાં




પોતાની આંતરસૂઝ અને આંતરવૃત્તિથી કલા તરફ ગતિ કરતો એક કલાકાર નામે જી. વિશ્વનાથન છે, જેઓ આશાજી-ના નામથી વધુ જાણીતા છે. એણે સાત વર્ષની શિશુવયે પીંછી પકડેલી અને આસ-પાસની પ્રકૃતિને ચિત્રિત કરવા માંડેલી. દસેક વર્ષ પૂર્વે નદીમાં તરતા તરતા ધ્યાનમગ્ન બની ગયેલા આ ચિત્રકારને પ્રકૃતિની રહસ્યમયતાનો નિકટથી અનુભવ થયો. પછી તો એણે એ અનુભવોને પરાવાસ્તવની રાહે પીંછીની મદદથી કાગળ પર ઉતારવા માંડ્યા.

કલામાત્ર વૈચિત્ર્યપૂર્વકની અભિવ્યક્તિ



આશાજીનું એક ચિત્ર

છે. પરન્તુ કલાકાર ક્યારેક એ વૈચિત્ર્યનો ઉપયોગ કલાના નિર્માણની પ્રક્રિયામાં પણ કરી લેતો હોય છે. આવો વૈચિત્ર્યભર્યો



શીર્ષાસનની મુદ્રામાં ચિત્ર ચીતરતા આશાજી

પ્રયોગ એમણે ચિત્રકળામાં ચિત્ર કરતાં ચીતરવાની ઢબછબમાં કર્યો. શીર્ષાસન કરીને કે પાણીની સપાટી પર સ્થિર આડા પડ્યા રહીને ચિત્રોનું સર્જન કરવાના અખતરા કર્યા. આવાં ચિત્રોનાં ડોળિયાં તેઓ તત્કાલ તૈયાર કરી લે અને પછી પોતાના એક ઓરડાના સ્ટૂડિઓમાં એને આખરી સ્વરૂપ આપે છે.

આશાજીએ પચાસેક ચિત્રોમાં શ્રીસહજ રંગરેખાની રમણા રચી છે. એ એક પોર્ટ્રેટ પેઇન્ટર તરીકે પણ કામ કરે છે. એમણે કેટલાંક પ્રદર્શનો યોજ્યાં છે અને પારિતોષિક પણ પ્રાપ્ત કર્યાં છે. પોતાના વતનગામમાં કલામાં રસ ધરાવતા ગ્રામીણ વિદ્યાર્થીઓને તે કલાની તાલીમ પણ આપે છે. ('ધ વીક'ને આધારે)

કલાસ્મૃતિ

શ્રી નારાયણ શ્રીધર બેન્દ્રે

વર્ષો પહેલાં ગુજરાતની કલાવાડીમાં ત્રણેક પ્રકારનાં આંબાનાં ઝાડ રોપાયાં,



જેમાં સ્થળ-કાળ પ્રમાણે વિવિધ પ્રકારનાં ત્રણેક ફળો આવ્યાં - 'કુમાર' માસિકના આદ્ય પ્રણેતા કલાગુરુ રવિશંકર રાવળની 'ચિત્રકુટ' વાડી, બેન્દ્રેસાહેબની વડોદરાની ફાઇન આર્ટ ફેકલ્ટી-વાડી, રસિકલાલ પરીખની છત્રી નીચે અમદાવાદની સી.એન. વાડી. બધી જ વાડીનાં ફળો આજે દેશવિદેશમાં મશહૂર છે, તે કલામાં રસ ધરાવતા સર્વ રસિકજન જાણે છે.

આજે આપણે વડોદરાની કલાવાડીના કલાગુરુ ચિત્રકાર શ્રી નારાયણ શ્રીધર બેન્દ્રેની સ્મૃતિ આલેખીએ છીએ. ગુજરાતને લલિતકલાના ક્ષેત્રે આજે દેશપરદેશના તખ્તા ઉપર લાવવામાં શરૂઆતનો મોટો ફાળો બેન્દ્રેસાહેબના શિરે જાય છે. સ્વ. શ્રી નારાયણ શ્રીધર બેન્દ્રેનો જન્મ ૧૯૧૦માં મધ્યપ્રદેશના ઇન્દોર શહેરમાં થયો હતો. ૧૯૩૩માં આગ્રાની મહાશાળામાંથી સ્નાતક થયા. શરૂઆતનું ચિત્રકલાનું શિક્ષણ ઇન્દોરની રાજ્યકલા મહાશાળામાં કલાગુરુ શ્રી દેવલાલીકર પાસે મેળવ્યું. ૧૯૩૪માં મુંબઈ રાજ્યની કલાશાળાનો ડિપ્લોમા મેળવ્યો.

૧૯૩૬થી '૩૯ દરમિયાન કાશ્મીર રાજ્યના એક સાંસ્કૃતિક વિભાગમાં ચિત્રકાર અને પત્રકાર તરીકે જોડાયા. આ સમયમાં કાશ્મીરની ખીણો અને ત્યાંનાં રમણીય સ્થળોમાં સંખ્યાબંધ રેખાંકન તેમજ

દૃશ્યચિત્રોનું સર્જન કર્યું. ત્યાર બાદ મુંબઈ આવ્યા અને કલાકાર તરીકે સ્વતંત્ર કામ કરવાનું શરૂ કર્યું, જેમાં તેઓ સંખ્યાબંધ તસવીરચિત્રો, ભીંતચિત્રો, કથાવાર્તા-ચિત્રોની રચનાઓમાં રોકાયેલા રહ્યા. મુંબઈની મેટ્રો ટૉકીઝમાં પડદા પાસેની બે મોટી દીવાલો ઉપરનું તેમનું ભીંતચિત્ર ઘણું જ વખણાયું. તેઓમાં શિક્ષકનો આત્મા હોવાથી કલાશિક્ષણ પણ આપતા. ૧૯૪૧ની આસપાસ તેમને મદ્રાસની એક ફિલ્મમાં કલા-દિગ્દર્શક તરીકેનું કામ સોંપાયું. મદ્રાસની આ મુલાકાતો દરમિયાન તેમનો પરિચય મોનાબહેન સાથે થયો અને ૧૯૪૨માં તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. બેન્દ્રેસાહેબને તેમની કલામય કારકિર્દીનાં પ્રથમ દસ વર્ષોમાં ઘણા વિવિધ અનુભવ થયા અને જીવનની શરૂઆતથી જ સફળતા પણ પ્રાપ્ત થઈ. ઘણાં માનઅકરામ મેળવ્યાં. ૧૯૪૧માં બૉમ્બે આર્ટ સોસાયટીનો એવાર્ડ, ૧૯૪૬માં પટેલ ટ્રૉફી. આર્ટ સોસાયટી આૅવ્ ઇન્ડિયા તરફથી પ્રાપ્ત થઈ અને આ જ વર્ષે તેઓ આ સોસાયટીના પ્રેસિડેન્ટ થયા. મુંબઈ સરકારની કલાસમિતિ-માં સભ્ય તરીકે નિમણૂક થઈ. ૧૯૪૬માં જ 'શાંતિનિકેતન' વિશ્વ-ભારતી સંસ્થામાં એક વર્ષ માટે મહેમાન કલાકાર તરીકે ગયા. શ્રી નંદ-લાલ બોઝ અને અવ-નીન્દ્રનાથ ટાગોર જેવા મહાન કલાકારોના સંપર્કમાં આવ્યા. બેન્દ્રે-સાહેબનું પ્રથમ વૈયક્તિક પ્રદર્શન ૧૯૪૩માં મુંબઈમાં યોજાયું હતું. ૧૯૪૭-૪૮માં તેમને પરદેશની મુલાકાતનો મોકો મળ્યો. તેઓએ અમેરિકા, ઈંગ્લંડ, ફ્રાન્સ, હોલેન્ડ, બેલ્જિઅમ વગેરે દેશોનું પરિભ્રમણ કર્યું. ત્યાંના સમકાલીન તેમજ જૂના મહાન કલાકારોના સર્જનથી વાકેફ થયા. અમેરિકામાં તેમણે ગ્રાફિક પ્રિન્ટ્સનો અભ્યાસ કર્યો અને થોડાંક શહેરોમાં પ્રદર્શનો પણ યોજ્યાં.

પરદેશના પ્રવાસેથી પાછા ફર્યા બાદ નવી અસરોની અનુભૂતિરૂપે બે વર્ષ બાદ તેમણે પોતાના કામનું પ્રદર્શન યોજ્યું, જે કલાજગતમાં ઘણી જ પ્રસિદ્ધિ પામ્યું. ૧૯૫૦ના આ પ્રદર્શનથી તેઓ ભારતમાં ઘણા જાણીતા થયા. એ જ વર્ષે વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીએ ફાઈન આર્ટ ફેકલ્ટીની સ્થાપના કરી અને હંસાબહેન મહેતાના નિમંત્રણથી બેન્દ્રેસાહેબ પ્રાધ્યાપક તરીકે જોડાયા. ૧૯૫૨માં ભારતનું સૌથી પ્રથમ સાંસ્કૃતિક મંડળ ચીન દેશના પ્રવાસે ગયું ત્યારે તેમને પણ નિમંત્રણ મળ્યું હતું.



કાઠિયાવાડની કુંભાર સ્ત્રીઓ

વડોદરાની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના સમયકાળ દરમિયાન તેઓને ઘણા કડવા-મીઠા અનુભવ થયા, પ્રાધ્યાપકમાંથી પ્રિન્સિપાલ અને પછી ડીન થયા. તેઓની છત્રછાયામાં ઘણા બધા ચિત્રકારો, શિલ્પકારો અને અન્ય માધ્યમના કલાકારો તૈયાર થયા, જેમાં શાંતિ દવે, જ્યોતિ ભટ્ટ, સંતોષ, ગુલામ શેખ, કિશોરી કૌલ, નૈના દલાલ, રતન પારિમુ, વિનોદ શાહ વગેરે મુખ્ય ગણી શકાય. શિક્ષણકાર્યમાં તેઓની સાથે શંખ ચૌધરી, માર્કંડ ભટ્ટ અને સુબ્રહ્મણ્યમ્ પણ જોડાયા. વિદ્યાર્થીઓ યાદ કરીને કહે છે કે ચિત્ર શીખવાનો એ કેવો અદ્ભુત સમય હતો.

શ્રી બેન્દ્રે ૧૯૬૬માં નિવૃત્ત થયા અને મુંબઈમાં બાન્દ્રામાં કલાનગર આર્ટિસ્ટ કોલોનીમાં પોતાના મકાનમાં પરિવાર સાથે સ્થાયી થયા અને પૂર્ણ સમયની સર્જનપ્રવૃત્તિ ચાલુ રાખી. તેમનાં ચિત્રો એટલાં બધાં લોકપ્રિય હતાં કે કેનવાસના રંગો પૂર્ણરૂપે સુકાય તે પહેલાં ખરીદાઈ જતાં. તેમને ઈમ્પ્રેશનિસ્ટ કલાકારો ગમતા, પીસારો અને સીરુતની પાસે પાસે રંગો મૂકવાની પોઈન્ટીલિસ્ટ પદ્ધતિ તેમને ગમતી અને આ શૈલીમાં તેમણે ઘણું કામ કર્યું છે. તેઓ ધુમક્કડ હતા. અવાર-નવાર પ્રવાસે જતા, રેખાંકનો કરતા અને આ નોંધોને આધારે ચિત્ર-સર્જન કરતા. બેન્દ્રેસાહેબનાં કામ અને સ્વભાવ વિષે વિવેચકોએ ઘણું બધું લખ્યું છે. આજના આપણા પ્રસિદ્ધ કલાકાર હુસેન તેમના ઈન્દોરના સમયકાળના સહાધ્યાયી હતા. તેઓ મુંબઈમાં પ્રદર્શનો જોવા અવારનવાર સાથે જતા.

આજના કલાકારોએ તેમના જીવનમાંથી પ્રેરણા લેવા જેવી એક મહત્ત્વની બાબત

(અનુસંધાન પૃ.૩૧૬)

અતીતમાં અવગાહન

ચંદ્રવદન વિષે સાહિત્યના દર ત્રીજા માણસ-ને કંઈક ને કંઈક કહેવાનું હોય છે જ.



ઉમાશંકરે તો ચન્દ્રવદન પર એક કાવ્ય પણ રચ્યું છે : 'ચન્દ્રવદન એક ચીજ અકલમલકની, ગુજરાતે ના જડવી સહેલ...' વચ્ચે જ્યોતીન્દ્ર દવે અમદાવાદ આવ્યા ત્યારે વાતમાંથી વાત નીકળતાં મેં કહ્યું : 'ચન્દ્રવદન વિષે હું લખવાનું ધારું છું.' ત્યારે તે બોલ્યા : 'ચન્દ્રવદન તો વંટોળિયો છે; નહિ પકડાય.' તો પ્રા. ભોળાભાઈ પટેલે કહ્યું : 'ચન્દ્રવદન પારા જેવા છે. પકડવા જતાં સરકી જાય એવા.' અવંતી દવેએ તેમને એક 'નિરાળો છંદ' કહ્યા છે. પણ મારા મતે તો ચન્દ્રવદન એટલે નાટક. તે જે કંઈ કરે છે એમાં એક્ટિંગ વધારે હોય છે. કેટલાક કહે છે કે ચં.ચી. 'વ્હિમ' તો નથી જ. તેમના દરેક 'જેસ્ચર માટે તે સાવધાન હોય છે. પ્રેક્ષકો પર ધારી અસર પાડવા અભિનેતા જેટલી સભાનતાથી અભિનય કરે છે એટલી જ સજાગતા સી.સી.માં હોય છે. નાટક તેમને એટલું બધું કોઠે પડી ગયું છે કે તેમની રગેરગમાં તે ઊતરી ગયું છે. તે એટલે સુધી કે એમના સ્વાભાવિક વર્તનને ય મિત્રો નાટકનો કોઈ ટુકડો સમજી બેસવાની ગેરસમજ કરે છે. બચપણમાં ઠાકોરભાઈ ઠાકોર સાથે તેમને પાકી દોસ્તી હતી. શાળામાં સાથે ભણતા ત્યારે ઠાકોરભાઈના માથાનો વાળ દરરોજ તોડીને તે ડબ્બીમાં રાખતા. (ઠાકોરભાઈના માથામાં આજે જે ટાલ દેખાય છે એના મૂળમાં ચં.ચી. જ છે.) નહિ ગમતી પત્ની વિલાસ સાથે તેમનાં લગ્ન હતાં એ દિવસે સવારથી જ એ ધૂંવાંપૂવાં હતાં. સામાન્ય જનને લગ્નનો હોય એવો ઉમળકો એમને નો'તો. બપોરે બે વાગ્યા સુધી ઘરમાં કાળો કોટ પહેરીને ફર્યા કરે. કાઢે જ નહિ. મિત્રોને સમજાવે કે આજનો શુભ દિવસ તમારા માટે હશે મારા માટે નહિ. મિત્રોએ ફોસલાવીને માંડ કાળો કોટ ઉતરાવ્યો. વરઘોડાનો સમય થયો ત્યારે ઠાકોરભાઈને તેમણે હુકમ કર્યો : 'નારિયેળ તું પકડ, ઠાકોર!'

'મારાથી ના પકડાય' ઠાકોરભાઈએ ટેકનિકલ મુશ્કેલી સમજાવી : 'લગ્ન તારાં છે, એટલે તારે જ નારિયેળ હાથમાં પકડવું પડે.' ને આમ મહામુસીબતે ચન્દ્રવદનને પરણાવવામાં આવેલા....

સી.સી. નાટકના દોર પર બૅલેન્સ જાળવતા ચાલતા રહ્યા છે. નાટક લખવા માટે તેમને નાટક જીવવું પડ્યું છે. તેમની કારકિર્દીનું જ્વલંત નાટક 'આગગાડી' લખવા માટે, કહેવાય છે કે, તેમણે રેલવેનો ડબ્બો ભાડે રાખેલો; અને 'નાગા બાવા' નાટક લખવા અગાઉ મુંબઈની ચોપાટી પર અન્ય ભિખારીઓની વચ્ચે લગભગ અઠવાડિયું તે ભીખ માગવા ઊભા રહેલા....

પણ તેમનાં લખાણોના ખરાપણા માટે ઘણાં લોકોને શંકા થયા કરે છે. કોઈકે તેમની 'ગઠરિયાં'ને નવલકથા સાથે સરખાવી છે; પણ એ લોકોની નજરે એમાં ફરક એટલો છે કે નવલકથામાં પાત્રો કાલ્પનિક હોય છે, વાત મહદ્ અંશે સાચી હોય છે; જ્યારે અહીં બ્રેડા, બર્ગમેન, મૉરિસ શેવાલિયે, રેક્સ હૅરિસન વગેરે પાત્રો સાચાં છે, બાકી કલ્પના છે. એક બુઝર્ગે તો મને એવું કહેલું કે અંગૂઠામાંથી રાવણ ચીતરવાની કળામાં સી.સી. પાવરધા છે....

ચં.ચી.ની વાતો કદાચ કોઈને ખોટી લાગશે, પણ તેમનું ગદ્ય સાચું છે એ વાતનો ઇન્કાર કોઈ કરી શકે તેમ નથી. મને તો આ માણસની બોલ્ડનેસ ગમી ગઈ છે. સાચાખોટા પ્રેમની ય વાત લખવા જેટલી હિંમત આ કક્ષાના અન્ય કોઈ સાહિત્યકારમાં છે ખરી? તેમનું નિર્દંભપણું મારા આકર્ષણનો વિષય છે. મારા મતે તે પ્રોફેશનલ ગાઈડ છે. વાતને વધુ રળિયામણી બનાવવા ક્યારેક કલ્પનાના રંગોનો આશરો લે તો એમાં ખોટું ય શું છે? કોઈ ઠેકાણે પોતે 'હીરો' બની જાય તો બની જાય....

તેમના મિત્ર જ્યોતીન્દ્ર દવે દૂબળા કેમ છે એ માટેનું સાચું કારણ સી.સી.એ આવું આપેલું : 'હું જ્યોતીન્દ્ર કરતાં છ મહિના મોટો. ગમે ત્યારે તેણે મને ઊંચકવો પડશે એની ચિંતામાં ને ચિંતામાં તેનું શરીર વળતું જ નથી....'

ઘણાં લોકો ચં.ચી. પાસે જતાં ડરે છે. તેમના તોછડા વર્તનને કારણે લોકો તેમનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. પણ તેમનાથી દૂર જવાને બદલે તેમની સામે જઈને, આંખમાં આંખ પરોવીને ઊભા રહેવું. કારણ કે ચન્દ્રવદન મ્હોરાના માણસ છે. તેમનું એ મ્હોરું ચીરશો તો જ અંદરથી સાચા ચન્દ્રવદન બહાર આવશે, જે ઘણા સ્નેહાળ ને માણસભૂખ્યા છે. માનવપ્રેમ માટે તે હંમેશાં વલખતા રહ્યા છે. તે સારી રસોઈ બનાવી શકે છે. તેમને ત્યાં જમવાનું લેખિત આમંત્રણ પણ મને આપ્યું છે : 'છેલ્લાં ત્રીસ વર્ષથી પાકશાસ્ત્રની મદદ લીધા વગર હું કેવું પકાવું છું, એ જમવા તો આવો ક્યારેક!'....

જીવનમાં આવેલ હતાશાને કારણે તેમનામાં થોડુંક 'ફ્રસ્ટ્રેશન' પણ આવી

ગયું છે. મને ય એક વાર તેમણે કહેલું : 'સાહિત્યના વાડામાં મને કોઈ પેસવા દેતું નથી.' તે એવું માને છે કે તેમની જોઈએ એટલી કદર ગુજરાતી સાહિત્યે કરી નથી. નર્મદ સુવર્ણચન્દ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, પદ્મશ્રી ખિતાબ વગેરે તેમને મળી ચૂક્યા છે. આઈ.એન.ટી. જેવી માતબર સંસ્થાને હાથે તે અમૃત મહોત્સવ પામ્યા છે; ને બાકી રહી જતું'તું તે ગયે વર્ષે સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પણ તેમને સ્થાપવામાં આવ્યા છે. છતાં આ બધું તેમને ઓછું પડે છે. તેમને એકલાને નહિ, ઘણા લેખકોને ઓછું પડ્યું છે....

શિસ્તના તે હઠાગ્રહી છે અને સમયપાલનના પણ. (માત્ર એક જ વાર તે સમયપાલન કરવાનું ચૂકી ગયેલા. તે ૧૯૦૧ની છઠ્ઠી એપ્રિલે જન્મેલા - પાંચ દિવસ મોડા પડેલા) કેટલાક કહે છે કે સી.સી. અલગારી છે. મારી દૃષ્ટિએ નથી. અલગારી માણસ પોતાની જાતને ઘડિયાળના બે કાંટાની વચ્ચે બંધાવા દેતો નથી. સમયની ડોકને મરડી નાખે છે. જ્યારે સમયની બાબતમાં સી.સી. અતિ ચુસ્ત છે. સિત્તોતેર વર્ષની ઉંમરે સત્તાવીસના નવયુવાન જેવી સ્ફૂર્તિ તે ધરાવે છે એનું કારણ આ જ હશે. તે સમયને સાચવે છે ને સમય તેમને સાચવે છે. તમને તે લખે છે કે અમુક તારીખે સાંજના ચારથી સવા ચાર ગોવાલિયા ટેંક બસ-સ્ટૉપ, એટલે એનો અર્થ એ થાય કે આ સમયે ગોવાલિયા ટેંકના બસ-સ્ટૉપ પર તે તમારી રાહ જોશે. વાવાઝોડાને કારણે કદાચ એ બસ-સ્ટૉપ ત્યાંથી ઊખડી ગયું હશે. પણ સી.સી. તો ઊખડ્યા વગરના, અડીખમ ઊભા હોવાના. તમે તેમની પાસે સમયસર પહોંચી જશો તો રાજી થઈને મોજથી વાત કરશે. પણ સમયને તમે ક્યાંક આઘોપાછો કર્યો તો આવી જ બન્યું જાણજો. સી.સી. તમારી ખબર લઈ નાખશે. કોઈ એક સભામાં તે પ્રમુખ હતા ને મધુ રાય વક્તા હતો. મધુ સભામાં મોડો પહોંચ્યો એટલે સી.સી.એ તેને જાહેરમાં સજા કરી. ભાષણ આપવા ના દીધું! કોઈ અતિથિવિશેષ કે પ્રમુખ પણ સમયસર સભામાં ના પધારે તો સી.સી. તેમની ગેરહાજરીમાં ય કાર્યક્રમ તો સમયસર શરૂ કરી જ દે. પછી તે ગમે તેટલી મોટી વ્યક્તિ હોય - પરવા ના કરે. પાછા એપૉઈન્ટમેન્ટ વગર મળે પણ નહિ.

[ચંદ્રવદન ચીમનલાલ મહેતાની જન્મ-શતાબ્દીના આ વર્ષમાં 'કુમાર' અંક ૬૫૭ સપ્ટેમ્બર ૧૯૭૮માં 'વિનોદ'ની નજરે લેખમાળામાં આવેલો વિનોદ ભટ્ટનો લેખ ટૂંકાવીને અત્રે રજૂ કર્યો છે.]

અડકો દડકો

અભિમાનનું આયુષ

ઉપેન્દ્ર ર. ભટ્ટ

પ્રાચીન સમયમાં બાલધી નામે એક બ્રાહ્મણ ઋષિ હતા. એમને એક દીકરો હતો. એ દીકરો એની નાની ઉંમરમાં જ અવસાન પામ્યો. પુત્રના વિયોગથી ઋષિ બાલધીને બહુ દુઃખ થયું.

બાલધીએ અમર પુત્ર મેળવવા માટે બહુ આકરું તપ કર્યું. એ તપથી પરમેશ્વર પ્રસન્ન થયા, અને બાલધી ઋષિને કહ્યું, 'તમારે અમર પુત્ર જોઈએ છે, પણ મનુષ્યલોકમાં કોઈ પણ અમર રહી શકે નહિ. તમારો દીકરો કેટલાં વર્ષનું આયુષ ભોગવે તે તમે નક્કી કરો. એટલાં વર્ષ તમારો દીકરો જીવતો રહેશે.'

ઋષિ નામે તો બાલધી હતા, પણ એ હતા પરિપક્વ બુદ્ધિના. એમણે એમની સામે હતો તે પહાડ બતાવીને કહ્યું, 'સામે આ જે પર્વત છે તે ચળે નહિ ત્યાં સુધી મારો દીકરો જીવે એવું વરદાન તમે એને આપો!'

'તેમ થશે!' ભગવાને કહ્યું અને પછી એ અલોપ થઈ ગયા.

સમય જતાં ઋષિનાં પત્નીને દીકરો અવતર્યો. ઋષિએ એનું નામ મેધાવી પાડ્યું. પર્વતને હોય છે તેટલું આયુષ એનું હોવાથી બાલધી ઋષિ એને લાડમાં 'પર્વતાયુ' નામે સંબોધતા.

પર્વતાયુ મેધાવી મોટો થતો ગયો તેમ તેનો અહંકાર વધતો ગયો. પ્રાણીમાત્રને મેધાવી ત્રાસ આપવા લાગ્યો. એ જાણતો હતો કે પહાડ અચળ છે. એથી એને મરણની જરા પણ બીક લાગતી નહિ. એ બહુ અભિમાની બની ગયો. એ કોઈનું ય કહેવું માનતો નહિ. એ કોઈને પણ લેખામાં લેતો નહિ. એના ઉદ્ધત સ્વભાવે જ એને મોતના મોમાં ધકેલી દીધો.

મેધાવી ધનુષાક્ષ નામના એક ઋષિને વિના કારણ ત્રાસ આપવા લાગ્યો. એણે એમનું અપમાન કર્યું. એટલે ધનુષાક્ષ ગુસ્સે થઈ ગયા. તેમણે મેધાવીને શાપ આપ્યો, 'અબઘડી જ બળીને ભસ્મ થઈ જા!' પણ મેધાવીને કંઈ જ થયું નહિ.

એકાએક ધનુષાક્ષ ઋષિને યાદ આવ્યું કે મેધાવીને ભગવાનનું વરદાન મળેલું છે તેથી એ પર્વત જેટલો અચળ છે.'

તરત જ ધનુષાક્ષે પોતાના તપોબળથી જંગલી પાડાઓ પાસે એ પર્વતને ખોદાવી, ઉખાડી નંખાવ્યો. પહાડ તૂટ્યો એટલે મેધાવી બેહોશ બની ગયો. નીચે જમીન ઉપર ઢળી પડ્યો, અને એનો પ્રાણ ઊડી ગયો! □

સટ્ટાક

નિખિલ જોશી

સટાસટ બારણું પવનના તીવ્ર વેગને લીધે ક્યાંય સુધી અથડાતું રહ્યું - સટ્ટ સટ્ટાસટ્ટ સટ્ટાસટ્ટ. થોડી વારે લોટવાળા હાથે ચંપાએ બારણું બંધ કર્યું. આંકડી મારી. ચૂલા તરફ જતાં પહેલાં નાનકડી મંજુના શરીર પરથી અડધી ઊડી ગયેલી ચાદર સરખી ઓઢાડી. એટલામાં ચૂલા પરનો રોટલો દાઝી ગયો. ઝટ દઈને રોટલો લેવા જતાં આંગળીનાં ટેરવાંએ દાઝતાં ચંપાથી એક સિસકારો થઈ ગયો. ફાનસ ફડ્ફડ્ ફડડડ થવા માંડ્યું. થોડી વારમાં સાવ ઓલવાઈ ગયું. ચૂલાની આગના અજવાળે ઊભા થઈ ચંપાએ કેરોસીનનો દીવો પેટાવ્યો.

'હાશ, આજ તો કોણ જાણે કેવોય વા ફૂંકાય સ' - કંટાળાના સૂરમાં ચંપા બોલી. ધીમે ધીમે સાંજની રાત થતી હતી. અંધારું દરિયાના અવાજને વધુ ભયાનક બનાવતું હતું. જોરદાર પવનમાં દરિયો ય ડામાડોળ.

રોટલા ટીપતાં ચંપાનું ધ્યાન અચાનક એના જમણા હાથના કડા પર પડ્યું. કડાને સ્પર્શી, ગોળ ફેરવી જોયું: વળી, કડાને ઉપર ચડાવી એકલી એકલી મીઠું મલકાઈને રોટલા માંડી ઘડવા. એનો વર દૂર દેશાવર દરિયો ખેડવા ગયેલો ત્યાંથી એના માટે એ કડું લાવેલો એ પળો એને યાદ આવી ગઈ.

મનમાં ને મનમાં ચંપા બોલી - 'ઇ ફેર તો કડું લાવ્યા'તા ને મન લાગ સ આ ફેર તો આખો દરિયો ઝ લેતા આવશે કે... કેટલું મોડું કર્યું સ? હજી ય ન આવ્યા.'

એટલામાં નાનકડી દીકરી મંજુ જાગી જતાં એના રડવાનો અવાજ આવ્યો. ચંપાએ એને લઈ લીધી ને ખખડધજ બારણું ખડાખડ થતું હતું એથી ય તે એકલી એકલી મૂંઝાણી. હવે મંજુને લઈને બારીનાં જાળિયાં પાસે ઊભી રહી તો પવન એટલો ભયંકર ફૂંકાતો હતો કે મંજુને લઈને એ માંડ ત્યાં ઊભી રહી શકી. પવનના એક ઝપાટે સામી દીવાલેથી માતાજીનો ફોટોય ઊડીને હેઠો પડ્યો. ચંપાએ જોયું તો દરિયા કિનારાના પોતાના ઝૂંપડાના ફળિયા લગી હવે દરિયો ઘૂઘવતો પહોંચી ગયો'તો. ચંપાને ભય લાગ્યો. એક બાજુ પવન તોફાને ચડેલો, બીજી બાજુ દરિયો ગાંડોતૂર બનતો જતો હતો ને ઉપરથી એનો વરેય ઘરમાં નહી ને દરિયે ગયેલો.

મંજુએ તો આવા વાતાવરણમાં રોકકળ શરૂ કરી. ચંપાએ પોતાના હાથમાથી કડું કાઢીને મંજુને રમવા આપ્યું ને એને બેસાડી પોતે બહાર બારી આડે પાટિયું ઠોકવા ગઈ અંધારામાં. બારણું ખોલતાંવેંત ધસમસતા પવને કથરોટ ઉડાડી, ખીંટીએ ટાંગેલાં કપડાં તો ક્યારનાંય ઊડી ગ્યાં'તાં. ગમે તેમ બહાર જઈ બારી આડે પાટિયું ઠોકીને ચંપા આવી ત્યાં તો દરિયાની ઝાપટે આખી એને પલાળી દીધી'તી. વળી, જોર કરીને એણે બારણું બંધ કરી દીધું ને મંજુની પાસે કડું લઈને બેઠી બીતબીતી. હવે એને દરિયાની થપાટો ખખડધજ બારણા પર રીતસરની અનુભવાતી હતી. બારણા પરના દરિયાનાં મોજાંના પ્રહારો વધતા જતા હતા ધીમે ધીમે.

એવામાં અચાનક ચંપાને બૂમ સંભળાઈ - 'ચંપા... ચંપા... ચં...પા...' ને હારોહાર દરિયાનું તોફાન નીંગળતા અંધારામાં પવનના સુસવાટા.

પોતાનો વર આવી ગ્યો ઘેર એવી હાશ લઈ ચંપા મંજુને લઈ બારણું ખોલવા દોડી. હજી તો એના વરનો ચહેરો બરાબર જુએ ત્યાં તો સટ્ટાક કરતું પ્રચંડ વેગે મોજું ફરી વળ્યું ને પાણીનો એક મોટો વેગ આવ્યો. કંઈ જ સૂઝયું નહીં. નહી વર, નહી મંજુ કે નહીં કડું. બસ એક પાણીની થપાટ ખાલી એને ભળાઈ. હવે ઝૂંપડાની જગ્યાએ ઝૂંપડું નહીં પણ...
... પણ દરિયો હતો. □

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૩૧૩થી

જે તેમના વિદ્યાર્થીઓ અને અંગત માણસો સિવાય ભાગ્યે જ કોઈ જાણતું હશે અને તે એક તેઓ જન્મજાત એક જ આંખ ધરાવતા હતા. રંગોના બાદશાહ એવા આ કલાકારે માત્ર એક જ આંખથી આવી સુંદર ચિત્રરચનાઓ આપણને આપી છે. સતત પ્રયોગશીલ એવા આ કલાકાર નવાં માધ્યમો, નવી રચનાઓમાં પ્રવૃત્ત રહેતા. આજે જ્યારે અમુક કલાકારો જે પ્રકાર વધુ વેચાય કે મુલવાય તેવું જ ચીતરવાનું ચાલુ રાખે, જ્યારે બેન્દ્રેસાહેબ આ પ્રકારના બંધનમાં ક્યારેય બંધાયા નથી.

બેન્દ્રેસાહેબે પોતાનો નિવૃત્તિકાળ મુંબઈમાં અંત સમય સુધી સર્જનો કરવામાં ગાળ્યો. ૮૨ વર્ષની જૈફ ઉંમરે ૧૯૯૨માં તેમનું અવસાન થયું. પરિવારમાં બે દીકરીઓ અમેરિકા સ્થાયી થઈ છે. એક દીકરો ચિત્રકાર છે. તેમનાં પત્ની પણ ચિત્રપ્રવૃત્તિમાં મગ્ન રહે છે. તેઓ બહુ ઓછું બહાર નીકળે છે. આજકાલ ચિત્રકલાનાં ઘણાં સામયિકો, પુસ્તકોમાં બેન્દ્રેસાહેબનાં ચિત્રો છપાએલાં જોવા મળે છે. જૂના સંગ્રાહકોને તેમનાં ચિત્રોની સારી મોટી કિંમતો ઊપજતી થઈ છે. સમયની તાસીર અનુભવાય છે. ૧૯૫૭માં દિલ્હી લલિતકલા અકાદમીએ તેમના જીવન-કવન સાથેની એક પુસ્તિકા બહાર પાડેલી છે. ઘણી પ્રિન્ટ પણ ઉપલબ્ધ છે.

બેન્દ્રેસાહેબ હંમેશાં કહેતા કે હું ચિત્રકામ મારા નિજાનંદ માટે કરું છું, તાળીઓ કે વખાણો માટે કરતો નથી. આવા આ ચિત્રકાર જેમણે ગુજરાતને કલાધામ આપ્યું, પોતાનાં ચિત્રો વડે ભારતની ધરતી અને ગ્રામ્યજીવનને યાદગાર બનાવ્યાં તેમને રંગોભર્યા સલામ. - ગજેન્દ્ર શાહ (ચિત્રકાર)

કંકાવટી

હિન્દી ફિલ્મજગતની સૌપ્રથમ મહિલા સંગીતકાર

સરસ્વતીદેવી

જેમની આ વર્ષે ૨૦મી પુણ્યતિથિ છે.

સંગીત માટે જીવનના ઝંઝાવાતનો સામનો કરનાર પારસી સમાજની મહિલા 'સરસ્વતીદેવી'નું મૂળ નામ ખુરશીદ મિનોચર હોમજી હતું. પંડિત વિષ્ણુ- નારાયણ ભાતખંડે પાસે તેમણે શાસ્ત્રીય સંગીતની તાલીમ મેળવી હતી.

૧૯૩૩-૩૪માં બોમ્બે ટોકિઝના પ્રણેતા હિમાંશુ રૉય સાથે તેમની મુલાકાત મુંબઈના એક સંગીત-સમારંભમાં થઈ. ત્યાં હિમાંશુ રૉયે તેમની ફિલ્મમાં સંગીત આપવા માટે જણાવ્યું. 'સરસ્વતીદેવી'એ સ્પષ્ટ કર્યું હતું કે પોતે માત્ર શાસ્ત્રીય સંગીત જ જાણે છે તેથી ફિલ્મને અનુરૂપ સંગીત નહીં આપી શકે. હિમાંશુ રૉયની સમજાવટ અને આગ્રહને માન આપીને તેમણે ૧૯૩૪માં તેમની સૌપ્રથમ હિન્દી ફિલ્મ 'જવાની કી હવા'માં સંગીત આપ્યું હતું.

પારસી સમાજે ફિલ્મસૃષ્ટિમાં, તેય સ્ત્રી તરીકે, એમણે સંગીત આપ્યું તેથી 'સરસ્વતીદેવી' વિરુદ્ધ આંદોલન પણ કર્યું હતું. પરંતુ તેમણે તેની પરવા કરી નહોતી. આનાથી તેમને વધુ ખ્યાતિ પ્રાપ્ત થઈ હતી અને ફિલ્મ પણ વધુ ચાલી હતી. 'જવાની કી હવા' ફિલ્મનાં ગીતો હિમાંશુ રૉયની પત્ની દેવિકારાણી, સરસ્વતીદેવીની બહેન માણેક અને નજમૂલ હસને ગાયાં હતાં. પારસી સમાજને વાંધો ન આવે તેટલા માટે જ તેમણે પોતાનું ઉપનામ 'સરસ્વતીદેવી' અને તેમની બહેન માણેકનું નામ 'ચંદ્રપ્રભા' અપનાવ્યું હતું.

દેવિકારાણીને સરસ્વતીદેવીએ સંગીત શીખવીને હળવા પ્રકારની ધૂનો બનાવી 'જવાની કી હવા' ફિલ્મનાં ગીતો ગવડાવ્યાં હતાં. આ ફિલ્મમાં 'ચંદ્રપ્રભા'નું ગીત ગાવા જતાં ગળું ખરાબ થઈ જતાં તેમને માત્ર હોઠ ફફડાવવાનું જણાવી પોતે ગાયું હતું. આ ઉપરાંત 'મમતા' ફિલ્મમાં દેવિકારાણી ગ્રામોફોન ઉપર ગીત સાંભળે છે તેવા દૃશ્યમાં પડદા પાછળ રહીને પોતે ગીત ગાયું હતું. આમ, પાર્શ્વગાયનની શરૂઆત તેમણે કરી હતી.

બોમ્બે ટોકિઝની ફિલ્મો ૧૯૩૬માં 'જીવન નૈયા', 'અછૂત કન્યા', 'જન્મભૂમિ', ૧૯૩૭માં 'બંધન', 'પુનર્મિલન', ૧૯૪૧માં 'ઝૂલા' વગેરેમાં તેમણે સંગીત આપ્યુંહતું. સોહરાબ મોદીના મિનરવા મુવિટોનમાં ૧૯૪૩માં 'ભક્ત રઈદાસ', 'પ્રાર્થના', 'પૃથ્વીવલ્લભ'માં તેમણે સંગીત આપ્યું હતું. આ ઉપરાંત નંદલાલ જશવંતલાલની ફિલ્મ 'આમ્રપાલી'માં પણ સંગીત આપ્યું હતું.

૧૯૩૬માં બનેલી ફિલ્મ 'અછૂતકન્યા' સામાજિક ફિલ્મ હતી. તેમાં અશોકકુમાર અને દેવિકારાણીને એક મહિના સુધી 'મૈં બનકી ચિડિયા' ગીત ગવડાવવાની પ્રેક્ટિશ 'સરસ્વતીદેવી'ના વાયોલિનવાદક એસ.એન. ત્રિપાઠીએ આપી હતી. આ ગીત આજની તારીખે પણ ખૂબ જ પ્રચલિત છે. સમય જતાં એસ.એન. ત્રિપાઠી પણ ખ્યાતનામ સંગીતકાર બન્યા હતા. 'અછૂતકન્યા'માં દેવિકારાણીએ ગાયેલું ગીત 'ઊડી હવામેં જાતી હૂઁ' અને અશોકકુમારે ગાયેલું 'કિસે કરત મૂરખ પ્યાર' તેમજ દેવિકારાણી અને અશોકકુમાર બંનેએ ગાયેલું યુગલગીત 'ખેતકી મૂલી' પણ ખૂબ જ કર્ણપ્રિય છે.

૧૯૩૮માં બનેલી ફિલ્મ 'ભાભી'નું ગીત 'ઝૂક આઈ રે બદરિયાં' મીરાંબાઈએ ગાયેલું સુંદર ગીત છે. 'નિર્મલા' ફિલ્મનું ગીત 'બંદે જીવન હૈ સંગ્રામ', ખૂબ જ જીવનસ્પર્શી છે. ૧૯૩૯માં બનેલી ફિલ્મ 'કંગન'નું અશોકકુમારે ગાયેલું ગીત 'રાધા રાધા ઓ પ્યારી રાધા' ખૂબ જ ભાવવાહી ગીત છે.

૧૯૪૦માં બનેલી ફિલ્મ 'બંધન'માં લીલા ચિટનીસે ગાયેલાં ગીતો 'મનભાવન લો સાવન આયા રે' અને 'કૈસે છીપોગે ઓ સલોને સજના' ખૂબ જ મધુર ગીતો છે. અશોકકુમારના બનેવી અરુણકુમારે ગાયેલાં ગીતો 'ચને ચોર ગરમ' અને 'રુક ન શકો તો જાઓ' વારંવાર સાંભળવાં ગમે તેવાં છે. લીલા ચિટનીસ, અશોકકુમાર અને સમૂહનું ગાન 'ચલ ચલ રે નૌજવાન', લીલા ચિટનીસ ને સુરેશે ગાયેલું ગીત 'અપને ભૈયા કો નાચ નચાઉંગી' તેમજ કવિ પ્રદીપે ગાયેલું ગીત 'પીયુ પીયુ બોલ' ઉત્તમ પ્રકારનાં ગીતો છે. ફિલ્મ 'પુનર્મિલન'નું લીલા ચિટનીસે ગાયેલું ગીત 'નાચો નાચો પ્યારે મન કે મોર' ખૂબ જ મધુર અને કર્ણપ્રિય છે.

૧૯૪૧માં બનેલી ફિલ્મ 'ઝૂલા'નું અશોકકુમારે ગાયેલું ગીત 'ના જાને કિધર આજ મેરી નાવ' અને 'આજ મૌસમ સલોના' ખૂબ જ ગમે તેવાં ગીતો છે.

સમયનાં વહેણ બદલાતાં સંગીત લાઉડ બન્યું હતું. 'સરસ્વતીદેવી'ને આવું સંગીત આપવા માટે રામચંદ્રપાલ અને જે.એસ. કશ્યપ જેવા સંગીતકારોની મદદ લેવી પડી હતી. કિશોરકુમાર અને મદનમોહનને સરસ્વતીદેવીએ તેમના સંગીતનાં સમૂહગીતોમાં ગાવાની તક આપી હતી.

રેડિયો સિલોન, ઑલ ઇંડિયા રેડિયો, વિવિધ ભારતી પરથી પ્રસારિત થતાં જૂની ફિલ્મનાં ગીતો આજ પણ અવારનવાર સાંભળવા મળે છે, તેમાં તેમનાં ગીતો અનોખી છાપ પાડે છે. ૧૯૫૦માં ફિલ્મસંગીતમાંથી નિવૃત્તિ લઈ લેનાર, 'સરસ્વતીદેવી' નામને સાર્થક કરનાર આ મહિલા સંગીતકારે ૧૯૮૦માં આ જગતમાંથી હંમેશને માટે તેમના સંગીતને ચિરંતન બનાવી વિદાય લીધી હતી.

- ભીખુભાઈ એચ. પરમાર


સુધારો : (૧) 'કુમાર' નવેમ્બર ૧૯૯૯, પૃ.૭૩૭માં પહેલા કૉલમમાં છેલ્લેથી ચોથી લીટી 'યશવંત સવાઈલાલ પંડ્યા પરિવાર' વાંચવું. (૨) 'કુમાર' માર્ચ ૨૦૦૦, પૃ.૧૯૮ના પહેલા કૉલમમાં છેલ્લે 'રમેશ શાહ'ને બદલે આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિ વાંચવું.

કાઠમાંડુ (દેશાટન-૧૬)

હિમાલયના પહાડી પ્રદેશમાં આવેલા નેપાળ ...ની ભૌગોલિક સ્થિતિ અનુસાર ત્યાંના



નિવાસીઓનું જીવન ઘડાએલું છે. કાઠમાંડુ નેપાળ રાજ્યની રાજધાની છે. નિસર્ગના સૌન્દર્યથી ભરપૂર આ શહેર સમુદ્રસપાટીથી ૪૫૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું છે, જ્યાં આખું વર્ષ ઠંડી પડે છે. વિશ્વનાં શ્રેષ્ઠ પર્યટન-સ્થળોમાં કાઠમાંડુનો સમાવેશ થાય છે. અહીંનાં રહેવાસીઓ સરળ અને ખુશમિજાજી હોય છે. નેપાળ રાજ્યની પ્રજા હિંદુ અને બૌદ્ધ ધર્મ પાળે છે, તેથી કાઠમાંડુમાં કેટલાંય પ્રાચીન તેમજ ઐતિહાસિક દૃષ્ટિથી મહત્ત્વપૂર્ણ ધાર્મિક સ્થળો આવેલાં છે, જેમાં પશુપતિનાથનું મંદિર, નીલકંઠની પ્રતિમા, દક્ષિણ કાલિનું મંદિર, સ્વયંભૂનાથનો સ્તૂપ, બૌદ્ધનાથનો સ્તૂપ મુખ્ય છે. અહીંના રાષ્ટ્રિય સંગ્રહસ્થાનમાં પ્રાચીન તેમજ મધ્યકાલીન નેપાળની દુર્લભ ઐતિહાસિક વસ્તુઓનો સંગ્રહ છે. કાઠમાંડુની પૂર્વે ૩૨ કિ.મી. દૂર નાગરકોટ આવેલું છે, જ્યાંથી હિમાલયનાં ભવ્ય શિખર જોઈ શકાય છે. ઉપરાંત કાઠમાંડુના કેસિનો અને અતિ-આધુનિક વસ્તુઓ, ઉપકરણોથી ભરપૂર બજાર દુનિયાભરમાં પ્રસિદ્ધ છે. કાઠમાંડુમાં રહેવા-ઊતરવા માટે સારી અને સસ્તી ઘણી હોટેલો છે. આ શહેરને પર્યટકોનું સ્વર્ગ કહેવામાં અતિશયોક્તિ નથી. ('યોગક્ષેમ'ને આધારે)



રખે હોયે મારું સગપણ ફૂલોની સહ કશું :
ફૂલોને હો થોડા પ્રહર ત્યમ મારેય વરસ!
ઊગું, ખીલું ઝાઝું ઊઘડું અરમાને, પછી ખરુ,
છતાં, ફૂલો ત્યાગી! નિજસુખ તણો રાગી જીવ હું!

('શબ્દે કોર્યાં શિલ્પ'માંથી) - ભાનુપ્રસાદ પંડ્યા

સ્વ. શંભુપ્રસાદ દેસાઈ

જાણીતા ઇતિહાસવિદ શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈનું ગત ૩જી એપ્રિલના રોજ જૂનાગઢ ખાતે દુઃખદ અવસાન થતાં ગુજરાતે એક પ્રખર ઇતિહાસવિદ ગુમાવ્યો છે. ૯૨ વર્ષની જૈફ વયના સ્વ. શંભુપ્રસાદભાઈ દેસાઈએ સૌરાષ્ટ્ર-કચ્છના ઇતિહાસના તટસ્થ આલેખનમાં પોતાની જિંદગીના સાત દાયકાનો સમય આપ્યો હતો. પ્રભાસપાટણના સંસ્કારી વડનગરા નાગર પરિવારમાં તા.૯-૮-૧૯૦૮ના શંભુપ્રસાદભાઈનો જન્મ થયો. સદ્ગત શંભુપ્રસાદભાઈ ઇતિહાસ વિષય સાથે બી.એ. થયા. સને ૧૯૩૨માં એલએલ.બી.ની ઉપાધી હાંસલ કર્યા પછી વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. કોવિદ અને વિદ્યાલંકાર થયેલા શંભુપ્રસાદભાઈને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ૧૯૯૮માં ડી.લિટ્. (ડૉક્ટર ઑવ્ લેટર્સ)ની માનદ્ પદવીથી સન્માનિત કર્યા હતા.

શંભુપ્રસાદભાઈ દેસાઈએ ૧૯૩૪માં જૂનાગઢ રાજ્યના મહેસૂલ ખાતામાં વહીવટદાર તરીકે જોડાઈને પોતાની વહીવટી કારકિર્દીની શરૂઆત કરી. સફળ અધિકારી તરીકેની નામના અને તેમની ઉજ્જ્વળ કારકિર્દીને કારણે તેમને સનદી અધિકારી (આઈ.એ.એસ.) બનાવવામાં આવ્યા. આઝાદી પહેલાં જૂનાગઢ રાજ્યમાં અને આઝાદી પછી નૂતન સૌરાષ્ટ્રના ઘડતરમાં એમણે મહત્ત્વની કામગીરી બજાવી હતી.

સંપૂર્ણ તટસ્થભાવે ઇતિહાસ નિરૂપણનું કાર્ય તેમણે પોતાની વહીવટી ફરજમાંથી ફાજલ રહેલા સમયમાં કર્યું છે. શંભુપ્રસાદભાઈ 'સત્ય એ જ ઇતિહાસનો પ્રાણ છે' એવી માન્યતાને જીવનપર્યંત વળગી રહ્યા હતા. ભારતના ઇતિહાસના ગ્રંથો, ઇતિહાસકારોના વૃત્તાંતોને અક્ષરશઃ માની લેવામાં તેઓ માનતા નહીં. તેની સંપૂર્ણ ચકાસણી કરી તેમાંથી સત્યને તારવવાનો હંમેશાં તેમનો પ્રયાસ રહેતો. જૂનાગઢના ઇતિહાસના આલેખનમાં



પણ તેમનું આગવું પ્રદાન રહેલું છે. 'જૂનાગઢ અને ગિરનાર' નામના તેમના સ્થાનિક ઇતિહાસના ગ્રંથને ૧૯૭૮માં ગુજરાત સરકાર તરફથી ઇતિહાસના શ્રેષ્ઠ ગ્રંથ તરીકેનું પારિતોષિક મળેલું. આ ઉપરાંત 'ઇતિહાસ દર્શન ભાગ-૧-૨', 'ઇતિહાસની વાર્તાઓ : ભાગ ૧થી ૩', 'સૌરાષ્ટ્રના ફારસી અને અરેબિક ભાષાના અભિલેખો', 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' વગેરે તેમના મહત્ત્વના ગ્રંથો છે. આ સિવાય જૂનાગઢ, ગિરનાર, પ્રભાસ, સોમનાથ, ગિર, દ્વારકા વગેરે સ્થળો અંગેની તેમની માહિતીપ્રદ પુસ્તિકાઓ પ્રકટ થયેલી છે.

ફૂલછાબ' દૈનિકમાં સૌરાષ્ટ્રના ઈતિહાસનાં વિવિધ પાસાંઓનું આલેખન કરતી તેમની લેખમાળાથી તેઓ વધુ જાણીતા બન્યા હતા. ઈતિહાસ-આલેખનના ક્ષેત્રે નવા નવા યુવા સંશોધકોને પ્રેરણા તથા માર્ગદર્શન મળી રહે તે માટે સ્થપાયેલા 'સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદ'ના તેઓ સ્થાપક હતા અને તેના પ્રમુખપદે પણ રહી ચૂક્યા હતા. ૧૯૭૮થી ૧૯૮૦ સુધી ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખપદે પણ વરાયા હતા. સૌરાષ્ટ્રના ઈતિહાસનાં વિવિધ પાસાંઓ પર સંશોધનકર્તાઓ માટે તેઓ જીવંત 'જ્ઞાનકોશ' સમા હતા. - નરેશ અંતાણી

હાફકિન ઈન્સ્ટિટ્યૂટ


તબીબીવિષયક સંશોધનક્ષેત્રે ભારતમાં હાફકિન ઈન્સ્ટિટ્યૂટ-નું નામ ઘણું મોટું છે. આજે ભારતમાં અનેક લોકો પોલિયોથી પિડાય છે તે વાત સાચી છે. પરંતુ જો હાફકિન ઈન્સ્ટિટ્યૂટનું અસ્તિત્વ ન હોત તો કદાચ અત્યારે છે તેના કરતાં અનેક ગણાં વધુ પોલિયોપીડિતો ભારતમાં જોવા મળતાં હોત. આ સંસ્થા ચૂપચાપ કામ કરતી સંસ્થા છે. તેના વિશે ઝાઝી ચર્ચા નથી થતી, છતાં એટલું નક્કી છે કે દસમી ઑગસ્ટે (૧૯૯૯) જેની શતાબ્દી ઊજવાઈ તે હાફકિન ઈન્સ્ટિટ્યૂટે તેની સો વર્ષની કામગીરીને કારણે લાખો ભારતીયોને રોગોથી અને મૃત્યુથી બચાવ્યાં હશે.

૧૯૮૮-૮૯માં ડોંબિવલીમાં ટાઇફોઇડનું જોર ચાલ્યું હતું. જાતજાતની દવાઓ છતાં તે કાબૂમાં આવતો નહોતો. છેવટે આ 'કેસ' હાફકિન ઈન્સ્ટિટ્યૂટને સોંપાયો. આ સંસ્થાએ ઝડપી કામગીરી કરીને એકદમ ટૂંકા સમયગાળામાં વિવિધ દવાઓના મિશ્રણ દ્વારા એવી એક દવા તૈયાર કરી જે 'ડોંબિવલીના ટાઇફોઇડ'ને અંકુશમાં લઈ શકી. આ રોગ ફરી દેખા દે ત્યારે તેને પહોંચી વળવા માટે હાફકિન ઈન્સ્ટિટ્યૂટ આજે સુસજ્જ છે.

૧૯૯૪ના વર્ષમાં મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો હોવાની વાતો પ્રસરી હતી ત્યારે હાફકિન ઈન્સ્ટિટ્યૂટ સમાચારોમાં ચમકી હતી. હાફકિન ઈન્સ્ટિટ્યૂટના આસિસ્ટન્ટ ડાઈરેક્ટર ડૉ.શશિકાંત ગદ્રે પ્લેગ ફાટી નીકળ્યો હતો તે સમયની મુંબઈની સ્થિતિનો ચિતાર



આપતાં કહે છે, 'ત્યારે મુંબઈના એકેએક મેડિકલ સ્ટોરમાંથી ટેટ્રા- સાઈક્લિન નામની દવા (કે જે પ્લેગના રોગ માટે લેવામાં આવે છે)નો એટલો ઉપાડ હતો કે સ્ટૉક સાવ ખલાસ થઈ ગયો હતો, કારણ કે પ્લેગ ન થયો હોવા છતાં લોકો તે ગોળીઓ ખરીદતા હતા.' પણ તે પછી હાફકિન ઈન્સ્ટિટ્યૂટે એવો રિપોર્ટ




હાફકિન ઈન્સ્ટિટ્યૂટનું ભવ્ય મકાન

આપ્યો કે રોગીઓનાં શરીરમાં જે જીવાણુ મળી આવ્યા છે તે પ્લેગના નથી, મુંબઈ સંપૂર્ણપણે પ્લેગમુક્ત છે. તે સમયે મુંબઈ જ નહીં, સુરત બીડ અને લાતુરનાં પ્લેગગ્રસ્ત લોકોને હાફકિને એવી ધરપત આપી હતી કે તેમને જે રોગ થયો છે તે પ્લેગ નથી એટલું જ નહીં, જો કોઈને પ્લેગ થાય તો પણ ગભરાવાની જરૂર નથી, કારણ કે તેને મટાડવાની ઘણી દવાઓ અમારી પાસે છે.

જૂના જમાનાનાં લોકોને મળીએ તો જાણી શકાય કે પ્લેગ કેવો વિનાશ વેરતો હતો. પ્લેગના રોગમાં આખા ને આખા પરિવારો હોમાઈ જતા હતા. ગામનાં ગામ ખાલી થઈ જતાં હતાં અને લાશોના ગંજ ખડકાતા હતા. ભલભલા પાષાણહૃદયી માણસને પિગળાવે તેવાં તેવાં કરુણ દૃશ્યો પ્લેગને કારણે સર્જાતાં હતાં. એવા સમયમાં પ્લેગ સામે જોરદાર લડત આપવાનું કામ ડૉ.હાફકિને સંભાળ્યું હતું. આ ડૉ.હાફકિનના નામ પરથી મુંબઈમાં પરેલ ખાતે આવેલી 'હાફકિન ઈન્સ્ટિટ્યૂટ'નું નામકરણ થયું છે.

ડૉ. વાલ્દેમાર મોર્ડેકાઈ હાફકિનનો જન્મ ૧૬ માર્ચ, ૧૮૬૦માં રશિયાના ઓદેસા શહેરમાં થયો હતો. જાણીતા વિજ્ઞાની ડૉ. લૂઈ પાશ્ચરના તે શિષ્ય હતા. ૧૮૯૩માં તે ભારત આવ્યા ત્યારે આખુંય કલકત્તા કોલેરાના રોગચાળામાં સપડાયું હતું. ડૉ. હાફકિને પૅરિસમાં રહી કૉલેરાની રસી વિશે સંશોધન કર્યું હતું. ડૉ. હાફકિને કલકત્તાનાં લોકો માટે કોલેરાની રસી બનાવ્યા પછી તેની ચકાસણી તેમણે પોતાના જ શરીર પર પ્રથમ કરી હતી. એમાં સફળતા મેળવ્યા બાદ તેમણે ધીમેધીમે કલકત્તાને કોલેરાના કોપમાંથી ઉગાર્યું હતું. તે સમયના ગવર્નર લોર્ડ સેન્ડહર્સ્ટની જાણમાં આ હકીકત આવી. તેમણે ૧૮૯૬માં મુંબઈ અને પૂનામાં ફાટી નીકળેલા પ્લેગના રોગચાળાને નાથવા, પ્લેગની રસી બનાવવા ડૉ. હાફકિનને ખાસ મુંબઈ તેડાવ્યા. ભાયખલા ખાતેની સર જે.જે. હૉસ્પિટલની લેબોરેટરીમાં સંશોધન કરી ડૉ. હાફકિને પ્લેગની રસી પણ બનાવી. પ્લેગની આ રસીની ક્ષમતાની ચકાસણી પણ ડૉ. હાફકિને સૌપ્રથમ પોતાના શરીર પર જ કરી. વળી, લોકોનો વિશ્વાસ જીતવા અને ભય દૂર કરવા તેમણે નામદાર આગાખાન ઉપરાંત મુંબઈની ૭૬ નામાંકિત વ્યક્તિઓને પ્લેગની રસીનાં ઇન્જેક્શન આપ્યાં.

પ્લેગ, કોલેરા, ટાઇફોઇડ, ગાલપચોળિયાં, ડિપ્થેરિયા, ધનુર્વા, હડકવા અને પોલિયો સહિતના અનેક ગંભીર રોગો સામે ભારતીય જનતાને રક્ષાછત્ર પૂરું પાડતી હાફકિન ઇન્સ્ટિટ્યુટનો એક પરિચય.


અહીં સાપનું ઝેર એકઠું કરવાની કામગીરી મોટા પાયે હાથ ધરવામાં આવે છે

એ જમાનામાં મુંબઈ અને પૂનામાં અવારનવાર પ્લેગ દેખા દેતો હતો. પરંતુ હાફકિને રસી શોધી ત્યાર બાદ પ્લેગને કારણે થતી જાનહાનિનું પ્રમાણ ઘણું ઘટી ગયું.

૧૦ ઓગસ્ટ, ૧૮૯૯ના રોજ ગવર્નર સેન્ડહર્સ્ટે ડૉ. હાફકિનને તેમની સ્વતંત્ર લૅબોરેટરી સ્થાપવા માટે પરેલ ખાતેનો પોતાનો ભવ્ય બંગલો આપી દીધો. તે દિવસથી આ ઐતિહાસિક ઇમારતમાં હાફકિન ઇન્સ્ટિટ્યૂટ જુદા જુદા રોગો સામેની રસીઓ બનાવવામાં રત છે અને કામિયાબ છે. ડૉ.હાફકિન આ સંસ્થાના પ્રમુખ હતા ત્યારે અન્ય વિદેશી સંસ્થાઓ સાથે આ સંસ્થાનો સંપર્ક અત્યંત ગાઢ હતો. અહીંના સંશોધકો બૅંગકોક, હોંગકોંગ અને ચીન સાથે પણ સંપર્કમાં હતા. ઉપરાંત હાફકિનના ગુરુ લૂઈ પાશ્ચરનું નામ ધરાવતી પૅરિસની પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટ સાથે હાફકિન ઇન્સ્ટિટ્યૂટ સંપર્કમાં હતી. આ સંસ્થાના ડાયરેક્ટર બી.જી. ખડસે કહે છે, 'પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪થી ૧૯૧૮) સમયે ટાઇફોઇડ અને આંતરડાંના રોગીઓ માટે હાફકિન ઇન્સ્ટિટ્યૂટમાં એક હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. જો કે અત્યારે હાફકિન ઇન્સ્ટિટ્યૂટ રોગના જીવાણુઓ વિશે સંશોધન કરવા પર જ વિશેષ ભાર મૂકે છે (હવે અહીં હૉસ્પિટલ નથી ચાલતી).'

આ સંસ્થા શરૂ થઈ ત્યારે તેનું નામ 'પ્લેગ સંશોધન સંસ્થા' હતું. પછીથી તેનું નામ બદલીને 'મુંબઈ સૂક્ષ્મ જૈવિક પ્રયોગશાળા' રાખવામાં આવ્યું હતું. પણ તે પછી ૧૯૨૫થી આ સંસ્થા હાફકિન ઇન્સ્ટિટ્યૂટના નામે ઓળખાય છે. ડૉ. હાફકિનને બૅક્ટેરિયાથી ફેલાતા રોગ પર સંશોધન કરવામાં વધુ રસ હતો તેથી તેમણે પ્લેગ, કોલેરા અને ટાઈફોઈડ જેવા રોગ માટેની રસી વિશે ઊંડું સંશોધન કર્યું હતું. આજે અહીં ક્ષય અને કુષ્ઠ રોગની રસી માટેનાં સંશોધનો પણ ચાલુ છે. સંસ્થાના આસિસ્ટન્ટ ડાયરેક્ટર ડૉ. શશિકાંત ગદ્રે કહે છે : 'રોગચાળો દેખા દે પછી તેની રોગપ્રતિબંધક રસી શોધવાના પ્રયત્નો ચાલુ થાય છે એવું નથી. અહીં જુદા જુદા રોગનાં જંતુઓ પર સંશોધનો ચાલુ જ છે. કેટલાક રોગની રસીઓ બનાવીને અમે તે રોગ સામેની પૂર્વતૈયારીઓ કરી લીધી છે.'

૧૯૨૨-૨૩ના વર્ષમાં આ સંસ્થામાં એક નવો વિભાગ ખોલવામાં આવ્યો હતો અને આ વિભાગને હડકાયું કૂતરું કરડવાથી થતા હડકવા (રેબીઝ) નામના રોગની દવા બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. આજે હડકવાની રસી બાબતે આ સંસ્થાનું નામ વિશ્વભરમાં આદર સાથે લેવામાં આવે છે. ૧૯૨૨-૨૩ના વર્ષમાં શરૂ થયેલા આ વિભાગને વિષાણુશાસ્ત્ર (Virology) નામ આપવામાં આવ્યું હતું. આજે આ વિભાગમાં ફ્લુ, શીતળા અને હડકવા સામે રક્ષણ આપતી રસીનાં ઇન્જેક્શન બનાવવામાં આવે છે. ૧૯૬૫-૬૬થી અહીં પોલિયો માટેની રસી બનાવવાનું કામ પણ ચાલે છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન (૧૯૩૯-૪૫) વિદેશમાંથી દવાઓ મેળવવાનું મુશ્કેલ બન્યું હતું. આ સંજોગોમાં હાફકિને ટાઢિયો તાવ અને અન્ય રોગોની દવાઓ તૈયાર કરવા માટે એક નવો વિભાગ શરૂ કર્યો હતો. આ વિભાગે ભારતમાં પ્રથમ વાર સલ્ફાથાયાઝોલ નામની દવા બનાવી હતી. તે પછી વિટામિન - 'એ'નું ઉત્પાદન શરૂ કર્યું હતું. આ ઉત્પાદનો શ્રેષ્ઠ કક્ષાનાં અને સસ્તાં હોવાથી ભારતીય સમાજને અત્યંત ઉપયોગી બન્યાં હતાં.

હાફકિન સંસ્થા સાપનું ઝેર એકઠું કરવા માટે જાણીતી છે. આ કામ અહીં ૧૯૦૫થી શરૂ થયું. આ ઝેરને પીંપરી ખાતેની એક ઇન્સ્ટિટ્યૂટમાં મોકલવામાં આવે છે. એ ઝેરમાંથી દવાનાં ઇન્જેક્શનો બનાવવામાં આવે છે. હાફકિનનો આ વિભાગ સર્પઉદ્યાન નામે ઓળખાય છે. અહીં વીંછી પણ રાખવામાં આવે છે. સાપને જંગલમાંથી પકડીને અહીં લાવનારા લોકો પાસેથી મોટા સાપ ૩૫ રૂપિયે મીટર અને નાના સાપ બાર રૂપિયા નંગના હિસાબે ખરીદવામાં આવે છે. ઘણા પ્રકારના સર્પોનું ઝેર કાઢ્યા બાદ તેમને સર્પ ઉદ્યાનમાં છોડી મૂકવામાં આવે છે. મર્યા પછી તેમને ખાડામાં દાટી દેવામાં આવે છે અથવા તો કોઈ કૉલેજ કે સ્કૂલની લૅબોરેટરીમાં મોકલી આપવામાં આવે છે. અહીંના ઍનિમલ હાઉસમાં ઉંદર અને સસલાં પર સંશોધન કરવામાં આવે છે.

૧૯૭૫માં આ સંસ્થાને બે વિભાગમાં વહેંચવામાં આવી

- હાફકિન બાયોફાર્માસ્યુટિકલ કૉર્પોરશન લિમિટેડ તથા હાફકિન ઇન્સ્ટિટ્યૂટ ફોર ટ્રેનિંગ રિસર્ચ એન્ડ ટેસ્ટિંગ. હાફકિન બાયો-ફાર્માસ્યુટિકલ કોર્પોરેશન લિમિટેડમાં કોલેરા, ટાઇફોઇડ, ગાલપચોળિયાં, ડિપ્થેરિયા, ધનુર્વા, હડકવા અને પોલિયોની રોગપ્રતિબંધક રસીઓનું ઉત્પાદન કરવામાં આવે છે. તો હાફકિન ઇંન્સ્ટિટ્યૂટ ફોર ટ્રેનિંગ રિસર્ચ એન્ડ ટેસ્ટિંગમાં જંતુનાશક, કીટનાશક અને બજારમાં આવનારાં પાણી-શુદ્ધીકરણ માટેનાં સાધનોની ગુણવત્તા ચકાસવાનું કામ કરવામાં આવે છે. આ વિભાગમાં સંશોધનો ઉપરાંત એમ.એસસી., પીએચ.ડી., એમ.ફાર્મા., એમ.ડી. વગેરે ડિગ્રીઓ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓના ભણતર માટે તે મુંબઈ યુનિવર્સિટી સંલગ્ન છે. આ ઇન્સ્ટિટ્યૂટમાં એક ગ્રંથાલય છે, જેમાં છેલ્લાં સો વર્ષમાં પ્રસિદ્ધ થયેલાં મૅગેઝિનો અને પુસ્તકોનો અમૂલ્ય ખજાનો છે. દેશભરનાં સંશોધકો સંદર્ભ માટે અહીં આવે છે. આ ગ્રંથાલયને હવે ઇન્ટરનેટની સુવિધા પણ આપવામાં આવી છે.

હાફકિન ઇંન્સ્ટિટ્યૂટમાં એક મ્યૂઝીઅમ પણ છે. આ સંગ્રહાલયમાં હાફકિન ઇંન્સ્ટિટ્યૂટની મુલાકાત લેનારા મહાનુભાવોની તસવીરો અને હસ્તાક્ષરો સંગૃહીત છે. મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરુ, ડૉ. રાધાકૃષ્ણન્ અને વિજયાલક્ષ્મી પંડિત જેવી અનેક નામાંકિત વ્યક્તિઓના હસ્તાક્ષરો આ મ્યૂઝીઅમના શોકેસમાં મૂકવામાં આવ્યા છે.

અહીં એઇડ્સ વિશેનું સંશોધન પણ ચાલી રહ્યું છે. ગાય અને ભેંસોનાં મોંઢાંમાં થતી બીમારીઓની રસી પણ તૈયાર કરવામાં આવી રહી છે. હડકવાની જે રસી શોધાઈ છે તેને વધુ અસરકારક અને ઓછી પીડાદાયક બનાવવા માટેનું સંશોધન પણ અહીં ચાલી રહ્યું છે. ('અભિયાન'માંથી) - લતિકા સુમન

કલાકાર સ્વ. રસિકલાલ ન. પરીખના જીવનદર્શનનું એક પુસ્તક **'કલાગુરુ રસિકલાલ પરીખ'** તૈયાર થઈ રહ્યું છે. રસિકભાઈના જીવન અને સર્જનના આ પુસ્તકમાં પરિવાર, સ્વજનો, સાથી કલાકારો અને તેઓના વિદ્યાર્થીઓ દ્વારા આલેખાયેલાં સ્મરણો અને રસિકભાઈની કલાકૃતિઓની ૨૪ જેટલી કલર પ્લેટો પ્રકટ થશે. આ પ્રકારના અત્યંત મહત્ત્વના આ પુસ્તકને કલાકારો, કલાશિક્ષકો, કલાચાહકો અને સ્વજનો સુધી પહોંચાડવા માટે નીચે મુજબ આગોતરા ગ્રાહકની એક યોજના નક્કી કરી છે : • પુસ્તકની મૂળ કિંમત રૂ.૨૦૦/- • આગોતરા ગ્રાહક માટે કિંમત રૂ.૧૭૦/- • ૩૧ મે ૨૦૦૦ સુધી રૂ.૧૭૦/- આપી લાભ મેળવી શકાશે. રકમ રોકડેથી કે બૅન્ક ડ્રાફ્ટથી મોકલવી. (બૅંક ડ્રાફ્ટ 'કલાગુરુ રસિકલાલ પરીખ ફંડ'ના નામનો અમદાવાદનો આપવાનો રહેશે. અમદાવાદના મિત્રો આ નામથી ચેક આપી શકશે.) નીચેના સરનામે તમારી રકમ મોકલી આપશો. (૧) કુ.ઊર્મિ રસિકલાલ પરીખ (પ્રમુખ-કલાગુરુ રસિકલાલ પરીખ ફંડ) : ૩૧, શ્રી નિવાસ સોસાયટી, શારદામંદિર રોડ, રસિકલાલ પરીખ માર્ગ, પાલડી, અમદાવાદ-૭ ફોન : ૬૬૩૪૨૭૩ (૨) શ્રી અરવિંદભાઈ કે. વાકાણી (મંત્રી-કલાગુરુ રસિકલાલ પરીખ ફંડ) : ૧૬,૧૮૯, રામેશ્વર હાઉ. ફ્લૅટ, સોલારોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ફોન : ૭૪૫૪૪૬૮

ON THE DEFINITION OF 'MODERN'

'To be modern is not a fashion, it is a state. It is necessary to understand history, and he who understand history knows how to find continuity between that which was, that which is, and that which will be.'

Le Corbusier. (Swiss Architect)

*

'VISIONS OF INDIA'

This is indeed India ! The land of dreams and romance, of fabulous wealth and fabulous poverty, of splendour and rags, of palaces and hovels, of famine and pestilence, of genii and giants and Aladdin lamps, of tigers and elephants, the cobra and jungle, the country of a hundred nations and a hundred tongues, of a thousand religions and two million gods, cradle of the human race, birthplace of human speech, mother of history, grand-mother of legend, great-grand-mother of traditions, whose yesterdays bear date with the smouldering antiquities of the rest of the nations - the one sole country under the sun that is endowed with an imperishable interest for alien prince and alien peasant, for lettered and ignorant, wise and fool, rich and poor, bond and free, the one land that all men desire to see, and having seen once, by even a glimpse, would not give that glimpse for the show of all the rest of the globe combined.

MARK TWAIN

By **Herbert J. M. Ypma.**
From the book **'INDIA/MODERN'**

કાંઈ મીઠું સુખ નકી હશે પ્રેમીને બાળવામાં,
ને કૈં તેથી વધુ સુખ હશે પ્રેમીને દાઝવામાં.

— કલાપી

એક વાર એક કાર્યકર્તાએ વિનોબાને ફરિયાદ કરી, 'મારો સમય બરબાદ થઈ રહ્યો છે નથી કાંઈ કામ થતું, નથી કંઈ અધ્યયન થઈ શકતું.'

વિનોબાએ કહ્યું : 'સમય બગડ્યો કે એનો સદુપયોગ થયો એટલે શું? આ બાબત જાણવા માટે પણ એક કસોટી છે. જે ક્ષણે ચિત્તમાં કોઈ વિકાર ન ઊઠતો હોય, એ ક્ષણનો સદુપયોગ થયો કહેવાય પછી ભલે બહારથી કશી નિષ્પત્તિ થાય કે ન થાય, એથી ઊલટું, બહુ કામ થયું હોય, તો એ બધો સમય બરબાદ થયેલો માનવો. પછી ભલે ને દુનિયાની દૃષ્ટિએ એ સમયે ગમે તેટલું કામ થયેલું હોય.'

*

ભારતમાં મુંબઈ અને કલકત્તા ખાતે ૧૯૨૭માં રેડિયોનું પ્રસારણ શરૂ થયું. ૧૯૩૦માં ભારત પ્રસારણ સેવાની સ્થાપના થઈ. સન ૧૯૩૬માં તેને ઑલ ઇન્ડિયા રેડિયો અને સન ૧૯૫૭માં 'આકાશવાણી'નું નામ આપવામાં આવ્યું.

*

સો ગ્રામ તલના તેલમાં ૧૦-૧૫ લસણની કળીને વાટીને નાખવી. આ તેલને ઉકાળી, ઠંડુ પાડીને કપડાથી ગાળી બાટલી ભરી લેવી. કાન દુઃખતો હોય, કાનમાંથી પરૂનો સ્રાવ થતો હોય તો કાન સાફ કરીને સાત-આઠ ટીપાં નાખવાથી આરામ થશે.

*

વિશ્વનો સૌથી ઠીંગણો મનાતો એર્ડનનો કાયેદ નામના એક માણસની ઊંચાઈ ૨૫.૯ ઈંચ છે.



મોરના આકારમાં 'મોર' શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

गतेऽपि वयसि ग्राह्या विद्या
सर्वात्मना बुधैः ।
यद्यपि स्थान्न फलदा सुलभा
सान्यजन्मनि ॥

ડાહ્યા માણસોએ સંપૂર્ણ રીતે ઘરડા થવા છતાં પણ વિદ્યા ભણવી. જો કે આ જન્મમાં ફળે નહીં, છતાં બીજા જન્મમાં એ સહેલાઈથી મળી શકે.

માણસખાઉ વૃક્ષ : આ એક એવું વિચિત્ર વૃક્ષ છે જે માત્ર માણસ જ નહિ પરંતુ તેના સાંન્નિધ્યમાં આવતાં કોઈ પણ જીવને જીવતો જ ચૂસી ખાય છે. 'કેનિબલ' નામે ઓળખાતું આ વૃક્ષ આફ્રિકા તથા અમેરિકાનાં જંગલમાં થાય છે. આ વૃક્ષની તળે કોઈ પણ માણસ કે પ્રાણી ભૂલે ચૂકે ય આવી જાય તો તેની ડાળીઓ એકદમ નીચી નમીને તે પ્રાણી, પશુ કે માણસને ભરડો લે છે. ત્યાર બાદ ડાળીઓ તે જીવનું રક્ત ચૂસવાનું શરૂ કરી દે છે. અને જ્યારે તેના શરીરમાંથી સંપૂર્ણ રક્ત ચૂસાઈ જાય ત્યારે ડાળીઓ ક્રમશઃ ખૂલી જઈ પુનઃ મૂળ સ્થિતિમાં આવી જાય છે.

*

'કાંડુ'ના રૂઢપ્રયોગો

- કાંડુ કાપી આપવું - લેખિત કબૂલાત આપવી.
- કાંડુ ઝાલવું, પકડવું - આશ્રય આપવો, પરણવું.

*

વિશ્વની સૌથી લાંબી મોટરબસ અમેરિકામાં છે તે ૭૬ ફૂટ લાંબી, ૧૧ ટન વજનની ને ૧૨૧ મુસાફરો બેસી શકે તેવી છે.


*

૧૯૧૦ના માર્ચની ૧૦મીએ તૈયાર થએલી 'ઇન ઓલ્ડ કેલિફૉર્નિયા' ફિલ્મ વિશ્વની પહેલી ફિલ્મ હતી.



કહે છે કે... આ બધાં છોકરાં... એડમિશન માટે ટાંટિયાતોડ કરે છે. આપણા વખતે સારું સુખ હતું..., તરત જ એડમિશન... મળી જતું...!

દરદી : 'સામાન્ય તાવનું પણ કેવું ભયંકર પરિણામ આવે છે તે મને હવે સમજાયું.' ડૉક્ટર : 'કેવી રીતે?'
દરદી : 'તમારું બિલ જોઈને '



કલાકણિકા : માટીના ઘડા પર મનુષ્યાકૃતિનું ચિત્રણ. ઘડાની ઊંચાઈ ૧૧.૨૫ ઈંચ છે અને તે બંગાળની છે.